નાખી આપ્યુ ' જવાલાસિહને ઓરમાન માની મમતા પર સ દેહ થયો એ સ્વાભાવિક વાત હતી પરંતુ અંતરમા મને પણ સ દેહ થવા લાગ્યો હતો કે આવા સહૃદયના અને સ્નેહની તે દેવી નથી જેની પ્રશસા કરતા મારી જીભ્હા થાકતી નહોતી અહિંથી ઉઠયો ત્યારે મારૂ હૃદય ભરાયતુ હતુ અને નજરથી માથુ ઉચ્ચુ નહોતુ થતુ

## ૩

ઘેર તરફ આવ્યો, મનમા વિચાર કરવા લાગ્યો કે મારા ક્રોધનો પ્રકાશ કરી મેં શાથી સહી રહ્યુ તો? અત્યારે જ્યારે પૂછે ત્યારે કઠોરતાથી કહી દઉ કે સિર દર્દથી પીડાય છે મને સતાવ નહિ જ્યારે જમવા માટે ઉઠાડે ત્યારે ચીરડાઇને જવાબ આપી દઉ આથી અવશ્ય સમજી જશે કે કોઈ પણ વાત મારી નજરમા વિરૂદ્ધ થઇ ગઇ છે, એટલ મને પગે લાગવા માંડશે તે સમયે હુ મારી વ્યગ-પૂર્ણ વાતોથી તેનુ હૃદય વીંધી નાખીશ એવી તો રડાવીશ કે તે યાદ કરતી રહે ફરી વિચાર આવ્યો કે તેનુ હસતુ સુખડુ જોઈ મારા હૃદયને વશમા રાખી શકીશ કે નહિ તેની એક પ્રેમ-પૂર્ણ દૃષ્ટિ એક મીઠી વાત એક રસીલી સુગન્ધી મારી ચિંતા-તૃષ્ણ કલ્પનાના ટુકડે ટુકડા કરી શકે છે પરંતુ હૃદયની આ નિર્બળતા ઉપર મારૂ મન ઉશ્કેરાવા લાગ્યુ આ મારી કેવી નબળાઇ છે આટલી વારમા મારા ચિત્તની કેવી પલટી ગઇ? મને પૂર્ણ વિશ્વાસ હતો કે હુ આ વખતે ચકોરના સંયમ અને કઠિન ક્રોધના ... આ વિચારોથી ... ... લાગ્યો ક્રોધની લગામ ... ... ... ...

યુ, અને મનાનરી ક્રોધનો ભાવ ધારણ કર્યો નક્કી કર્યું કે જતાંજ એકદમ ગર્જના કરીશ પણ એવુ ન થઇ જાય કે વિલ અરૂપી વાયુ આ ક્રોધરૂપી મેઘને ઉડાવી ન લઇ જાય, પરન્તુ જેવો મેં ઘેર પગ મૂક્યો, અલ્લાએ દોડીને મુન્નુને ગોદમા લઇ લીધો અને પ્યારથી ભરેલા કોમળ સ્વરથી બોલી, "આજે આ ટલો વિલબ? ક્યા ફરવા ગયો હતો? લાલ, જો મેં તારા માટે કેવી સરી મારી પંખડીઓ બનાવી છે ' મારો કૃત્રિમ ક્રોધ એકક્ષણમાજ ઉડી ગયો મેં વિચાર કર્યો કે આ દેવી પર ક્રોધ કરવો એ મોટો અત્યાચાર છે મુન્નુ અબોધ બાળક છે નાદાન છે પોતાની ગતનુ સ્મરણ કરીરડી પડ્યો હોય અગા તેને માટે દોષિત ન ગણી શકાય આપણા હૃદયોની ભાવના પૂર્ણ વિચારોને આધીન નથી હોતી અમે તેને પ્રગટ કરવાના નિમિત્તે કેવા કેવા શબ્દો ઘડીયે છીએ, હૃગ પર કેવો પ્રભાવ નાખીએ છીએ, પરંતુ સમય પર તેજ શબ્દો દગો દઇ જાય છે અને તેજ ભાવનાઓ સ્વાભાવિક રૂપમા પ્રગટ થાય છે મેં અગાને નતો કઇ વ્યગ પૂર્ણ વાતો કરી કે કોઈ દવાબ્યો એ સભળાવ્યા ક્રોધિક મુખ ઢાંકીને ગુંજી રહ્યો નહિ પરંતુ અત્યન્ત કોમળ સ્વરમા બોલ્યો "મુન્નુએ મને આજે અત્યંત લજ્જિત કર્યો ખાસનગી આજે મેં પૂછ્યુ કે તારી નવી માતને ગમે છે કે નહિ ત્યારે એ રોવા લાગ્યો ... ... ... મને તો ... ... ... મેં વિચાર નથી આવ્યો કે તે એને ... હુ હોત પરંતુ અનાથ બાળકનુ હૃદય તે ચિંતાની ભાડક થતુ જાય છે જેના પર એક ... આધાર-શરીર પડી પડવા લાગ્યા ... ... ... તેને ... 'આ વાતો કેવી ... ... ... ... ... ... ... ... ગા તે


સુન્નુને મારી ગોદમાંથી છીનવી લીધો. અને કદાચિત આ પ્રથમજ અવસર હતો કે તેણે મમતા પૂર્ણ સ્નેહથી સુન્નુનું કપોલ-ચુંબન કર્યું.

૫

શોક! મહાશોક!! હું ક્યાં જાણતો હતો કે સુન્નુની અશુભ કલ્પના આટલા થોડા વખતમાં પૂર્ણ થઈ જશે. કદાચિત તેની બાલ-દૃષ્ટિએ બનાવ કાલને જોઈ લીધો હતો. કદાચ તેના બાલ-શ્રવણ મૃત્યુ-દૂતોના વિકરાળ શબ્દોથી પરિચિત હતા. છ મહિના પણ વીત્યા નહોતા કે અંબા બીમાર પડી, અને ઈન્ફ્લુએન્ઝાએ જોતાં જોતાં તેને અમારા હાથમાંથી છીનવી લીધી. પુનઃ તે ઉપવન મરૂ તુલ્ય થઈ ગયું, પુનઃ આ વસેલું ઘર વેરાન થઈ ગયું. અંબાએ પોતાને સુન્નુ પર અર્પણ કરી દીધી હતી. હા, તેણે પુત્ર-સ્નેહનું આદર્શ રૂપ બતાવી દીધું. શીતકાલમાં રાત્રિ શેષ રહેતાં સુન્નુ માટે પ્રાતકાલનુ ભોજન બનાવવા ઊઠતી હતી. તેના આ સ્નેહ બાહુલ્યે સુન્નુ પર સ્વાભાવિક પ્રભાવ નાખી દીધો હતો. તે હઠીલો અને નટખટો થઈ ગયો હતો. જ્યાં સુધી તેની મા જગાડતા ન બેસે ત્યાં સુધી મ્હોંમાં કોળિઓ ન નાખતો. જ્યાં સુધી અંબા પંખો ન નાંખે ત્યાં સુધી ખાટલા પર પગ ન મૂકતો. તેને છેડતો, ચિડાવતો અને હેરાન કરી દેતો; પરંતુ અંબાને આ વાતોથી આત્મિકસુખ પ્રાપ્ત થતું હતું, ઇન્ફ્લુએન્ઝાથી પીડાઈ રહી હતી. કરવટ બદલવાની શક્તિ સુધ્ધાં નહોતી. શરીર કંટાળી ગયું હતું પરંતુ સુન્નુના પ્રાતઃકાલના ભોજનની ચિંતા તો તેને લાગેલીજ હતી. હાય! તે નિસ્વાર્થ માતૃ-પ્રેમ હવે સ્વપ્ન થઈ ગયો. તે સ્વપ્નના સ્મરણથી હમણાં પણ હૃદય ગદ્ગદ્ થઈ જાય છે. અંબા સાથે સુન્નુની સાથાકુટ અને બાલ-ક્રીડા પણ વિદાય થઈ ગઈ. હવે તો તે શોક અને નિરાશાની ક્રન્દન-મૂર્તિ છે. તે હવે કદિ પણ રડતો નથી. આવો પદાર્થ ખોઈ હવે તેને કોઈ ખટક-શોક ભાય ન રહ્યાં.



# ગરવીગુજરાત



# "ગરવી ગુજરાત"ના ગ્રાહકોને સુચના.

૧ નવા થનારા ગ્રાહકોએ કૃપા કરી પોતાનું લવાજમ મનીઓર્ડરથી મોકલવું કારણ કે પેપર મોકલાવી વી. પી. કરવાનો નિયમ કર્યો હોવાથી ગ્રાહકને ખર્ચ થાય છે અને કોઈવાર વી. પી. ના નાણાં બહુ મોડાં મળે છે.

૨ ગ્રાહકોએ પત્રવ્યવહારમાં પોતાનો ગ્રાહક નંબર લખવા ચૂકવું નહિ.

૩ નમૂનાના અંક માટે તેની કીમતના સ્ટામ્પ મોકલવા. પત્રવ્યવહાર મેનેજરના નામે કરવો.

## વાર્ષિક લવાજમ.

| | |
|---|---|
| હિન્દમાં | ૬-૦-૦ |
| હિન્દ બહાર | ૭-૮-૦ |
| છુટક નકલ | ૦-૧૦-૦ |

મળવાનું ઠેકાણું—
"ગરવી ગુજરાત" ઓફીસ
ગ્રાન્ટ રોડ નવી ડીમ
ચાલી મકાન નં. ૩

# ગરવી ગુજરાત.

## માસિક પત્ર.

પુસ્તક ૧ લું. તંત્રી:—ઉદ્ધવજી તુલસીદાસ ઠક્કર. અંક ત્રીજો.

### જુલાઇ ૧૯૨૧ના અંકની અનુક્રમણિકા.

# અમારો આવતો અંક.

## વાર્તા અંક.

ર ડીઝાઈન [illegible] ચિત્રકાર [illegible]
ખ પૃષ્ઠ [illegible]

### સંપૂર્ણ ટુંકી વાર્તાઓ.

નકત્તાના [illegible] કવિવર ડૉ. રવિન્દ્રનાથ ટાગોરની મનોરમ શૈલીમાં [illegible] એક [illegible] અદ્‌ભુત આત્મકથા

[illegible] અંગ્રેજ [illegible] એક [illegible] જે મોત લાવે છે [illegible] સંસારની પ્રેમ અને [illegible] ભરી એક કહાણી આ વાર્તા [illegible] સંસારની ખાનદાની અને પ્રેમના [illegible] માર્ગનું એક નવું જ દૃશ્ય તમારી પાસ [illegible] કરશે (સચિત્ર) લખનાર [illegible] હાસ્યના જાણીતા લેખક [illegible]

[illegible] મિલન (સચિત્ર) [illegible] વિયોગી [illegible] આ વાર્તામાં [illegible] છે લખનાર [illegible] ચિત્રકાર [illegible]

[illegible] લખનાર [illegible] એક વિધવાની [illegible]

[illegible] 'આગ [illegible]'ના [illegible] લેખથી પ્રસિદ્ધ થએલા [illegible] હાસ્ય [illegible] વાર્તા સચિત્ર

[illegible] પ્રેમથી [illegible] લખનાર [illegible]

#### કાવ્ય

[illegible]
[illegible]
[illegible]
[illegible] (ગઝલ [illegible]) [illegible]
પૃથ્વી અને આકાશનાં લગ્ન [illegible]
[illegible] પ્રસ્તાવ [illegible]
[illegible]
[illegible] આશ્રમે [illegible]

# नवदीक्षा

चित्रपरीचय



लखनारः रा. रविशंकर म. रावल. ( चित्रकार )

भारतीय वीरने उद्धारनुं सूत्र आपता भारतमाता नवदीक्षाना पाठ सुणावी रहेछे. नवीन विद्यार्थीनुं आ एक मानसिक चित्र छे. संयम एकाग्रता अने शांत उपासना तेना कार्योना मुख्य लक्षण बनशे देशना कायदानो उपयोग थोडी जरुरीयातो, पवित्रता तेना व्यवहारना मुख्य अंगो गणाशे. आ नवी दीक्षामां भारतनुं सर्वतः हितज समायेलुं छे.

B A P WORKS



ચિત્ર ૨] નવદીક્ષા [ રવિશંકર રાવળ



પુસ્તક ૧૫. જુલાઈ ૧૯૨૧. અંક ૩ જો.

# મારી માતાની મૂર્તિ

પ્રભુ! મારી માતાની હથેળીઓમાં ચંદ્ર અને સૂર્ય વિરાજે છે.

હૃદયમાં પ્રેમ છે.

હોઠ ઉપર સ્નેહનું હાસ્ય સ્ફુરે છે.

આંખોમાં ભક્તિ અને યોગ ચમકે છે સાગર સમું ગંભીર આશીર્વચન નભોમંડળને અને દશે દિશાને શાંતિમાં ઝુલાવે છે.

માથે વિરાજતો રત્ન—ખચીત મુકુટ સમસ્ત પ્રજાઓની ઈર્ષ્યાનું કારણ થઈ પડ્યો છે.

આલિંગનની હુંફ દુઃખોને વિસર્જાવે છે. પગના નુપૂરનો ઝણકાર બધા દેશોને પાદસેવામાં પ્રવર્તાવે છે.

આવી સર્વાંગ સુંદર માતાને હું પ્રણામ કરું છું. અને તેને પેટે જન્મ આપવાને માટે પ્રભુ! હું તને લક્ષાવધિ પ્રણામ કરું છું.

પ્રભુદાસ.



# ગરવી ગુજરાત.



સ્વ. પ્રેમ શૌર્ય અંકિત કવિ નર્મદ.

**જય** જય ગરવી ગુજરાત!
જય જય ગરવી ગુજરાત!
દીપે અરુણું પ્રભાત
ધ્વજ પ્રકાશશે ઝળળ કસુંબી પ્રેમ શૌર્ય અંકિત
તું ભણવ ભણવ નિજ સંતતિ સઉને પ્રેમ ભક્તિની રીત–
ઊંચી તુજ સુંદર જાત
જય જય ગરવી ગુજરાત
ઉત્તરમાં અંબા માત,
પૂરવમાં કાળી માત
છે દક્ષિણ દિશમાં કરંત રક્ષા કુંતેશ્વર મહાદેવ
ને સોમનાથને દ્વારકેશ એ પશ્ચિમ કેરા દેવ–
છે સહાયમાં સાક્ષાત
જય જય ગરવી ગુજરાત
નદી તાપી નર્મદા જોય,
મહીને બીજી પણ જોય
વળી જોય સુભટના જુદ્ધ રમણને, રત્નાકર સાગર
પર્વત ઉપરથી વીર પૂર્વજો, દે આશિષ જયકર–
સંપે સોહે સઉ જાત
જય જય ગરવી ગુજરાત
તે અણહિલવાડના રંગ
તે સિદ્ધરાજ જયસિંગ
તે રંગ થકી પણ અધિક સરસ રંગ થશે સત્વરે માત
શુભ શકુન દીસે મધ્યાન્હ શોભશે વીતી ગઈ છે રાત–
જન ઘૂમે નર્મદ સાથ
જય જય ગરવી ગુજરાત



અમદાવાદનો દધીચી આશ્રમ

# ગરવીય ગુજરાત ગજાવનારો.

લખનાર -રા. બાપુ. એ. મહેતા.

આ ઉભો જાતી દાંડી ભાગ.
ગરવીય ગુજરાત ગજાવનારો.
અખુટ હૃદયનો અગમ્ય ખજાનો.
તે જ્ઞાન ભંડાર લુટાવનારો.
ભારતનો જય હો જય હો ઉચ્ચરતો,
સ્વદેશ ધીનો અદ્ભુત ધીરજનો
ઉભો ઉભો એકિલો સીનાગે
મહાગુજ જ્યોતી જગાવનારો
મસાણી મુદામાં મસ્તી ચઢાવે
રગ રગમાં જીવનના ચેતન વહાવે
ભારત પતાકા ફરકાવનારો.
સ્વરાજ્ય દરદીવ દીલે સ્થાપનારો.
પૂર્વના પાછે ઉભો ખાદી અડગી
પશ્ચિમની છોળો મરે ઘોર પડગી
પ્રતિબિંબથી પાપો ફુંકી બાળનારો.
ભડકા ફરી બન જગાડનારો.
દધીચી આ દાન એવો છે દેવા.
ગગાજય યજ્ઞોત્સવને ઉજવવા
હાકો ઝીર માંસ ટોમાવનારો.
મરી જીવી ભાની ઉઠાડનારો



ગરવીય ગુજરાત ગજાવનારો

# સ્વરાજ.

લખનાર:-રા. દત્તાત્રેય બાળકૃષ્ણ કાલેલકર (અમદાવાદ.)

સ્વરાજ એટલે પોતાનું રાજ્ય-દરેક જણનું રાજ્ય. દરેક જણને રાજ્ય કેવી રીતે મળતું હશે? દરેક જણ રાજા થઈ જાય તો પછી નોકર કોણ થાય? ત્રણ વર્ષમાં કે સાત વર્ષમાં એકવાર મારો પ્રતિનિધિ ચૂંટી કાઢી લોકસભામાં મોકલવાનો હક મને મળ્યો એટલે શું સ્વરાજ થયું? તે તો સ્વ-પ્રતિનિધિ રાજ્ય થયું. યવન (ગ્રીક) લોકોના નગર રાજ્યોમાં દરેક [illegible] માણસ લોકસભામાં જઈને બેસતો. તેવા રાજ્યને શું આપણે સ્વરાજ કહીશું? યવન લોકો બાકીનું કામ ગુલામો મારફતે કરાવતા. નિગ્રો સભામાં (નાગરિક લોકોની લોકસભામાં) બેસવા જેટલી [illegible] મુરબ્બીઓને મળતી. તેમ તો આપણે ન જ કરી શકીએ. આટલાં વર્ષો ગુલામીમાં કાઢ્યા પછી કોઈને પણ ગુલામીમાં રાખવાની પાપી [illegible] આપણા હૃદયમાં પ્રવેશ કરે જ નહિ. જ્યારે આપણી આજની સ્થિતિનો વિચાર કરીએ છીએ ત્યારે પોતાની મેળે હૃદયમાંથી ઉદ્ગારો નીકળી જાય છે કે "પ્રભો! અમારા જેવી દશા અમારા હાડવૈરીને પણ સહન કરવી ન પડો."

ત્યારે સ્વરાજ એટલે શું? સ્વરાજ એ મધ્યમ માર્ગ છે. જ્યારે આપણે કોઈના ગુલામ કે કોઈના માલિક બનવાની ના પાડીએ છીએ ત્યારે જ આપણે માટે સ્વરાજ છે. જે બીજાની હકૂમત નીચે છે, અથવા જે બીજા ઉપર હકૂમત ચલાવવા માગે છે તે બન્ને ગુલામ છે. સંસ્કૃત ભાષામાં જેમ ઉત્તમ ઋણ (લેવું) અને અધમ ઋણ (દેવું) એવા ભેદ છે તેમજ આપણે સામ્રાજ્ય ભોગવનારને ઉત્તમ ગુલામ કહીએ, અને પરવશતામાં રહેનારને અધમ ગુલામ કહીએ. આ બન્ને અંતનો જેણે ત્યાગ કર્યો છે તે સ્વરાજ ભોગવે છે. જે જુલમ અત્યાચાર કરતો નથી, અથવા સહન કરતો નથી તેજ સ્વરાજવાદી. બાકી જુલમ સહન કરે છે અને વળી જુલમ ગુજારે છે, તેથી બન્નેનો નાશ થાય છે. આપણે આ બન્ને સ્થિતિમાંથી મુક્ત થવું જોઈએ. તે કેવી રીતે થઈએ? આજે આપણે સ્વરાજની તૈયારી કરી રહ્યા છીએ. આત્મશુદ્ધિ કરવા માગીએ છીએ. તેમાં આપણે બન્ને બાજુથી આપણું જીવન તપાસવું જોઈએ. **સ્વામી વિવેકાનંદ** કહેતા કે જાલિમ અને ગુલામ, એ એકજ [illegible] બે જુદાં જુદાં સ્વરૂપ છે, એકજ સિક્કાની બે બાજુઓ છે. એક બાજુનો નાશ કરો એટલે બીજી બાજુ પોતાની મેળેજ નષ્ટ થઈ જશે. જુલમ કરવાની ઇચ્છા છોડી દઈએ એટલે જુલમ સહન કરવો અસહ્ય થઈ જાય છે. તેનો વિરોધ કરવો અનિવાર્ય થઈ પડે છે. તે સ્વભાવ બની જાય છે.

આપણી શક્તિ અને સંપત્તિ [illegible] પ્રમાણ હોવું જોઈએ. શક્તિ અને સંપત્તિ વધે તો ભોગવવા આપણી [illegible]



ના પરિચય

# ગુરો એ શિષ્ય ત્હારો કો.

---

લૈન્ચી ગઝલ.

" ગુરો ! એ શિષ્ય ત્હારો જો
  જુનાં શાસ્ત્રો બતાવે છે,
" નવા જન્મ્યા જુનાનાથી
  અને એનું બતાવે છે
" નાગરિકી નિયમાદિ
  જગતના આંધળા જનને,
" અતિ દિવ્ય જ્ઞાન ચક્ષુ દઈ
  પ્રભુ પન્થે ચઢાવે છે
" સનાતન સંસ્કૃતિના જ્ઞાનનો
  આધાર નાખે છે,
" પ્રમાણ પુષ્પ લેઈ
  કર્મની વેદી ચઢાવે છે
" ... સર્વસ્વની
  પૂર્ણાહુતિ આપી અધ્વરને,
" અહો ! પવિત્રાત્મના
  મન કામના સિદ્ધિ કરાવે છે.

"પવિત્ર પર્વણી" }
"ભાદરવા" }

"પરિમલ"




ડોક્ટર હરિપ્રસાદ વ્રજરાય દેસાઈ

# દારૂના પીઠાં પર પેહેરો.

અમદાવાદની પીકેટીંગનો વિગતવાર હેવાલ.
નાતવાળાઓએ, બીડીના ઉપરીઓએ અને ઘર ધણીઓએ શું કર્યું ?
એક બહારવટીયાની અદ્ભુત વાત.
પીઠાવાળાઓએ મફત દારૂ પાયો
સ્ત્રીઓ પણ પીકેટીંગ કરતી.
આખેર દારૂડીયા પહેરેગીર બનવા લાગ્યા

લખનાર,—ડોક્ટર હરિપ્રસાદ વ્રજરાય દેસાઈ (અમદાવાદ)

ચિતરનાર રા. રવિશંકર મ. રાવળ



દારૂ પીતા

આના માણસોને એ લોકોની નાતવાળા-ઓએ, સગાંઓ ફરી, ભીલોના ઉપરી-ઓએ કામ પરથી રજાઓ આપી ઘર ધણીઓએ ઘર ખાલી કરાવ્યાં અને સમસ્ત પ્રજાની વિરુદ્ધ જઈ સમાજ શુદ્ધિના કાર્યમાં વિઘ્નરૂપ થવાથી પ્રજાજનોએ એમનો અન્યો એટનો બહિષ્કાર કર્યો

સ્ત્રીઓ આશીર્વાદ દેવા લાગી મહાત્મા ગાંધીનો જય થાય એમ પ્રભુ પાસે અંત:કરણ પૂર્વક પ્રાર્થના કરતી હતી

પીનારાઓને હવે પેહેંગની અસર જણાઈ એમના માણસો પૈસા હારી ગયા ઉધાર દારૂ પીનારાઓએ એમને પૈસા ના આપ્યા ખાનગી રીતે પીનારા મદદ કરી રેલના ઘર પાસના ગની દોરની કાઢી ગયા ગા ધારી નોકરી યુક્તિ પીનારાઓએ જોયા

જુના વખતને જે આગેવાનો પટોબારી ના કહી ત્યારે એમણે મફત દારૂ પાવો શરૂ કર્યો

એક દિવસ દારૂડીઆઓ કહેવા લાગ્યા "આ ધોળી ટોપીઓવાળાને દેખો ત્યાંથી મારો" તે દિવસથી મ્હેં ધોળી ટોપી પહેરી એક દિવસ એક દારૂડીઆએ મ્હને દેખતા મારવા માંડયા પણ છુ ગયો મ્હારી સાથે કામ કરતા ૧૦–૧૨ સ્વયંસેવકોને માર પડયો દિવસભા ને ચપ્પુ મારવા એ દારૂડીઓ ધગ્યો જે સ્વયંસેવકોને દારૂ પીનારની સ્વતંત્રતામાં દખલ કરવા માટે તથા ગાળીઓ દેવા નુ અપમાન કરવા માટે પકડવામાં આવ્યા ગાળીઓ ફાડવાનો આરોપ સાબીત નહી થવાથી તથા ગોખ્યા બન્યો તે દેખાતો નથી એમ લાગવાથી ૧૫–૨૦ દાની આદી કેદ ભોગવી છુટી ગયા

કાચી કેદમાં પડનાર ભાઈ હુકીમીચંદ તથા ચુનીલાલ આત્મારામે હદ કરી. એક બ્હારવટીયો એમની સાથે જેલમાં હતો તેનાં પોલીસની ચોકી છતાં કોઇ વસ્ત્ર હરણ કરી ગયું. ચુનીલાલે એને પોતાનું ધોતીયું અડધું ફાડી આપ્યું અને આખી રાત મહાત્મા ગાંધી, એમના સિદ્ધાન્તો, અને મદ્યનિષેધની તથા દેશ સેવાની અને સ્વરાજ્યનીજ વાતો એમણે પોલીસના માણસો અને બ્હારવટીયાઓની સાથે કરી. બ્હારવટીયાના મનપર અને પોલીસના માણસોના મનપર આટલાથી આ ભાઇઓ પર ઘણોજ ભક્તિભાવ ઉત્પન્ન થયો. બ્હાર-



દારૂનું પરિણામ

**વંટીયો એમનું ધોતીયું પાછું આપવા લાગ્યો અને કહેવા લાગ્યો કે. મહાત્મા ગાંધીના તમે માણસો હોવાથી હું એ વસ્ત્ર નહીં લઉં પણ ચુનીલાલે એ પાછું ના લીધું. ચુનીલાલે પોતાની માને કહાવ્યું કે "તું આજે લાપશી ને ઘી જમજે; અને ઘરનાંને જમાડજે આજ મ્હારી જીંદગીનું સાર્થક થયું છે."**

આ પછી પેહેરો ભરનાર ૧૦–૧૨ સ્વયં-સેવકોને દારૂ પીનારાઓ તરફથી ઓછો વત્તો માર પડ્યો પણ કોઈ ડગ્યુ નહીં. ઉલટું કામ પર આવનારની સંખ્યા અને લુસ્સામાં વધારો થયો. વિઘ્નો આવ્યાં પરન્તુ મક્કમતાથી અને દ્રઢતાથી કામ નિયમિત પણે ચાલ્યા કર્યું તેથી આ ચાર પાંચ મહિને પીઠાં વાળાઓ નરમ થયા છે. પીઠે વેચાણ નહીં જેવું છે અને સ્વયં-સેવકોને આજ કાલ કામમાં બહુ મેહેનત નથી.

ટાઢ, તડકો, ભૂખ, તરસ વગેરે દુઃખો વેઠીને સ્વયંસેવકોએ જેવું મ્હારે પીઠે કામ કર્યું છે અને જે જે વિપત્તિઓ વેઠી છે તેજ પ્રમાણે બધે પીઠે અમદાવાદ અને આસપાસનાં ગામોમાં બન્યું છે. ગાડીઘોડે ફરનાર, ખુરશીઓ અને કોચ પર બેસનાર, ખાનદાન કુટુંબના, લાડકવાયા છોકરાઓએ કેવળ સ્વદેશ પ્રીત્યર્થે, ધુળમાં, મલિન સ્થળે, એક પોલીસની માફક, પેહેરો ભર્યો છે. કુલિન અને સુકોમળ સ્ત્રીઓએ, આ દુષિત વાતાવરણમાં, અધમોધમ પુરૂષોને અનેક તરેહના શારિરીક ત્રાસ વેઠી વિનંતીઓ કરી છે!

કેવળ પુસ્તકો વાંચી જ્ઞાન મળે છે એવું માનનારા દેશનું જે જ્ઞાન દારૂને પીઠે પેહેરો ભરનાં સ્ત્રી પુરૂષોએ મેળવ્યું છે તે ભાગ્યે અકિત થશે! પરન્તુ આ વિષય મ્હારે હવે બંધ કરવો જોઇએ.

ચાર પાંચ મહિનાના આવા પ્રયત્નનું પરિણામ? પરિણામ બીજું શું હોઈ શકે? હજારો કુટુંબો આજે સુખી થયાં છે. પ્રજાજનોની અને કામ કરનારાંઓની પુષ્કળ આત્મ શુદ્ધિ અને આત્મોન્નતિ થઈ છે. મહિને ૧૦૦, ૧૦૦, રૂપીઆ કમાનાર, દારૂમાં એટલી ખુવારી કરતા કે પૈ પણ બચાવ્યા સિવાય ઉલટાં ૪૦૦, ૫૦૦, રૂપીયાનાં દેવાં થઇ ગયાં હતાં. એવાં સેંકડો કુટુંબો દેવામાંથી મુક્ત થયાં છે અને આજે ૨૦૦, ૩૦૦ રૂપીયા શીલીઓ થઈ છે. રોજ રાત્રે ઘણા પુરૂષોને બજારૂઓ આગળથી અને ગટરોમાંથી ઉચકી લાવવા પડતા તે સંધ્યાકાળ થતાં સીધા ઘેર આવે છે અને બાલ બચ્ચાં સાથે નિરાંતે ભોજન લે છે. **એક કાળે જેઓ સખ્ત દારૂડીયા હતા તેના કેટલાક અમારી સાથે પેહેરો ભરવાનું અને પોતાના બીજા અભાગીઆ દેશ બન્ધુઓ ને મુક્ત કરવાનું પુણ્ય કાર્ય તન મન અને ધનથી કરે છે.**

દરરોજ-સાંજરે પીઠાં પર જ્યારે કામ ન્હોતું ત્યારે હું કાંકરીયા તળાવના મનોહર અને શાન્ત સ્થળોએ ફરવા જતો હતો. એકાન્તમાં ત્યાં ઘણી વાર ઇશ્વર પ્રાર્થના કરતો. "પીકેટીંગ" આવ્યું ત્યારથી કાંકરીયાનું બાગેજ મ્હોં જોવા પામું છું. હજાણાંનું એ સરસ પુસ્તું પીઠું તે મ્હારે મન કાંકરીયાથી પણ અધીક છે.

કલબોમાં અને સભાઓમાં જે મિત્રો કર્યા હતા તેમના જેવા, કેટલાના અભણ અને અજ્ઞાન દેશ બન્ધુઓમાંથી એ પીઠે હતા બાદ મ્હેં ઘણા મિત્રો કર્યા છે હાકરડા બાઓ, ઢેડ બાઓ, આરોટ, પાટીદાર, બ્રાહ્મણ, વ્હોરા, શાળવી વગેરે ભાઇઓના અનુભવ અને પ્રેમનો અમુલ્ય લાભ મેળવ્યું છું.

જે સ્થળે અપશબ્દો, મારામારી અને ધમપછાડ ચાલતાં ત્યાં આજે સ્વરાજ્ય, સ્વધર્મ અને જ્ઞાનની ચર્ચાઓ ચલે છે. જ્યાં બીભત્સ ગીતો ગવાતાં ત્યાં કોઈ કોઈવાર તુલસીકૃત રામાયણના મીઠા દુહા ઓ લલકારાય છે.

પ્રભુને પતિત પાવન કહ્યા છે અધમોદ્ધારક પણ કહ્યા છે જેવ પ્રભુનું સાનિધ્ય મ્હારા પરમ પ્રિય સ્થળ કાંકરીયા તળાવના કિનારે કે કુંજોમાં નહોતું મળતું તેરા મ્હને આ સત્પુર ને દારને પીડે, કામ કરતાં કરતા કવચિત પ્રાપ્ત થતા છે!



# નવયુગ.

રચનારઃ—રા. 'બુલબુલ.'

રમણીય ઉષા શુભ્રી આચિ પરે,
રૂડલા સુખદા નવરંગ પૂરે,
ઘન ઘોર તિમિર બધિથી હરે,
જન અંતરમાં નવી આશ ધરે.

જગમાં જનમી. હસિયાં રડિયાં,
વરસો વિતવ્યાં કંઈ જીવનનાં,
જનનીનું હિતાર્થ ન લેશ કર્યું,
સહુ આયુષ્ય વ્યર્થ ગયેલ વહ્યું.


જનની ભૂમિ કાજ રહે ધૂમતા,
અસિ હાથ ગ્રહી અરિને હણતા,
ઉર ગર્જન શા કર કાર્ય સખે,
વધવું વધવું ઉર આરજૂ એ.

જન અંતરનો ઉદ્બોધ હવે,
બની કાયર આમશું બેસી રહે,
સહુ બંધન દૂર હવે કરવાં,
બની વીર હવે પગલાં ભરવાં.

# હિન્દુ ઇતિહાસમાં અસહકાર.

લેખક—રા. કનૈયાલાલ માણેકલાલ મુનશી,
( એડવોકેટ મુંબાઈ હાઈકોર્ટ. )

આ અસહકાર શોધનારને પ્રવર્તાવનાર મહાત્મા ગાંધીજી આજે આર્યત્વની ઉચ્ચમાં ઉચ્ચી ભાવનાનો અવતાર છે. તે હિન્દુ છે; તેની રગેરગમાં આર્યત્વનો ઉત્સાહ ઉછળે છે; તેના શબ્દે શબ્દમાં હિન્દુભાવનાઓ દેખાય છે. તેના દરેક કર્તવ્યમાં યોગનાં લક્ષણો નજરે ચડે છે. પરસંસ્કૃતિએ આપેલી એકીકે... [illegible] વખત હિન્દુ સંસ્કૃતિ અનેકાનેક નાના મોટા પ્રશ્નો ને ભાવનાઓ પ્રગટાવે છે, અને તેમની મદદથી પોતાની પવિત્રતા શુદ્ધ ને સંસ્કારી રાખી રહે છે. ગાંધીજી આમાંનો એક પુરાવો છે; અસહકાર આવી એક ભાવના છે — જેની જનેતા હિન્દુ સંસ્કૃતિ છે.



રા. કનૈયાલાલ માણેકલાલ મુનશી.

દેશમાં [illegible] પરસંસ્કૃતિના [illegible] નોમાંથી બચવાને માટે હિન્દુ સંસ્કૃતિએ આ પહેલાં પ્રયત્ન કર્યો નથી. જ્યારથી સિકન્દર શાહે કરેલા વિજયના પરિણામે આ ભૂમિને ભારે માગવા લાગ્યાં ત્યારે ચાણાક્યે એકચક્ર રાજ્ય સ્થાપ્યું ને ઘણું ધ્યે આર્ય સંસ્કારની પુન: સ્થાપના કરી. જ્યારે મધ્ય એશીયાના પરસંસ્કારી વિજેતાઓએ હિન્દને સંસ્કારભ્રષ્ટ કરવા માંડ્યું ત્યારે ગુપ્ત રાજાઓ—કયા ? નક્કી નથી—કોઈ આણુકલ્પના ઉદ્ધારકની મદદથી આર્ય સંસ્કારોને દૃઢ કર્યા. જ્યારે મુસલમાન વર્ગે [illegible] હિન્દ પર સ્વારી પર સ્વારી કરી તેની સંસ્કૃતિનો વિનાશ માંડ્યો ત્યારે અને મહાત્માઓએ [illegible] મહાત્માઓના [illegible] નથી તેમની [illegible] કાલના અંતરમાં સમાઈ ગઈ છે પણ તેમની મહેનત [illegible] ને સમાજ પ્રતિ [illegible] અમેજ સંસ્કૃતિના [illegible]

કાલ સુધી આર્યોના સમાજને સ્વસ્થ ને સુખી રાખ્યો હતો.

આ પ્રવૃત્તિ અસહકારનું એક સ્વરૂપ હતું. ધર્મને કર્મને નષ્ટ કરવા પરમ્પરાકારી રાજ્યકર્તાઓના પંજામાંથી સમાજને બચાવવા તેમ જ અનાચારથી તેને બહાર લઈ જઈ આત્મનિર્ણિત રાખવા જે પ્રયત્નો થયા તે આ પછી ત્યાગ અને આત્મસ્વાતંત્ર્યની સંસ્થાના સ્વરૂપમાં મેંટ્યે એને હજુપણ મોજુદ છે.

તે સમયના અસહકારીનો પ્રયત્ન એ હતો કે પરધર્મી રાજાઓની સત્તા જોર બને તેમ સંકુચિત કરી દેવી. સામાજિક પ્રશ્નોમાં, નીતિને ધર્મમાં રાજસત્તાને બીન ખતના પ્રશ્નોમાં હકુમત સ્વાતંત્ર્ય આપની વ્યાપારિક વિષયોમાં, ગામના ગામ પંચાયતમાં જ્ઞાતિના જૂથોને આપ બચાવ સુધામાં પાણીની હકુમત નહોતી. રાજાઓની કે રાજાના માનની રહેતી રાજ્યસત્તા પર ઉપનાગ રાખે તેમ વધે, ગમે તેમ લૂંટે કે કર નાખે પણ આત્મશાસન તેને તેજ પ્રમાણે ચાલે અને રાજ્યસત્તાની બળજોરીથી સમાજ કચરાઈ ન જાય કે સંસ્કાર-ભ્રષ્ટ ન બને તેવી મજબૂત પાળો બાંધવામાં મધ્યકાલીન હિન્દુસ્થાનની બુદ્ધિ વપરાઈ હતી અને આ પાળો બાંધવા માટે દરેક પ્રકારના સાધનોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. રાષ્ટ્રીય ઉત્સવમાં એવું વાતાવરણ ઉભું કરવામાં આવ્યું હતું કે પરધર્મીઓ તેમાં પડ્યા છે એવા દેવામાં આવ્યો નહોતો લોકો જ એમજ માનવા થતી ગઈ કે અનાદિ કાળથી તેમની પ્રનાલિકામાં ચાલી આવી છે તે કાયમ રહે, ને તેમાં રાજકીય રાજ્યસત્તાનો ભોગ્ય કશો ફેર ન પડે. સંચાલન રાજ્યસત્તાથી નીરાળું, પોતે હિન્દુ ધર્મની સિમામાં રહ્યું હતું, પરિણામે રાજ્યના ફેરફાર અમહકાર નીચે સમય સુધી હિન્દુ સમાજ સ્વસ્થ રહ્યો.

આમી સદીથી તે ૧૮ મી સુધી ટકી ગયો અને એ ઉપરાંત હિન્દુ સંસ્કૃતિના બીજ એવી સારી રીતે સચવાઈ રહ્યાં કે પરમ સ્વરાજને સાધવાને માટે તે અને અગ્નિઓ પ્રદિપ્ત કરતા રહ્યા નાનક, કબીરને તુકારામ, ગુરુદત્ત ને શિવાજી એ અગ્નિઓના માન તરીકે જ હતા.

પણ મધ્યકાલીન રાજ્યસત્તાઓને સમાજ જીવન વશ કરવાની દાનત નહોતી તેમને માન મર્યાદા જોઈતા હતા. અંગ્રેજ રાજ્યસત્તા જેમ આપણા સમાજનો વ્યવહાર આખું જીવન-સંસ્થાનના વિદેશીય કેળવણી, વિદેશીય આચાર ને વિચારનો પ્રચાર કરે છે ‘અને દેશમાનું બધું હાથ કરવા સર્વ વ્યાપી થવા મથે છે તેમ તે સત્તાઓ નહોતી કરતી. આથી હિન્દુઓ આ પ્રકારના અસહકારથી પોતાના સમાજની વ્યવસ્થા જાળવી રહ્યા, અને ધીમે ધીમે પોતાની બુદ્ધિથી રાજ્યસત્તાની ગોઠવણ કરી વળનારી રાજ્યસત્તાને હાથ કરવા માટે વધારે પ્રયત્ન કરવાની જરૂર લાગી નહિ.

આ કારણથી મુસલમાન રાજા હતા તોયે હિન્દુઓના જીવન સ્વતંત્ર હતા, તેમની સંસ્કૃતિ અખંડ હતી, તેમના સમાજનું સ્વાતંત્ર્ય કાયમ હતું. તેમની સુખશાંતિ ને ભાવના તેવા ને તેવા જ રહ્યા અને, જ્યારે અંગ્રેજ કેળવણીએ આપણું સ્વતંત્રપણું સિદ્ધ કરવા માંડ્યું, ત્યારે જ એ સ્વરાજ્યને માટે આપણી નાનાવિધ ચીજોની ફેરફાર કરવા માંડ્યા, ત્યારે આપણી ભાવનાઓ ને પ્રણાલીકાઓ આપણી સંસ્કૃતિ ને આપણો ધર્મ નિર્માલ્ય કે એવા વિચાર આપણા સમાજમાં પેસી ગયા ત્યારે અસહકારના પ્રયત્નો થવા લાગ્યા. અને જ્યારે આ બધા પ્રયત્નોને પણ તમે પાછા ખસેડી અસહકાર શરૂ કરી આપ્યો ત્યારે સ્વરાજ્ય સ્થાપવાની હવા આવવા લાગી, ત્યારે સુખશાંતિ ને સ્વમાન આ દેશમાંથી અદ્રશ્ય થવા લાગ્યા.

ઠ. [illegible] ની [illegible] ભેટ.



શ્રી ગુજરાત વિદ્યાપીઠનો સમારંભ



ચિત્રકાર ]

કેદીઓનો ગૃહ ઉદ્યોગ.

[ રા. રવિશંકર પડિત

# પ્રજા-જીવનમાં રસ

અને

# સ્વરાજ્ય.

લખનાર-રા. ગૌરીશંકર ગોવર્ધનરામ જોશી.

ઉદ્યમના ક્રમમાંથી સૌન્દર્ય ચોરી કરનાર અદ્ભુત તત્ત્વનો નેતા અને પૂજારી ગ્રીસની મસ્તીનો ઇતિહાસ મૂકી ગયો. ત્યારપછી પ્રજાજીવનમાં એવું અદ્ભુત તત્ત્વ વિકસાવનાર કોઈ કોઈ વિરલ પુરુષ 'સમયમૂર્તિ' જેવો પ્રકાશ્યો છે. એ સિવાય પ્રજાજીવનનો સર્વ ઇતિહાસ લગભગ સાવની અનુક્રમણિકા જેવો છે! મહાત્મા સિદ્ધીઆનો આત્માના પ્રતિબિંબ જેવી શુદ્ધ આંખ જેવી, લાવણ્ય રમ્ય પાછળ રમતી અને .. .છેવટે ખ્રિસ્તધર્મને મૂકી ચાલવું પડ્યું એ કરુણ દશ્ય ત્યારપછી પ્રજાજીવનમાં પુનઃ જન્મ્યું નહિ. મિગારજી સિંહાસન પરથી, પોતાના જન્મસિદ્ધ સંસ્કારનો અને મુસલમાન રમણીને માતા કરી જેવો મોગલો નેતા શીખ્યા! ત્યારથી પ્રજાજીવનમાં હિન્દ થઈ છે! આજે હવે યુગનો નવો ધર્મ ફેલાય છે. પ્રજાજીવનમાં જે અદ્ભુત રસ હતો અને જેના સામર્થ્યથી પ્રજાસ્વરાજ્ય ભોગવતી તે સર્વ ગુપ્ત આર્યસંસ્કારનો હવે પુનર્જન્મ થાય છે! યુરોપની સંસ્કૃતિમાં એક મહાન દોષ હતો તે પ્રકૃતિ જીવનને વિકાસ માનવા કરતાં યત્રરૂપ માનતી.

આર્ય સંસ્કૃતિમાં પ્રજાજીવન ચેતનવાળું શી રીતે રહે એનો .. વિચાર મુખ્ય કર્યો છે. રૂસો, રસ્કિન અને કાર્લાઈલે જે યુરોપમાં કહ્યું તે હિંદુસ્તાનમાં જન્મથીજ હતું શાન્ત હતો: એનો સ્પષ્ટ સ્વર કરનાર કોઈ ન હતો.- રસ્કિન અર્થશાસ્ત્રનો સિદ્ધાંત ફેરવે છે. અર્થશાસ્ત્રને દ્રવ્ય સાથે કામ છે આત્મા સાથે નહિ રસ્કિને કહ્યું. દુનિયાની ઝવેરાતથી ન ખરીદી શકાય એવું અમૂલ્ય રત્ન આત્મા છે દ્રવ્ય એનો આત્માની કનિષ્ઠ સ્થિતિનો વિકાસ છે કાર્લાઈલે કહ્યું. 'આત્માનો વિકાસ એટલેજ જીવનક્રમ પ્રજા મનુષ્યની બને છે તો પશુઓ સાથે હોય છતાં એ પ્રજા નથી સ્વરાજ્યની ભાવના પ્રજાતત્ત્વ પર ટકે છે. પ્રજા જેટલે અંશે મહાનપુરુષને સમજી શકે છે તેટલે અંશે પ્રજાતત્ત્વ સાચવી શકે છે' રૂમાનો સદ્દેશો યુરોપના ભયંકર દબાણ નીચે હતો. યુરોપના જે ભયંકર દાંભિક જીવને આર્યસંસ્કૃતિ પર અસર કરી, એ અસરમાંથી બચવાનો જ આજે મહાન પ્રશ્ન છે યુરોપના અપવિત્ર સંસ્કારથી પ્રજાજીવનમાં રસ-શોષ પડ્યો, અત્યાર સુધી જે દરેક હિંદુ ગૃહ આદર્શ ગૃહ હતું તેની વ્યવસ્થા તૂટી પડી. દરેક ગૃહવ્યવસ્થામાં હિંદુ-રમણી રસ પોતાની

ચાહનું રાજ્યતંત્ર જ્યારે પ્રજા ખોઈ બેસે ત્યારે દેશનું રાજ્યતંત્ર તેની સાથેજ ખોવાઈ જાય છે. યુરોપીય પતનનો હુમલો હિંદુસ્તાનના ઘર ઘર પર હતો. ઘેર ઘેર સમજાવ્યું કે યંત્રનો વિકાસ એજ દેશની ખરી સ્થિતિ છે! દરેક માણસ સમજ્યો કે એનું ન્હાનું કામ નકામું હતું! દરેક ખેડૂતને

ઘડીભર શહેરની મોજ સામે ગામડાનું જીવન તુચ્છ લાગ્યું. સ્ત્રીઓએ સુંદર ગોરસ ગુમાવ્યાં; સ્વચ્છ ફળીઆં ગુમાવ્યાં; અને કવિ કાલિદાસની પેલી મનોરમ કલ્પના–સુંદર ફળીઆમાં રમ્ય નૃત્ય કરતા મયુરની–નિષ્ફળ ગઇ ! હિંદુસ્તાન પર વિદેશીય સત્તા ન હતી. હિંદુસ્તાનના દરેક ગૃહમાં પણ હતી. પ્રજા જીવનમાંજ ફેરફાર હતો. જે પ્રજાએ 'શંકર' ને એક આદર્શ મુખ્ય દેવ માન્યો તે પ્રજા ભૂલી ગઇ કે સ્વરાજ્ય એટલેજ સ્વાધીન સાધનઃ શંકરના રમ્ય કૈલાસમાં જો વસ્ત્ર ન હોય તો એ રાખ ધારણ કરે. પરંતુ આલ્પસના શ્વેત-શિખર પર એનો દ્રષ્ટિપાત પણ ન થાય; અનેક વિરોધી સત્વોને સાચવે અને છતાં ત્હેની શાંતિ ડગે નહિ: સમૃદ્ધિ પ્રત્યે ઉદાસીનતા: મિત્ર પ્રત્યે ઉદારતા; શત્રુ પ્રત્યે ક્ષમા જીવનમાં અદ્ભુત તત્વ એટલું કે પાર્વતી ત્હેની પાસેજ રહે; અને છતાં જીવનનું કેન્દ્ર એકજ અને અડગ ! જો મનુષ્યનું ગૃહજીવન આ આદર્શ પ્રમાણે હોય તો સ્વરાજ્યજ છે ! પ્રજાજીવનમાંથી જ્યારે ગ્રામ્યજીવનનો આનંદ લુટાઇ ગયો અને લીમડાની શીળી છાંયમાં 'દ્વિલોળા' દેતા ગામડીઆ પોતાના તંગ ઢોલીઆ ઉઠાવી શહેર તરફ ફરવા લાગ્યા ત્યારેજ હિંદુસ્તાન માટે આ ગરીબી અનિવાર્ય બની ? મુંબઇના દરેક માળા પાસેજ હજારો કંગાલ પડ્યા રહે છે.

પ્રજાજીવનને સામાન્ય પોષણથી વિકાસપ્રતિ દોરવાની પ્રાચીન આર્યસંસ્કૃતિને સ્થાને અસાધારણ શાહુકાર અને અસાધારણ ગરીબ એવો વિષમ પંથ યુરોપના પવન સાથે આવ્યો ત્યારેજ કૃષિપ્રાધાન્ય હિંદુસ્તાન માટે ગરીબી અનિવાર્ય બની. ગ્રામ્યજીવનના ભોગે શહેરી-જીવન બન્યું; અને આર્યસંસ્કૃતિના ભોગે પશ્ચિમનો અસંતોષ આવ્યો; અને સ્વરાજ્યના ભોગે વિલાસનાં સાધનો આવ્યાં ! આ એક એવું પાત્ર વિનાનું નાટ્ય હતું કે આ બાલ વૃદ્ધ સૌને ફ્રાન્સજાપાનના કપડાં કરતાં હિંદુસ્તાનનું કાપડ સારૂં નજ લાગ્યું. હિંદુરમણીનો શુભ્ર ગોરસ લેતો હાથ ન્હાના પ્યાલામાં પડ્યો ! શિવાજી પ્રતાપ અને અકબરનો ફેંટ બાંધનાર પોતાના બચ્ચાંને 'નેકટાઇ' વિના બહાર જતો જોઇ શરમાવા લાગી !

એક માણસ અંગ્રેજી ન જાણતો હોય તો "માણસ' કહેવાય કે નહિ એવી જબરી શંકા પ્રજાજીવનમાં આવી; ઘંટી કરતાં 'ફ્લોરમીલ' ની સગવડતા જોઇ સ્ત્રીઓએ ગૃહ વ્યવસ્થા ધીમે ધીમે વિસારી: નળને જોઇ કુવો ને નદી ભૂલાયાં 'મીટીંગ' જોઇ વટસાવિત્રીવ્રત ભૂલાયું, પીઆનો જોઇ સુંદર સારંગી ભૂલાઇ યુરોપનાં ખોટાં ફુલ જોઇ ઘર ઘરને આંગણે ઉગતા ન્હાનાં ફુલ છોડ કરમાયા. અરે ! જાણે કોઇ અદ્ભુત જાદુગરે આખું હિંદુ-જીવન ફેરવી નાંખ્યું. કુટુંબ જીવનમાં સ્વરાજ્યનું ન્હાનું સ્વરૂપ જોવાને બદલે પરાધીનતા લાગી. પ્રજાજીવનમાં જે આવશ્યક રસ પૂરવાની યોજના હતી તે નિષ્ફળ થઇ કે તરતજ વિદેશીય સંસ્કારો એવા ઘર કરી બેઠા કે આજે હવે રેંટીઆ...જેવા સર્વસામાન્ય ગૃહ હુન્નર વિષે ઘણું લખ્યા પછી એવું, સમજાય છે કે કદાચ રેંટીઓ હિંદનું દારિદ્ર્ય હરે ! વાત એવી છે કે હિંદુગૃહની કલ્પના કલાના સુંદર તત્વ પર રચાયલી હતી. ન્હાના ગામને પાદર સ્વચ્છ વહેતી નદી પર જે વડલો હોય તેજ ગામનો 'ટાઉનહોલ' અતિથી ગૃહ અને ગામના છોકરાંનો કસરતનો અખાડો. એવી કોઇ રમત છે કે જે આ કસરતને પહોંચી શકે છે?

આપણે રમતનું સ્વરાજ્ય પણ ગુમાવ્યું. હિંદુસ્તાનનું કોઇપણ ઘર સુંદર સ્વચ્છ

ફૂલીઆ વિનાનું હોયતો તે ઘરને મર્યાદા નથી; ગાયવિનાનું હોયતો તે ઘરમાં સમૃદ્ધિ નથી; ઝાડવિનાનું હોયતો તેમાં તંદુરસ્તી નથી; ઈંઢીઆ વિનાનું હોયતો શોભની ,બાળવિનાનું છે; સંગીતવિનાનું હોયતો આત્મા વિનાનું છે; અને જે ઘરમાં ઉંબર રસોઈ કરનાર સ્ત્રી ન હોયતો તે ઘરરૂપે ભયંકર સ્મશાન છે! પ્રજાજીવનમાંથી અદ્ભુત રસ ચાલ્યો ગયો. આજે માણસ સ્નેહ માટે જોખમ ખેડવા કરતાં દાંભિક વ્યભિચાર પસંદ કરેછે! કોઈપણ શહેર વિષે કહી શકાય કે તે શહેરમાં જેટલી વેશ્યા છે તેના કરતાં વધારે ગૃહસ્થ વેશ્યા છે! પ્રજાજીવનનું આ નીતિતત્ત્વ પ્રજા જ્યારે પોતાના પર કાબુ અને વિશ્વાસ ખોઇ બેસે ત્યારે તે સ્વરાજ્યજ ખોઇ બેસે છે. ગ્રામ્ય પંચાયતનુ ધોરણ નાશ પામ્યું, ત્યાર પછી પ્રજાના નીતિતત્ત્વ પર જે વૃદ્ધપુરૂષો કાબુ રાખી શકતા તે ગયું જેમ સ્નેહનું નિર્મળ સ્વરૂપ ક્યારેક આ પરષો વડીલના જેવી ઉદારતાથી પોતાના તેમ તેના સ્વાભાવિક સ્વરૂપ માટે આ વર્ગ પાસે હથિયાર વિનાની જબરી સત્તા હતી

આહેર રબારી અને ભરવાડના 'નેહ' એ પણ એક જાતનું 'સ્વરાજ્ય' હતું. જેમ દરેક ઘરમાં કુળમર્યાદા હતી તેમ આખી જાતિની અમુક મર્યાદા હતી. તે મર્યાદા બહાર કોઇ પગ મુકતું નહિ: આ એક જાતનું શાસન ને હતું પણ સ્વરાજ્ય હતું અને હજી રબારી ભરવાડનાં આવાં ભંભારણાથી એમની 'ગ્રામ્ય પંચાયત' જેવીજ ન્યાય સંસ્થા છે! આ વર્ગમાં ઉદારતા હતી, ભલાઈ હતી: અને આતિથ્ય હતું. એમનામાં પ્રજાજીવનનાં જીવતા સંસ્કાર હતા અને એને પરિણામે હમેશાં અદ્ભુત તત્ત્વનો વિકાસ આ વર્ગમાં વધારે થાયછે. એંનું એક પરિણામ એ આવ્યું છે કે સ્ત્રીઓની નૈતિક મર્યાદા સાથે સ્નેહ જીવન જેટલું આ કોમમાં પ્રકાશ્યુંછે અને હજી પ્રકાશે છે તેટલું ભાગ્યેજ પ્રજાના બીજાજીવનમાં રહી શકે. અને એને લીધેજ હજી આ એકજ એવો વર્ગ છે કે જ્યાં સ્વરાજ્ય છે! એમનાં વચનો એમના જ બનાવેલ, સ્ત્રીઓ એટલીજ સુખી અને નિખાલસ; પુરૂષો એટલાજ ભોળા અને ભલા: સ્નેહ જીવન હજી સુંદર: ન્યાય નાતિમાંજ: આ સ્વરાજ્ય નથી નથી?

પ્રજાજીવનનો ફેરફાર એ સ્વરાજ્યથી શરૂઆત છે. અત્યારે હવે પ્રજાએ જાણવું જોઇએ કે આર્ય સંસ્કૃતિ અર્થવિનાની ન હતી; સ્વરાજ્યનો એ જબ્બર કોટ હતો. આપણા જીવનમાંથી રેંટીઓ ચાલ્યો જતાં કેટલો ફેરફાર થયો? રેંટીઆની ખાલી જગા બીજા ગૃહ ઉદ્યોગે લીધી નહિ વૃદ્ધ માણસો પણ કરી શકે એવું એ એકજ કામ ગયું. આપણે કાપડની સ્વાધીનતા ગુમાવી. કલા ગઈ. હુન્નર ગયો. અને છેવટે જીવનનો આનંદ ગયો. કલા પોતાની મા હતી કે બ્હેનનું કાંતેલું સુતર અને ત્યાં ગુંથેલું કાપડ! પ્રજામાંથી એક આદર્શ ગયો આદર્શ ન્હાના સરખા રસ ઉદ્યોગના પતનથી. ગુજરાતનીમાં જ્યાં મા રેંટીઓ કાંતતાં અને આસપાસ ન્હાનાં છોકરા વાતો સાંભળતા એ કુટુમ્બજીવનજ નાશ પામ્યું! અરે! જ્યારે ગંડમાં ડોશી રેંટીઓ કાંતેછે એવી વાર્તા ઘરમાં માતાઓ એ કહેવી બંધ કરી. ત્યારથીજ આ દેશમાં અચાનક ભારે ફેરફાર થયા: મોડીરાત્રિ સુધીનો ગૃહ ઉદ્યોગ અને છોકરાંઓની મઝ્ઝી બંધ પડ્યાં: ડોશીની અનુભવી વાતોથી ન્હાનું સીમંકણ 'થરેંટું,' કરતું બંધ થયું! અને પરદેશી આછા કાપડથી... મનુષ્યમાં વિલાસવૃત્તિ જાગી! આખા હિંદુસ્તાનને નગ્ન બનાવવા માટે જાપાન અને ફ્રાન્સનું કાપડ બસ છે!

હવે આપણે પ્રજાના સ્ત્રીજીવન સાથે સ્વરાજ્ય નો સંબંધ તપાસીએ –

ખરી રીતે તો પ્રજાજીવન એટલેજ સ્વરાજ્ય. પ્રજાજીવન જે રસ તર પૂર્વથી પોષતુ આવે છે, તે રસ પ્રજાજીવનમાં ક્ષય થાય છે, ત્યારે એ પ્રજા સ્વાધીનજ હોય છે પ્રજાજીવનમાંથી રસ ( Romance ) ખેંચી લેવો, એ પ્રજાને નિર્વીર્ય કર્યા બરાબર છે હિંદુસ્તાનમાં એમ બન્યું છે પહેલો પ્રહાર સ્ત્રીજીવન પર પડ્યો છે કારણ કે ચિતોડ અને પ્રતાપનું એ જન્મસ્થાન કે જર્મન સાહિત્ય જે વાર્તા માટે આનંદ લેતું તે સાવિત્રી-અને દમયંતીની પવિત્ર ગાથા એ સ્ત્રીઓની ગીતા હતી સ્ત્રીઓની જ્ઞાની દૃષ્ટિ પોષાય તેમ જ મને સ્ત્રીઓના અનેક વ્રતો ને ધાર્મિક નિયમો આપણામાં આજ્યાં હતા કૃષ્ણની મધુર વંશી જે અદ્ભુત સંગીત ઉત્પન્ન કરતી અને સંગાનનો પ્રતિધ્વનિ કરતા જેવું સંસ્કારી સ્ત્રીજીવન તે સમયે હતું. એ ગાન પ્રજાજીવનના અનેક સંસ્કારોમાં નોતરાં જેવી છે કૃષ્ણ ભક્ત અને ગોપી એ તથા એવા નાના રંગભૂમાં વિહાર ત્યાર સંસ્કારી વિભૂતિઓ હતાં. એમાં સ્ત્રીજીવનની વિલાસ પ્રકૃતિ નથી પરંતુ આત્મામાં અમર કરે તેવા અદ્ભુત સંગીત નાદની પવિત્ર ગાથા છે સંગીત પ્રજાજીવનમાં વિપત્તિ ભીતિ અને સત્વને જગત- ગર્વ નાદ અને કૃષ્ણ જે કંસનો નાશ કરી પ્રજાનંદની નૂતન રચના કરી છે, તે રચના નમન થયેલા પ્રજાજીવનનો અમર પૂતળો છે હિંદુસ્થાનમાં સ્ત્રીને સહુથી મોટી છે ભારતભૂમિએ ઉત્તમમાં
**भ्रातृभिर्भिन्नपात्राणां ने हितो द्विषतां सता:**
એ વાક્યથી હિંદુ કૌટુંબિક જીવનમાં જે અદ્ભુત ગંભીરતા છે તે સ્પષ્ટ છે પોતાની ન્હાની ઉમરથી જ્યારે ઘરમાં ન્હાનીબહેન આવે છે ત્યારે એની માતા જેટલી સંભાળ એના પર ઓછી ઓછી થઈ જાય છે ! એ આખો સમય સમ્ય અને વિરામ તરફ ફેંકાતો હતો ત્યારે પ્રજામાં સ્ત્રીજીવન પલટાયું ત્યારેજ સ્વરાજ્ય સામ્યતા જેટલી તાકાત પ્રજામાં ન રહે એ અનિવાર્ય હતું પરીણામ લાગ્યું કે સતી થવાનો આરંભ જાગ્યો છે।

એ સ્વેચ્છા મૃત્યુને સ્નેહજીવન સાથે શું સંબંધ હશે, તે હવે કદાચ કોઈ સ્નેહલતા કે બાલાજીવતી દર્શાવે છે, નહિતર આર્યસંસ્કૃતિનું એ અંગ યુરોપીય પંડિતોએ જૂઠાણુંજ અને જંગલી માન્યું ; અને આપણે વધાવ્યું ! વસ્તુતઃ યુરોપના પુરૂષોમાં એવું પાછળ આરંભવું કરવાની હિંમત ન હતી તે હિંમત હિંદુસ્તાનીઓ વારંવાર દર્શાવી છે। જે સતીનો ચાલ ન હતો ત્યાં અગણિત સ્ત્રીઓની સંખ્યા વધત જાતીય ઉચ્છૃંખલતા નહિ. ચિતોડના શક ઘેર પુરી સમશેરે ઝુમનાર સ્ત્રીઓ મળી ગયાં તે આર્યસંસ્કૃતિના આ પરિણામે ; જેને મરીચિ જેવું ગૌરવ એટલે ન એ ચાર ગોરા સાહેબને પરાણી તે આ સંસ્કૃતિના બળથી ; સ્ત્રીજીવનમાં મૃદુતા અને સૌંદર્ય સાથે યોગનો અનુપમ યોગ સાધવા આર્યસંસ્કૃતિએ દર્શાવ્યું કે પુરુષના ગૌરવ જગત્ છે ; ત્યાંથી હવું એ વધુ નમ્રતા છે સ્ત્રીઓનું ગૌરવ સ્નેહજીવન છે ; એ ભાષામાંથી ના હોતા નથી જીવે છે પરંતુ નીતિ વિનાની સ્ત્રીજીવનમાં નાદ કરવા અને ગૌરવનો નાશ થયો . તેમનામાં ઉચ્ચાર અને ઉચ્ચ ભાવનું પાલન એ ત્યાંના થયા, અરે ! ત્યારે શીખવ્યું કે માતૃપદ ત્યાંનો નૈસર્ગિક હક્ક-ઝરણી સમાન અને તેના વડી માતૃપદથી વધારે દૃઢ તેમ

વધારે સારૂં! આને પરિણામે પ્રજાત્વનો નાશ થયો; જાતીય ઉત્કૃષ્ટતા વિપરીત; ગુણોનું અંકર રૂપાંતર થયું: અને પ્રજા માનતી થઈ કે જીવન એટલે શહેરી વખત રહેવું!

જ્યારે પ્રજાજનોનો પ્રાણ અને રસજીવન પ્રજાજીવનમાંથી તદ્દન દૂર થાય, ત્યારે જે અધોગતિ થાય છે તે સંદેહી હોય છે એ પ્રમાણે આર્યસંસ્કૃતિએ રચેલી અને તત્ત્વોને પોષેલી સાદી જીંદગી પ્રજાજીવનમાંથી ચાલી ગઈ. અયોધ્યાનરેશ દિલીપ એકુતો ને ગ્યારી મેં સાથે સ્નાન કર્યા; ગોપીવિનોદ કર્યો: અને Rural-Lifeનું પર રસમય સ્થાન્યુ બાળપણથી ઘણા વખત સુધી પ્રજાનો એ રસવિભવ મનાયો. અને એને યુરોપીય સંસ્કૃતિએ જ્યારે સ્થાપ્યું કે સાદું જીવન એ અજ્ઞાનમય અંધકાર છે ત્યારે, પ્રજાતત્ત્વ ગુમાવેલી આ પ્રજા વિલાસ અને વિચાર પાછળ ઘેલી બની દોડી! એનો વડી શિંગ છાયાની મજા ભૂલ્યા; એને રસ્તાં આર્થિક દષ્ટિ જડી, એનો આનંદ એ ગામડાં રહ્યાં પણ ગામડાંની મજા ગઈ, ગામડાના વડીલો ગયા. ગામડાને ઉદ્યોગ ગયો. અને દરેક ગામડાને પોતાનો ન્હાનો ટુકડો એટલી સાદુ જીવન અનાવવા કરતાં રેલ્વેના માર્ગની રેલ્વે ઝડપની જીંદગી વધારે સુંદર લાગી! આખી પ્રજાનું દષ્ટિબિન્દુ ફર્યું. ન્હાના ટુકડામાં રહી સ્વાધીનતા સાચવવા કરતાં 'પેન્શનર' થવાનું વધારે પસંદ પડ્યું. એ દરેકનું પ્રજાનું દષ્ટિબિન્દુ એનું નામ વિદેશીય સત્તા: પ્રજાનું દષ્ટિબિન્દુ ફરે કે તરત નિશ્ચયી જ્યાં સ્વરાજ્ય મળે! સ્વરાજ્ય એટલે માત્ર આપણી સત્તા એટલું નહિ એ સત્તાની આર્યસંસ્કૃતિ પર રચવાની પ્રજા જીવનમાં રસવૃત્તિ: આંતર તૃષા

યુરોપીય સંસ્કૃતિ માને છે તેમ દ્રવ્ય અને મજુરી એ બે જ પ્રજાની સમૃદ્ધિ નથી: પ્રજાની ખરી સમૃદ્ધિ એના રસજીવનમાં છે. હિંદુસ્તાન બુદ્ધનું રામતીર્થનું કે અરવિંદ ઘોષનું પાત્ર યુરોપ સમક્ષ ધરે અને યુરોપ પાસે એમર્સન કાર્લાઈલ કે દેન્ટ ન હોય તો ચોક્કસ યુરોપની પ્રજાકીય સમૃદ્ધિ ઓછી ગણાય. કોઈપણ દેશનું ગૌરવ એની પ્રજાકીય સમૃદ્ધિ પર ટકે છે. હિંદુસ્તાન જેવો પ્રાચીન દેશ આટલી પરાધીન અવસ્થામાં મહાત્મા ગાંધી, લોકમાન્ય તિલક કે શ્રીયુત અરવિંદ ઘોષને જન્મ આપી શકે તો એટલું ચોક્કસ છે કે વિદેશીય સંસ્કૃતિ આ પહેલા રસજીવનમાં કેટલા વર્ગોએ એકાદ સંપૂર્ણ હજી ચૈતન્ય સાચવે છે જ્યાં સુધી જીવિત હોય ત્યાં સુધી પ્રજાજીવનની પ્રગતિને અવકાશ છે

આ ઉપરથી એટલું જોઈ શકાય કે પ્રજાજીવનમાં રસજીવન હોય ત્યાં સુધી સ્વરાજ્યની સામગ્રી છે. રસજીવન સ્વરાજનો પાયો છે. પ્રજા ખરી કળા જાણી શકે, ખરું સાહિત્ય પોષી શકે, ખરા સંગીત પાછળ 'ઘેલી ગોપી' બની શકે. તો પ્રજાજીવનમાં રસજીવન છે: અને તેજ એ પ્રજા...સ્વરાજ્યની વધારે નજીક છે.

હવે પ્રજા સમક્ષ આ પ્રશ્નો છે: પ્રજામાં રસજીવન કેમ નથી? કેમ ખોયું? એનો એકજ ગંભીર ઉત્તર છે દાયની શિક્ષણ-પદ્ધતિથી શિવાજીએ રાયગઢનો કિલ્લો લીધો એમાં ત્રણ શક્તિઓ કામ કરતી હતી જીજીબાઈનું દૂધ, શિવાજીની માનવાની શક્તિ; રામદાસની દૂધ હજમ કરવાની શક્તિ આજે અઢાર વર્ષે મેટ્રીકનો વિદ્યાર્થી શીખે છે કે: હિંદુસ્તાનમાં રેલ્વે વ્યવહારથી ઉદ્યોગ ખીલ્યો! હિંદુસ્તાન અંગ્રેજ પર બોજા રૂપે પડ્યું છે! અને હિંદુસ્તાનનો મોટો [illegible]

# ભારતની સ્વરાજ્ય-સાધના.

લેખક—ડા. ચંદ્રશંકર નર્મદાશંકર પંડ્યા,
( બી. એ, એલ એલ. બી. )

---



ડા. ચંદ્રશંકર ન. પંડ્યા.

ઈ. સ. ૧૮૫૭ માં ભારતવર્ષમાં બળવો થયો. ઈ. સ. ૧૮૫૭ માં ભારતવર્ષનું રાજતંત્ર ચલાવતી ઈસ્ટ ઇન્ડિયા કંપનીનો વહીવટ ગયો અને બ્રિટિશ પાર્લમેન્ટનો વહીવટ થયો. ઈ. સ. ૧૮૫૮ થી ઈ. સ. ૧૮૮૫ સુધી એ વહીવટ વિષે લોકમત પ્રકટ કરનાર કોઈ વ્યવસ્થિત સંસ્થા ન હતી. ઈ. સ. ૧૮૫૮ માં ભારતવર્ષનું રાજતંત્ર હાથમાં લેતાં મહારાણી વિક્ટોરિયાએ જે ઢંઢેરો બહાર પાડ્યો હતો કે ભારતવાસીઓને કોઈ પણ પ્રકારના ભેદભાવ વિના સઘળા બ્રિટિશ પ્રજાજનના હક આપવામાં આવશે તે ઢંઢેરાનો અમલ રાજ્યવહીવટમાં ખરેખરો કેટલો થાય છે એ બરાબર તપાસનાર અને તે સંબંધમાં પોકાર ઉઠાવનાર કોઈપણ પ્રજાકીય સંસ્થા ન હતી. સામાન્ય પ્રજા અને હિન્દની ઉંચી ભાવનાઓ કોઈ વાસ્તવિક આવે તો ભારતનું ભાગ્ય. તેથી વિપરીત પ્રકારનો વાસ્તવિક આવે તો ભારતના ભાગ્ય ફૂટ્યાં હોય કે ભાગ્ય હોય. ભારત એક મોટું રૂપે ભાગ્ય હતો

ઈ. સ. ૧૮૮૫ માં તે સ્થિતિ પલટાઈ. ભારતને સારા પુણ્યે ભારતની રાષ્ટ્રીય મહાસભા—ધી ઇન્ડિયન નેશનલ કોંગ્રેસ—સ્થપાઈ. એ કોંગ્રેસનાં વાર્ષિક અધિવેશનો ભારતના ભિન્ન ભિન્ન પ્રાન્તોમાં થવા માંડ્યાં. રાજ્યવહીવટ વિષે લોકમત જાહેર કરનારા ઠરાવો મંજુર થવા માંડ્યા, ભારતવાસીઓમાં રાજકીય જાગૃતિનો સંચાર થવા માંડ્યો. સરકારના કૃત્યો વિષે લોકમત જાહેર કરવો, લોકોની અગવડો અને લોકોની જરૂરિયાતો સરકાર પાસે વિનયપૂર્વક રજુ કરવી, રાજ્યવહીવટમાં ભારતવાસીઓને ક્રમે ક્રમે વધુ ને વધુ ભાગ લેવા દેવામાં આવે તે માટે અરજીઓ ગુજારવી આ કોંગ્રેસનું અવિચ્છિન્ન સાધ્ય હતું. ઠરાવો પસાર કરવા અને અરજીઓ મોકલવી એ કોંગ્રેસની કાયદેસર કાર્યપદ્ધતિ હતી. આ વિનીત સાધ્ય અને આ વિનીત કાર્યપદ્ધતિ હોવા છતાં, કોંગ્રેસે સ્પષ્ટ અને વિવિધ ઠરાવોથી પોતાની સામાન્ય ભક્તિ અને રાજભક્તિની અગણ્ય સાબીતીઓ આપેલી હોવા છતાં, અંગ્રેજ મિજાજના ઉત્તમમાં ઉત્તમ પરિણામ રૂપ અને બ્રિટિશ રાજકીય સંસ્થા-

ત્હેના ઠરાવોનો યથાશક્તિ અમલ કરે એ યોગ્ય છે, પરન્તુ જેમને ગાંધીજીના મત માન્ય ન હોય ત્હેમને માટે કોંગ્રેસના સભાસદ થવાનો વાસ્તવિક અર્થ શો? સભાસદોની સંખ્યામાં ઉમેરો કરવા સિવાય એનું બીજું ફલ શું? જે વખતે કોંગ્રેસ એ પ્હેલાંની માફક વિચારાત્મકજ માત્ર નહિ, પરન્તુ ક્રિયામાં મુકવાની આજ્ઞાઓ પણ ગણાય છે; અને એથી યે આગળ વધીને જે વખતે ગાંધીજી ક્રમે ક્રમે કોંગ્રેસ અને ત્હેને અંગેની સંસ્થાઓ મારફત પ્રજાની પાસે વધારે ને વધારે સાહસભર્યાં પગલાં ભરાવતા જાય છે તે વખતે પોતાની જાતને ન્યાયની ખાતર તેમજ કોંગ્રેસને અને ગાંધીજીને ન્યાયની ખાતર એ જ્યારે સામાજિક, હિમ્મત ભર્યું અને યોગ્ય જણાય છે કે ગાંધીજીના મત માન્ય ન હોય અથવા જેમને ત્હેમના ક્રમોમાં શ્રદ્ધા ન હોય ત્હેમણે સભાસદ થવાની જવાબદારી માથે ન લેવી, પરન્તુ દૂર રહીને રહીને પોતાનાથી થાય તટસ્થ રહેવાની ખાતર કરવું સભાસદ થઇને કોંગ્રેસના ક્રમેનો અમલ ન કરવો ત્હેના કરતાં સભાસદ ન થવાને ગાંધીજીના ક્રમોને અને જેટલું પ્રામાણિકપણે થઇ શકે તેટલું કરવું એ વધારે ઠીક લાગે છે.

હવે સાધન પરત્વે. અસહકારની પ્રવૃત્તિ એ નિમ્રાજ અને અનેક અંગોવાળી પ્રવૃત્તિ છે મૂળ પંજાબ અને ખિલાફતની બાબતોમાં ન્સ્કાર પામેલી ન્યાય મેળવવા માટે એ પ્રવૃત્તિ આરંભમાં આવેલી છે, પરન્તુ અત્યારે એ પ્રવૃત્તિ સ્વરાજ્ય સાધવાનાં શાન્ત અને શુદ્ધ સાધન તરીકે પણ રજુ થયેલ છે, એ પ્રવૃત્તિને અંગે અત્યાર સુધીમાં જુદા જુદા ક્રમો જુદે જુદે વખતે રજુ થઇ ગયા છે. એ ક્રમો માટે બે મુખ્ય પ્રશ્નો પૂછવામાં આવે છે; એક તો એ પ્રશ્ન પૂછવામાં આવે છે કે સ્વરાજ્ય સાધવામાં રાજકીય અગત્યના નહિ એવા ક્રમોની ઉપયોગિતા શી? દાખલા તરીકે રેંટિયો, ખાદી, સ્વદેશી, અસ્પૃશ્યતા, મદ્યપાન નિષેધ વગેરે વગેરે બીજો પ્રશ્ન એ પૂછવામાં આવે છે કે જે ક્રમો રાજકીય અગત્યના છે તેથી દેશને લાભ છે કે કેમ? દાખલા તરીકે કાઉન્સિલોનો બહિષ્કાર આ પ્રશ્નોના ઉત્તરમાં એમ કહી શકાય કે જુદી જુદી રીતે ગાંધીજી પ્રજાને કેળવે છે ને કસે છે, પછી તે ક્રમો સીધી રીતે રાજકીય અગત્યના હોય કે આડકતરી રીતે રાજકીય અગત્યના હોય ત્હેમના ઉપાયો અપૂર્વ અને ઉગ્ર છે. ત્હેમનો પૂરેપૂરો પ્રયોગ થાય ને પૂર્વે સફળતા નિષ્ફળતાનું તો આગળથી શું કહેવાય?

અન્તમાં એટલુંજ કે એટલું તો ચોક્કસ છે કે ભારતે સ્વરાજ્ય-સાધનાનો સમારંભ ચુકાવ્યો છે, પછી કોઈને માટે એક પ્રકારના સાધન યોગ્ય ધારતા હોય અને કોઇ બીજા પ્રકારના યોગ્ય ધારતા હોય. સાધનભેદ હશે, પણ સાધ્ય તો એકજ છે—

"ભારતીય સ્વરાજ્ય."



# "એ ઝાળો."

તેની આંખોથી આંસુ ઉતર્યાં.
મેં પુછ્યું "હૈયું ભીંજ્યું ?"
મારા સાથીએ દૂર દૂર દેખાડી કહ્યું,
"આવી ઝાળો જગતેય સળગાવે !"
એવે વરસાદનું કરુણ સંગીત સુણાયું. મેં કહ્યું.
"વિશ્વના મેલ ધોવા વર્ષા પધારીએ.
"ઝાળોને શાંત કરી સહુને ઠારશે !"
"ધરાના ધાની કર્મથી એય સમાપ્ત થાય, એવી.
"ઝાળો એય સગી જાય, પાક થઇ પ્રેમનાં."
"સંગીત ગાવા ફરી ઉતરે"
"એમજ થયું ! વાદળના એ ચિરંજીવ બાલાએ પળોમાં પોતાની યાત્રા પૂર્ણ કરી.
મેં કહ્યું "આ ઝાળો તો અનંત રંગોય"
"અજનવા ! વળી ક્યાંય સમતી તો."
"ક્યાંય વિરાટ્ રૂપ ધરતી !"
મારા સાથીએ કહ્યું "આજ તો ઝાળોનો ઉત્સવ છે."
"પાંદનાં દૈવાની તાણા તાણ સાંભરે છે!"
"આ ઝાળોય હૃદયભક્તની આરતુ છે."
"એ દૈવાનાં ભક્તિ અદ્‌ભૂત પાગશે !"
મેં કહ્યું "આ ઝાળતો **રાતી**, જાણે."
"ભગવાન્ સ્મરહરની આંખોનાં તેજ !" મારા સાથીએ બીજી તરફ બતાવી કહ્યું,
"આજે ! '**લીલી** જાણે કુદરતની."
"કવિતા."
એ ઝાળો નાચતી નાચતી સમી ગઇ,
માત્ર રહી પુષ્પની **સહેતી!**
વર્ષોની સમાધિમાંથી જાગ્યો હોય એમ મારો સાથી મારી તરફ ફર્યો અને કહ્યું,
"ભાઇ ! આ હૃદય ! આજ **આત્મસંવાદ્ય.**"
મેં કહ્યું "વાયુનિજ વિરાટ્ ઝળીમા"
ભરી ભરી એ સહેતી મારા સંસારને
દેશને ચુમશે જગત્ એ સુજનની અમલી ખાક !

તે મહર્ષિની પુણ્ય-તિથિએ !
મુંબઈ તા. ૧લી ઓગષ્ટ ૧૯૨૧.

દલપતરામ પ્રાણશંકર પાઠક.


પરિવર્તન.




મ. ગાંધીજી ૧૯૧૪ માં.



મ. ગાંધીજી ૧૯૨૧ માં.




મ. ગાંધીજી ૧૯૦૬ માં



સત્યાગ્રહ આશ્રમના વિદ્યાર્થીઓ સુતર લપેટે છે.



સત્યાગ્રહ આશ્રમના વિદ્યાર્થીઓ સાળપર.



# સ્વદેશી.

લેખક:—રા. દત્તાત્રય બાલકૃષ્ણ કાલેલકર.

ડૉક્ટર લોકો કહે છે કે દરેક રોગના અસંખ્ય જંતુઓ હવામાં ફરતા રહે છે. શ્વાસ મારફતે કેટલાયે એવા જંતુ આપણા પેટમાં જાય છે અને બહાર આવે છે, અથવા અંદર મરી જાય છે. જ્યાં સુધી આપણું શરીર નિરોગી છે ત્યાં સુધી આવા ગમે તેટલાં જંતુઓ પેટમાં જાય તોપણ આપણને ડરવા જેવું કશું નથી રહેતું. પણ આપણી પ્રકૃતિમાં જ્યારે કારણવશ વિકૃતિ થાય છે ત્યારે આ રોગ જંતુઓ શરીરમાં ઘર કરી શકે છે. અને એકવાર ઘર મળ્યું એટલે આખા શરીર ઉપર પોતાનું સામ્રાજ્ય ચલાવે છે. નળરાજના પગની પાની કોરી જોઇ જેમ કલિએ તેનામાં પ્રવેશ કર્યો તેમ શરીરની નબળાઇ જોઇ રોગ જંતુઓ શરીરમાં ઘર કરે છે.

પરદેશી માલનો મોહ એ આપણી એવી નબળાઇ હતી અને તેથીજ પારકી સત્તાએ આપણા દેશમાં ઘર કર્યું. એક ફ્રેંચ મુસાફરે પુનાના પેશ્વાઇ દરબારનું વર્ણન કરી લખ્યું કે "જ્યાં સુધી આ લોકોમાં આટલી સાદાઇ છે ત્યાં સુધી આ લોકો પરતંત્ર થશે એમ લાગતું નથી. કારણ વિદેશી માલની આ લોકોને જરૂરજ નથી દેખાતી. "આગળ જતાં તે લખે છે:" પણ મુસાફરો આ પ્રાંતના મુસલમાન લોકો પરદેશી માલને માટે આગ્રહ રાખે છે તેથી નિરાશ થવાનું કારણ નથી. આપણને અહીંઆ અવકાશ છે." પેશ્વાઇ દિવસોમાં આ મુસાફરની આશા સફળ થઇ. હિંદુ અને મુસલમાન બન્ને પરદેશી માલથી લલચાયા તેનું પરિણામ શું આવ્યું તે આપણે જોઇએ છીએ

ડૉક્ટર લોકો કહે છે કે નિરોગી થવાનાં બે સાધનો છે. જંતુનાશક (એન્ટિસેપ્ટિક) દ્રવ્યોનો ઉપયોગ કરવો, અને રોગજંતુને મારી નાખવા. આથી રોગજંતુ મરે છે. પણ સાથે સાથે શરીર પણ નબળું પડે છે. કેટલીક વાર આ નબળાઇની સ્થિતિમાં બીજા રોગ જંતુ શરીરમાં પ્રવેશ કરે છે. તેનો નાશ કરવા માટે જંતુ નાશક બીજી દવા લઇએ, એટલે શરીર ફરી વધારે નબળું પડે છે. ડાક્ટરો આ ઉપાય હાલમાં અખત્યાર કરતા નથી બીજો ઉપાય શરીરને જંતુ પ્રતિકૂળ બનાવવાનો. સમજી ફાવીજ ન શકે એવી શરીરની સ્થિતિ કરી મુકવી તેને 'એસેપ્ટીક' સ્થિતિ કહે છે આમાં શરીરની શક્તિ જોર જોરમાં વધે છે, અને પછી રોગ જંતુઓ નોટીસ આપ્યા વગર ચાલ્યા જાય છે કેમકે, "એસેપ્ટીક" સ્થિતિમાં રોગ જંતુને રહેવું પાલવતું નથી સ્વદેશી એ એવી સ્થિતિ છે. અને તેથી સ્વદેશીમાં સ્વરાજ છે.

રાજ્ય શાસન શાસ્ત્રીઓ કહે છે કે દરેક રાજ્યતંત્ર એક આપત્તિજ છે. માત્ર હાલની

સામાજિક સ્થિતિમાં તે એક અનિવાર્ય આપત્તિ છે. એટલે કે દરેક રાજસત્તા પ્રજાના દુર્ગુણ ઉપર પોષાય છે. પારકી રાજસત્તા તો પ્રજાના દુર્ગુણોનો ઉત્કર્ષ થાય ત્યારેજ ટકી શકે છે. પ્રજા પોતાના દુર્ગુણો ફેંકી દે એટલે પારકી સત્તા લેશ ઇચ્છે તો પણ ટકી ન શકે એ તેનો સ્વભાવજ છે; એ પ્રકૃતિ ગુણ છે. અને જ્યાં સુધી પ્રજાએ પોતાના દુર્ગુણો ફેંકી દીધા નથી ત્યાં સુધી એક પારકી સત્તા જાય તો પણ પ્રજાતંત્ર આવે નહિ. બીજી સત્તાને બોલાવવીજ પડે. પરદેશી માલનો મોહ અને અશ્રદ્ધા એ મોટામાં મોટા રાષ્ટ્રીય દુર્ગુણો છે એ કાઢી નાંખીએ એટલે સ્વરાજ્યજ છે.

---

## ઉદ્બોધન !

લેખક—રા.

### પ્રભાત:

સોના તાણી ગુનો વીર શાને રહ્યો?
ઉઠ ધરી ધીર ભણકાર વહેતો.
ડંકા ન્યૂ ગડગડે દેશ ચેતન નવો.
સજ્જ તૈયાર થઈ વાક્ય પહેલો.

વિજય ટંકાર હોંકાર સાથે કરી,
વીર! વરી આજ સ્વાતંત્ર્ય દેવી:
દેશને બીડ પડી કર્મયોગી તણી,
એ સમે શાન્તિની વાત કેવી?

દેશભક્તિ તણા વનની વેદિમાં,
સ્વાર્થનો વીર તું હોમ કરજે:
આજના અવસરે ભાન તું ચિત્તમાં,
દેશના કાર્યનું ધ્યાન ધરજે.

જન્મથી નરકે દેશબાન્ધવ ઘણા,
આપણે ચૈનથી કેમ જગીએ:
ભોગ વિલાસ ભવના કરીને પરં,
કામ જન હિતના કાં ન કરીએ?

વસ્ત્રવિણ નગ્ન હાલત વધતાં ભોગવે,
જન્મથી આપણા ભાઈ બહેનો:
દુઃખથી આપણે નિત્ય સાંખી રહે,
શોધીએ સદ્ય ઉપાય તેનો.

આપણા કર્મમાં, હાય પરભૂમિમાં,
આજ કરું 'કુલી' રૂપ ગોર્યું:
આજ એ ટાળવા, યુગ પલટાવવા,
આપણા શીર પરે ઋણ મોટું.

સાંભળો, સાંભળો! નાદ એ શંખનો,
દેવ ગણ સાથ સર્વેને જગાડે:
હિંદ ભાગ્યશ્રી, જન્મભૂમિને દેવની,
ઘોર નિદ્રા મહિથી જગાડે.

મોહ તાણી ગુનો વીર શાને રહ્યો?
સજ્જ તત્પર થઈ ધીર વહેવા:
દેશ આદર્શને સિદ્ધ કરવા પ્રેમથી,
કર્મયોગે જીવન માંડી પડવા.

---



લેનીન પોતાના ટેબલ પર.

# રશીયન ક્રાંતિનો પિતા વીર–કેસરી લેનીન.

---

No one shall have Cake until every body has Bread.

* * * *

દરેકને રોટલી નમળે ત્યાંસુધી કોઇને મીઠાઇ ખાવાનો અધિકાર નથી.

* * * *

લખનાર —ઇંદ્રવજી તુલસીદાસ ઠકુર.

યુરોપીય મહાવિગ્રહમાં માનવ સમાજની રંગભૂમિ પર અનેક મહાન્ વ્યક્તિઓ આવી અનેક વેશ પહેરાયા—અનેક ભૂમિકાઓ ભજવાઇ. અનેક વાતો થઇ અને ભૂસાઇ ગઇ અનેક આદર્શો રચાયા અને ધુળમાં મળી ગયા મહાન્ કૈસર વિલીયમ, પ્રખર સેનાનાયકો હિન્ડનબર્ગ અને મેકન્સન એકવાર જર્મનીના ભાગ્યને પોતાની હથેળીમાં રમાડતા હતા, આજે તેઓ બધા અંધકારમાં અદ્રશ્ય થયા છે. માનવ સમાજની રંગભૂમિ પર ઉભા રહેલ અયોગ્ય મનાયા છે અમેરિકા વીલ્સન મુસદ્દાના દેવ તરીકે ન્યાય અને સમાનતાના ગુરુ તરીકે ન્હાની—મ્હોટી પ્રજાઓના ત્રાતા તરીકે યુરોપ પધાર્યા હતા. પ્રજાઓએ તેમના ઉદ્દેશોને વધાવ્યા હતા. પણ આજે ખુદ અમેરીકન પ્રજાએજ અધ્યક્ષપદ પરથી તેમને પદભ્રષ્ટ કર્યા છે તેમના આદર્શો માત્ર હવામાં ઉડનારાં છાયાચિત્રો મનાયાં છે. ફક્ત લેનીન જીવે છે યુરોપીયન પ્રજાના ભૂતની નજરમાં અનેકવાર મરી જનાર, અનેકવાર કેદ થનાર, લેનીન હજી જીવે છે પ્રખ્યાત વિચારક ઇમર્સનના શબ્દોમાં આ જીવન જો કસોટીની શરત હોય તો યુરોપીયન વિગ્રહની કસોટીમાં માત્ર લેનીન જ પસાર થયો છે

રશીયાના વીશ લાખ પુત્રો રણશાયી થયા હતા, એટલાજ માતૃભૂમિની કે રણસંગ્રામની ફરિયાદોમાં મરણના ફટકા ખાતા હતા, નિરાધાર બાળકોની ચીચીઆરીઓ, ગરીબ વિધવાઓના નિસાસા રશીયાના વાતાવરણને શોકમય કરી રહ્યા હતા, અન્નના સાંસા હતા. દુશ્મનો અત્યાર કેરેન્ટની નિષ્ફળથી અમાને ઘેરો ઘાલી જેને અન્ન વિના મારી નાંખવાના પ્રયત્નમાં હતા, પેટાળમાં આગ સળગી રહી હતી અને ફ્રાન્સ તેના તેલ પૂરતું હતું. કાલ્ચેક ડેનીકન અને રેંગલ ચાર દિશાઓમાંથી રશીયાને હંફાવી રહ્યા હતા. સંક્ષિપ્તમાં કહીએ તો સમસ્ત બહારની દુનિયા રશિયાની દુશ્મન થઈ બેઠી હતી ત્યારે માનીક શોધ કરીપાનાપણે સ્ટેનાગ બિહન મજૂર લેનીને રશિયાનું રક્ષણ કર્યું છે. રશીયાને શત્રુઓના હુમલાથી બચાવી લેઈને આત્મરક્ષા કરી છે. સમાજ વ્યવસ્થા પરત્વે તેનો પુનરુદ્ધાર કર્યો છે.




બોલ્શેવીકો અથવા કોમ્યુનીસ્ટો (સામ્યવાદીઓ)ની રાજ્ય વ્યવસ્થા, ગૃહવ્યવસ્થા, મૂડી પરત્વે તેમના સિદ્ધાન્તો વિગેરે ઉપર ઘણું લખી શકાય, અમે અત્રે લેનીનના જીવનની રૂપરેખા માત્ર આપીશું.

લેનીનનું ખરું નામ નીકોલાય લેનીન નહિ પણ વ્લાડીમીર ઇલીચ ઉલીઓનોફ છે. તેનો જન્મ ઈ. સ. ૧૮૭૦ ના એપ્રીલ મહીનાની ૧૦ મી તારીખે માના વાલ્ગાના કિનારા પર આવેલા સીમ્બર્સ્ક નામના ગામમાં એક ખેડુત અમીર કુટુંબમાં થયો હતો. તેનો પિતા પ્રથમ ખેડુત હતો પણ ભણતર કરી ને અમીરની પદ્દિ પામ્યો હતો. લેનીનની માતાનું નામ મારીયા એલેક્ઝાન્ડ્રોવના હતું. લેનીનના પિતાને સંગીત કાવ્ય, અને અંગ કસરત પ્રિય વિષયો હતા; તેને ત્રણ પુત્રો અને બે પુત્રીઓ એ સર્વે શાળા કે ગમ્મત પ્રમાણે ઉપયોગી વિષયોનો શોખ લાગ્યો હતો. સંગીત અને નાટકથી એ

છે અને બીજો મોટો પક્ષ જેને બોલ્શેવીકી કહે છે. બોલ્શેવીક શબ્દ આ પક્ષના નામ ઉપરથી ઉત્પન્ન થયો છે. આજે રશીયામાં બોલ્શેવીક જેવો કોઈ ખાસ પક્ષ નથી.

લેનીન મોટા દળનો એટલે બોલ્શેવીકી દળનો નાયક થયો. રશીયન સામ્યવાદના ઘણા આગેવાનો તેની સાથેજ જોડાયા. થોડા વખત પછી આ દળમાં પણ ફૂટ પડી અને પ્લેખેનોવ જેવા મતવાદના વિરોધિઓ લેનીનના સંઘને

**ઈ. સ. ૧૯૦૫ માં રશીયામાં પહેલી** ક્રાન્તિ થઈ અને લેનીનને સ્વદેશમાં દાખલ થવાની પરવાનગી મળી. બળવાનું જોર નરમ પડતાં અને ઝારશાહી સત્તામાં આવતાં લેનીન ઈ.સ. ૧૯૦૬ માં ફીન્લેન્ડમાં ૧૯૦૭ માં સ્વીટઝરલેન્ડ અને ૧૯૦૮ માં પેરીસમાં રહ્યો. આ ત્રણ વરસ દરમ્યાન તેણે બે પત્રો કહાડયા. છેવટે રશીયાની સરહદ ઉપર ક્રેકામાં તેણે સ્થાયી વાસ કર્યો જ્યાંથી તે ક્રાન્તિને ખુલ્લી રીતે મદદ કરતો હતો.



બોલ્શેવિક વિચારો ફેલાવતી રેલગાડી.

પણ મિત્ર રાજ્યોની સરકારોએ તેને અટકાવ્યો. છેવટે સ્વીટ્ઝરલેન્ડના સામ્યવાદીઓએ ગોઠવણ કરી અને બીજા એકમો ક્રાન્તિકારોની સાથે જરમનીમાં થઇ લેનીનને માતૃભુમિમાં પ્રવેશ કરવા માટે વ્યવસ્થા થઇ. લેનીન જરમની થઇને રશીયામાં પ્રવેશ્યો એટલી વાત ઉપરથી તે જરમન એજન્ટ હોવાની વાત ઉડી હતી. પણ એ વાત અસત્ય હતી. તે જે ટ્રેનમાં હતો તેજ ટ્રેનમાં ન્હાના દેશના ઘણા માણસો અને માર્ટોવ જેવા તેના વિરૂદ્ધ પક્ષના આગેવાનો પણ હતા. રશીઅન ગોદીઓના અને કારખાનાના મજુરોએ, લશ્કરે અને નોકરોએ તેને હર્ષનાદોથી આવકાર આપ્યો. લેનીનના આગમનથી રશીઅન આમ વર્ગમાં નવું ચેતન આવ્યું.


શ્રી અને શ્રીમતી લેનીન મોસ્કોમાં

મિત્રરાજ્યોએ પોતાની કેરેન્સ્કીની સરકારના ટેકાથી રશીયામાં લડાઇ ચાલુ રાખવા પ્રયાસ કર્યો. કહે છે કે અનેક કારખાનાવાળાઓએ લેનીનને ઘેર કેદ કરવા માટે લાખ રૂબલનું ઇનામ આપવા કહ્યું હતું. લેનીનને જ્યારે એક અમેરીકન મિત્રે આ વાત કરી ત્યારે તેણે કહ્યું કે, હું એ બધું જાણું છું પણ લોકોના સાચા આગેવાન થવું હોય તો મારે લોકોમાં વિશ્વાસ રાખવોજ જોઇએ ને પોતાની હમેશની રીત પ્રમાણે હોટલમાં રહેતો, સાધારણ ટ્રેનોમાં મુસાફરી કરતો અને બીજાઓની પેઠેજ એક ટેક્સીમાં ફરતો હતો. સામ્યવાદીઓની એક મીટીંગમાંથી આવતા તેની ટેક્સી પર ચડી બે રશીયન છોકરીઓએ તેના પર ચાર ગોળી છોડી તે કેટલોક વખત ગંભીર સ્થીતિમાં ઇસ્પીતાલમાં પડી રહ્યો. તેના સાથીઓએ અનેક માણસોને પકડ્યા અનેકને ફાંસીએ લટકાવ્યા પણ લેનીનને આરામ થતાં–પોતાના માટે અનેકને પકડવામાં આવ્યા હતા એમ જણાતા તેણે તે સર્વેને છોડી મેલવાની આજ્ઞા કરી.

૧૯૧૭ના નવેમ્બર માસમાં રશીયાનો બીજો વિપ્લવ થયો. કેરેન્સ્કીને નાશી જવું પડ્યું અને જરમની સાથે સુલેહ થતા જરમનીએ માત્ર વિજેતાને છાજે તેવી ભારે સુલેહની શરતો રશીયા પર નાખી. પરંતુ શાંતિ માટે લેનીનને નમાવવું ફાવ્યું નહિ. જરમન જનરલ હોફમેનને ઉપરથી કહેવું પડ્યું કે જરમન

ક્રાન્તિનું કારણ લેનીન છે. હો તે ટો જરમનીની ઇચ્છા પ્રમાણે સુનેહની શરતો પર સહી કરીને પણ લેનીન છટ્યો છે અને રશીઅન પ્રજા એક સ્વપ્ન જેવું આદર્શ રાજ્ય ધારણ સમાજ બધારણ ઘડી રહી છે. લેનીને તલવારના બળથી રાજ્ય સ્થાપના કરી, લેનીન રાક્ષોપી શત્રુઓ સાથે—સમસ્ત સુધરેલી દુનિયા સામે ઉભો રહ્યો એ માન્યતા ભ્રમણા જેવી છે. દુઃખ વેઠીને આત્મબળથી અને અતિ સાદાઇમાં રહીને તે રશીઅન પ્રજાના હૃદયમાં ઘર કરી રહ્યો છે.

No one shall have Cake until every body has Bread

દરેકને રોટલી ન મળે ત્યાં સુધી કોઇને મીઠાઈ ખાવાનો અધિકાર નથી, એ લેનીનનું માનીતું સૂત્ર છે. તે ખેડુતના જેવીજ સાદી રોટલી ગરીબ ભંડારમાંથી મંગાવે છે તે અને તેની સ્ત્રી ભોંય પર સુવે છે. નચાલી નોકર તેટલાજ સાદા વસ્ત્રો પહેરે છે. અને ગરીબાઈમાં સાથે ગુજારો કરે છે.

લોકો જાણે છે—એક સિપાહી રશીઆને મોખરે લડવાનો વિચાર કરે છે કે સાથી લેનીન પણ મારી પેઠેજ કયાંક ગોળીઓના વરસાદમાં હશે. એક્ત માને છે કે ભાઇ લેનીન મારી પેઠેજ સૂકો રોટલો ખાઈ રહે છે પાણી ભરતી કે પોતાના વસ્ત્રો વિનાના કંગાળ બાળકોને રમાડતી રશીઅન બાળા દુઃખી અવસ્થ થાય છે પણ તે કલ્પનામાં જોઇ શકે છે કે ભાઇ લેનીન પણ મારી પેઠેજ મહેનત કરે છે. તેના વસ્ત્રો પણ માન બાળકોના વસ્ત્રોથી સારા નથી.

રશીઅન પ્રજાની આ ભાવનામાંજ લેનીનના વિજયની ચાવી છે. લેનીનનો એક અમેરીકન મિત્ર લખે છે કે સાથી લેનીનને પુષ્કળ ખાવાને નથી મળતું. જેમ સામાન્ય કેટલાક લોકો ધારે છે તેમ તેની પાસે આ ધા... ...ના લેનીને તમનો સરકાર કર્યો ... ...લીને પણ ... ભંડારને માટે એકવાર ... ...નો મિત્ર લેનીનને માટે ... ...ના લાવ્યા તેણે લીધા પણ તરત ... ...ગી ... ઉપયોગ માટે તે ... ...

અને સચોટ દલીલથી પ્રતિપક્ષીને મહાત કરી શકે છે લેનીન [illegible] ઉભો રહે છે. સેનાનીઓને પોતાનો રંગ સ્હેજ [illegible] શકે છે પણ તેની વાણી કઠોર નથી.

રશીયન સોવીએટમાં એકવાર ગરમાગરમ તકરાર ચાલતી હતી પશ્ચિમની પદ્ધતિ પ્રમાણે બે હજાર શ્રોતાઓ હોહાકાર કરી તકરારમાં ભાગ લેતા હતા. આવી સભામાં લેનીન એક કલાક શાન્તિથી [illegible] શક્યો હતો. તકરાર ભયંકર સ્વરૂપમાં આવતાં તે બોલવા ઉભો થયો અને માત્ર દશ મીનીટના ભાષણથી સભા [illegible] એકમત થઈ. કહેવામાં આવે છે તેમ લેનીન યુદ્ધનો પ્રેમી નથી. અનેક ભોગ આપી પોતાના [illegible] મિત્રની [illegible] થઈ જર્મની સાથે સલાહ કરવામાં તેનોજ આગ્રહ હતો. જે ભાવનાથી રશીયન પ્રજાએ વિપ્લવ કર્યો તે ભાવના સુરક્ષીત રહેવીજ જોઈએ. મુડીવાળાઓનો અન્યાય મટવોજ જોઈએ શ્રમિક અને બુદ્ધિજ ઉત્પાદક છે અને તેનેજ લાભ મળવો જોઈએ, એ રશીયન ક્રાન્તિના સિદ્ધાન્તો જળવાવાજ જોઈએ. એવો લેનીનનો અભિપ્રાય છે આ સિદ્ધાન્તો પર ઘા થાય ત્યારે તે દયાવાનો ઉપર છે




લેનીન ક્રેમલીનના બાગમાં

એક વીર પુરૂષ કરતા લેનીન વિશેષ. એક તત્ત્વજ્ઞાની છે અને અર્થશાસ્ત્રના તત્ત્વજ્ઞાનનો તે વ્યવહારમાં ઉપયોગ કરી રહ્યો છે સમગ્ર માનવસમાજને આ તત્ત્વ સ્વીકારવુ પડશે એવી ત્હેની શ્રદ્ધા છે

આ ત્હેની શ્રદ્ધા ફળી છે કે કેમ તેની સાક્ષી ઇતિહાસ પુરશે. અત્યારે તો તે એક પ્રાચીન મહા પ્રજાનો પુનર્વિધાન (Recon-struction) કરી રહ્યો છે જગતની ભ્રમણા દૂર થઈ છે અને જણાયું છે કે લેનીન ગાંડો નથી પણ કામગરો [illegible] પારકાના દુઃખે દુઃખી થનાર એક વીર પુરૂષ છે






લેખક, —શા. રમણીયરામ ગોવર્ધનરામ ત્રિપાઠી.

[ 'ગરવી ગુજરાત' માટે ખાસ ]

તેત્રીસ કરોડ જેટલી જીવતી પ્રજા જગતની આ પ્રાચીનતમ ભૂમિની સંતતિ તરીકે ઉભી છે પણ એ જીવન કાલ[illegible]ને પ્રાચીનતામાં [illegible] કે પણ પ્રજાની પુરાતન સંસ્કૃતિ, પ્રજાનો ગુણો [illegible] અને [illegible] ગવાયેલો તેજસ્વી ઇતિહાસ એ [illegible] છે કે વિશ્વ [illegible] ત્યાં સુધી આ સંસ્કૃતિ—આ ઇતિહાસ જરૂર ટકશે. આ સંસ્કૃતિ આપણા [illegible] તેના સંતાનોમાં પુનરુજ્જીવન પામવા માટે છે અને પરિણામે આ તેત્રીસ કરોડની જ્યારે નિષ્ફળ જશે ત્યારે પૃથ્વીનો પ્રલય થશે, મહાત્માઓમાંના શ્રેષ્ઠ એવા ગાંધીજીને જન્મ આપી ગુજરાતની ભૂમિ આજ હજારો વર્ષ પછી સનાતન યુગ માટે પાવન થઇ છે. શ્રીકૃષ્ણ ભગવાન કે એવા કોઇ દેવના અવતાર નથી પણ આત્મબલના, આત્મવિક્રમના, આત્મત્યાગના ને આત્મશુદ્ધિના પરમ અવતાર તો 'ગરવી ગુજરાત' ગુલામગિરીમાં [illegible] વર્ષોથી સડી રહી છે [illegible] કેટલા [illegible]

ફોજ નિશાન મળી શકશે નહિ। ખીલાફતના અન્યાયનો સવાલ આ પ્રસંગે કોઈ પાર કરશે નહિ। હિંદના કારાગૃહોમાં કરમાઈ જતા હિંદના આશા-પુષ્પોને હિંદની સ્વાધીનતાની આનંદ હવા લેવાનો કદી અધિકાર પ્રાપ્ત થશે એ સંભવ ઉભો થશે નહિ। બીનગુનેગાર કાયદાઓ એ જગતની પ્રજાઓને ગુલામ એટલેથી ગભરાવનાર એ પોતાના ગજાના નહિ નિભાવનાર સ્વાર્થી સામ્રાજ્ય અને એ કાળિક સામ્રાજ્યની સ્નેહમાં તણાતું મુકાતુ વિશ્વપ્રકાશ ગ—આ સર્વને ઉથલાવીને માનવ જાતિને ઉગારવા સાધક બને નવીન શક્તિ ઉત્પન્ન થશે કોઈની સ્વાધીનતા હિંદને હસ્તગત થશે - નહિ તેનો પ્રશ્ન ઉપસ્થિત કોઈ અગત્યતા ધરાવશે નહિ। આર્ય સંસ્કૃતિનો નમસ્કાર કુંડામાં બંધ ખંડ પડેલા તાપના આપણામાં આવી - નહિ એવી આગના આ પગે નાશ કરશે નહિ। કારણ કે આજે તો સ્વરાજ્ય સમારંભ છે।

સિકંદરશાહે આદેશ તમે પણ તમારી મર્મસ્પર્શી અરજીઓને આ વારે તો ત્યાગમાં જ રહેવા દેજો। આપણા નાણાંની ગણના આપણા હાથમાં નાખવાનો અભાવ પોષ સત્તાનો નહિ। આપણાંઓ ઘડવા અને ભંગ કરવાનો અધિકાર મેળવવાના મહત્વમાં દાન તરતાવો નહિ। નવરાશે ખર્ચનો બારી તમામ સ્વાધીનમાં રહેવાની યોજના રાખશો નહિ। સિવિલ સર્વિસમાં હિંદના લોકો નિમાવાનો અધિકાર મહત્વાકાંક્ષા પર મૂકી દેજો નહિ। હિંદના લશ્કરની ખાતરી હિંદના ઉપયોગની નિમિત્તિ અને હિંદના વાપરવાના સ્વતંત્રતા તરફ નજર નાખશો નહિ। કારણ કે આજે તો સ્વરાજ્ય સમારંભ છે।

આવો સિકંદરો! ખામોશ! ઇસ્લામી દુનિયામાં ઈમાનની આણ વર્તાવવાની વાત હાલ મોકૂફ કરો। આરબ સ્વતંત્રતા, તુર્કી ધર્મસત્તા, અને એશિયાઈ આઝાદીના તમારા સ્વપ્નાઓ પર હાથ પડદો નાખો। ખ્રિસ્તી રાજસત્તા નીચે દબેલી ઇસ્લામી કમનસીબીમાં તાકાત પૂરવાની તકલીફ ન ઉઠાવો। ખીલાફતની, યહૂદી આક્રમણથી, કે આર્મિનિયન સહાયથી ન ગોતો। હિંદ સિવાય સારી દુનિયાની પ્રજાઓનું પ્રતિનિધિ મંડળ ઇસ્લામ હિંદ અને એશિયાની આઝાદીને જીંદગી બક્ષશે કે નહિ, તેનો ફેંસલો કરવાને પ્રસ્તુત રાજમહેલમાં એકઠું થયું છે તેમાં તમારી હાજરી, તમારો અવાજ, તમારો અધિકાર, તમારી સત્તા, અજમાવવાની અધીરાઈ કે અશાન્તિ ન બતાવો। ખામોશ! સિકંદરો! આજે સ્વરાજ્ય સમારંભ છે!

સ્થૂળ સ્વરાજ્યના સ્થૂળ સ્વરૂપની આજે કોઈ વાત કરશો નહિ। આધ્યાત્મિક સ્વરાજ્યની મહત્તાને જગ સમક્ષ માંડવા કે રાજસત્તાની માયાને માપવી કે નહિ। ધર્મોના વ્યાખ્યાન પીઠ ઉપર પ્રચાર કરેલા પ્રેમભાવના શબ્દાર્થ અસહકારીઓની આત્મામાં કોઈ કરશો નહિ। શયતાનીયત ઉપર ચાલી રહેલી સલ્તનતની જડ ઉખેડી નાખવાના મનસૂબાને કોઈ પાર કરશો નહિ। સ્વરાજ્યની આપ્યા સ્વરાજ્યસિદ્ધિની ભાવના સામગ્રી સ્વરાજ્યનો અને સ્વરાજ્યમાં આત્મબળના ઝરાની વિચાર વમળમાં કોઈ ઉતરશો નહિ। કારણ આજે સ્વરાજ્ય સમારંભ છે।

ચાંદા ... સ્વતંત્ર તમારી હસ્તીમાં આધ્યાત્મિક બળ જાગવા દઈ સ્વરાજ્ય સાધવાના સનાતન માર્ગે ... ગમન

નહિ! આધ્યાત્મિક તૈયારી થઈ રહ્યા પછી રાજ્યદ્વારી બીનતૈયારીનાં રોદણાં કેઈ રડશે નહિ! એટલામાં આખા એક કરોડ આદમીઓ સ્વદેશ ખાતર પોતાનું સર્વસ્વ આપવા તત્પર ન હોય તોયે એટલાં માનવીઓ સ્વરાજ્યના સાચા સિપાહીઓ છે એ વિષે દિલમાં યત્કિંચિત્ સંદેહ ધરશો નહિ! ધર્મયુદ્ધમાં કદિ કદિ રાગદ્વેષ, ઈર્ષ્યા અસૂયા નિર્માલ્ય સરસાઈઓ, મેવા કરતાં મજુરી મેળવવાની પેરવીઓ, અને લોકમેવાને બદલે સત્તમ પચાવો, દ્રષ્ટિગોચર થાય તેથી યુદ્ધની આધ્યાત્મિક ઉત્તમતા ઉણપ આવેલી ગણશો નહિ! પ્રકાશમાન ગણતંત્રની પ્રાપ્તિને દિવસે ગરીબ અને તવંગર, ઉંચા અને નીચા, અમીર અને મુફલીસ, મજુર અને માલેક, બેઠરવાળા અને મોટર દોડનારા, વિગેરે વચ્ચેનો ભેદ ન ભૂલાય તો તેથી સ્વરાજ્યની સ્વાધીનતાને ઉતારી પાડશો નહિ! ૩૩ કરોડ દેવતાઓ બનાવવાની પ્રતિજ્ઞા શું પુરી થઈ?—એવો નિરાશાજનક પ્રશ્ન કરશો નહિ! કારણ આજે **સ્વરાજ્ય સમારંભ છે!**

સરકારીઓને તરછોડશો નહિ કારણ એઓ પણ પ્રજાનાજ દવા અને સ્વદેશસેવકો છે! પરદેશીઓને તિરસ્કારશો નહિ કારણ કે આપણે મનુષ્યો સામે યુદ્ધ નથી, મનુષ્યની કૃતિઓ સામે યુદ્ધ છે! અંત્યજોના અન્યાયને કેવળ આધ્યાત્મિક અંતરાયની ધાકધમકીએ, નહિતર સ્વરાજ્યની ઈમારત અધુરી પડશે પરંતુ ખાદી ધારણ કરી નથી તેની સાથે સહયોજન કરશો નહિ! જેણે રેટીયાને છોડી નથી તેને વ્યાખ્યાન પીઠ ઉપર આવવાનો પરવાનો આપશો નહિ! જેણે ચળવળની નિરંકુશને નિવારણ આપી નથી તેની મદદ કે સહાય કદિ સ્વીકારશો નહિ! જેણે અસહકારની પત્રિકામાં પર ૨૦૦ દોકડા મળયા નથી તેને સ્વરાજ્યમંદિરને દ્વારે આમંત્રશો નહિ! કારણ આજે **સ્વરાજ્ય સમારંભ છે!**

વાચનાર માની ન લે કે આ લડતે જે અનન્ય આત્મત્યાગ, પવિત્ર પ્રાણશુદ્ધિ, અને મગરૂર મરદાની સ્વરાજ્યની શોધમાં દ્રષ્ટિગોચર થઈ રહેલ છે તેના ઉપર આ લેખક ફિદા નથી. કોઈ પણ પ્રજાસમૂહે અપાર અશક્તિ છતાં, આટલા અસંખ્ય બળોની સામે, આટલા ધૈર્યથી આટલા અભિનિવેશથી, આટલી શાન્તિથી, આટલા સંયમથી, છતાં આટલી અડગતાથી આવું ધર્મયુદ્ધ કરવાનો દાખલો જગતના સારા ઇતિહાસને દફતરે નોંધાયો હોય એવું માનવસ્મૃતિમાં નથી છતાં ધર્મયુદ્ધ પણ પરિણામની અપેક્ષા રાખે છે આધ્યાત્મિક પ્રયત્નોનું પણ કંઈક આધ્યાત્મિક નિશાન હોય છે. આત્માના ન્યોછાવર પણ કોઈ આત્મેતર ઉપર હોય છે. યોગ સાધનામાં પણ સૂક્ષ્મ લક્ષ્ય નિર્દિષ્ટ હોય છે. યોગની ક્રિયામાં તો યત્કિંચિત્ શક્તિનો દુર્વ્યય થઈ નહિ. સાચા યોગ સાધક તો પળે પળનો હિસાબ રાખવાનો છે પ્રત્યેક ક્રિયા સાથે યુદ્ધ કરવાની છે પ્રત્યેક સાધનના પ્રમાણમાં પરિણામ પાર ઉતારવાનું છે

તેથીજ જ્યારે આ જમાનાના એક અદ્વિતીય આત્મનિષ્ઠ તપસ્વી એક અદ્વિતીય મહાભારત લડી રહ્યા છે અને મહાન માનવ સમાજની દ્રષ્ટિ ખેંચી રહ્યા છે ત્યારે તેઓ એમનું નિશાન ચૂકી ન જાય, અગર તો તેઓનું નિશાન વીંધવામાં વધારે પડતો દારૂગોળો ન વાપરી નાખે. એવી ફિકર જેઓ અસહકાર કે સહકારમાં પ્રત્યાપતિત થતા નથી તેવા તટસ્થોને કદાચ થાય તો તે સંભવ છે

આ માર્ગ નહિ તો બીજો કયો માર્ગ—એ પ્રશ્ન, મહાત્મન્! અમને પૂછશો નહિ. અસહકારના માર્ગમાં કાંટા ભોંકાવાથી સહકારીઓની દુનિઆ સ્વર્ગની ફુલવાડી નથી બની જતી, કે તટસ્થો વિમાનમાં ઉડવાનો પરવાનો મેળવતા નથી. છતાં અસહકારની અંદર પણ ન્યારા પંથ હોઈ શકે. પરંતુ એ ચર્ચામાં ઉતરવાનો હવે કોઇનો અધિકાર હોઈ શકે ખરો? અસહકારવાદીઓને એ ચર્ચા સાંભળવાનો અવકાશ પણ હોય ખરો? જેને પુરાણા રાજ્યદ્વારીઓ અને મુગ્ધ સંસારીઓ સ્વરાજ્યના નામથી ઓળખે છે તેની પુરાણ કથા અત્યારે હવે ઘણી મોડી છે. **અત્યારે તો સ્વરાજ્ય સમારંભ છે!** તેટલા માટે પ્રિય અસહકારવાદી! એ ત્હારા સ્વરાજ્ય સમારંભમાં નાન્યઃ पन्था विद्यतेऽयनाय (sic: दिवास्ते पन्था नान्यत्)।

---

જેને ઇશ્વર સિવાય અન્ય કંઈ અવલંબન નથી તે જગતમાં પરાભવ જેવી કોઈ વસ્તુ જોતોજ નથી.

જો માનવ સમાજને આત્માના અસ્તિત્વમાં વિશ્વાસ હોય તો એ વાત ચોક્કસ છે કે શરીર બળ કરતાં આત્મબળ અનેકધા શ્રેષ્ઠ છે. આ પ્રેમનો એવો સિદ્ધાન્ત છે કે જે પર્વતોને હલાવી શકે છે.

ભારત આત્મબળથી સૌને જીતી શકે છે. આત્માની શક્તિ પાસે શરીરની શક્તિ તૃણવત્ છે.

જે અહિંસા ધર્મનું સંપૂર્ણ પાલન કરી શકે છે ત્હેનાં ચર્ણો પાસે સમસ્ત સંસાર નમે છે.

જે મનુષ્ય અહિંસાના સિદ્ધાન્તનું યથાર્થ પાલન કરે છે ત્હેનો આ સંસારમાં, કોઇ શત્રુ હોઇ શકેજ નહિ

વજ્ર સમાન કઠોર હૃદય પણ આત્મબળના અગ્નિમાં પીગળી જાય—એ અતિશયોક્તિ નહિ પણ ગણીતના અંક જેવું સત્ય છે.

દયા બળ એજ આત્મ-બળ અથવા સત્યાગ્રહ છે. જો આ બળ ન હતે તો પૃથ્વિ ક્યારનીએ રસાતલ ગઇ હોત.

મારી દૃઢ માન્યતા છે કે જ્યાં સુધી એક મનુષ્યનું આચરણ શુદ્ધ અને તેના વચનનું મત્ય ન હોય ત્યાં સુધી તે કોઇ મહાન્ કાર્ય અથવા રાષ્ટ્રોન્નતિ નથી કરી શકતો.

મહાત્મા ગાંધીજી





મહાત્મા ગાંધીજી સિંધુનદીના તટપર મૌનવ્રત ધારણ કરી
લખતા બેઠા છે.



શ્રી ગુજરાત વિદ્યા પીઠ સમારંભ શ્રીમતી સરલાદેવી
ભાષણ કરે છે.




મહાત્મા ગાંધીજી સિંધુનદીના તટપર મૌનવ્રત ધારણ કરી
લખતા બેઠા છે.



શ્રી ગુજરાત વિદ્યા પીઠ સમારંભ શ્રીમતી સરલાદેવી
ભાષણ કરે છે.



સત્યાગ્રહ આશ્રમનો એક વિદ્યાર્થી રૂ સાફ કરે છે.



સત્યાગ્રહ આશ્રમનો વિદ્યાર્થી કાંતે છે.




લેખક-શ્રીયુત્ પ્રેમચંદ.

## (૧)

જેઠુ ભગત અને ઝેંગન ચૌધરી વચ્ચે ત્રણ પેઢીઓથી દુશ્મનાવટ હતી. ખેતરની હદમાં ડાળ પાંદડાંનો ઝગડો હતો. તેમના પરદાદાઓમાં ઘણીવાર લોહી વહ્યું હતું. આ બન્નેના પિતાશ્રીઓના સમયથી જ મુકદ્દમાબાજી શરૂ થઈ ગઈ હતી. બન્ને ધણીએ ઠેઠ હાઈકોર્ટ સુધી ગયા હતા. છોકરાઓના વખતમાં સંગ્રામની ભીષણતાએ પ્રચંડ રૂપ ધારણ કર્યું તે એટલે સુધી કે બંન્ને અશક્ત થઈ ગયા. પહેલાં તેઓ ગામના અરધે ભાગે હીસ્સેદાર હતા, હમણાં તેમની પાસે તે ઝગડાવાળા ખેતર સિવાય એક તસુ પણ જમીન નહોતી. ભૂમિ ગઈ, ધન ગયું, માન મર્યાદા ગઈ પણ તે વિવાદ તો જેમનો તેમ રહ્યો. હાઈકોર્ટના ધુરંધર નીતિજ્ઞો એક નજીવી ખટપટનો નિવેડો ન કરી શક્યા.

આ બે સજ્જનોએ ગામને બે વિરોધી પક્ષોમાં વેંચી નાખ્યું હતું. એક પક્ષની ભંગ બુટી ચૌધરીના દ્વાર પર છણાતી અને બીજાના ચરસ, ગાંજાના દમ ભગતના ઘેર લાગતા હતા. વાત એટલી વધી હતી કે બંન્ને સજ્જનોના સામાજિક અને ધાર્મિક વિચારોમાં પણ વિભાજક રેખા દેખાતી હતી. ચૌધરી કપડાં પહેરી હાથથી ખાઈ લેતા અને ભગતને ઢોંગી કહેતા. ભગત કપડાં ઉતાર્યાં વગર પાણી પણ ન પીતા અને ચૌધરીને ભ્રષ્ટ કહેતા. ભગત સનાતન ધર્મી બન્યા તો ચૌધરીએ આર્ય સમાજનો આશ્રય લીધો. જે કાપડીઆ ગાંધી અને શાક ભાજીવાળાની દુકાને ચૌધરી માલ લેતા તેની તરફ ભગત જોવામાં પણ પાપ સમજતા હતા. અને ભગતજીના હલવાઈની મીઠાઈ, તેમના ગોવાળીયાનું દૂધ અને તેલીના તેલ ચૌધરી માટે ત્યાજ્ય હતા. એટલું જ નહિ પણ તેમના આરોગ્યતાના સિદ્ધાંતોમાં પણ ભિન્નતા હતી. ભગતજી વૈદકના પક્ષવાળા હતા અને ચૌધરી યુનાની પ્રથાના માનનારા હતા. બન્ને ભલે રોગથી મરી જાય પણ પોતાના સિદ્ધાંતોને તોડતા નહોતા.

## (૨)

જ્યારે દેશમાં રાજ નૈતિક આંદોલન શરૂ થયું, ત્યારે તેના પવન તે ગામમાં પણ ફુંકાયો. ચૌધરીએ આંદોલનનો પક્ષ લીધો તો ભગત તેના વિપક્ષી બની ગયા. એક સજ્જને આવી ગામમાં ખેડુત-સભા સ્થાપી. ચૌધરી તેના સભ્ય થયા ભગત અલગ રહ્યા. જાગૃતિ વધી ગઈ, સ્વરાજ્યની ચર્ચા થવા લાગી. ચૌધરી સ્વરાજ્યવાદી થઈ ગયા, ભગતે રાજભક્તિનો પક્ષ લીધો. ચૌધરીનું ઘર સ્વરાજ્યવાદીઓનો અડ્ડો થઈ ગયો, ભગતનું ઘર રાજ ભક્તિની કચેરી બની ગયું.

ચૌધરી જનતામાં સ્વરાજ્યવાદનો પ્રચાર કરવા લાગ્યા—

"મિત્રો, સ્વરાજ્યનો અર્થ છે પોતાનું રાજ્ય. આપણા દેશમાં આપણું રાજ્ય હોય તે અચ્છું કે કોઈ બીજાનું ?"

જનતાએ કહ્યું: "આપણું હોય તે જોઈએ."

ચોધરી:" તો પછી આ સ્વરાજ્ય કેમ મળશે? આત્મબળથી, પુરુષાર્થથી અને સંપથી એક બીજાથી દ્વેષ કરવો છોડી દો. પોતાના ઝગડા સ્વયં નીવેડી લ્યો."

એક શંકા." આપ તો નિત્ય અદાલતમાં ઉભા રહો છો."

ચોધરી:" હા પણ આજથી જો અદાલતમાં જાઉં તો મને હિંસાનું પાપ લાગે. તમોને પણ એ વાત જરૂરી છે કે તમો તમારી મોટી કમાણી તમારા બાલ બચ્ચાને ખવાડી અને બચે તો પરોપકારમાં વાપરો. વકીલ મુખત્યારના ખીસા શા માટે ભરો છો? થાણદારોને લાંચ, અમલદારોની ખુશામત શા માટે કરો છો? પહેલા, આપણા છોકરા પોતાના ધર્મની શિક્ષા લેતા, ને સદાચારી ત્યાગી અને પુરૂષાર્થી બનતા હતા. હમણા તે વિદેશી શાળાઓમાં ભણી ચાકરી કરે છે. લાંચ ખાય છે, ખુબ મોજ માણે છે. પોતાના હિતાઓ અને પિતરોની નિંદા કરે છે, સિગારેટ પીએ છે. ચાહ વાજી છે અને હાકેમોના પગની ગુલામી ભરે છે, ત્યારે શું આપણું કર્તવ્ય નથી કે આપણે આપણા બાળકોને ધર્માનુસાર શિક્ષા આપીએ?

જનતા:" ફંડ કરી પાઠશાળા ઉઘાડવી જોઈએ. ચોધરી: " પહેલાં આપણે મદિરાને સ્પર્શ કરવામાં પણ પાપ સમજતા હતા. હવે તો ગામે ગામ અને ગલીએ ગલી દુકાનો થઈ ગઈ છે. આપણે આપણી મોટી કમાણીના કરોડો રૂપીઆ ચાનં અને શરાબમાં ઉડાડી દઈએ છીએ."

જનતા: "જે દારૂ પીએ તેને સજા કરવી જોઈએ."

ચોધરી: "આપણા બાપ દાદાઓ, નાના મોટા સર્વે જાડી ખાદી પહેરતા હતા. અમારી દાદીઓ રેંટીઓ કાંત્યા કરતી હતી. સર્વ ધન દેશમાં રહેતું હતું આપણાં વણકર ભાઈઓ એનથી બંસી બજાવતા હતા. હવે આપણે વિદેશમાં બનેલા મુલાયમ-પાતળાં કપડાપર જાન આપીએ છીએ. આમ બીજા દેશવાલા આપણું ધન હરી જાય છે, બીચારા વણકરો કંગાલ થઈ ગયા. શુ આપણો એ ધર્મ છે કે આપણા ભાઈઓની થાળી છીનવી બીજાઓની સાગે રાખી દઈશે?

જનતા:"ખાદી તો ક્યાં મળતી પણ નથી".

ચોધરી:"પોતાના ઘરનું બનાવેલું કાપડ પહેરો. અદાલતોને ત્યાગો. નશાબાજીને છોડી દો. પોતાની સંતતિને ધર્મ કર્મનું જ્ઞાન આપો, સંપથી રહો. બસ એજ સ્વરાજ્ય છે. જે લોકો કહે છે કે સ્વરાજ્ય માટે ખુનની નદી વહેશે. તેઓ પાગલ છે. તેમની વાતો પર ધ્યાન ન આપો."

જનતા આ વાતો અતિ પ્રેમથી સાંભળતી હતી. દિવસે દિવસે શ્રોતાઓની સંખ્યા વધતી જતી હતી.

ચોધરી સર્વેના શ્રદ્ધા પાત્ર બની ગયા.

(૩)

ભગતજી પણ રાજ ભક્તિનો ઉપદેશ કરવા લાગ્યા:

'ભાઈઓ રાજાનું કામ રાજ્ય કરવું અને પ્રજાનું કામ તેની આજ્ઞા પાલન કરવાનું છે. એને રાજભક્તિ કહે છે અને આપણા ધાર્મિક ગ્રંથોમાં આપણને રાજ ભક્તિની શિક્ષા દેવામાં આવી છે. રાજા ઈશ્વરનો પ્રતિનીધી છે. તેની આજ્ઞા વિરૂદ્ધ ચાલવું તે મહાન પાતક છે. રાજવિમુખ પ્રાણી નરકનો ભાગી થાય છે."

એક શંકા: રાજાને પણ પોતાના ધર્મનું પાલન કરવું જોઈએ:"

બીજી શંકા:" આપણા રાજા તો નામનાં છે. અસલી રાજા તો વિલાયતના વાણીયા મહાજન છે"

ત્રીજી શંકા: "વાણીયા ધન કમાવવું જાણે છે. તે રાજ કરવું શું જાણે?"

ભગત: "લોકો તમને ઉપદેશ કરે છે કે અદાલતોમા ન જાઓ, પંચાયતોમાં મુકદમાં વર્ષ જાઓ પરંતુ એવી પંચાયતો ક્યાં છે જે સાચો ન્યાય કરે, દુધનું દુધ અને પાણીનું પાણી કરી દે? અહિંતો એવાં જોઈ વાતો કરશે. જેમનો દબાવ છે તેમની જીત થશે. જેમનો કાંઈ દબાવ નથી તેઓ માર્યા જશે. અદાલતમાં સર્વ કારવાઈ કાનુનના આધારે થાય છે, ત્યાં નાના મોટા સર્વ બરાબર છે, સિંહ બકરી એક આરે પાણી પીએ છે. આ અદાલતોને ત્યાગી દેવી એ પોતાના પગમાં કુહાડી મારવા બરોબર છે.

એક શંકા:" અદાલતમાં જઈએ તો રૂપીયાની થેલીઓ ક્યાંથી લાવીએ?"

બીજી શંકા: "અદાલતોનો ન્યાય તો કહેવાનો છે, જેમની પાસે તૈયાર કરેલા સાક્ષીઓ અને દાવપેચ રમી જાણનાર વકીલ હોય છે તેમની જીત થાય છે બાપડાઓની કોણ પરીક્ષા કરે છે? હા, દેશવાસિ અપમાન થાય છે."

ભગત: "કહેવાય છે કે વિદેશી ચીજોનો વ્યવહાર ન કરો પણ એ તો ગરીબો સાથે ઘોર અન્યાય છે આપણને બજારમાં જે ચીજ સસ્તી અને સારી મળે તે લેવી જોઈએ જોઈએ તો તે સ્વદેશી હોય કે વિદેશી. આપણો પૈસો કોઈ નથી આવતો કે તેને રદી કચરા જેવી સ્વદેશી ચીજો પર ફેંકી દઈએ.

એક શંકા: "પૈસો આપણા દેશમાં રહે છે બીજાના હાથમાં તો નથી જતો?"

બીજી શંકા: "પોતાના ઘરમાં સારૂં ખાવાનું ન મળે તો શું વિલાયતિઓના ઘરનું સારૂ ભોજન ખાવું?"

ભગત "લોકો કહે છે કે છોકરાઓને સરકારી નિશાળોમાં ન મોકલો પણ ભાઈઓ જો સરકારી નિશાળમાં ન ભણ્યા હોત તો આજે મોટી મોટી નોકરીઓ કેમ મેળવી શક્યા હોત? મોટા મોટા કારખાના કેમ ચલાવી શક્યા હોત? અસલ વાત તો એ છે કે નવી વિદ્યા ભણ્યા વગર હવે સંસારમાં નિર્વાહ નથી થઈ શકતો પુરાણી વિદ્યા ભણી પંચાગ જોવા અને કક્કો વાંચવા સિવાય બીજું શું આવડે છે? રાજ-કાજ શું પાટીપોથી વાંચવા વાળા લોકો કરશે?"

એક શંકા: આપણને રાજ-કાજ નથી જોતું પણ અમે અમારી ખેતીવાડીમાંજ મગ્ન છીએ કોઈના ગુલામ તો નથી."

બીજી શંકા "જે વિદ્યા ઘમંડી બનાવી દે તેનાથી મુરખા રહેવું એજ સારૂં. આજ નવી વિદ્યા ભણી લોકો સુટ-બુટ, ઘડીયાળ છત્રી અને હેટ-કેટ લગાડી દે છે. પોતાના ગોખની પાઘડી દેશનુ ધન વિદેશીઓના ખીસામાં ભરે આ દેશના વેરી છે

ભગત:" ગાંજા, શરાબની તરફ આજ કાલ લોકોની કડવી નજર છે નશો બુરી લત છે તે સર્વ કોઈ જાણે છે. સરકારને નશાની દુકાનોમાંથી કરોડો રૂપીઆની વાર્ષિક પેદાશ છે દુકાનમાં ન જવાથી લોકોની નશાની લત છુટી જાય તો અલબત્ત સારી વાત છે પરંતુ નશાબાજનો નશો કદિ છુટે ખરો! તે દુકાનપર ન જશે તો ચોરી છુપીથી કોઈને કોઈ રીતે ગમાગ્યા ગોમાગ્યા ભાવ આપી,

સજા ભોગવવાને પણ તૈયાર થઇ પોતાની સત્તા પુરી કરશે. તો પછી ભાઇઓ એ કામ શા માટે કરવું કે સરકારને પણ નુકશાન થાય અને ગરીબ રૈયતને પણ નુકશાન? વળી બીજી પણ એક વાત છે. કોઇ કોઇને તો નશો કરવાથી ફાયદો થાય છે. મારીજ વાત કહું છું કે એક દિવસ અફીણ ન ખાઉં તો સાંધામાં દર્દ થવા લાગે દમ ચઢે અને સરદીથી પકડાઇ જાઉં"

એક અવાજ. "શરાબ પીવાથી બદનમાં ફૂર્તી આવી જાય છે."

એક શંકા: "સરકાર અધમથી રૂપીયા કમાય છે તે તેને ઉચિત નથી. અધર્મીના રાજ્યમાં રહી પ્રજાનું કલ્યાણ કેમ થઇ શકે?"

બીજી શંકા: "પહેલાં દારૂ પીવાળી પાગલ બનાવી દીધા. લત પડી તો પૈસાની તંગી પડી. અને એટલી મજુરી તે કોને મળે છે કે રોટી કપડા પણ લેવાય અને દારૂ-શરાબ પણ ઉડે. એટલે તો બાલ બચ્ચાને ભૂખે મારો અથવા ચોરી કરો, જુગાર રમો અને બેઇમાની કરો. શરાબની દુકાન શું છે? આપણી ગુલામગીરીનો અડ્ડો છે.

(૪)

ચોધરીનો ઉપદેશ સાંભળતા દેશજનો હૃદય તેમને ઉભા રહેવાને સ્થાન પણ નહોતું મળતું. દિવસે દિવસે ચોધરીનું માન વધવા લાગ્યું. તેમનો ત્યાં નિત્ય પંચાયતોની, રાષ્ટ્રોન્નતિની ચર્ચા થતી. જનતાને આ વાતોથી અતિ આનંદ અને ઉત્સાહ થતો તેમના રાજનૈતિક જ્ઞાનમાં વૃદ્ધિ થતી. તે પોતાનું ગૌરવ અને મહત્વ સમજવા લાગ્યા. નિરંકુશતા અને અન્યાય પર હવે તેમની આંખો ચઢવા લાગી. તેમને સ્વતંત્રતાનો સ્વાદ મળ્યો. ઘરનું રૂ, ઘરનું સુતર, ઘરનું કપડું, ઘરનું ભોજન, ઘરની અદાલત, ન પોલિસનું ભય કે ન અમલદારાની ખુશામત, સુખ અને શાન્તિથી જીવન વ્યતીત કરવા લાગ્યા. કેટલાકોએ નશાબાજી છોડી દીધી અને સદ્ભાવોની લહેર દોડવા લાગી.

પરંતુ ભગતજી એટલા ભાગ્યશાળી નહોતા. જનતાને દિવસે દિવસે તેમના ઉપદેશોની અરૂચી થતી હતી. તે એટલે સુધી કે તેમના શ્રોતાઓમાં મોટે ભાગે પટવારી, ચોકીદાર, અને એમનાજ મહતીયા કારભારીઓના મિત્રો સિવાય બીજું કોઇ આવતું નહિ. કદિ કદિ મોટા હાકેમો પણ આવી ચઢતા અને ભગતજીનો ઘણો આદર સત્કાર કરતા જરા વખત માટે ભગતજીનાં આંસૂ લુછી જતા પણ ક્ષણ ભરનું સન્માન આઠ પહોરના અપમાનની બરોબરી કેમ કરી શકે! જ્યાં જતા ત્યાં આંગળીઓ ઉપડતી. કોઇ કહેતું 'ખુશામદી ટટુ છે.' કોઇ કહેતું છુપી પોલીસનો જાસુસ છે. ભગતજી પોતાનાં વિરોધીની બડાઇ અને પોતાની લોકનિંદા પર દાંત પીસી ચાલી જતા. જીવનમાં આ પ્રથમજ અવસર હતો, કે તેમને પોતાના શત્રુ સામે નીચે જોવું પડયું. લાંબા સમયથીજ કુળ-મર્યાદાની રક્ષા કરી હતી અને જેનાપર પોતાનું સર્વસ્વ અર્પણ કરી ચૂક્યા હતા તે ધુળમાં મળી ગઇ. આ દાહમય ચિંતા તેમને એક ક્ષણ માટે પણ ચેન લેવા દેતી નહોતી. નિત્ય એજ વેદના પીડતી કે પોતાનું ગુમાવેલું સન્માન કેવી રીતે પ્રાપ્ત કરે, તેમના પ્રતિપક્ષીને કેવી રીતે પદ દલિત કરે અને તેનો ગર્વ કેમ તોડે.

અંતમાં તેમણે હિંસને તેની ગુફામાંજ પછાડવાનો નિશ્ચય કર્યો.

( ૫ )

સંધ્યાનો સમય હતો. ચૌધરીના દ્વાર પર એક મોટી સભા ભરાઈ હતી. આસપાસના ગામોના ખેડુતો પણ આવી પહોંચ્યા હતા, હજારો માણસોની ગીરદી થઈ હતી. ચૌધરી તેઓને સ્વરાજ્ય વિષયનો ઉપદેશ દેતા હતા. વારંવાર ભારત માતાની જય જય કારનો ધ્વનિ થતો હતો. એક તરફ સ્ત્રીઓ બેઠી હતી. ચૌધરીએ પોતાનો ઉપદેશ પૂર્ણ કર્યો, અને પોતાના સ્થાને બેઠા. સ્વયં સેવકોએ સ્વરાજ્ય ફંડ માટે પૈસા લેવા શરૂઆત કરી. એટલામાં કોણ જાણે ક્યાંથી ભગતજી ધુમતા આવ્યા અને લોકોની મધ્યમાં ઉભા રહી ઉચ્ચ સ્વરથી બોલવા લાગ્યા.

"ભાઈઓ, મને આજે જોઈને અચરજ ન થતા. હું સ્વરાજ્યનો વિરોધી નથી. એવો પતિત ને કયો પ્રાણી હશે કે સ્વરાજ્યનો નિંદક હોય પરંતુ એને પ્રાપ્ત કરવાનો તે ઉપાય નથી જે ચૌધરીએ બતાવ્યો છે અને જેના પર તમો વટુક બની ગયા છો. જ્યારે આપસમાં ફુટ છે તો પછી પ્રયત્નોથી શું થશે? જ્યારે વિલાસિતાનો ભૂત શિરપર સવાર છે તો નશો કેમ છુટશે? મદિરાની દુકાનોનો બહિષ્કાર કેમ થશે? સિગારેટ, સાબુ, મોજા, ખમીસ, અને પાતળા કપડાંથી મન કેમ છોડાવશો? જ્યાં મોજ અને હુકમતની વાસના લાગેલી છે ત્યારે સરકારી નિશાળોને કેમ છોડશો? વિધર્મી શિક્ષા બેડીમાંથી કેમ મુક્ત થઈ શકશો? સ્વરાજ્ય લેવાનો માત્ર એકજ ઉપાય છે અને તે આત્મસંયમ છે. એજ મહૌષધિ તમારા સમસ્ત રોગોને સમૂળ નષ્ટ કરશે. આત્માની દુર્બળતાજ પરાધીનતાનું મુખ્ય કારણ છે.

આત્માને બળવાન બનાવો, ઇન્દ્રિયોને સાધો, મનને વશ રાખો ત્યારે તમારામાં ભ્રાતૃભાવ ઉત્પન્ન થશે, ત્યારે દુશ્મનાવટ મટશે, ત્યારેજ ઇર્ષા અને દ્વેષનો નાશ થશે. ત્યારેજ ભોગ વિલાસથી મન હટશે અને નશાબાજીનું દમન થશે. આત્મબળ વિના સ્વરાજ્ય કોઈપણ મેળવી શકશે નહિ. સ્વાર્થસેવા બધા પાપોનું મૂળ છે અને તમને અત્યાચારોમાં લઈ જાય છે. એજ તમને વિધર્મી શિક્ષાના દાસ બનાવી બેઠી છે. આ પિશાચને આત્મબળથી મારો એટલે તમારી કામના પૂરી થશે. સર્વ જનો! હું ૪૦ વરસથી હું અફીણનું સેવન કરું છું, ચૌધરી સાથે મારે બબ્બે પેઢીઓથી દુશ્મનાવટ છે આજથી આપની માફી માગું છું. આજથી મને અફીણ ખાતા કોઈપણ પ્રાણી જુએ તો કનિષ્ઠ પુરુષથી એના કરતાં વિશેષ કંઈપણ પરમેશ્વરને ક્ષમા ન કરશે. બસ, મને એજ કહેવું હતું. પરમાત્મા આપણું સર્વની ઇચ્છા પૂરી કરે."

એમ કહી ભગતજી રડવા લાગ્યા કે ચૌધરી ઉઠી ઝટ તેમના ગળે વળગી પડ્યા. બન્ને પેઢીઓની દુશ્મનાવટ એક ક્ષણમાં નાશ થઈ ગઈ.

તે દિવસથી ચૌધરી અને ભગત સાથે રહીને સ્વરાજ્યનો ઉપદેશ આપવા લાગ્યા. તેઓમાં ગાઢ મિત્રતા થઈ અને એ નિશ્ચય કરવો કઠિન હતો કે બે માંથી જનતા કોનો અધિક આદર કરે છે.

દુશ્મનાવટ એ ચીનગારી હતી જેણે બન્ને પુરુષોના હૃદયદીપકને પ્રકાશિત કરી દીધા હતા.

# લોકમાન્યની શ્રાદ્ધ તિથી.

મુંબાઇમાં તા. ૩૧ મી જુલાઇના રવિવારે એલ્ફીન્સ્ટન મીલના મેદાનમાં પરદેશી કાપડ ની હોળી સળગાવી. તા ૧ લી ઑગસ્ટે જ્યાં લોકમાન્યના પંચભૂત શરીરની અંતિમ ક્રિયા થઇ હતી ત્યાં મુંબાઇના લાખો નગર જનોને શુદ્ધ સ્વદેશીની દીક્ષા આપી મહાત્મા-ગાંધીજીએ લોકમાન્યની શ્રાદ્ધ તીથિ ઉજવી છે. સમગ્ર ભરત ખંડે એ ચિરંજીવ વિભૂતિની સંવત્સરીનો આજ દીક્ષા લઇ પ્રતિધ્વનિ પાડ્યો છે. સ્વદેશી ભાવનાના એ નેતાની સંવત્સરી આનાથી વિશેષ સારી રીતે નજ ઉજવાઇ હોત. સ્વરાજ્ય ફંડ સાથે લોકમાન્યનું નામ જોડી, અને ત્હેમની શ્રાદ્ધ તિથિ ને દિવસે દેશને સ્વદેશીની દીક્ષા આપી મહાત્મા ગાંધીજીએ એક એકત્રિત પ્રજાના સાચા નેતાને શોભાવે એમ કર્યું છે. પ્રજા એ એમની આજ્ઞાનો ભાવ પૂર્વક આદર કરી લોકમાન્ય પ્રતિ પોતાની પૂજ્ય ભાવના અને સ્વરાજ્ય માટે હૃદયની લાગણી પ્રદર્શિત છે ૧ લી ઑગસ્ટના દિવસે મુંબાઇમાં ચોપાટીના ભવ્ય મેદાનમાં જેમણે સ્વદેશી પોષાકમાં સજ્જ થયેલા મનુષ્યોનો ઉભરાતો વેગ જોયો હશે ત્હેમને હિન્દી પ્રજાની સ્વરાજ્યની ઉત્કટ ઇચ્છા માટે શંકા નહિંજ થાય. પરદેશીના મોહને ફેંકી દેવા પ્રજા કેટલે અંશે તૈયાર છે, તે મુંબઇના જન સમુહે પ્રત્યક્ષ બતાવી આપ્યું છે.

પ્રજાની ભાવનાઓને કેળવવામાં આવે, વ્યાપારી વર્ગમાં લોકનાયકોના વર્તન અને આજ્ઞાઓનું અંતઃકરણથી સન્માન થાય તો શુદ્ધ અને સાર્વત્રિક સ્વદેશી અશક્ય નથી એમ આપણે થોડા વખતમાંજ જોઇ શકીયે. પણ સ્વદેશીને એક પવન માની–કમાણી કરવાનું સાધન માની વ્યાપારી વર્ગમાં હાલ જે કેટલાક ક્ષુદ્ર પ્રયત્નો થઇ રહ્યા છે તે અટકે તો સારૂં એમ કહેવું અમને યોગ્ય લાગે છે. કેવળ સ્વદેશ પ્રતિની લાગણીને ખાતર–કેવળ લોકનાયકોની આજ્ઞાનો આદર કરવાને ખાતર–કેવળ એક વિદેશી પ્રજા અને અમલદાર તંત્રને નિઃશસ્ત્ર બળથી હરાવવાને ખાતર પ્રજા સ્વેચ્છાથી આત્મભોગ આપવા તૈયાર થઇ હોય ત્યારે એ નિઃસ્વાર્થી મમતાનો લાભ લઈ મીલો વાળાઓ અને વ્યાપારીઓ ભાવ વધારતા જાય એ નિંદ્ય છે. રેંટીયાને ઉત્તેજન આપવામાં મહાત્મા ગાંધીજીનો સ્પષ્ટ ઉદ્દેશ દેશની ગરીબાઇ મટાડવાનો ભુખમરો અટકાવી ગરીબ–બેકાર ભૂખે ટળવળતા કરોડો દેશ બન્ધુઓના ઘરમાં રોટલીનો કટકો મોકલવાનો છે એમ જાણ્યા છતાં મીલોવાળાઓ ખાદી બનાવી, તેને હાથવણાટ તરીકે ખપાવવા પ્રયત્ન કરે વ્યાપારીઓ જાપાનથી ખાદી મંગાવી કમાણી કરવા જેટલી નીચ ઇચ્છા કરે, એ કોઇપણ રીતે ઇચ્છવા જેવું નથી. સ્વરાજ્યમાં વ્યાપારીઓનો પણ ભાગ છે એમ તેમણે સમજવુંજ જોઇએ. આપણે શ્રદ્ધા પૂર્વ માનવું જોઇએ કે ગમે તેવું જાડું હોય ખડબચડું હોય છતાં ઉત્તેજનથી હાથવણાટનું કાપડ સુધરશે–ઉત્તેજનથી ફરી આ દેશમાં ઢાકાની મલમલ ઉત્પન્ન થશે હાથ કંતામણ અને વણાટને ઉત્તેજન આપવાથી આપણે આપણા દેશમાંથી ભુખમરાને દેશ નિકાલ કરી શકીએ. પરદેશનાં કે મીલોના કાપડની સુંદરતાના મોહને ફેંકી દેવામાંજ લોકમાન્યના શુદ્ધ ચરિત પ્રતિના આપણા પૂજ્ય ભાવની કસોટી છે.

તંત્રી.

# અમારો આવતો અંક.

**મારા સુકાનીમાં મ્હને શ્રદ્ધા છે** શ્રી કનુ મ્હેન દવે ભક્તિ ભરી ભાવના
**"હુ આહુંશું;"** રા ચન્દ્રશંકર નર્મદાશંકર પંડ્યા બી એ એલ બી એમની પ્રેમથી ઉભરાતી ગઝલ
**બ્હેનો પ્રત્યે;** શ્રીમતી સરોજીની નેડુ ઉત્તમ અને જુસ્સાદાર ભાષામાં આજની પરિસ્થિતિ પર શ્રીમતી નાયુડો બ્હેનોને સંદેશો
**દેવ દેશનું સોણું** રા ચાંપશી વિઠ્ઠલદાસ ઉદેશીના દેશ ભક્તિનું સુન્દર સ્વપ્ન કાવ્ય
**જોગીડાને!** રા કેશવ હ. શેઠનું ભાવનાશી કાવ્ય
**આમંત્રણ;** રા દેશળજી પરમાર બી એ
**શુ કહેશો? (ગઝલ)** રા ફૂલ
**વ્યોમ વિહાર;** રા જનાર્દન ન્હાનાભાઇ પ્રભાસ્કર
**દુર્ભાગી આયરલેન્ડ;** રા રગીનદાસ મ કાપડીઆ આયર્લાન્ડની આંતરિક બરાબર સ્થિતિ દર્શાવનારે લેખ તેમજ ચિત્રો સાથે
**સત્યાગ્રહી મહાગુરૂ ટૉલ્સ્ટૉય** રા જીવનલાલ હીમજી અમીન "ટૈગરના છેલ્લા દિવસો"નામે હૃદયદ્રાવક લેખના લખનાર રા જીવનલાલે આ અંકમાં ટૉલ્સ્ટૉયનું એક સત્યાગ્રહી તરીકેનું ચરિત્ર ૪ સુન્દર ચિત્રો સાથે
**ગાંધીજીના સ્વરાજ્યમાં સાંપ્રત સુધારો** ગાંધીજી સ્વરાજ્ય મેળવે તો સુધારાને નામે ઓળખાતા સ્વચ્છન્દાચારનું શુ થાય? મી એન્ડ્રુસના એક સુન્દર લેખને આધારે લખનાર રા લક્ષ્મીદાસ મુળજી કાપડીઆ બી એ
**ઇસ્લામી અમલમાં હિન્દુ સ્વતંત્રતા** રા આનરા મુસલમાન તેમજ પરદેશી ઇતિહાસ વેત્તાઓના અનેક કથનોને આધારે રા બાનરાએ મુસલમાની અમલમાં હિન્દુઓ સ્વતંત્ર હતા એમ સાબીત કરી બતાવ્યું છે
**મારી લેખીકા પત્નિ.** શ્રીયુત જી પી શ્રીવાસ્તવ હિન્દુસ્તાનમા હાસ્ય રસના જાણીતા લેખકનો હાસ્ય રસથી ભરપુર પ્રસંગ-સવાદ
**ઘરે આવતાં;** રા ગૌરીશંકર ગોવર્ધનરામ જોષી રા જોષીના સગીત જેવા શબ્દોમા લખાયલી એક ભવ્ય કરૂણ કહાણી આ ગોપાળજીના સુન્દર ચિત્રો સાથે
**આદર્શ વિવેક** શ્રીયુત પ્રેમચન્દની એક ટુંકી વાર્તા

## ચાલુ વાર્તા.

**હૃદયની પ્યાસ;** લખનાર શ્રીયુત ચતુરસેન શાસ્ત્રી હીમજી અમીન "હૃદયની પરીક્ષા" નામે અતિ મનોહર વાર્તાના લેખક શ્રીયુત શાસ્ત્રીએ આ સામાજીક વાર્તા ખાસ ગરવી ગુજરાત માટે લખી છે અને તે હિન્દીમા પ્રસિદ્ધ થઇ નથી



ચિત્રકાર ] પ્રેમમંદિરની પ્રતિમા. [ શ્રી. સુંદરરાવ ગોરક્ષકર.

જુઓ પૃષ્ટ ૧૮૦.

D. A. P. Works.



પુસ્તક ૧ લું  ઓક્ટોબર ૧૯૨૧  અંક ૮ મો.



## એમ ઇચ્છું છું



મારા પ્રભુ! શું માગું? ઈચ્છવા જેવી કંઈ વસ્તુ તેં બાકી રાખી છે?

તોપણ–

બાળ અરુણના નાજુક કિરણોમાં, પ્રકૃતિ માતાના હુંફાળા ખોળામાં રમ્યા કરું એ ઇચ્છું છું–

સદા સર્વદા મારું ચિત્ત શાંત, પ્રસન્ન અને તુંમયજ રહે એમ ઇચ્છું છું–

નાનામાં નાની શલાકાનો પણ ઉપકાર માનતા શીખું એમ ઇચ્છું છું–

બાળકની જેવો નિર્દોષ બનું એમ ઇચ્છું છું–

અત્યંત તીવ્ર વેદનાઓની તીવ્રતા અનુભવી શકું એમ ઇચ્છું છું–

તારી આપેલી અને મારી ઉત્પન્ન કરેલી સ્થિતીમાં આનંદ માનું એમ ઇચ્છું છું–

સંસારની સ્વાર્થથી ઉદ્ભવેલી ક્લેશ કંકાસની ગડમથલો મારા હૃદયને ન સ્પર્શે એમ ઇચ્છું છું–

અહર્નિશ 'પિયુ પિયુ' રટતા બપૈયાની જેમ મારું મન તારું જ રટણ કરે એમ ઇચ્છું છું–

પરદુઃખની હું તુલના કરી શકું એમ ઇચ્છું છું–

મોટાની મોટાઈ પણ સેવી શકું એમ ઇચ્છું છું–

અને છેવટે, મારા હૃદયેશ્વર બધું તારે ખોળે સમર્પણ કરતાં શીખું એમ ઇચ્છું છું.



# પૃથ્વી અને આકાશનાં લગ્ન.*

લખનાર–રા. વિહંગ.

યુવાનની આંખોમાં સ્નેહ ઘેરાય તેમ ગ્રીષ્મનાં વાદળાં-આ ઘેરાય છે અને આકાશ નીચું નમી ધીરેથી પૃથ્વીને કહે છે: "હું તારો છું."

પૃથ્વી કહે છે: "તું નિઃસીમ છે ને હું તો અલ્પ છું."

આકાશ કહે છે: "મારી સ્નેહસીમા રૂપ વાદળાંઓને મેં તારી સર્વ બાજુએ વીંટી લીધાં છે"

પૃથ્વી કહે છે: "મારું આંસુ ભર્યું હૈયું પવનમાં ફફડી રહે છે ને તું તો નિશ્ચલ છે"

આકાશ કહે છે "મારાં આંસુઓ તારાં આંસુને પ્રત્યુત્તર આપે છે ને તેમની અંધકારમય ગહનતામાં કંપી રહે છે"

અને તેને પૃથ્વીથી નિરંતર વિયોગી રાખનાર અંતરને સંયોગ પામતાં પણ દૂર રહેનારા દંપતીના લગ્નમંત્ર સમાં પવનના ગુંજાર અને વર્ષાથી આકાશ ભરી દે છે

* રવિબાબુના [illegible]



# આવતી કાલના પડઘા.

નાદ-બ્રહ્મ નાદ-અનુભવી શકે તો પછી એ અદ્‌ભુત આલાપ કેના અરણ્યમાંથી અવાજ એમાં નથી થતો શું? આ ઉભય યોગીઓ તો આવતી કાલના નિગમયુગને જોઈ રહ્યા છે, માનવસમાજના મહામંડળની મહાગાથા લલકારી રહ્યા છે, અને જીવન ઉન્નત અને કલ્યાણકારી બની રહે તેના સર્વ ઉદ્‌બોધનો અર્પી રહ્યા છે, પરંતુ સાંભળવું છે કોને?

પશ્ચિમ નથી સાંભળતું મહાશય પૉલ રિશારને, અને પશ્ચિમના આમંત્રને અધિન પૂર્વ નથી સાંભળતું મહર્ષિ ટાગોરને અને આવતી કાલના આવા આ રીતે પાછા ફરે છે, આવતી કાલ આ રીતે દૂરની દૂર હઠે છે અને ત્યારે તેના પ્રકાશપૂર્ણ દર્શન થઈ રહેશે તે કહી શકાતું નથી.

પૂર્વનો—અત્યારે તો કેવળ લીંટનો પશ્ચિમ સાથેનો સહકાર અને તે પણ પશ્ચિમના અર્થનો નહિ તે એટલુંજ સૂચવી રહે છે કે પૂર્વ પશ્ચિમના હિંસાભાવથી તેના ધિક્કાર ધર્મથી, તથા તેનામાં પશુબળના સર્વ પ્રયોગોથી દૂર ઉભવા માગે છે અને સ્વાશ્રયી અને સ્વાવલંબી બની પોતાનું ભાવિ પોતે ઘડે એવી સ્થિતિમાં મૂકાવવાની સર્વ ક્રિયાઓ તે યોજી રહે છે વેર દ્વેષ કે અસૂયા—એવા તામસી ભાવ તેને મન નથી અને સ્વાર્થત્યાગ સ્નેહ અને સંયમ જેવા સાત્વિક ભાવ આજ તે મનસા વાચા કર્મણા જીવનમાં પરોવી રહેલ છે. અને નિશ્ચે છે કે પશ્ચિમ એ ભાવનાને જે દિવસે વરતું થશે તેજ કાળે પશ્ચિમનો અને પૂર્વનો અદ્‌ભુત યોગ રચાશે ત્યાં સાચી આવતી કાલ ઉગી રહેશે જે માનવ ઈતિહાસમાં પ્રકાશનાં કિરણ પાડે આલેખાશે, અને સારોએ સંસાર નીરખશે અને આનંદશે.

---

## ગઇ છે?

સનમ તુજ નામમાં મ્હારી સમગ્ર શક્તિ મરી ગઈ છે.
નિગાહો કાવાઓ કરે છે શું જાદુ કરી ગઈ છે?
દીઠી છે આંખને એ આંખમાં છે નૂર નીતું નૌતમ,
બૂરી એ આંખનો મ્હારે હૃદય શાને હરિ ગઈ છે,
પ્રભુમાં મળું ને જીવન પરોના છે વચન મ્હારા
ના અમલ થઈ અદૃશ્ય પડદો ને બની ગઈ છે?
નિગાહી મૂકીને મ્હારા હમીને દુશ્મનો પાડમાં,
નરે છે શું ખબર ઘડી આ પ્રીતે જલીલ કરી ગઈ છે?
ઠની તુજ પ્રેમીઓના નિરકોની ખુશ ત્યાંતો જો.—
નમાગો શું નાજને રંજુર જગે જગમાં રહી રહી છે!

ચંદુર



# કલકત્તા રોડપર.

લેખકઃ-શ્રી રવિંદ્રનાથ ટાગોર.

હું ડારજીલીંગ ગયો હતો ત્યારે ઋતુ ચોમાસા જેવી હતી. આકાશ વાદળાથી આચ્છાદિત હોવાથી સર્વત્ર અંધારૂં જ દેખાતું. દિવસ એવો હતો કે બહાર જવું ગમે નહિ અને છતાં ઘરમાં બેસતા પણ કંટાળો આવે. સવારમાં હોટલમાં નાસ્તો કર્યો અને લાંબા બુટ તથા ઓવર કોટ પહેરી હું ફરવા નીકળ્યો.

પવન સીસકાર કરી વહાતો હતો અને અંધકારમાં આડા સીધા પહાડોનો દેખાવ એવો લાગતો હતો કે જાણે કોઇ ચિત્રકારે એક ચિત્ર આલેખી તે ભૂંસી નાંખવા યત્ન કર્યો હોય. હું કલકત્તા રોડના એકાન્ત રસ્તાપરથી જતો હતો ત્યાં નજીકમાંજ કોઈ સ્ત્રીનો ગુંગળાયેલો કરૂણ સ્વર મારે કાને પડ્યો. આ કંઇ બહુ આશ્ચર્યકારક ઘટના નહોતી. સાધારણ વખતે આવા સ્વર પર કદાચ મારૂં ધ્યાન પણ ન ગયું હોત, પરંતુ આ અનન્ત અંધકારની વચ્ચે એ સ્વર પીડા પામતી સૃષ્ટિનો હોય એમ મને લાગ્યું.

હું એ સ્થળે પહોંચ્યો રસ્તાની બાજુમાં ઘાસના ટેકરા પર એક સ્ત્રી બેઠી હતી. તેના લાંબા વાળ વિખરાયલા દેખાતા હતા. તેના અંતઃકરણની ઊંડી ગુફામાંથી નીકળતું કરૂણ રૂદન એમ કહેતું હતું કે જીવનની કોઈ આશા–જીંદગીને ટકાવનારી કોઇ અનેરી આશા તેણે હમણાંજ તેને આ વેરાન અંધકારમય વનમાં નિરાધાર મૂકી ગઈ હોય!

મેં તેને હિન્દી ભાષામાં તે કોણ છે અને શી હકીકત છે એમ પૂછ્યું. કોઇ જવાબ ન આપતાં તે અંધકારને ભેદી આંસુઓની વચ્ચેથી મને જોઇ રહી મેં તેને કહ્યું "ભય પામવાનું કંઇ કારણ નથી"

તે જરા મુસ્કરાઈ અને શુદ્ધ હિન્દુસ્તાનીમાં મને જવાબ આપ્યો, "ભયનો તો મ્હેં બહુ વખતથી ત્યાગ કર્યો છે તેમજ મારા માટે શરમનો પણ શું સવાલ છે? બાબુજી, એક વખતે હું જનાનાના પડદામાં રહેનારી સ્ત્રી હતી મારા ભાઇને મને મળવા આવવું હોય તોપણ રજા-જાનની જરૂર પડતી. આજે દુનિયા ભરનો પડદો મારા માટે દૂર થયો છે."

મેં કહ્યું, "મારી મદદ કોઇ પ્રકારે ઉપયોગી થતી હોય તો તે હું આપી શકું છું."

મારા તરફ એક તીક્ષ્ણ પણ બેદરકારી ભરી નજર ફેંકી તેણે કહ્યું, "હું બદાઉનના નવાબ ગુલામ કાદર ખાનની બેટી છું"

બદાઉન ક્યાં હતું આ વિશાળ વિશ્વમાં તેનો નવાબ કોણ હતો ત્હેની પુત્રી આમ ભીખારણ થઈ આ દારજીલીંગના કલકત્તા રોડ પર શા માટે રડતી હતી આ બધું એકાએક મારી કલ્પનામાં કે વિશ્વાસમાં આવી શકે તેમ નહોતું પણ મેં વિચાર્યું કે મારે વિશેષ શંકાશીલ શા માટે થવું જોઇએ? તેની વાત સાંભળવા જેવી લાગતી હતી. મેં આદરથી નમી તેને સલામ કરી અને કહ્યું, "બીબી સાહીબા, મને માફ કરો! હું આપને ઓળખી શક્યો નહિ."

"બેઠીયે" કહી બીબી સાહીબા ખુશી થઇ જણાઇ. તેણે હાથથી મને સ્હામેના એક પથ્થર પર બેસવાની ઇશારત કરી



[illegible] તે અહીં [illegible] કે [illegible]

[ જુઓ પાન ૧૬૮ ]

ત્હેના બોલવામાં—ત્હેના ઉચ્ચારમાં સ્વાભાવિક આનંદ કરવાની પ્રતિભા હતી. મને એમ લાગ્યું કે સખત પથ્થર પર ત્હેના પાસે બેસવું, ત્હેની પાસે બેસવા યોગ્ય મનાવું એમાં પણ માન હતું. હું સવારે એવર કોટ પહેરી હોટેલમાંથી નીકળ્યો ત્યારે એવી કલ્પના પણ નહોતી થઈ કે એક તરુણની જોડીને આ અંધકારમય એકાન્ત ફૂટપાથના રોડ પર હું જોઇ શકું?

મેં તેને પૂછ્યું, બીબી સાહીબા આપની આ સ્થિતિ થવામાં શું કારણો બન્યાં છે?

નવાબઝાદીએ કપાળ પર હાથ મૂકી કહ્યું, મને આ સ્થિતિમાં કોણે મૂકી એ હું કેમ કહી શકું? બાબુજી, આપણાને વાદળના પડદામાંથી કોણે ધકેલી કહાડ્યા હશે?"

નવાબનાના વિવાદમાં ઉતરવાનું મારૂં મન નહોતું. મેં તેની વાત ઝીલતાં કહ્યું "ખરે છે, ઈશ્વરની આવી કોણ શોધ કરી શકયું છે! આપણે તો માત્ર તે ચલાવે તેમ ચાલનારા સામાન્ય જંતુઓ છીએ.

શોકમગ્ન અને રહસ્યમય મુગ્ધ શક્તિનો અંતર હું કદાચ સમજવા શક્ત પણ હિન્દી ભાષાનું અજ્ઞાન અંતરાયરૂપ થયું તોફાન પાછળથી કે અહીં નવી સાંભળેલી મારી હિન્દી ભાષા કીસ્સુકીનું આપણુ કરવા જેટલા કામમાં આવે તેમ નહોતું.

બીબી સાહીબાએ આગળ ચલાવ્યું, "આજે મારી જીન્દગીના નાટકનો છેલ્લો પડદો પડ્યો છે. કહો તો હું તમને બધું કહું."

"હું કહું! નહિ આપ એ વાત કહેતાં મને લાયક માનો એ પણ અહેસાનમન્દી છે."

મારી હિન્દુસ્તાની ભાષી રૂડી હતી જ્યારે નવાબ ઝાદીના શબ્દો પાકી તૈયાર થઇ ગયેલા પાસપર આકાશના પ્રભાત બીન્દુઓ જેવા શોભતા હતા. ત્હેના ઉચ્ચાર મધુર અને શબ્દો અર્થથી ભરેલા હતા. મારે બોલવાની જરૂર પડતાં હું ટુંકા વાક્યોમાંજ પતાવતો

તેણે આ પ્રમાણે પોતાની વાત કરી, "મારા પિતાની નસોમાં દિલ્હીના શાહનશાહી ઘરાણાનું લોહી વહેતું હતું. આથીજ મારા માટે યોગ્ય વર શોધવાનું તેમને મુશ્કેલ થઇ પડયું લખનૌના નવાબ સાથે મારી શાદીની વાત થઇ રહી હતી પણ દરમ્યાન કમ્પનીના બહાદૂર સામે સીપાહીઓનો બળવો સળગી ઉઠ્યો. જમીન તોફોથી લાલ થઇ અને આકાશ તારૂના ધુમાડાથી કાળું પડી ગયું.

ત્હેના થોડા બોલવામાં પણ તેની હિન્દી ભાષા મને મોહ ઉપજાવવાની હતી. મને લાગ્યું કે હું એક શાહજાદીની—આકાશના વખતથી અને અત્યારમાં બોલાતી હિન્દી ભાષાથી કંઇ જુદીજ કોમળ મીઠી—નાજુક હિન્દી ભાષા સાંભળી રહ્યો હતો. ત્હેના અવાજમાં એ જાદૂ હતું કે જેણે ઠારથી ગલીના ફૂટપાથના રોડ પર પણ મારી કલ્પના સ્ફટિકના ચોગાનમાં આરસ પથ્થરના સફેદ દૂધ જેવા મહેલો રંગનાથી બેઆબરૂના તેમના ઉંચા અરબી ઘોડા, અપૂર્વ રીતે મોતીથી શૃંગારેલા હાથીઓ, આસપાસ સાથના જુદા જુદા ખાસેના રંગના ફેંટાથી શોભતા ઉમરાવો તેમના રેશમ અને જરીક મખમલના લાંબા અંગરખાનો—શોભવાળી તેમની ચાલ એ સર્વ વૈભવનું ચિત્ર ખડું કરી આપ્યું.

બીબીસાહીબાએ કહ્યું, "અમારો કિલ્લો જમુનાના તટપર હતો અને તેનો રક્ષક કેશવ નામે એક હિન્દુ બ્રાહ્મણ હતો."

કેશવ નામ ઉચ્ચારતાં હાણકાર આ સ્ત્રીનું શબ્દ સંગીત મૂર્છનામાં ફરી ગયું. મારી લાકડી

હાથમાંથી પડી ગઈ હું જાગૃત થયો હોઉં એમ જાગ ઉઠાર થઇ ગયો.

કેશન મઝદની હિન્દુ હતો. વહેલા મળસ્કામાં મારા ઝનાનાની બારીમાંથી હું રોજ તેને જોતી હતી. તે ગલીપૂર પાણીમાં ઉભો રહેતો અને પાણીના ખોબા ભરી સૂર્યની પૂજા કરતો હતો. પછી તે ભીના કપડામાં જમુનાના આરસના પગથિયા ઉપર બેસતો. ધીમેથી કંઇ પૂજાના શબ્દો બોલતો. પછી ચીઠ અને સામળી રાખ અને અનાજમાં સંસ્કૃત ગાથા ગાતો પોતાને ઘેર જતો."

"બાપુજી હું મુસલમાનની છોકરી હતી પણ મારા ધર્મનું હું કંઇ જાણતી નહોતી. ન હું બંદગી પણ કરતી. મને એ શીખે કોઈએ શીખવી નહોતી. કોણ શીખવે? પુરુષો મઝહબ ભૂલી જઇ મોજ શોખમાં પડી ગયા હતા. તેથી અમારા ઝનાના પણ કેવળ ભોગ અને વિલાસના સ્થાનો થઇ પડ્યા હતા. ધર્મ ને ત્યાં બેસવા સ્થાન ન હોતું. પણ બાપુજી મને ખુદાના પ્રેમની લગની લાગી હતી. જ્યારે એ બ્રાહ્મણને સવારના પહોરમાં સ્થિર શાન્ત ઉભા આસમાની જમુનાજીના પાણીમાં જોતી તેને સંદેહ ઘાટ પર બેસી ખુદાની બંદગી કરતો જોતી ત્યારે મારી એ લગની વધારે તેજ થતી. મારા અંતરમાં ઇશ્વરના પ્રેમનો મર્મભેદી ગણગણાટ લાગી રહેતો.

મારી એ હિન્દુ દાસી હરરોજ સ્નાન કરી આવી કેશનને પગે લાગતી. તેના પગની ધૂળ પોતાના માથા પર ચઢાવતી. આ બધું મને એટલું સુન્દર લાગતું—આ ધર્મની ભક્તિ કે ધાર્મિક પુરુષની ભક્તિથી મને થોડી ઘણી પણ થતી. પવિત્ર નિયમે મારી દાસી બ્રાહ્મણોને જમાડતી અને દક્ષિણા આપતી.

મને એ પણ મોહક લાગતું. હું ત્હેને આ કામ માટે પૈસા આપતી. એક વાર મેં ત્હેને કેશનને તેને ત્યાં જમવાને બોલાવવા કહ્યું પણ તેણે કહ્યું કેશન ધર્માત્મા છે તેને કોઇનું જમણ કે કંઇ દક્ષિણા ખપે નહિ. હું કેશનને ન કંઇ આપી શકતી ન અપાતી. શક્તિ—મારા હૃદયની ઉર્મિઓ મરી જતી અને મોહનો ભડકો સળગી મારા અંતરને ધીમે ધીમે બાળવા લાગતો.

મેં સાંભળ્યું હતું કે મારા વડીલો ઝનાનામાં એક બ્રાહ્મણ છોકરી લાવ્યા હતા. મને લાગતું કે તેનું ખુન મારામાં કાં ન હોય? ધર્મ તરફ મારો મોહ—કેશન તરફ મારો શાન્ત પ્રેમ આ સબબથી ન ન હોય! હું હિન્દુઓના પુરાણો વાર્તાઓ મારી એ દાસી પાસેથી સાંભળતી. પવિત્ર સ્ત્રીઓના ચરિત્રો હું ગાતી અને સ્વર્ગના દેવતાની—પુરાણ પવિત્ર ધર્મની હું એક કલ્પના સૃષ્ટિ ખડી કરતી. મારા હૃદયના એક વિશાળ પ્રદેશમાં ગામડાના મંદિરોમાં ઘંટ વાગતા દેવોની આરતીઓ થતી મંદિરોના ધૂપ ઉડતા, શાન્ત આશ્રમની યોગીઓની પ્રેમ સમાધીઓના દર્શન થતા. બ્રાહ્મણોની ગાથાઓ ગવાતી, હિન્દુ મહાન અવતારી પુરુષોની લીલા દેખાતી. મારી કલ્પના વિશાળ અને પવિત્ર સૃષ્ટિ રતી જાણે આખું બ્રહ્માંડ મારા અંતરમાં સમાયું હોય અને મારું મન પળેપળ દ્વારે દ્વારે મંદિરે મંદિરે ઉડતું વિહાર કરતું હોય!

મહાન બાદશાહનો મહાન સલ્તનતના અમારા કિલ્લા મૂકી આ ગોરા હિન્દુઓ અને મુસલમાનોએ ફરી એકવાર હિંદુસ્તાનમાં પ્રાચીન આર્યાવર્તના તખ્તોતાજને બચાવવા અને દીલ્હી સરકારના પાદશાહોને હાંકી કાઢવા ઉઠવાના મેજર જની બાળ ગાર્ડની ટીકી રની

મારા પિતા બહુ સાવચેતી થી વર્તે એવા હતા, તે ઇંગ્રેજોને તિરસ્કારના પણ સાથે એમ કહેતા કે આ પરદેશીઓ અસંભવીતને સંભવીત કરે એવા છે. હિન્દુસ્તાનીઓ તેમની સામે ટકી શકે તેમ નથી મુખાં-દર્માં-મુમત્ળ જેવી આશામાં હું મારૂં ન્હાનું રાજ્ય ગુમાવી દેવાનું સાહસ નહિજ કરૂં. કમ્પની બહાદુર સાથે હું નહિજ લડું"

હિન્દુસ્તાનના હિન્દુ મુસલમાનોનું દેશ અનુન ઉકળી રહ્યું હતું. તેમનું ખુન ઉકળી રહ્યું હતું ત્યારે મારા પિતાની આ નીતિ અમને શરમાવનારી લાગતી ઝનાનામાં રહેતી મારી બેગમ માતાઓને પણ તે બીક નહીંતી લાગતી.

કેશવે પોતાનાથી બને તેટલા લડવૈયા એકત્ર કર્યાં અને મારા પિતાને કહ્યું, "નવાબ સાહેબ, જો તમે અમારા પક્ષમાં નહિ રહો તો જ્યાં સુધી યુદ્ધ ચાલશે ત્યાં સુધી હું તમને કિલ્લામાં પરહેજગાર રાખીશ અને હું કિલ્લાનો બચાવ કરીશ."

મારા પિતાએ કહ્યું "અશાન્ત થવાનું કંઇ કારણ નથી હું બળવાનો પક્ષજ લઇશ. કેશવે પછી પૈસા માગ્યા ત્યારે મારા પિતાએ થોડા આપ્યા અને કહ્યું, "પ્રસંગ આવ્યે હું વધારે આપીશ"

મેં મારા જર ઝવેરાત બધાં કાઢી નાખ્યાં અને મારી હિન્દુ દાસી મારફતે કોઇ ન જાણે તેમ કેશવને મોકલી આપ્યાં તેણે જ્યારે એ મારી ભેટના ભેટ સ્વીકારી ત્યારે જે બદન પર એ ઝવેરાત શોભતા તે આખું બદન તનપનાટથી-શાન્ત ઉન્માદથી રોમાંચિત થયું. કેશવ અને ત્હેના સાથીઓ લડવાની તૈયારીઓ કરી રહ્યા. જુની પુરાણી તોપો સાફ કરી નાખી. પસાયલી તલવારો તૈયાર કરી કાટ કાઢી ચળકતી કરી. એક બપોરે ચીફ કમીશ્નર સાહેબ થોડા ઘણા વસ્ત્રોવાળા ગોરા સિપાહીઓ સાથે અમારા કિલ્લામાં આવ્યા. મારા પિતા નવાબે, સાહેબને કેશવની તૈયારીઓની બધી વાત કહી દીધી કેશવ જરા પણ ગભરાયો નહોતો. પોતાના થોડા માણસો અને કટાયલા હથીયારોથી તે લડવાને તૈયાર થયો પણ મારૂં હૃદય શરમ અને તિરસ્કારથી ધ્રુજી ગયું. મારી આંખમાં આંસુ નહતાં પણ મારૂં જીગર તૂટી ટુકડા થવા ચાહતું હતું

હું મારા ભાઇનો મર્દાની પોષાક પહેરી ઝનાનામાંથી બહાર નીકળી યુદ્ધથી ઉડતી રેતી, તોપોનો ધુમાડો. વીરોની હાક કે મરણ વખતની વેદનોના પોકારો સૌ શાન્ત થઇ ગયા હતા. પૃથ્વી અને આકાશમાં મોતની ભયાણ શાન્તિ વ્યાપી રહી હતી સધ્યાનો સૂર્ય આજે જમનાના જલમાં ચાંદીની પથારી પર રાત્રીની નિદ્રા લેવા ચાલ્યો ગયો હતો ચન્દ્રનો ઉદય થયો હતો. રણક્ષેત્ર મરણ અને દુઃખની વિકાળ મૂર્તિ સમૂ દેખાતુ હતુ. બીજે કોઇ વખતે આવા ભયંકર વખત અને સ્થળમાં ચાલવુ મને અશક્ય થાત પણ આજે હું જાણે નિદ્રાના સ્વપ્નમાં દોડું તેમ ચાલતી હતી મારા હૃદયની એકજ ઉમેદ હતી કે એકવાર કેશવને જોઉં અને એ ઉમેદના અગ્નિએ મારા અંતઃકરણના સર્વ સંકલ્પ વિકલ્પને બાળી નાખ્યા હતા

મધ્યરાત્રીના વખતે છેવટે મેં કેશવને જોયો. આંબાના વૃક્ષોની ઘટામાં તે ઘાયલ પડેલો હતો. તેની પાસેજ તેના વિશ્વાસુ નોકર દેવકીનું શબ પડ્યું હતું. મને એમ લાગ્યું કે કાંતો વિશ્વાસુ દેવકી કેશવના ઘાયલ શરીરને આ સુરક્ષીત જગ્યામાં લાવ્યો હશે અથવા કેશવે ઘાયલ છતાં અહીં પોતાના નોકરને બચાવવા પ્રયત્ન કર્યો હશે. મારા અંતરમાં જે સ્નેહના અંકુર હતા તેને હું



[illegible]

પાનું ૧૬૩


નીકળી હતી. સૂર્યના તાપે કે બહારના પવને મારા ગાલની—મારા શરીરની કોમળતામાં જરાપણ અસરની ઉમેરી નહોતી. પણ જીંદગીના પ્રવાસની પહેલી મજલમાંજ મારા આત્માના પૂજ્ય માનેલા પુરૂષે મારી આ રીતે ઇજ્જત કરી!

આ ભીખારણ રાજકુમારીની વાર્તા હું કોઇ સ્વપ્નમાં ગુમ થએલા માણસની પેઠે સાંભળી રહ્યો હતો. મારી સીગાર કી(?) થઇ ગઇ તેની પણ મને ખબર રહી નહોતી. મારૂં મન આ અદ્ભુત કથા કહેનારીની બાળામાં-રૂપાની ઘંટડી જેવા લ્હેના અવાજમાં કે કથાનાદમાં મુગ્ધ થઇ ગયું હતું તે હું કહી શકતો નથી. હું મુગ્ધ-શાન્તિથી એ વાત સાંભળતો હતો. પરંતુ જ્યારે આ ભાગ આવ્યો ત્યારે મારાથી કહેવાઇ જવાયું. "પશુ જેવો."

નવાબઝાદીએ કહ્યું, "પશુ કેમ કહેવાય?" શું એક પશુ પોતાના મરણ કાળે પાણીની વેદનાથી શરીર સુકાઇ જતું હોય ત્યારે ત્હેના હોઠ પાસે આવેલા પાણીના પ્યાલાનો અનાદર કરી શકે છે?"

મને લાગ્યું મારે શાન્ત રહેવું એજ ઠીક છે. નવાબની કન્યાએ આગળ ચલાવ્યું.

સાવધાન થતાં પ્રથમ મને બહુ આઘાત લાગ્યો. જાણે મારા મનોરાજ્યની સૃષ્ટિ તૂટી પડી હોય અને ત્હેનો બોજો મારા સિરને દબાવી દેતો હોય. હું જરા દૂર ખસી અને તે કઠીન હૃદયના વીર આત્માને મ્હેં દૂરથી નમસ્કાર કર્યા. મારૂં હૃદય જાણે કહેતું હોય કે, અધમની સેવાનો તું અનાદર કરે છે, વિરમીનાં ખોરાકનો ત્યાગ કરે છે, ખાનદાનના પૈસાને તુચ્છ ગણે છે, યુવાનીના આલ્હાદ અને સ્ત્રીનો પ્રેમ ત્હેને શુદ્ર લાગે



આજે મેં ફૂલ કેસરને જોયા. ત્હેની બુઢીયા સ્ત્રી, પુત્રો, પુત્રીઓ અને પૌત્રો તેની આસપાસ બેઠા હતા.

આગળ જોઈ શકી ત્યાં સુધી મારા અંતરની આગ પણ મને આગળ વધારતી. મને એ આગના દુઃખ કે વિનાશનું ભાન સરખું નહોતું. પણ એ મારા અંતિમ સુખ કે અંતિમ વેદનાની–મારી ફક્ત એકજ આશાની ચીનગારી છેવટે મરી ગઈ. આગ બુઝાઈ ગઈ અને જગતની સામ્યતાની રેતી પર પરેશાન થએલી હું આજે પડી ગઈ. આજે મારા અંતરની એ ચીનગારી સાવ બુઝાઈ ગઈ છે. અને એજ મારી કહાણીનો છેલ્લો ભાગ છે.

મારા મનથી વિચાર થયો કે આ દુઃખ ની કહાણીનો અંત આમ ન આવે, મેં મારી અપૂર્ણ લાગી તૂટી જિન્દગીમાં કંઈ માગ્યો અભિનવ થાય તો મને માફ કરો બીબી સાહીબા તમારી વાતનો અંત જરા વધારે ખુલાસાથી જો કહેશો તો મારા અંતરને જે મુંઝવણ થાય છે તે ટળી શકશે.

તે ફરી જરા હસી. મને જણાયું કે લાગી તૂટી આશાની તેના પર અસર થઈ હતી. જો મેં ગુજર અપકારી ભાષામાં વાત કરી હોત તો મારા અનુમાન પર તે ભરોસો રાખત પણ અપૂર્ણ ભાષાએ તેની વાત જરા ખુલાસા વાર કહેવાની તેને ફરજ પાડી. તે બોલી

મને ત્રણેનો વખત કેશવના ખબર મળતા પણ હું તેને મળી શકતી નહિ તે બળવાખોર નાનીવાડીઓના સંઘમાં ભળ્યો હતો કોઈવાર પૂર્વમાં જણાતો પેઠ તો કોઈ વાર પશ્ચિમમાં વીજળીની પેઠે તે ઝબકતો. પાછો તે સમયના અંધકારમાં લુપ્ત જતો હતો મેં એક વૈરાગીનો પોશાક સજ્યો અને બનારસ ગઈ ત્યાં શિવનંદ સ્વામી પાસે હિન્દુ શાસ્ત્રોનો અભ્યાસ કર્યો સ્વામી મારા પર બહુ સ્નેહ કરતા અને હું તેમને બાપુ કહી બોલાવતી એમનાં આશ્રમમાં હિન્દના દરેક ભાગમાંથી બળવાની ખબરો આવતી અને ધર્મશાસ્ત્રોનો અભ્યાસ કરતાં ભયંકર વેદનાથી હું બળવાના સમાચાર સાંભળતી. છેવટે અંગ્રેજી બહાદુરે હિન્દુસ્તાન સમસ્તમાંથી બળવાના અગ્નિને હોલવી નાખ્યો કમ્પનીનો વિજય થયો.

તે પછી મને કેશવના વધુ ખબર ન મળ્યા યુદ્ધના લાલ અગ્નિમાં મારા આત્માના ક્ષિતિજમાં જે ભીષણ મૂર્તિઓ અને કલ્પનાઓ ખડી થતી તે ધીરે ધીરે અંધકારમાં સમાઈ ગઈ મેં માગ ગુરૂનું ઘર ત્યજ્યું અને ગામે ગામ શહેરીએ શહેરી દ્વારે દ્વારે હું કેશવની શોધમાં ભટકવા લાગી. હું એક પછી બીજા યાત્રાના સ્થળે ગઈ પણ તેની ભાળ ન મળી જે થોડાક તેને ઓળખતા તેઓ કહેતા કે કાંતો તે રણમાં મરણ શરણ થયો હશે અથવા બળવા પછી ચાલેલા લશ્કરી કાયદાનો ભોગ થયો હશે. મારા અંતઃકરણમાં દૂર દૂર વાગતો રણકાર જાણે મને કહેતો હોય કે આ કેમ કરી બની શકે? કેશવ આ સંસારમાં નહોય એ કેમ બને? તે આત્મા–તે અગ્નિનો તેજસ્વી અંગાર શાનીને બુઝાઈ જાય શકે! એ અગ્નિ દૂર દૂર બ્રહ્માંડના કોઈ ખુણામાં મારા જીવન અને આત્માનો બળી વેરા જરૂર પ્રકાશતો હશે!

હિન્દુ શાસ્ત્રોમાં એવું છે કે તપ અને ત્યાગ થી શુદ્ર બ્રાહ્મણ થઈ શકે છે પણ મુસલમાન બ્રાહ્મણ થઈ શકે એવું કોઈ શાસ્ત્રમાં નથી મને એમ લાગતું કે હું કેશવને મળી શકું તે પહેલા મારે બ્રાહ્મણ થવા ઘણો ભોગ આપવાની જરૂર હતી આ રીતે મારા દુઃખી જીવનના ત્રીશ વરસ વીતી ગયાં.

મારા જીવનમાં માગ વર્તનમાં મારા મનથી હું બ્રાહ્મણ બની ગઈ મારી કોઈ માતામહીમાંથી ઉતરેલું બ્રાહ્મણ લોહી મારા જીવનમાં-મારી રગોમાં –સંસ્કારોમાં. મારા વિચારોમાં વહેવા લાગ્યું.

કે બ્રાહ્મણ થઈ મારા જીવનમા-મારા ચિંતનમા જે ધીર બ્રાહ્મણને મે પ્રથમ જ જોયો હતો તેના ચરણોમા મસ્તક અર્પણ કરી દેવા વિના કે મ્હારા જીવનમા ખાસ કે આકાંક્ષા જેવુ કશુ નહોતુ આ ભાવનામા રમતી હુ મારી આસપાસ એક પ્રકારના ગૌરવ-મહત્તાની સૃષ્ટિ જોવા લાગી

બાળપણના સમયમા કેશવની બહાદુરીની મે ઘણી વાતો સાંભળી હતી પણ આ વાતોના સ્મરણ મારા અંતર પટ પરથી ભુંસાઇ ગયા હતા માત્ર એક તે ન્હાની હોડીને જમના જીના ચંદ્રથી રમતા જળમા આલેખાયલુ ચિત્ર હુ ભુલી શકતી નહોતી રાત અને દિવસ જાગૃત મા અને સ્વપ્નમા કેશવને કોઈ દુર અંધકારમા લઇ જતી એ હોડી હુ જોતી જગતમા દુર દુર એ બ્રાહ્મણને કોઈ સેવક વિના કોઈ સહાયક વિના એ હોડી લઇ જતી હોય એમ હુ કલ્પી લેતી અને સહાયક કે સેવકની જેને જરા પણ જરૂર નહોતી એવા એ સંયમી ધર્માત્માની કલ્પના મને મુગ્ધ બનાવી દેતી

જ્યારે મને કેશવના સમાચાર મળ્યા મે સાંભળ્યુ કે સજાના ભયથી ગભરાઇ તે નેપાળ ચાલ્યો ગયો હતો હુ નેપાળના ઘણો વખત ફરી ત્યારે જણાયુ કે તે રસ્તોથી નેપાળ મૂકી ગયો હતો તે પછી હુ આ પહાડો પર ભટકુ છુ આ કંઇ હિન્દુઓનો દેશ નથી આ જાતી અને લેપચા લોકો ધર્મ નથી જાણતા ખાનપાનનો નિયમ નથી જાણતા તેમના દેવતા અને પૂજાવિધી પણ જૂદા છે હુ મારો ધર્મ બચાવતા રહુ ગામમાં રહેતા હુ એ લોકો સાથે વ્યવહાર નહોતી રાખતી મને લાગતુ કે મારા જીવનની હોડી હવે કિનારે પહોંચશે નહિ જીએ મારા જીવનનો દીપક હવે આશાના તેલ વિના વધારે નહિ પ્રકાશી શકશે એ જ

દીપકને બુઝાતા કંઈ વાર લાગે છે? એ જ મનનો જ્યારે ત્રાસ કે ખાણુંજ, દુઃખ તમને કદાચ પણ આવતો હશે પુ હવે દુકામાંજ રહુ છુ આકસ્મિક વરસાદની જુદાઈ પછી આજે સવારે મે કેશવને જોયો

અહીં તે અટકી ગઇ હુ વિચારમા પડ્યો મે તેને પૂછ્યુ આપને કેશવ કઇ રીતે મળ્યો?

નવાબની શાહજાદીયે જવાબ આપ્યો, આજે મે ૧૮ વર્ષને એક ભુતીયા ગામડામા વર્ષોના રોગમાંથી દવા પીવાતો જોયો તેની ભુતીયા સ્ત્રી પુત્રો પુત્રીઓ અને પૌત્રો તેની આસપાસ બેઠા હતા

અહીં નવાબજાદીની દુઃખમય કહાણીનો અંત આવ્યો

મને લાગ્યુ કે હુ તેને કહુ તેને શાન્ત કરવા થોડા શબ્દો પણ કહુ મે કહ્યુ અકબીસ વર્ષ આ વિધર્મીઓની સાથે જીંદગી ગુજારવા છતા આવા સંજોગોમા તે પોતાનો ધર્મ શી રીતે બચાવી શકે?

નવાબની બેટીયે જવાબ આપ્યો શુ હુ તે નહિ સમજી શકી હોઉ! પણ કેટલી ભ્રમણા હતી જે આટલા વરસો મૂકી ગયા રૂપે એ બ્રાહ્મણ જેણે મારી જુવાનીમા ગાઢ હૃદય કરી લીધુ તેની વાસના રૂપે મને રંજાડી રહી! મને એની શંકા પણ કેમ થાય કે તેનુ ધાર્મિક જીવન માત્ર એક ઢોંગ રૂપ હતુ! મે માન્યુ કે તેની ધર્મ ભાવના શુદ્ધ હતી-સનાતન હતી જો એમ ન હોત તો એને માટે મારા ગરૂને ન ત્યજી શાન્ત મારા સ્થાન પર લાતો-મારૂ અસહ્ય અપમાન થયુ શા માટે શરીર મારૂ મન, મારૂ યૌવન મારો આત્મા તેને ન આપી શકત જ્યારે હુ જીંદગીમા પહેલીજ વાર મારા દીલને આગ્રહની આગ ત્યજી અંત નીકળ્યો તે ખાન નો મ્હારો દીલરૂબાગ હુ ભૂલી ન શકત તેમ હાલ તને મે લાગ્યુ જે હતા

બીજું જીવન, બીજા સંસ્કાર મળી રહ્યા પણ એ પ્રેમ સંસ્કારોના મેળમા મેં મારૂ જીવન આપી દીધું-મારૂં ચૈતન આપી દીધું તે મને પાછું કોણ આપી શકે તેમ છે?

આ વાક્યો તે હૃદયના ઊંડા દર્દથી બોલી એકદમ ઉભી થઇ. અને કહ્યું, "નમસ્કાર બાબુજી. હાથમા તેણે પોતાનું બોલવું સુધારી કહ્યું " સલામ સાહેબ "

આ ક્ષણમાંથી વિદાયના શબ્દો બોલી તેણે બ્રાહ્મણ સંસ્કારો જે આ પહાડની ધાળમા મળી ગયા હતા તેને પણ વિદાયની સલામ કરી અને હું બીજો એક પણ શબ્દ બોલુ ન પહેલા તો પહાડોના અંધારા ઝાખા રસ્તાપર તે અદ્રશ્ય થઇ ગઇ

દાખુસર મેં મારી આંખો બંધ કરી દીધી અને ત્હેનાં જીવનના સર્વ સ્મરણો મારા અંતઃપટ પર તરી રહ્યાં. સોળ વરસની નવાગની સુંદર છોકરી—તરણ કરાની બાજ઼પર બેઠી પોતાની જનાનાની બારીમાંથી બ્રાહ્મણ કેશવને જમનાજીનાં પ્રાત કાળના અર્ધ્ય આપતો જોઇ રહી હોય-એ યુવતી બિગગન બાળી કોઇ ફેરા થાનાના રસ્તામા સાલકાલે નદીમા તરતા દીપકો જોઇ રહી પોતાના પ્રિયતમને માટે દૂર નજર કરી રહી હોય! અને જીંદગીના ભારથી-દુઃખોથી દબાયલી પોતાની એક આશાની ઇમારત તુટી જવાથી નમી ગયલી તે પ્રૌઢા કાંગ્ગ઼ીલી ગમના કલકતા રોડની બાજુમાં બેઠેલી હોય-એ સર્વ હું જોઇ રહ્યો. એકજ સ્રીના જીવનના બે પ્રવાહ વહી રહ્યા હોય, એ ઉભય પ્રવાહોએ મળી જીવન સંગીતને મૃત્યુ જેવું બાળ઼ કરી મૂક્યુ હોય-તેનું આ એક ચિત્ર હતુ

મારી આખ ઉઘાડી અને ઉઠ્યો. વાદળાનો અંધકાર થોડો ઓછો થયો હતો દારજીલીંગના રસ્તાપર પ્રભાતના પ્રકાશકીરણો આછા આછા વેરાયા લાગ્યા હતા મેમ સાહેબો રીક્શામા અને સાહેબો ઘોડાપર બેસી ફરવા નીકળ્યા હતા વખતે વખત કોઇ બંગાલી કારકુન દેખાતો અને મારા તરફ કંઇક આશ્ચર્યથી જોતો રહેતો, પસાર થઇ જતો

---

# "બળે છે."

રચનાર -રા. અનંત.


આહુતિ આપતા યજ્ઞઃ સાધુનો મઠ બળે છે.
કુસુમની જગાળી આવી, હીરો " મોરક " બળે છે
આજકને આપ જોયો, નાથને મનાવતો.
આકાશી અરથક બાની, જુના ઘરઘર બળે છે
પ્યારે આત્મમાળોથી. ઝબકતી વિજળી જેવું;
આદર્શે ભર્યોપૂરે: નદીના નદ બળે છે.
કસુંબલ રંગ ગો શાનો. તેજ ને તરવતર આ.
વીરના લોહી સિંચેલો; પ્રાચીન પટ બળે છે,
જતીપાંની જવાલ કરી ત્યાં, સળગી સિંધુ તીરે,
શરીરે બન્ને ત્યાં તો, બીજા આગર બળે છે

# એવા ગાંધી ગુજરાતે ઉતર્યા રે!

રચનાર — શ્રી ગિરીશ

( રામ રતનવાડીમાં ઊતર્યા રે એ લોકગીતના ઢાળમાં )

એવા ગાંધી ગુજરાતે ઉતર્યા રે!
એનું શુદ્ધ શરીર જાણે લાકડી રે,
માંહે જોગાનર છે છૂર– એવા
એતો જાણે પોચા પોચા વાણીઆ રે,
માથે લીધું ભડવીરનું કામ– એવા
પેલા ગુજરા આફ્રિકા દેશમાં રે,
હિન્દીને અપાવ્યું માન– એવા
મોટા બારીસ્ટર એ બોલવે રે,
એનું નામ મુલક મશહૂર– એવા
એ સામા થયા સરકારની રે,
એણે જોયા જુલમ અપાર– એવા
ત્યાંથી આવ્યા સ્વદેશ ઘેર લાવવા રે,
નાખ્યો ગુજરાતે મુકામ– એવા
જોયો દેશ બધો ગુલામનો રે
એને લાગી ગયું દિલ માંહ્ય– એવા
એણે લીધી પ્રતિજ્ઞા આકરી રે,
સુધારું હું આખું જહાન– એવા
એણે જેર જેર કેદીના મોકલ્યા રે,
લેવા સૂતરને તાતણે સ્વરાજ્ય– એવા
આસમાની આંધીમાં છે નરી રે
પોતે પહેરી ખાદી પૂરનાર– એવા
એણે દીધા ગાન આશ્રમમાં રે,
લેવા શાન્તિમય માર્ગે સ્વરાજ્ય– એવા
એણે સાચી તપાસી નાડ દેશની રે,
આપ્યું ઓસડ એક અસહકાર– એવા
એને એક બનીને હૈયે આણ્યા રે
ગાયું હિંદુ મુસલમાન વેર– એવા.
એણે સત્ય સનાતન પાળ્યાં રે
સાનમાં મેં નિત્ય ખરો થાય– એવા
એણે છોડી લડાઈ બધી દેહની રે,
આત્માથી જગત જીતાય– એવા
એણે દમ્યા અસુર સદા દીનના રે,
સાખી મચ્યો આતમ સદ્ભાર– એવા
એણે આહાર શીખવી દેશને રે,
ચા-દારૂ કરાવે દૂર– એવા
માથે ધોળી ટોપીને ધોળા કુડતા રે,
ગમ્યો શાન્ત સાદો વેષ– એવા
એણે યોજ્યો સ્વરાજ્ય કેરો વાવટો રે,
માંહે રેંટુડો રૂડો સોહાય– એવા
એતો જાણે સોનાડા દેશનો રે
'નવજીવન' તણો વદનાર– એવા
એનું નામ મોહન મોહન કામ એમનું રે,
ભવિ ભારતનું રચનાર– એવા
લોક વાટ જુએ છે, પ્રભુ આવનો રે,
ના જાણે એ યોગ આવનાર– એવા
એતો ભાનુ ભારતે ઊગીઓ રે
જેને તેજે જગત અંજાય– એવા
એનો ધન્ય જનમ ધન્ય જીવતું રે,
માતાએ ઉપજ્યો ધન્ય લાલ– એવા
એના ગોનો આદેશ લોક ઝીલતા રે,
રોતી ભારતનો તારનાર– એવા



# મધુર મિલન.

લખનારઃ—રા. ડાહ્યાભાઈ હિ. રાવત.

ચિત્રકારઃ રા. રવિશંકર પંડિત

મારા પિતાની આર્થીક સ્થિતિ સારી હતી. અમદાવાદમાં કેમ્પમાં અમારો મોટો બંગલો હતો. અમારે ત્યાં ગાડી ઘોડા નોકર ચાકર પણ હતા, હું મારા પિતાની ઘણી વ્હાલી પુત્રી હતી. મારી માતાનો પણ મારા ઉપર અત્યંત પ્રેમ હતો.

હું માતાપિતાના અત્યંત પ્રેમ વચ્ચે તથા સુખ વૈભવમાં ઉછરેલી હોવાથી એક વાત સર્વથા ભૂલી ગઈ હતી. મારા માબાપ પણ એ વાત વિસરી ગયા હતા. મારૂં સાસરૂં ખેડાથી થોડે દૂર આવેલા માતર નામના એક ન્હાના ગામડામાં હતું. મારા સ્વામી તથા સસરાજી કેટલાક વખતથી પોતાના ગામમાં રહેતા હતા. જો કદાચિ કોઈ વણી કન્યાને માટે એવું દરિદ્ર સાસરૂં હોત તો સાધન. પણ મારા જેવી સુખ સંપતીમાં તથા માબાપના અસાધારણ સ્નેહમાં ઉછરેલી કન્યાને એવી ઝુંપડી-ઝુંપડીમાં-એવા ગરીબ પતિને ઘેર જવું કેમ ગમે!

મારા સાંભળવા પ્રમાણે જ્યારે મારૂં લગ્ન થયું, ત્યારે મારા સસરાજીની સ્થિત સારી હતી. અમદાવાદમાં તેમનો વેપાર ધમધોકાર ચાલતો હતો. તેમને ત્યાં ગાડી ઘોડા નોકર ચાકર સઘળું હતું. પરંતુ ભાગ્ય દેવીની અવકૃપાને લીધે તેમને વ્યાપારમાં મોટી ખોટ આવી તેઓ એકદમ નિર્ધન થઇ ગયા તેથી શહેર કરતાં ગામડામાં ઓછું ખર્ચ આવે તથા પોતાની જે થોડી ઘણી જમીન હતી તેની ઉપર દેખરેખ પણ રાખી શકાય એ હેતુથી તેઓ અમદાવાદનો ત્યાગ કરી પોતાને ગામ માતર રહેવા જતા રહ્યા હતા. મ્હારા લગ્ન પછી કેવળ એકજ વખત હું સાસરે ગઈ હતી. એ પછીથી ઉપરોક્ત બનાવ બન્યો હતો તેથી મારા સાસરીઆંના માણસોના મનમાં એવો સંશય ભરાઈ ગયો હતો કે, નવી વહુના પગલાં સારા નથી એ કારણથી તેઓ મને પોતાને ત્યાં તેડી જવાના કંઈ પણ પ્રયત્ન કરતા ન હતા. મારા પિતાજીએ પણ પોતાની પ્રિય પુત્રીને એવા ન્હાના ગામડામાં નિર્ધન સાસરીઆમાં મોકલવાની ઇચ્છા દર્શાવી નહિ!

એવી સ્થિતિમાં મ્હારે પિયરમાંજ રહેવું પડયું. કે એમાં મ્હારો પણ થોડો ઘણો દોષ હતો. એ દોષ મ્હારી અણસમજને લીધે હોય કે પછી સુખ સંપત્તિમાં ઉછરેલી હોવાને લીધે હોય તે હું કહી શકતી નથી પરંતુ એ વખતે મને ભાંગી તુટી ઝુંપડીમાં રહેવા કરતાં મ્હારા બંગલામાં રહેવું વધારે ગમતું હતું. ઇશ્વરની આપેલી કુદરતી હવા કરતાં વિદ્યુત શક્તિથી ચાલતા પંખાની કૃત્રિમ હવા વધારે ગમતી હતી, એ સમયે મ્હને માબાપના સ્નેહ સિવાય અન્ય સ્નેહની આકાંક્ષા ન હતી. માબાપની શીતલ છાયાને છોડી અન્યની છાયા નીચે જવું ગમતું ન હતું પરંતુ એમાં દોષ મારી અજ્ઞાનતાનોજ હતો કેમકે એ વખતે હું અણસમજુ હતી.


મ્હને યાદ છે કે, મ્હારા પિતાએ કેટલાક સગા વહાલાઓની સલાહથી મ્હારા સસરાજીને લખ્યું હતું કે અમારા જમાઇને અમારે ત્યાં મોકલી દો. તેમની ઇચ્છા મારા પતિને ઘર-જમાઇ

વસંત ઋતુનું આગમન થાય છે, એ વખતે વૃક્ષો નવ પલ્લવોથી સુશોભીત થઇ રહે છે. મનુષ્યના સંબંધમાં પણ તેજ પ્રમાણે થાય છે. બાલ્ય કાળ ગાળ્યા ગયા પછી યુવાવસ્થા પ્રાપ્ત થાય છે. એ વખતે મનુષ્ય જીવનમાં એકજ પ્રકારનું પરીવર્તન થઇ જાય છે એક જ્યોત્સનામય રાત્રિએ હું મ્હારી અગાશીમાં બેઠી હતી નીલરંગ આકાશ માં ચંદ્રમા મૃદુ હાસ્ય કરી રહયા હતા હું એકજ દૃષ્ટિએ ચંદ્રમા તરફ જોઇ રહી હતી એટલામાં પાડોસમાં રહેતી મારી સખી લીલા અગાસીમાં આવી. લીલાની ઉમર મ્હારા જેટલીજ હતી તેનું લગ્ન પણ મારી સાથેજ થયું હતુ. તે હજી કાલેજ સાસરેથી આવી હતી આ પહેલા તે પોતાને સાસરે જતી ને હું મ્હારા પિયરમા રહેતી એ વખતે મને તેના એવા દુર્ભાગ્ય માટે ઘણું લાગી આવતું પરંતુ હમણાં એ ભાવ જતો રહ્યો હતો હવે એમજ લાગતું કે તેને સાસરે જવાનો અધિકાર છે. પરંતુ હું એ અધિકારથી મરંયા વચિત છુ

લીલા મ્હારી પાસે બેઠી તેના સાસરીયાની વાતો કરવા લાગી તેનો સ્વામિ તેના ઉપર કેટલો પ્રેમ રાખે છે તેનું મન ખુશી કરવા સારૂં કેવી કેવી વસ્તુઓ લાવી આપે છે, એ નિં તે મને કહેવા લાગી સંસારમા કેટલીયે કલ્પનાઓ સામે જાગ આવે છે ! લીલા પોતાના પ્રેમની વાતો કરતા કરતા એટલી બધી હસવા લાગી કે મને એમજ થયુ કે હવે તે ક્યારે અહીંથી જતી રહે કદાચ કોઇ નીચેથી સાંભળતુ હશે તો શુ કહેશે ? લીલા પોતાના પોલકના ગજવામાંથી તેના પતિનો પત્ર કાઢીને ચંદ્રમાના અજવાળામા વાંચવા લાગી મ્હારા મનમા એમજ થયુ કે લીલા અહિંયા જતી રહેતો સારૂ થાય

થોડી વાર પછી લીલા ત્યાંથી જતી રહી પરંતુ મને અગાશીમાંથી જવાનું ગમ્યુ જ નહિ હું ત્યાંજ બેસી રહી કાયથી અમરૂત શરીર ધ્રુજવા લાગ્યુ તથા અભિમાનને લીધે આંખોમા આંસુ ભરાઇ આવ્યા શુ આ મ્હારૂં અપમાન ન કહેવાય છે ?

એ પ્રમાણે હુ ઘણી વાર સુધી અગાશીમા બેસી રહી એટલામા મ્હારી માતાએ આવી બુમ પાડી—"કરૂણા હજી સુધી ત્યાં શું કર્યા કરે છે તને ઉંઘ પણ નથી આવતી ગાળ



દેવ! અપરાધિનીને ક્ષમા કરો!

સુખ જા, ગની પ્રભી વીતિ ગઇ"

હું મારા શયનગૃહમાં જઇને પથારીમાં પડી પરંતુ મધ્યરાત્ર સુધી નિદ્રા ન આવી કેટલોક વાર સુધી વિચાર સાગરમાં ડુબકીઓ માર્યા પછી નેત્ર ઉઘ આવી ગઇ રહતામાં જ્યારે હું જાગૃત થઇ ત્યારે મ્હારામાં કંઇ ફેર ફાર થયો હોય એમ મને લાગ્યું

મ્હેં તેજ દિવસે મ્હારી નણંદ ઉપર એક પત્ર લખ્યો પત્ર નીચે પ્રમાણે હકાબુમાં હતો—"વ્હાલી બ્હેન!

તમે તથા કુટુંબના માણસો કેમ છો તે લખશો. અમે સઘળા અહિં આનંદમાં છીએ"

મ્હેં એ વાત કોઇને પણ જણાવી નહિ કેમકે જો કદાચ પિતાજી એ વાત જાણતો ઘણા ગુસ્સે થાય એમ હતું એ વખતે તો હું પત્રનો ખરો ભાવાર્થ સમજી શકી નહિ પરંતુ હવે સમજી શકી છું કે પત્રથી મારા પરાજયની અપૂર્ણ સાબીતિ થતી હતી

હું હમેશાં ઉત્તરની આતુરતા પૂર્વક વાટ જોવા લાગી પરંતુ વખત સર જવાબ ન આવ્યો એ પ્રમાણે થોડા દિવસ વીતિ ગયા. એક દિવસ સ્હાંજે અમારે સૌને નાટક જોવાને જવાનું હતું મ્હારી સખી લીલા તથા તેના ઘરના માણસો પણ અમારી સાથે આવવાના હતા એ નાટક જોવા જવાની મ્હારી મરજી ન હતી પરંતુ લીલાએ એને કહ્યા વગર નહી ચાલે સખીની પજવણી–લીલાની ... ન હોય ... માબાપ જવા કહે ત્યાં જવું જ તેઓની પાસે પાસ ... અને ... સુધી થઇ ... એ પ્રમાણે ... ના ... થવા જતાં નાટકમાં અમારે જવું પડ્યું હતું

હું સ્હાંજના ... આ ... ને ... ની ... નાટકમાં મ્હારી નણંદનો કાગળ આવ્યો એક ઘણો મોટો ... ને ... થી ...

થયેલા કાગળ ઉપર નીચે પ્રમાણે લખ્યું હતું—

'ભાભી,'

તમારો કાગળ મળ્યો છે. જવાબ લખતા જરા વિલંબ થયો છે હમણાં અમે બધા ઘણાજ કામમાં રોકાઇ ગયા છીએ. પરમ દીવસે મ્હારા ભાઇનું લગ્ન છે તમે "સૌ મારા હશો"

એ પત્ર વાંચી જાણે મારા માથા ઉપર વજ્રપાત થયો 'મ્હારા ભાઇનું લગ્ન છે' એ વાક્ય વાંચી મારું સમસ્ત શરીર કંપવા લાગ્યું અને આંખોમાં અંધારાં આવવા લાગ્યાં મ્હારા સ્વામિનું લગ્ન છે એ વિચાર આવતાંજ આંખો એવી જાણે ધમ ચક્કર ભમતો ન હોય એમ મ્હને લાગ્યું હું કપાળે હાથ દઇને ત્યાં આગળજ બેસી ગઇ

જ્યારે હું શુદ્ધિમાં આવી ત્યારે મ્હારા મનમાં વિચાર આવ્યો કે આ હવે બેસી રહેવાનો વખત નથી આવતી કાલે લગ્ન છે મ્હારે આજ રાતે જવું જોઇએ નહિતો મ્હારું ઘર ધણી થઇ જશે આકસ્મિક વિપદ ન આવે તો આકસ્મિક બળ પણ આવતું નથી ... વખત વિપદની વખતે હૃદયમાં અસાધારણ બળનો સંચાર થાય છે આવી વિપદ મોકલવામાં વિધાતાની કંઇ પણ મતલબ હોય કે જો મ્હારા ઉપર વિધાતાએ એ પ્રમાણે આકસ્મિક સંકટ ન નાખ્યું હોત તો કદાપિ મ્હારો ઉદ્ધાર થયો ન હોત!

મ્હેં મ્હારી માતા પાસે જઇને કહ્યું કે "આ હું રાત્રીની ગાડીમાં જઉં છું" એમ કહી તે કાગળ મ્હેં મ્હારી માતાના હાથમાં મુક્યો મ્હારી માતાએ ... વાંચી કહ્યું – ... બ્હેન ... ... નામ ... માં ... ... મ્હારા પિતાએ ... ઉપરી ... એક ...

વૃત્તાંત જણાવ્યો. તેમણે મ્હારા માથા ઉપર પ્રેમથી હસ્ત ફેરવતાં ફેરવતાં કહ્યું:– બ્હેન! હું પણ ત્હારી સાથે આવીશ.

ખેડા તથા માતર થોડે દુર હતું અમો. મહેમદાવાદથી બળદ ગાડાં ભાડે કરી લીધાં હતાં. અમે જ્યારે ગામમાં આવી પહોંચ્યા ત્યારે લગભગ સાંજ પડવા આવી હતી મ્હારા સસરાજીના ઘર આગળ વાજાં વાગતા હતા. અમે પિતા પુત્રી ગાડામાંથી નીચે ઉતર્યાં ઉતરતાંજ મ્હારા પિતાજી સાથે મ્હારા સસરાજીની મુલાકાત થઈ. તેમણે મ્હારા પિતાજીને પ્રણામ કરી કહ્યું– ઓહો! વહેવાઈ મહાશય આપ અચાનક ક્યાંથી આવ્યા? આપના પવિત્ર પગલાંથી ગરીબની પર્ણકુટી પાવન થઈ. મારું મ્હોટું અહોભાગ્ય."

પરંતુ એ બધું સાંભળવાનો મ્હને વખત નહતો. એ વખતે મ્હારા મનમા એજ વિચાર થતો હતો કે તેમની પાસે જઈ શું કહું! મે ઘરમાં જઈ એક ઓરડામા પ્રવેશ કર્યો મ્હારા સ્વામીનાથ તેઓ એ ઓરડામાજ હતા. મ્હેં તેમના બન્ને પગ પકડી રાખીને કહ્યુ – "અપરાધિનિને ક્ષમા કરો!"

તે વિસ્મય પામીને મ્હારા તરફ જોઈ રહ્યા અને બોલ્યા:– "આ શું કરે છે કરુણા" મ્હેં કહ્યુ "સ્વામિન! અપરાધિનિનો અપરાધ ક્ષમા કરો! જીવન પર્યંત આપની દાસી થઈ રહીશ. કૃપા કરી અન્ય સ્ત્રી સાથે લગ્ન ન કરો!"

મ્હારા સ્વામીએ મ્હને જમીન ઉપરથી ઉભી કરી પોતાના વક્ષસ્થળમા સ્થાન આપ્યું અને પ્રેમ પૂર્ણ સ્વરે કહ્યું– કરુણા, ત્હારી ભુલ છે, ત્હને કોઈએ ખોટું કહ્યું છે. આવતી કાલે રાગનના વિવાહ છે"

એ સાંભળી હું ફરી મ્હારા પતિના પગ આગળ પડી મ્હેં તેમના ચરણની રજ લઈ મ્હારા માથે ચઢાવી મ્હારા પતિએ મને પુનઃ આશ્વાસન આપતાં કહ્યું– "કરુણા! હું એવું કાર્ય કરું એ શું સંભવિત છે?"

રેલ્વેના વિવિધ નોકરો—પોર્ટરો, હમાલો, ભંગીઓ વગેરે જેને 'હલકા નોકર વર્ગ' તરીકે ગણે છે તેનું એક નાનું ટોળું મારી આસપાસ વીંટાઇ વળ્યું. સર્વેએ હાથ જોડી વંદન કર્યું. પછી તેઓમાંથી એક અત્યંત ગાંભીર્યતાથી 'ગાંધી મહારાજકી જય'નો ધ્વની કર્યો. અન્યોએ હાથ ઉંચા કર્યા અને આ ધ્વનીમાં સાદ મેળવ્યો. સંધ્યા સમયે આ ગાંધીજીની આરતી જ હતી તો !

મહાત્માજીની ચળવળના પ્રતાપે ઉભી થયેલ મુક્તિની આશાએ રેલ્વેના નોકરો અને ચાના બગીચાના કામદારોનુ જીવન ઉત્સાહથી ભરી દીધું છે. પહેલાંના નિઃરસ ને નીરાશ જીવનમાં મુક્તિની આકાંક્ષાએ નવું ચેતન પ્રેર્યું છે. દુઃખના ખાડામાંથી જીવનના રસ ઝરણો વ્હેવા માંડ્યા છે, ૩૫ વર્ષ લગી કોન્ગ્રેસ જે કરવા અસમર્થ નીવડી તે એક વ્યક્તિએ ટુંક સમયમાં કરી બતાવ્યુ છે. ખેગીવાયલાઓની કોન્ગ્રેસ સચિવિતોનીજ સભા પુરી થઇ—હવે તો જન સમૂહની સમિતિ—લોકોની મહાસભા ભરવાની છે અને સ્વરાજ્ય ઝુંડો ફરકાવવાની છે.

સુંદર સમૃદ્ધીથી ભરપુર કેપરનમ અને બેથસેઇડાના શહેરો કરતાં કાઇસ્ટે ગેલીલીના ગરીબ ખેડુતો પાસે જવા પસંદ કર્યું. શ્રીમંતોને બાસે રંકોને જ આશીર્વચનો આપ્યા ને કહ્યું કે "ગરીબો

પર પ્રભુની કૃપા છે, કારણ કે સ્વર્ગનું રાજ્ય તેમનું છે." ક્રાઇસ્ટ દોલતવાનોથી દૂર જ રહેલ. દુષ્ટ અને પાપી ગરીબોને તે સાથી બન્યા. ગરીબો નિરાધારો–પોતાના દુષ્કૃત્યો માટે ઘણું ખમે છે. પણ શ્રીમંતોના કેટલાયે અઘોર પાપો પર ઢાંક પીછોડાનો પડદો ફરી વળે છે તેની કોણ ના પાડી શકે ?

પોતાના બંધુઓના દુઃખમાં સારું જીવન ગાળી તેમની ગરીબીને–આપત્તીને પોતાની ગણી તેમા ભાગ લેનાર ગાંધીજીના ગરીબો ભક્ત જ બની રહે એમાં શક શો ? સર્વે પ્રત્યેના સમાન ભાવથી જનસમૂહ મહાત્માજી પ્રત્યે ખેંચાય એમાં આશ્ચર્ય શો ?

ગરીબ જનસમૂહની આ જાગૃતી ઘણી અર્થસૂચક છે. કાર્લાઇલ્સ લખે છે કે ફ્રેન્ચ વિપ્લવ પ્રસંગે જનસમૂહે અમલદારો અને કારકુનોને કહ્યું હતું કે જો તેઓ સરકારનો પક્ષ તજી લોકોનો પક્ષ નહિ લેશે તો હવે પછીના સરકારી નોંધ–પત્રકો ના પાના માટે તેમનીજ ચામડીનો ઉપયોગ કરવામાં આવશે.

આજે હિંદમાં રાજકીય, સામાજીક અને ધાર્મિક યુદ્ધ ચાલી રહ્યુ છે. હિંદીઓ શાંતિપ્રિય છે. અસહયોગમાં અહિંસાનું તત્વ પ્રધાન છે એટલે ફ્રેન્ચ વિપ્લવ જેવું તો અહિં ન થયુ જોઇએ.


૧૯૧૯ મા પંજાબમાં રમખાણ પ્રસંગે મી. એન્ડ્રુઝે એક અમલદારને શાંતીઅર્થે દંડક કરવા કહ્યું. અમલદારે કહ્યું, આ વિગતોથી ભરપુર નોંધ પોથીઓ જુઓ" આ સાંભળી મી. એન્ડ્રુઝે તો ફ્રેન્ચ વિપ્લવના પ્રસંગનીજ યાદ આપી છે.

શ્રીમંતાઇ ને ગરીબાઇના સંયોગ માટે સાદાઇ અને ત્યાગ પ્રીતિની જરૂર છે, મી. અબ્બાસ તૈયબજીએ ખાદી ધારણ કરી અને પછી મહાત્માજીને લખ્યું

"આ ફકીરના વસ્ત્રોએ બધી અડચણો દુર કરી છે. હવે સ્ત્રી પુરૂષો મને મળવા મુદલ અચકાતાં નથી. વિદેશીય લેબાસ મને જનસમૂહથી કેટલો વેગળો રાખતો તે હું જલદી જાણતે તો ?"

સરકારે જાણવુ જોઇએ કે દેશનો આત્મા ખળભળી રહ્યો છે–અને દમનનીતિ ખરો ઉપાય નથી.





# મ્હારી લેખિકા પત્નિ.

લખનારઃ—મી. જી. પી. શ્રીવાસ્તવ, બી.એ., એલએલ.બી.

ચિત્રકારઃ મી. મુંદરરાવ ગોરક્ષકર.

સ્થળ—સડક.

મી. દિલજલા વર્તમાનપત્રોનું પડીકું લઇ પ્રવેશ કરે છે.

દિલઃ—વર્તમાનપત્રોવાળા સાથે કોણ જાણે શું દુશ્મની હતી કે મારી ખાસી ભલી સ્ત્રીને લેખિકા બનાવી સત્યાનાશ વાળી નાંખ્યું. લોકો કહે છે ખુશીની વાત છે કે તારી સ્ત્રી આટલે દરજ્જે કાબિલ થઇ. હું કહું છું કે મ્હારા શત્રુઓની સ્ત્રીઓ પણ એવી કાબિલ થઇ જાય! હું ભુખ્યો તરસ્યો ઓફીસથી ઘેર આવ્યો અને તે કમબખ્તે એ નાદિરશાહી હુકમ કરી પાછો પગે કાઢ્યો કે હમણાંજ જઇને કોઇ સારા લેખક પાસેથી કવિતા અથવા લેખ લખાવી મારા નામે છપાવવા "નવીન પત્રિકા"ના શીરનામે રવાના કરી પછી ઘરમાં પગ મૂકો. કારણ કે તમે ઘેર આવી રકજક કરી મારૂં મગજ બગાડી નાંખ્યું, અને મેં વિચારેલું કાવ્ય આ ગડબડ ગોટાળામાં ભુલાવી દીધું. હે ઇશ્વર! હવે હું લેખક શોધવા ક્યાં જાઉં! જ્યાં જોઉં ત્યાં હરકત જ નજરે પડે છે. કોઇ કહે એકાદ પુસ્તક લાવો તો મૂળ લેખકનું નામ સફા ચટ ઉડાવી આખું અવળું ભાષાંતર કરી દઉં. કોઇ કહે બેચાર લેખ લાવો તો તેના પગ માથું ભેગાં કરી સફાઇથી એક નવો લેખ તૈયાર કરી આપું, અને ભાષા એવી કઠણ મૂકી દઉં કે ન કોઇ વાંચે અને ન કોઇ અર્થ કરે કે જેથી ભેદ ખુલી જાય. પણ આ વખતે હું પુસ્તક કે બેચાર લેખો ક્યાંથી લાવી શકું? ભૂખથી પ્રાણ નીકળી જાય છે. વર્તમાન પત્રોના બંડલ! હવે તો તારો આસરો છે. ચાલ તને ગાંધીને હવાલે કરી જે મળે તેમાંથી થોડું ગોળ ખાઇ પાણી તો પી લઉં. એજ કારણે ઘરમાંથી તારી ચોરી કરી છે. આગળ જોયું જશે. હે પ્રભુ કોઇ લેખકથી મેળવી દે જે મારી મુશ્કેલી ટાળી શકે!

( ગડબડનું આવવું. )

દિલ—કેમ ભાઇ, તમે કોણ છો?

ગડબડઃ—હું સમજ્યો. આપ મનેજ કંઇ પૂછી રહ્યા છો. ભૂલ થઇ ગઇ. માફ કરજો સાહેબ!

દિલઃ—હા હજરત જરા સાંભળો. હું આપને જ પૂછું છું.

ગડબડઃ—( અહીં તહીં જોઇને ) શું મને બોલાવો છો?

દિલઃ—હા સાહેબ, હા. આપ મને કોઇ કવિનું ઠેકાણું બતાવી શકશો!

ગડબડઃ—એક નહિ સેંકડોનાં.

દિલ—તો મહેરબાની કરી બતાવો કે એ લોકો ક્યાં મળશે?

ગડબડઃ—સીધા પાગલખાનામાં ચાલ્યા જાઓ!

દિલઃ—અને લેખકો?

ગડબડઃ—કોફી હાઉસમાં અથવા દરિયા કિનારે.

દિલ.—મશ્કરી મુકી દો. હું સાચું કહું છું કે મને એ લોકોની સખ્ત જરૂર છે.

ગડબડઃ—હું પણ સાચું જ કહું છું. તમે ત્યાં સુધી જવાની તસ્દી તો લ્યો પછી મારા કહેવાની સચ્ચાઇ કે જુઠાઇની ખબર પડશે.

દિલઃ—મને વિશ્વાસ નથી આવતો.

ગડબડઃ—હું તો પ્રથમથી જ સમજતો હતો કે તમે મને નથી પૂછતા. નહિ તો વિશ્વાસ ન આવે એ બને જ કેમ ?

દિલઃ—(સ્વગત) અજબ ખોપરીનો માણસ છે, પરંતુ એના એ અજબ દિમાગમાં જ મારા મતલબની વાત દેખાય છે. (પ્રકટ) કેમ ભાઈ ચાલતા થયા ? અરે મને ગોટલું તો બતાવતા જાઓ કે હું કવિઓ અને લેખકોને કેવી રીતે ઓળખી શકું ?

ગડબડ—શું કહ્યું ? કેવી રીતે ઓળખી શકું ? બહુ જ સહેલી તરકીબ છે. સાંભળો ! કવિઓની આંખ ખોપરીમાં હોય છે જેથી તેઓ આસ્માન શિવાય બીજી કોઇ વસ્તુ જોઇજ શકતા નથી. અને લેખકોની આંખો પાછળ હોય છે એટલે તેઓ પાછળની વાતો જ જુએ છે. આંખ સ્હામેની વસ્તુ તેમની નજરે જ નથી ચ્હડતી.

દિલઃ—આ તો બાળપણમાં સાંભળેલી ભુતોની વાતો જેવી છે. માણસોની એવી વાતો તો નથી સાંભળી.

ગડબડઃ—તો એ લોકો માણસો જ ક્યાં છે ?

દિલઃ—તો પણ મારૂં કામ આવી વાતોથી નહિ થાય. મને સાફ સાફ બતાવી દ્યો કે આજ કાલના અપ-ટુ-ડેટ કવિઓની શું પહચાન છે ?

ગડબડઃ—સાંભળો. જેની આખી ઉમર ગંવારી બોલી બોલવામાં ગુજરી હોય, જેણે જીવન ભરમાં એકવાર પણ ખરૂં કાવ્ય નથી સાંભળ્યું, જેણે સ્વપ્નમાં પણ ભાષાની ખુબી અને ખુમારીનો સ્વાદ નથી ચાખ્યો, જેઓ કવિતાનો આદર્શ માત્ર શબ્દોને બેસાડવાનોજ સ્હમજ્યા હોય, અને પદ બેસાડવામાં ભલે વ્યાકરણનાં કટકા બુચકા થઇ જાય, ભાવ અને રસ ભલે ખાખમાં મળી જાય, એ વાતોની જે પરવા ન કરે, જે દિલના અનુરાગપર કવિતાને કાયમ કરવાને બદલે ગમે ત્યારે અને ગમે ત્યાં ખુદ કવિતા પર હુમલો કરવાને તૈયાર રહે. પદ બેસાડતાં કાનથી બીલકુલ કામ ન લેતાં માત્રાઓને ગણી ગણી મૂકે અને પચીશ પચાશ વખત શબ્દોનો ફેરફાર કરે, જુના શબ્દોથી જ્યાં કામ ન ચાલે ત્યાં તરત નવા અનાડી શબ્દોની ભરતી કરી લે. એટલાથી પણ કામ ન ચાલે તો સમાસનું પ્રેસીંગ (દબાવ) કરતા જાય. એટલે સુધી પણ ઠીક ન પતે તો ઉપસર્ગોના અહીં તહીં ઘોંચપરોણા કરે. હજી ચણું ઢીલું રહે તો એકાદા સીધા પુરાના બેગુનાહ અક્ષરની ટાંગ નિર્દયપણે લંબાવી જરૂર પ્રમાણે ગોઠવી દે. જો મામલો બ્હેકી જાય તો બેએક શબ્દોને સીકડી બાંધી કવિતાના સંચામાં ખોસી સરખા કરી કવિતા મેન્યુફેક્ચર કરી નાખે એ આજ કાલના અપ-ટુ-ડેટ ખડી બોલીના-ગદ્યાપદ્ય કવિઓ કહેવાય છે.

દિલઃ—ઓ હો ! જ્યાં આવો દબાવ, અને ટુંર્સહીસ થાય ત્યાં ભાવ, રસ અને લાલિત્ય ક્યાં રહી શકે ?

ગડબડઃ—પણહમણા કવિતામાં રસ અને ભાષાની ખુબીની જરૂરત પણ શું છે ? એ તો હવે પુરાની ફેશનની વાત થઇ.

દિલઃ—એ કેમ ?

ગડબડઃ—જેમ જલપાનમાં મધુર અમૃતીનું સ્થાન સુકી રોટીના ટોસ્ટે લીધું; ઠંડાઇની જગ્યા સોડાએ લીધી. અત્તરની જગ્યા લવન્ડરના પાણીએ લીધી, બેલા અને ચમેલીની જગ્યા વિલાયતી ફુલોએ લીધી, તેમજ કવિતાની જગ્યા હમણા તુક બન્ધીએ લઇ લીધી છે.

દિલઃ—તમે કંઇક વિચિત્ર અર્થની વાત કરો છો.

ગડબડઃ—એ કેમ?



મગનઃ—નહિં ભાઈ હું કસમ ખાઈને કહું છું કે હું કવિ નથી.
રિપ.—અને હું પણ કસમ ખાઈને કહી શકું છું કે આપ કવિ નહિં તો લેખક જરૂર છો

દિલઃ—કેમકે તમારી ઘણી વાતો મારી સ્હમજમાં ઉતરતી નથી. જેવી કે વ્યાકરણના કટકા, ચુથકા કરવા પ્રચલીત શબ્દોની ખેંચતાણ કરવી, નવા શબ્દોને અનાડી કહેવા.

ગડબડઃ—વર્તમાનપત્રો વાંચ્યા કરો ! એ વાતો ભરપૂર જોશો. બધી પોતાની મેળે સ્હમજમાં આવી જશે.

દિલઃ—પણ હમણાં કંઈક તો સ્હમજાવો.

ગડબડઃ—હું શું સ્હમજાવું ? હું કંઇ કવિ નથી. પણ હજારો હજાર ગુરૂના છે. આજકાલના કવિકુલ દીપકોના જેમણે આમ કરી દુનિયાને બતાવી આપ્યું છે કે દરેક માણસ કવિ થઇ શકે છે. કવિ કુદરતી નહિ પણ બનાવટી થઈ શકે છે. એ લોકોએ એમ પણ ડંકો વગાડીને જાહેર કરી દીધું છે કે ખડી બોલી કે કોઇપણ બોલીમાં કવિતા કરવામાં તેની કંઇ ખાસ લાયકાતની જરૂરજ નથી. જે માદરી જબાન હોય કે નહિં હરએક શબ્દનું તોલ કે માપ એટલે કે તેમાં કેટલી શક્તિ છેઅને બીજા શબ્દો સાથે મળવાથી તેની શકિત કેટલી વધે છે અથવા કેટલું કમિપણું આવે છે, એનાથી કયી ભાવનાઓ વધારે ઠીક પ્રકટ કરી શકાય છે, કયા શબ્દોના સાથે મેળ ઠીક થાય છે, અને કયા બે મેલ કઠોર થઈ જાય છે, આ સર્વ વાતોની જરૂરીયાત હાલ જૂદી કરી નાંખવામાં આવી છે. આ બધા ઝગડા બખેડા હતા. એ વાતો ઉપયોગી હોવાનો એક સમય હતો.

દિલઃ—મને માફ કરજો. એક વાત વધુ સ્હમજાવી દો. જ્યારે આ વાતોની જરૂર હતી ત્યારે કેમ હતી ? કવિતામાં માદરી ભાષા અથવા એ ભાષાની લાયકાત અને શબ્દોના મેળ માપથી શું ફાયદો થઇ શકે છે ?

ગડબડઃ—વાહ જનાબ વાહ તમેં તો બાવની ખાલ ઉતારવા માંડ્યા. 'કાંટાઓ દૂર થઈ ગયા. હવે દાટેલા મુરદાને કાં ઉખેડો છો ? છતાં સ્હમજો, જ્યારે તમે વાતો કરો છો ત્યારે શબ્દો દ્વારા બીજાના મન પર તમારા મનના ભાવો ઠસાવો છો. પણ કેવળ તમારા શબ્દો ભાવ દર્શાવી શકતા નથી. અવાજનો ઉતાર ચઢાવ, ચહેરાની રંગત, હાથની ચેષ્ટાઓ, આંખના ઇશારા એ સર્વ તમારા ભાવ પ્રકટ કરવામાં મદદ કરે છે. પણ જ્યારે તમે પત્રમાં કોઇને, તમારા દિલની હાલત લખવા બેસો છો તે વખતે વાંચવા વાળાની સ્હામે નથી તમારી જાદુ ભરી નિગાહ, નથી દિલને પિગળાવનાર અવાજના ઉતાર ચઢાવ, નથી ચેહરાની રંગત, માત્ર કાગળપર સુકા શબ્દો હોય છે. એ શબ્દોપર જ ભાવોનો આધો ઓજો હોય છે. જ્યાં સુધી તમને ભાષાનું પુરૂં જ્ઞાન ન હોય, અને શબ્દોની અસર પારખવામાં તમે પૂરા કામિલ ન હો,ત્યાં સુધી કેવળ શબ્દોનો આસરો લઇ તમે તમારા દિલનો હાલ ઠીક રીતે જાહેર નથી કરી શકના. માદરી ભાષા હોવાથી એટલો લાભતો ચોકસ થાય છે કે આપણે ખાસ પ્રયત્ન કર્યા વિના શબ્દોની શક્તિ અને કોમળતા પોતાની મેળે જ શીખતા જઇએ છીએ. અને જે વખતે જેવી ભાવના અંતરમાં હોય છે તે વખતે તે જાતના શબ્દો પોતાની મેળે બોલાય છે. તો પણ તે વધારે ખૂબીથી આપણે દર્શાવી શકીએ એટલા માટે લાયકાતની જરૂર છે. કવિતા તો ભાવનાઓની જ રમત છે. જ્યાં સૂધી કવિ ભાષાને મૂઠીમાં નહિં કરી લે ત્યાં સૂધી તેના દિલમાં કંઇક હશે અને શબ્દમાં કંઇક આવશે. ભાવ દિલના દિલમાં રહી જાય છે. જો ભાષામાં ખૂબી ન હોય તો ભાવ ક્યાંથી આવે ? જો ભાવ ન આવે તો રસ કયાંથી હોય ? દુનિયામાં એવી કઇ ભાષા છે જેમાં રસ ન આવી શકે ? કહેવા વાળો જોઇએ. રસનોતો સાગર ઉભરાય છે. ભલે ખડી બોલી હોય કે પદ બદ્ધ.

દિલઃ—બસ જનાબ બસ. મેં આપને ઓળખી લીધા. આપ જ કવિ છો. અગર કવિ નહિ તો લેખક હોવામાં તો કંઇ શક જ નથી.

ગડબડઃ—એ કેમ !

દિલઃ—તમારી વાતોથી.

ગડબડઃ—( સ્વગત ) પ્રભુ ! બંબોલાનાથની સંગતની મારાપર અસર તો નથી થઇ !

દિલઃ—આપના વિસ્મય અને વિચાર સાફ જાહેર કરે છે કે આપ કોણ છો.

ગડબડઃ—નહિં બાઇ હું કસમ ખાઇને કહું છું કે હું કવિ નથી.

દિલઃ—અને હું પણ કસમ ખાઇને કહી શકું છું કે આપ કવિ નહિં તો લેખક જરૂર છો.

ગડબડઃ—( ચાલતો થાય છે ) આજકાલ કોઇની સાથે વાતો કરવી એ પણ મુસીબત છે.

દિલઃ ( પાછળ જાય છે ) ચાલો જ્યાં જવું હોય ત્યાં હવે તો આપ ને મૂકી નથી શકતો. સદ્ભાગ્યથી આપનો મેળાપ થયો છે.

ગડબડઃ—( ઊભો રહી ) ઠીક, પણ લેખકને મળી તમે શું કરશો ?

દિલઃ—પ્રથમ તો તેમની પાસે હાથ જોડીશ. ઇજ્જત કરીશ. ખુશામત કરીશ. પછી–

ગડબડઃ—( પાછો ફરી ) વાહ વાહ ! લાવો હાથ આટલો વખત સુધી કેમ ન કહ્યું !

દિલઃ—હું તો પ્રથમ જ આપને ઓળખી ગયો હતો.

ગડબડઃ—અને મેં પણ હવે જાણી લીધું કે આ વખતે લેખક બનવામાંજ મજાહ છે.

દિલઃ—ઠીક પહેલાં કૃપા કરી આપનું નામ તો બતાવી દો !

ગડબડઃ—અરે નામ ન પૂછો, નહિં તો અહીંથી જ ગડબડાધ્યાય શરૂ થઇ જશે. એટલી જ સાબીતી બસ છે કે આ લેખો ( લેખોનું બંડલ બતાવે છે ) મારા લખેલા છે, અને રોજ આટલા લેખો દફતર ખાતાને હવાલે કરૂં છું.

દિલઃ—(પરબીડીયાં જોઇ) શું આપજ મહાત્મા બંબોલાનાથ છો ?

ગડબડઃ— જે સમજો તે.

દિલઃ—તો એક લેખ મને પણ આપી દો !

ગડબડઃ—( સ્વગત ) આ તો ભૂંડું થયું.

દિલઃ—હાથ જોડી કહું છું કૃપાળુ જરૂર લખી આપો.

ગડબડઃ—એથી પણ વધારે ભૂંડું ! ચાલો ઇમ્તીહાન લેવા લાગ્યો.

દિલઃ—હું આપના પગપર ટોપી મૂકું છું.

ગડબડઃ—બસ જનાબ આપની ખુશામત વાપસ લ્યો નહિ તો મારે બંબોલાનાથની પદ્દિ વાપસ કરવી પડશે.

દિલઃ—ગમે તે થાય પણ લેખ લીધા વિના હું તમારો પીછો છોડવાનો નથી.

ગડબડઃ—કેમ સાહેબ, આપ કોઇ નવા સંપાદક તો નથી ને કે સૌની પાસેથી મારી મારી લેખ લખાવતા ફરો છો ?

દિલઃ—નહિં બાઇ અસલ વાત એ છે કે મારા બીબી સાહેબાને પહેલાં ફક્ત અખબાર વાંચવાનો શોખ હતો. વાંચતાં વાંચતાં થોડા દિવસ થયા પોતે લેખિકા થવાની ધુનમાં આવી. ત્યારથી ભોજન વિગેરે બનાવવાનું છોડી તે લેખજ લખવા મંડી પડી. આજ સવારથીજ કવિતા કરવાની ઉત્કંઠા એકદમ વધી ગઇ. ચાર કલાક સરખું માથું ફેડયું અને એકપર બેચાડીશકી ત્યાં આફતનો માર્યો હું ઘેર જઇ ચઢ્યો. જરા રકજક થઇ, આ ગોલમાલમાં તે ગોઝેલ પદ ભૂલી ગઇ. પછી તો જનાબ ન પૂછો વાત ! તે રોવા લાગી અને કહ્યું કે સવારની હવાલમાં લેખ કેમ મોકલી શકું ! તમે આવી મારૂં દિમાગ એવું બગાડી નાંખ્યું કે હવે તેમાં એક શબ્દ પણ નથી પેસતો હાય ! કવિતાને બદલે એક લેખ પણ મોકલી શકત તો ચાલતે આ જોઇ મારી બોબડી બંધ થઇ ગઇ. મેં તેની સાથે વાયદો કર્યો કે લેખ જેમ બને તેમ આજજ કોઇ સારા લેખક પાસે લખાવી તારે નામે મોકલી પછી ઘેર આવીશ. એટલા માટે બાઇ આપની આટલી ખુશામત કરી રહ્યો છું.

ગડબડ:—જુદું તદ્દન જુદું. તમે તો લેખ પોતે પણ લખી શકો છો.

દિલ:—શું કહ્યું ?

ગડબડ:—તદ્દન સાચું. એવી તરફીણ બતાવું કે લેખનો લેખ તૈયાર થઈ જાય, બીબી બન્ને વખત રાંધી તમને જમાડે (સ્વગત) અને મારા ઉપરથી તમારી આ બલા ટળે.

દિલ:—પણ હું લેખ કેમ લખી શકું ?

ગડબડ:—આજે તમારા ઘેર જે વાતો બની છે તે તો યાદ છે ?

દિલ:—શબ્દે શબ્દ.

ગડબડ:—બસ એજ તમે 'મરદાની ઔરત'ના નામે લખી નાંખો. એને માટે તમારી ઘરવાળીથી વધારે સારૂં ચરિત્ર બીજું કયાં મળે તેમ છે ! અને તેનો ફોટો પૂરેપૂરો તમારા શિવાય બીજો કોણ ખેંચી શકે ? કેમ કે જે વાતો દિલમાંથી નીકળે છે તે દિમાગમાંથી પેદા નથી થઇ શકિત આ હેવાલ લખી તમારી સ્ત્રીના નામે મોકલો. તે પછી એ લેખપર ખૂબ ગરમાગરમ સમાલોચના લખો. એનો લખનાર પણ તમારા પ્રમાણમાં વિશેષ પક્ષપાતી બીજો નહિં મળે. અને સમાલોચકોને માટે આજ કાલ પક્ષપાથી થવું બહુ જરૂરી છે. સાહિત્યની દૃષ્ટિથી ગુણદોષની પરીક્ષા કરવા લાયકાતની બહુ જરૂર હોય છે એટલે સમાલોચકોએ પક્ષપાતથી લાયકાતનું કામ લેવા માંડયું છે. એ રીતે તમે તમારા દિલના બધા ઘખારો એ લેખની લેખિકાપર કાઢી શકશો. એમ લખજો કે આ લેખિકાએ **મરદાની ઔરતનું** ચરિત્ર આલેખવામાં સખ્ત ભૂલ કરી છે. સ્ત્રીઓમાં આટલી બેશરમી, કઠોરતા, નિર્દયતા, મરદાનિયત કોઇ કાળે ન હોઈ શકે. આમાં કોઇ એવી વાત નથી જે સ્ત્રીને સ્ત્રી બનાવી શકે. આ બધું લખી મહાત્મા બંબોલાનાથ એટલે મારા નામે કોઇ દૈનિક પત્રમાં મોકલી આપજો અને સાથે એવી સૂચના કરજો કે પેલી ચર્ચા છપાઇ ગયા પછી જ એક દિવસે એ સમાલોચના પ્રસિદ્ધ થાય. પછી એવી સેંકડો સમાલોચનાઓ બીજા બીજા પત્રોમાં પોતે લખાશે. કારણ કે કુવામાં એક મેંઢું પડતાં બધા મેંઢા આંધાધૂંધે તેમાં જઇ પડે છે. મેંઢાનો ન્યાય આજકાલના આપણા સમાલોચકોમાં ઠીક સચવાઇ રહ્યો છે. આ બન્ને લેખો છપાતાં ઈશ્વર કરશે તો તમારો બગડેલો ઘરસંસાર સુધરી જશે. પછી શ્રીમતીજીને કોઇવાર લેખ લખાવવાની જરૂરત નહિં પડે.

દિલ:—પરમાત્મા કરે એવું જ થાય ! પણ બગડેલો મામલો કેમ સંભાળાશે તે સમજમાં નથી આવતું.

ગડબડ:—બસ હવે મ્હેરબાની કરી જાન છોડો, અને બતાવ્યું છે તેમ કરો. રૂપના ઘમંડી કલ્પના હાથમાં આરસી આપી ઘમંડ દૂર કરો. પોતાના ચમન અને આરામના રસ્તામાં ઉગેલા કાંટાને ઉખેડી દૂર કરો અને સાહેબ, મારી સલામ કબુલ કરો !

(જાય છે.)

દિલ:—સલામ ભાઈ સલામ.



## "હું ચાહું છું"—"હું ચાહું છું:"

## વ્હાલી ! કહે—વ્હાલી ! કહે.

લખનાર:-રા. ચન્દ્રશંકર નર્મદાશંકર પંડ્યા.

હું ચાહું છું-હું ચાહું છું
—હું ચાહું છું આવેશથી
જો ચાહું હું વ્હાલી ! ત્હને
તો "ચાહું છું" કહું કાં નહિ ?
ઉભરાય અદ્‌ભુત વ્હાલથી
—કાં દિલ ના ખાલી કરૂં ?
દિલ "ચાહું છું" કહેવા ચહે
તો મૌન હું શાને ધરૂં ?
શું સ્નેહની મીઠાશ કે
મૂગા રહ્યે વધતી હશે ?
શું સ્નેહની કે ચાહિની
"ચાહું" કહ્યે કમતી થશે ?
જો સ્નેહીને ચાહ્યા વિના
ના ચેન સ્નેહીને પડે,
તો શી મઝા પડતી હશે
સંતાડવામાં સ્નેહને ?
"હું ચાહું છું"-"હું ચાહું છું:"
દિલ શબ્દ એ સુણવા ચહે;
કાં દૂર આમ થતી પ્રિયે !
પ્રિય શબ્દ એ કાં ના કહે ?
શી મૌન દે તુજને મઝા ?
મુજને ખરે ! એ મૂંઝવે;
"હું ચાહું છું"-"હું ચાહું છું:"
વ્હાલી ! કહે-વ્હાલી કહે.

ચાહનાગાર, ગિરગામ,
મુંબાઈ,
તા.૨૮:૧૨:૧૯૨૦,



# દુર્ભાગી આયર્લેંન્ડ.

લેખકઃ–રા. રંગીલદાસ મ. કાપડીઆ.

**આ**યર્લેન્ડમાંથી આયરીશ સ્વત્વપણાનો જે રીતે નાશ કરવા પ્રયત્નો થયા છે, આયર્લેન્ડના ખીલતા 'યૌવનનો' જે રીતે ધ્વંસ થયો છે એ આપણાં હૃદયો કંપાવે છે, આપણામાં અનુકંપા ઉત્પન્ન કરે છે; જ્યારે આયર્લેંડના પુત્રોએ–ત્યાંની વીરાંગનાઓએ સ્વાતંત્ર્ય યજ્ઞપર જે બલીદાન આપ્યું છે તે આપણી પ્રશંસા ખેંચે છે. એ અત્યાચારોનો વિસ્તૃત ઇતિહાસ મુંબાઈના જાણીતા દૈનિક અને સાપ્તાહિક હિન્દુસ્થાનમાં ગયે જ મહિને મેં લખ્યો છે એટલે આજે આયર્લેંડના એ ઇતિહાસનો એક જુદો જ સફરો હું આપવા ઈચ્છું છું. આયર્લેંડમાં લશ્કરી કાયદાના અમલ હેઠળ સભ્ય નાગરિકને રહેવું આજે કેટલું મુશ્કેલ થઈ પડ્યું છે. એનો ખ્યાલ લશ્કરી દોર હેઠળ ગયા સાલના હિંદમાંના અમલના અનુભવી હિંદીઓને સહેજ આવશે.


આજે આખા આયર્લેંડપર ભયની છાયા પથરાઈ રહી છે. જ્યારે સીનફીનરો શાહી લશ્કર સામે લડાઈ ચલાવી રહ્યા છે ત્યારે સીનફીન સામે સરકારી ફોજ અને પોલીસ એટલી જ સખ્ત દમનનીતિનો આશ્રય લઈ બેઠી છે, આ ત્રાસ વચ્ચે સુલેહશાંતિમાં રહેવા ઇચ્છનારા શહેરીઓ બિચારા પોતાના પ્રાણ પોતાના હાથમાં લઈને–હરઘડીએ મરણની ધાસ્તીએ ધ્રુજતા–ફરે છે.

કોઈ પણ વ્યક્તિ એ જાણી શકતી નથી કે કયી ઘડીએ એનાપર ધાડ આવે; અને પોતાની હીલચાલનો, પોતાના રાજકીય વિચારોનો હિસાબ સરકારના જાસુસને આપવો પડે. એને ફક્ત વહેમના આધારે પકડવામાં આવે. કોઈ અણજાણ્યો મનુષ્ય ટીકીટીકીને જુએ તો બિચારાને આખો દિવસ ગમગીનીમાં–બેચેનીમાં–ગાળવો પડે. આયર્લેંડમાં પ્રત્યેક મનુષ્ય આ પ્રકારની મનોવેદના ભોગવે છે, અને ખાસ કરીને ત્યાંનો સ્ત્રીસમાજ હરએક દેશની સ્ત્રીઓની માફક પોતાના મરદોની સહીસલામતી માટે આખો વખત બેચેન રહે છે.

સરકારની સશસ્ત્ર ફોજ 'મીલીટરી' 'રોયલ આયરીશ, કોન્સ્ટેબ્યુલરી' 'ઑક્ઝીલીઅરી આર આઇ–સી. કોન્સ્ટેબલો' અને કેડેટની બનેલી છે, જે સઘળા સાચા અમલદારો છે એમની વિરૂદ્ધ, 'આયરીશ રીપબ્લીકન આર્મી'–કે જે સીનફીનનું લડાયક બળ છે, અને જેના સભ્યો કોઈ જાતનો ખાસ પોષાક ન પહેરવાના પ્રભાવવગે સાધારણ નાગરિકોની માફક જ ફરતા રહે છે.

દક્ષિણનો મોટો વિસ્તાર સરકારી કાયદાના અમલ હેઠળ છે, અને ઘણાં ખરાં નગરોમાં સાધારણ રીતે રાતના દશ વાગ્યાનો–અને કેટલેક સ્થળે એથી પણ જલદી–સમય નક્કી કરવામાં આવ્યો છે કે જ્યારે ઘંટનાદ થતાં જ નગરજનોએ પોતાના ઘરમાં ગોંધાવુંજ જોઇએ. બેશક આમાં કેટલાક અપવાદો હોય છે, પાદરી મરણ પામતા માણુસ પાસે હાજર થઇ શકે, દાકતર માંદાની મુલાકાતે જઇ શકે અને કેટલાક ગ્રામના માણુસો પણ બહાર જવાનો પાસ ધરાવી શકે.

આ છુટછાટ રાખવામાં આવેલી હોવા છતાં, નાગરિકોનાં દુઃખો તો એટલાંજ રહ્યાં છે. દાખલા તરીકે હમણાંજ ડબ્લીન નગરના એક સાંજના દૈનિકે એ નગરના ડાકટરોની મીટીંગ બોલાવી એમને રાત્રીના 'કરફ્યુ' દરમ્યાન જો એમને જરૂરી પ્રસંગે બોલાવવામાં આવે તો એઓ શું કરે એ પ્રશ્ન કરવામાં આવતાં એમણે સ્પષ્ટ જવાબ દીધો કે કોઇપણ સંજોગોમાં "કરફ્યુ"ના સમય દરમ્યાન એઓ પોતાની જીંદગીને જોખમાવવા તૈયાર નજ થાય. એમની ફરિયાદ એ હતી કે શત્રુની નિરંતર શોધમાં રહેતી સરકારી પોલીસ હમેશાં પહેલાં ગોળીબાર કરીને પછીથીજ તપાસ કરવાની રૂઢિનો આશ્રય લે છે.



મી એડવર્ડ ડી. વેલેરા

આનું પરિણામ એ કે બિચારા માંદા આદમીઓને ડાકટરી સહાય વિના સડવું પડે છે. એ પણ ખરું કે કોઇ વિરલ નરજ એ કલાકો દરમ્યાન ડૉકટરને કે પાદરીને તેડવા જવાની હિંમત ધરી શકે, કારણ કે આખી રાત મહોલ્લાઓમાં પહેરો સખ્ત ચાલુ હોય છે.

નાગરિકોને બીજી એક વિટંબના પડે છે તે એ કે કેટલીક વખત સરકારી પોલીસ એમને તપાસ માટે કરફ્યુનો સમય વીતી જવા સુધી રોકી

રાખે છે અને પરિણામે એમને પોતે નિર્દોષ સાબીત થવા છતાં ઘેર જતાં રસ્તામાં કાયદાની સખ્તાઇના ભોગ થવું પડે છે. દાખલા તરીકે થેંક્રુક પર એક બીલીયર્ડ હોલ પર દરોડો પોલીસે પાડ્યો અને તેમાં કોઈ એકાદ બે માણસો પાસે શકમંદ કાગળો પકડાયા. પરિણામે આખા મકાનની જડતી લેવાઈ અને તે સાડાદસ વાગ્યા સુધી ચાલી. આમાં જે લોકો એમ સિદ્ધ કરી શકયા હતા કે પોતે કોઈ કાવતરામાં સંડોવાયલા ન હોતા એ પણ ફરજીઆત ત્યાં રોકાયા. જ્યારે એ ઘેર જવા નિકળ્યા કે એમાંના મોટા ભાગને લશ્કરીઓએ રાત્રીના બહાર નીકળવાના ગુન્હા માટે પરહેજ કીધા. જોકે એમને બીજી પ્રભાતે મુક્ત કરવામાં આવ્યા, પરંતુ એમના ગરીબ બિચારાં કુટુમ્બજનો આખી રાત એમની સલામતી માટે ચિંતા કરતાં મરી ગયા હશે એનો ખ્યાલ સરકારને કયાંથી આવે !

આજ સ્થિતિ નાટક, સીનેમા જેવાં આનંદના સ્થળોની છે. એવાં ઘણાં સ્થળો કાં તો રાત્રીના સાડાદશ પહેલાં પોતાનું કામ બંધ કરે છે કે કાં તો રાત્રીના સાડાદશથી માંડી મળશકે પાંચ સુધી આખી રાત્રી પોતાના ખેલ ચાલુ રાખે છે. છતાંએ સરકારી ફોજ મરજીમાં આવે ત્યારે આવાં સ્થળોએ દરોડો પાડી એમનાં આનંદમાં ખલેલ પાડી શકે છે. આવીજ રીતે એક નાચ વેળા આખો પ્રેક્ષક વર્ગ જ્યાં નાચ જોવામાં મશગુલ હતો ત્યાં એકાએક સીપાઇઓએ હુમલો કર્યો, પ્રત્યેક માણસને "હાથ ઉંચા કરો" નો હુકમ મળ્યો. સ્ત્રીઓ ચીસો પાડી ઉઠી. મરદોના ગજવાં વગેરે તપાસાયાં. એટલેથીજ ન ધરાતાં સ્ત્રીઓની જડતી લેવાનો ઇશારો થયો. એક છોકરી બેભાન થઇ. આ બધાના પરિણામે સીપાઇઓ માત્ર બે જણને કેદી તરીકે પકડી ચાલતા થયા; પરંતુ આવા દશ્યો દરરોજ મહોલ્લાઓ અને ગામડાંમાં બનતાં હૃદય ધડકાવે એવા બનાવો સામે કંઇજ નથી. ત્યાં બિચારા શહેરીઓની હાડમારીઓનો છેડોજ નથી હોતો.

જે ભાગોમાં "લશ્કરી કાયદો" જાહેર થયો હોય તે ભાગોમાં માણસ પોતાના ગજવામાં હાથ નાંખીને ચાલતો હોય તો તે ગોળીબાર થવાનો જોખમ ખેડે છે. કારણ કોઇ વેળા કોઇ માણસોએ ગજવામાંથી રિવોલ્વર કાઢી તેનો ઉપયોગ કર્યાના બનાવો બન્યા હશે. એટલે ગજવામાં હાથ નાંખવો એ ગુન્હો ગણાયો છે. રસ્તે છાપું ખરીદવા, પૈસા કાઢવા અગર રૂમાલ લેવા ગજવામાં હાથ નાંખવો એ પણ ભાગ્યે જ સલામત હોય છે.

સીનફીનરો સરકારી સીપાઇઓને આવતા જોવા માટે અને જતા આવતા માણસો પર દૃષ્ટિ રાખવા માટે પોતાના માણસો મહોલ્લાઓને નાકે હમેશાં ઉભા રાખે છે, એટલા માટે ઘણા નગરોમાં એવી નોટીસ મારવામાં આવે છે કે શહેરીઓએ મહોલ્લાના નાકે ઉભા રહેવું એ જોખમ ભર્યું છે માટે એમ કરતાં ચેતવું અને એ પણ નોંધીશું કે "આર. આઇ.સી" ના માણસો ઘણાંમોટા શહેરોમાં પોતાના યુનીફોર્મ માં આવતા નથી (જ્યારે એ લોકો પોતાની નોકરીપર નથી હોતા એ વખતે) અને "આર. આઈ. ઓ." ના માણસો તો હમેશા આવા સાધારણ પોષાકમાં ફરતા માણસોની શોધમાંજ હોય છે; પ્રસંગ મળતાં ગોળીબાર કરવાની રાહ જોતાંજ હોય છે. આમાં ભૂલો થાય છે અને અંહી પણ ગરીબ નાગરિકોની કમબખ્તી હોય છે.

સરકારી સૈનિકો ફરિયાદ કરે છે. માણસો છુપાયલાં હોવાની જાણ હોવાં છતાં ઘણાં નાગરિકો હમને ખબર નથી આપતા; પરંતુ ખરી હકીકત એ છે કે એમની ખબર આપવાની ઇચ્છા થાય તો પણ એમને તેમ કરતાં ડર લાગે છે ? એ લોકો સારી પેઠે જાણે છે કે એની શિક્ષા શું મળે ! એમ ખબર આપવા જનારા ઘણાએ પોતાની જીંદગી ગુમાવી છે.

હમણાં એક ટ્રામગાડી પર દરોડો પડ્યાના ખબર આવ્યા, એ ઉપરથી એ સમજી શકાય છે કે માણસોને કેવા ત્રાસમાં રહેવું પડે છે. શહેરની ટ્રામ પર ધાડ પાડવામાં આવી અને જેવો પહેલો સૈનિક ટ્રામના બારીબારણે ચડવા લાગ્યો કે એક માણસે પોતાની પડોસમાં બેઠેલી એક, સ્ત્રી ઉપર નીચા નમી એના બ્લાઉઝના અંદરના ભાગમાં પોતાની નાની "બંદૂક" ઘોંચી દીધી. આ તો એટલી ગભરાઈ ગયેલ હતી કે એ તો નાકે હા કંઈ જ કરી શકી નહિ. બધા મુસાફરોની જડતી લેવાઇ, કંઈ મળ્યું નહિ એટલે ટ્રામ ચાલી, પેલા માણસે પોતાનું શસ્ત્ર પાછું મેળવ્યું અને ટ્રામ ઉભા રહેતાં એ ચાલતો થયો.



શહેરની ટ્રામપર ધાડ પાડવામાં આવી, અને જેવો પહેલો સૈનિક ટ્રામના બારીબારણે ચડવા લાગ્યો કે એક માણસે પોતાની પાસે બેઠેલી એક સ્ત્રીના બ્લાઉઝના અંદરના ભાગમાં પોતાની ન્હાની બંદૂક ઘોંચી દીધી.

સીનફીનના રહેઠાણો હોવાનું જણાયલા કેટલાક ઘરોની તો અવારનવાર જડતી લેવાય છે; અને આવી ભૂલથી ઘણાં શાંત ગૃહોની શાંતિનો ભંગ થાય છે. આયર્લાંડના મહોલ્લામાં કેટલીક વેળા બે ઘરપર એકજ નંબર હોય છે અને પરિણામે ગોટાળો ઉત્પન્ન થાય છે. કેટલીક વખત તો માણસની શોધ માટે શિકારી કુતરાઓનો ઉપયોગ થાય છે. અને જો કુતરો ચૂક ખાઇ ગયો કે કોઇ નિર્દોષ શહેરીને પોતાનું ઘર એક નાકાથી બીજા નાકા સુધી સશસ્ત્ર સૈનિકોને તપાસવા દેવું પડે, એને ન્યાય માંગવા માટે તો રસ્તોજ હોતો નથી. જો એ જડતી દરમ્યાન કંઇ નુકસાન થાય તો તેનો બદલો સરકારી રાહે માંગીલે અને એ કેટલો અને કેવો મળે એ આપણે કલ્પી શકીએ.



પ્રભો આસુરને હાથ દીધા છે તો દુઃખ મઝેથી સહીશ સહી પાડ છે.

આ પણ એક સત્ય બીના છે કે એવા લોકો આજે આયર્લેંડમાં વસે છે જે ચાલુ સ્થિતિનો લાભ લઇ પોતાના શત્રુઓને ખાડામાં ઉતારવા મથે છે. પોલીસના મથકોપર નનામા પત્રો મોકલવામાં આવે છે, જેમકે જો અમુક ઘરની જડતી લેવાય તો "આઇ. આર. એ." ના જાસુસો આસામીઓ ત્યાંથી પકડાશે. સત્તાવાળાઓ આવા નનામા પત્રોની અવગણના કરતા નથી. કારણ એમ કહેવામાં આવે છે કે એવી તપાસના પરિણામે જેને પકડવા મુખ્ય મકસદ ચાલતું હોય એવા ઘણા આદમીઓ ઝોળ પકડાયા છે

હોટેલ વાળાઓ અને ભોજનગૃહના માલિકો પણ પોતાને ત્યાં ભોજન લેનારાઓની પસંદગીમાં કાળજી રાખે છે; કારણ કે પોતાને ત્યાં જો વારંવાર ધાડ આવે તો નાહક નુકસાનીમાં ઉતરવાનો સમય આવે ! એમની આટઆટલી કાળજી છતાં પણ આવી ધાડો એ બાબુજ સાધારણ બનાવો થઈ પડ્યા છે, અને એમના "ક્લિફિઝ"માંથી એકાદ બે જણ અવારનવાર પકડાય છે. એક માણસને ટ્રંક પર ખાણું દરમ્યાન પકડવામાં આવ્યો હતો અને કારણ એ કે એનો ચહેરો આયરીશ રીપબ્લીકની આર્મી (આઇ. આર. એ.) ના મુખી અને રીપબ્લીકના બળવાખોર મી. મીહાય ઑગીન્સને મળતો આવતો હતો.

આયરીશ લોકો નિર્દોષ આનંદ પણ સરકારી લોકની આંખમાં ખુંચે છે. ગીતરીતરો પોતાના ચહેરાઓ અને ખરીદા મોકલવા બાઇસીકલનો ઉપયોગ કરતા હોવાથી રસ્તે જતા બધા આયરીશ જુવાનોની જડતી લેવાય, એમના ખાસો તપાસાય એટલુંજ નહિં પરંતુ બાઇસીકલનો દરેકે દરેક ભાગ પૂરેપૂરો તપાસાય. ઠેરઠેર ઠેરઠેર લોકરશાહીને જેમ જ્યાં ને ત્યાં રાજદ્રોહની ગંધ આવે છે, તેમ આયર્લેંડમાં ત્યાંના સત્તાવાળાઓને સિનફીન ચળવળની સહેજમાં ગંધ આવી જાય છે. એક પ્રજાની મરજી વિરૂદ્ધ તેમના પર રાજ્ય અમલ કરતી દરેક સત્તાની આજ સ્થિતિ હોય છે.

સાધારણ નાગરિકની દ્રષ્ટિએ હમણાંજ એક ઘણો ધ્યાન ખેંચનારો બનાવ બન્યો. જે વેળા ડબ્લિનમાં આઇ. આર. એ. ના કેટલાક જાસુસો સપડ્યા અને છુપાવેલાં હથિયારોની એક જબરી ખોળ કરવામાં આવી હતી.

એક પ્રભાતમાં લોકો શહેરનાં ત્રણસો પચાસ એકર જેટલા વિસ્તારના ભાગને કાંટાવાળા તારની વાડ વચ્ચે પોતાને કેદ થયલા જોવા લાગ્યા. કોઇને બહાર જવાની પરવાનગી ન હોતી અને જ્યાં કંઇ રસ્તો દેખાય ત્યાં પહેરેદાર ઉભો રાખવામાં આવ્યો હતો. એ ચોકીમાં માત્ર ટપાલની ગાડી, દુધની ગાડી અને રોટલી વેચનારાઓને દાખલ કરવામાં આવતા. મજુરોને પણ એમના કામપર જવા દેવામાં ન આવ્યા. વેપાર બંધ થયો, દુકાનો બધી બંધ હતી. મજાખડી કરી બાળકોને કારણ એમને શાળામાંથી એક દિવસની વધારાની છુટી મળી.

આ તપાસ કેટલાક દિવસો ચાલી. લેબર એક્સચેંજમાંથી કામ વિનાના માણસોને જે સહાય મળતું હતું તે એમને મળતું અટક્યું. વૃદ્ધ ઉમરના પેન્શન ખાનારાઓને એમનું સાપ્તાહિક સાલીઆણું લેવા જતા અટકાવવામાં આવ્યા. આયરીશ મળની આ દશ શીલીંગ મેળવનારા કેટલાકને તો આ ખરી વિટંબના જ હતી, અને કેટલા દિવસો તો ઘણાને ભુખ્યા જ સુવું પડ્યું. સરકારને એની પોતાની દ્રષ્ટિએ આ જરૂરનું હોવા ન હો. પરંતુ આમાં શાંત સભ્ય નાગરિકોને કેટલી હાડમારી વિના પ્રયોજન ભોગવવી પડે છે એ વિચાર જ આપણને ત્રાસ ઉપજાવે છે.

ચોરી, લુંટ જેવા ગુન્હાઓ પણ વધતા જ જાય છે, કારણ આ અવ્યવસ્થાનો લાભ લઇ ચોર, લુટા-

શાને એ સુગમ પડી ગયું કે પોતાનું કામ કરી લઈ એનો બધો જોખમ સેનિકોપર અને આઇ. આર. એ. ના આદમીઓ ઉપર ઢોળી દેવો. ત્રણ મહિનાની વાતપર ઝવેરીનો ધંધો કરતા એક શહેરીને મુકામે ત્રણ આદમીઓ ગયા અને પોતે છુપી પોલીસના માણસો હોવાનું તથા તે એના ઘરની જડતી લેવા આવ્યા હોવાનું જણાવ્યું. પેલા બિચારાને કંઈ છુપાવવા જેવું નહોતું એટલે એણે પોતાનું આખું ઘર બતાવ્યું. કંઈ જડવા જેવું તો હતું નહિ ! પેલાઓ એની ક્ષમા ચાહી ચાલી ગયા, પાછળથી પાછા આવીને વળી કહ્યું કે "અમને તમારી દુકાન નહિ તપાસવા માટે અમારા ઉપરીએ ઠપકો આપ્યો, માટે તે તપાસવા દેશો ?" આ સ્પષ્ટ કથનથી ભોળવાઇ પેલાએ દુકાન ખોલી. ત્યાંથી પણ આગળની માફક જ પેલાઓ કંઇપણ મેળવ્યા વિના ચાલી ગયા. પરંતુ પાછળથી જણાયું કે બે જણ પેલા વેપારીની હાજરીમાં તિજોરી તપાસતા હતા તે દરમ્યાન ત્રીજાએ ૨૦૦૦ પૌંડની કિંમતની હીરાની વીંટીઓ પર હાથ મારવા તક લીધી હતી. આ ત્રણ "છુપાદૂતો" વિષે પોલીસ થાણાપર કોઈ કંઇ જાણતુ નહોતું.

આમાંએ વળી-વીસ અને ત્રીસ વર્ષની વચ્ચેના યુવાનોના ભાગ્યની વાત જ શી પૂછવી? એમને તો બે પાસેથી માર ખમવાનો ! સરકારી પોલીસ સીનફીન ધારી હેરાન કરે અને સીનફીનરો સરકારી સૈનિક ધારીને.

એમની તપાસ એટલી બધી વખત લેવામાં આવે છે કે ઘણા માણસો તો પોતાનો પત્રવ્યવહાર કોઇ વાંચે એ પસંદ ન હોવાના કારણેજ ગજવામાં એક પણ કાગળ લઇ જતા નથી. પરંતુ પોલીસ તો આને પણ શંકાનું કારણ માને છે, અને એવી દલીલ કરે છે કે જે માણસ પાસે એક પણ કાગળ ન હોય, તેને જરૂર કંઇ સંતાડવું જ હોવું જોઇએ. કેટલીક વખત આવા માણસોને તેમનું ઘર દેખાડવાની ફરજ પાડવામાં આવે છે, જ્યાં ઘરની જડતી લેવાય—છતાં છેવટે પોલીસને કંઈપણ ભાગ્યેજ મળે છે, પરંતુ આ દરમ્યાન તે ગરીબ આદમીએ અર્ધા દિવસનું કામ ગુમાવ્યું હોય છે અને તેને માટે પોતાના શેઠને જવાબ આપવાનો હોય છે.

આયર્લૅન્ડમાં પ્રત્યેક આદમી-પુરૂષ, સ્ત્રી અને બાળક-આ નવીન "અત્યાચાર" હેઠળ ત્રાસમાં વસે છે. આ નાગરિકોને તો આયરીશ યુદ્ધમાં કોઇ પક્ષે લડવાનું નથી હોતું, છતાંએ તેઓ એના તરફ આંખમીંચામણા નથી કરી શકતા. એ તો એમનાપર જબરદસ્તીથી ઠોકવામાં આવે છે અને એમના જીવનનું એક અંગ થઇ પડ્યું હોય છે.

આ કહાણી આયર્લૅંડના શાંત સભ્ય નાગરિકોની ! આયર્લૅંડની સ્વતંત્રતા માટે પ્રાણ પાથરનાર આયર્લૅંડના વીરપુત્રોની કરુણ કહાણી તો એથીએ વિશેષ ત્રાસદાયક છે. આયર્લૅંડને પારકાની ધુંસરીમાંથી મુક્ત કરવા, ગુલામીમાંથી છોડવવા પ્રયત્ન કરનાર આયર્લૅંડના અસંખ્ય પુત્રોએ એ સ્વાતંત્ર્ય યજ્ઞપર પોતાના પ્રાણો બળી આપ્યા છે; સ્વ—મેક્‌સ્વેની જેવાએ અનેક વાર જેલયાત્રા કરી અઢી માસ સુધી ભૂખમરો વેઠી અને જુલ્મીઓના હાથનો ખોરાક લેવા કરતાં મરવું વધુ પસંદ કર્યું. અને આ બધા અત્યાચારો માત્ર અને અરાજકતાને માટે જવાબદાર કોણ ? સમસ્ત આયરીશ પ્રજાની ગરજ વિરૂદ્ધ પોતાની સત્તા જમાવી રાખવાને મથતા સામ્રાજ્યવાદી પ્રધાનોની રાજનીતિ ! એ મુત્સદ્દીઓનો રાજ્યલોભ અને સત્તા લોભ એવો ભયંકર છે કે ન્યાય અને હકકના સાદા સિદ્ધાંતો બાજુએ રખાયા છે. ગયા માસમાં ઈંગ્લન્ડમાં મળેલી કૉન્ફરન્સ બોલાવાતાં, અંગ્રેજની આંખમાં કણીરૂપ આયર્લૅંડના નેતાઓ મહાશય ડી. વેલેરા અને આરથર ગ્રીફીથને એ પરિષદમાં આમંત્રણ ગયાં. એ સર્વ પરથી જગતે આશા રાખી કે આયર્લૅંડનાં દુઃખનો અંત કોઇ સંતોષકારક સમાધાનીમાં આવશે ખરો !

પરંતુ બ્રિટિશ રાજકર્તાઓએ કયારે કોઈને સ્વેચ્છાથી કંઈપણ બક્ષીસ આપવાની ઉદારતા બતાવી છે ! એમની પાસે તો હમેશાં હાથીના દેખાડવાના અને ચાવવાના દાંત જૂદા જ હોય છે. એ ઇતિહાસનો અનુભવસિદ્ધ પુરાવો છે. એક બાજુથી લડાઈ દરમ્યાન નાના રાજ્યોની સ્વતંત્રતા બચાવવાની બડાશો અને આયર્લાંડને એની સ્વતંત્રતા આપવાની આ આનાકાની ! હિંદ અને ઇજીપ્ત પણ એડવર્ડ કમનસીબ ? એની સબળ પુરાવો છે. જોઈએ ! ને ડી વેલેરા આયર્લાંડની પ્રજામાટે—અને જગતની બધીએ પરતંત્રતા ભોગવતી પ્રજા માટે—લંડનની સમાધાન-પરિષદમાંથી કોઈપણ સંદેશો લઈ ગયો હોય તો એજ છે કે "ઇંગ્લાંડની રાજનીતિમાં અન્ય દેશોની સ્વતંત્રતાને સ્થાન નથી. પ્રજાને સ્વતંત્રતા ભીખ માગે મળતી નથી, એ તો દરેક પ્રજા પોતાના બળ વડેજ મેળવી શકે છે અને આયર્લાંડે અનેક ભોગોવડે તે પોતે જ મેળવવી જોઈએ."

---

## વ્યોમવિહાર.

રચનાર—રા. જનાર્દન ન્હાનાભાઈ પ્રભાસ્કર.

( " ઓધવજી સન્દેશો કહેજો શ્યામને " એ રાગ. )

વ્હાલા ! ચાલો કરીયે વ્યોમવિહાર જો !
વીજળીનું કરી અનેરું દોલક,
ધૂમકેતુનું કરી હલેસું હાથ જો;
રસનાદિક માને પ્રિયતમ ! હવેમાં ભમે,
ભુવનારણ્ય પથશું આપણ સાથ જો ! —વ્હાલા !

આભતણાં ઊંચાં ઉડાણો વીંધીને,
આરોહણની બીજ બનાવે વાટ જો;
મહાપ્રાણના જૂદા જૂદા ભોગના
પરિભ્રમણના સુણશું મંજુલ નાદ જો ! —વ્હાલા !

રસભરના સંસારતણાં સુખદુઃખને
ભૂલી સહુ દેઈ બધા આનન્દ જો;
જગજૂના છોડીને મનુસમાજને,
આપણ પરશું કંપ કંપ સ્વર્ગીય સ્વપ્ન જો ! —વ્હાલા !

પતિત ચંદ્રલોક મહાભ ઊતરી,
નિહાળશું મન્દી, શુદ્ધિના રાગ જો
ભુવનાન્તની નીરવતાથી ઝૂંબના
રચિત, વિહરી કરિ ! મુજ એ અભિલાષ જો !—વ્હાલા !

# ઈસ્લામી અમલમાં ધાર્મિક સ્વતંત્રતા.

લખનારઃ—રા. ઈમામ શાહ. ચેલ, આનવા.

જે વખતે અખિલ જગતના તમામ દેશોમાં તેમાં ખાસ કરી યુરોપમાં ધાર્મિક સ્વતંત્રતાનું નામ લેવું તે પણ ગુનો સમજવામાં આવતો હતો, તે સમયે ઈસ્લામી તાબાના મુલ્કોમાં દરેક પ્રકારની ધાર્મિક સ્વતંત્રતા આપવામાં આવતી હતી. હિંદુસ્તાનમાં સહુથી પહેલાં સિંધમાં મુસલમાનોનું રાજ્ય થયું, તે વખતે મશહુર સેનાપતી મોહમદ કાસમે જાહેરનામુ બહાર પાડ્યું હતું ને સર્વેને જણાવી દીધુ હતું કે કોઇના પણ ધર્મમાં હાથ નાંખવામાં આવશે નહિ, અને દરેક માણસનો અધિકાર છે કે તે પોતાના ધર્મના રિવાજો સંપૂર્ણ સ્વતંત્રતાથી પાળે. ત્યાર પછી બ્રાહ્મણોને બોલાવીને તેમને હુકમ આપ્યો કે તેઓ દરેક જણ પોતપોતાના મંદિરો બનાવી લે, અને વધુમાં કહ્યું કે દેશની ઉપજમાંથી જેમ મંદિરોના ખર્ચ પેટે સેંકડે ત્રણ રૂપીઆ પહેલાં મળતા હતા તે મળતા રહેશે.[1]

જ્યારે ખાસ હિંદુસ્તાનમાં મુસલમાનોના ભાગ્યનો સિતારો ચમક્યો ત્યારે ત્યાં આગળ પણ તેમણે ધાર્મિક સ્વતંત્રતાના પ્રશ્નને કાયમ રાખ્યો હતો. આમાં તો ઈન્કાર કરવામાં આવતો નથી કે પહેલવહેલાં હુમલા વખતે લુટસામાં કોઇ હિંદુ રાજા, અથવા દેવળના સામાં થવાથી મંદિરો તુટ્યા હશે; પરંતુ શાન્તિના સમયમાં તેવી વર્તણુક ચલાવવામાં આવી નથી. એટલુજ નહિ પણ મુસલમાનોએ પોતાના તરફથી મંદિરોને ખર્ચ તથા પૂજારીઓના પગાર તરીકે ઘણું જાગીરો આપી મુકી હતી. જો કે યુરોપીયન મુસાફરોએ આંખ આડા કાન કરવામાં બાકી રાખી નથી. તો પણ તેઓ આ વાતમાં તો વિરૂધ પડતાજ નથી.

મુસલમાન[2] બાદશાહોના સમયમાં મંદિરોના સબંધમાં જમીન વકફ આપવી તે નાના પ્રમાણમાં હતી. પણ એવો દાવો કરી શકતા નથી કે તેનો નાશજ કરવામાં આવ્યો હતો.

નવા મંદિરોઃ—મુસલ્માન બાદશાહો ઉપર આ પણ આક્ષેપ મુકવામાં આવે છે કે તેમના સમયમાં નવા મંદિરો બનાવવાની રજા આપવામાં આવતી નોહતી. પરંતુ તે હળહળતું અસત્ય છે. દીલ્હી, આગ્રા, મથુરા, વગેરે સ્થળે ઘણાં એવા મંદિરો હાલ પણ છે કે જે મુસલમાન રાજ્યના અમલમાં બંધાવવામાં આવ્યા હતા. વૃંદાવનના નામાંકિત મંદિરો ગોપીનાથજી મદનમોહનજી, મહાપ્રભુ ચૈતન્યજી ઇ. સ. ૧૪૮૪ થી ઇ. સ. ૧૫૨૮ માં બાંધવામાં આવ્યા છે.[3]

હવે ધાર્મિક સ્વતંત્રતાના સંબધમાં જુદા જુદા ઇતિહાસોના પુરાવા તપાસીએ.

દક્ષિણમાં ધાર્મિક સ્વતંત્રતા—દક્ષિણમાં થઇ ગએલા બાદશાહોના સમયમાં વિધર્મીઓને એક

1 તવારીખે હિંદુસ્તાન

2 કરનલ મુવનેમાર્ગોવેદ બા ૨, પૃ ૪૧૦

( ૩ ) સર સિન્દે પૃ. ૧૬૪ જે સંવતમા ઈ. સ. ૧૯૮૧ મા પ્રગટ થઇ હતી

પ્રકારની સ્વતંત્રતા મળેલી હતી.[૪] ડાક્ટર બરનીઅર પોતાના સફરનામામાં સતીના સંબંધમાં લખી ગયા છે કે[૫] "આના સંબંધમાં મુસલમાન બાદશાહોએ પ્રયત્ન કર્યો છે. અને આજકાલ પહેલાના કરતાં સતીનું પ્રમાણ ઓછું થઇ ગયું છે. અને હાલ પણ આ ભયંકર રિવાજને બંધ કરવા પ્રયત્ન—ચાલુજ છે, જોકે તેને બંધ કરવા કોઈ ખાસ કાયદો ઘડવામાં આવ્યો નથી; કારણ મુસલમાન બાદશાહો હિંદુઓના ધર્મમાં હાથ નાંખવા માંગતા નથી; અને તેમના ધર્મ પ્રમાણે ચાલવા તેમને સ્વતંત્રતા આપે છે. તો પણ તેઓ સતીના રિવાજ ને બુદ્ધિપૂર્વક યોજનાઓ યોજી બંધ કરે છે; તે એવી રીતે કે કોઈ પણ સ્ત્રીને પોતાના ગામના સુબાની રજા વગર સતી થવા દેવામાં આવતી નથી; અને સુબેદારને જ્યારે ખાતરી થાય છે કે સ્ત્રીને તેના પતિની પાછળ ભારે જુલમથી બાળી નાખવામાં આવતી નથી ત્યારે રજા આપવામા આવે છે અથવા તેને સમજાવતાં તે સ્ત્રી ન માને ત્યારે પણ તેને સતી થવાની રજા આપવામાં આવે છે.

દીલ્હીમાં સૂર્યગ્રહણનો મેળો ભરાય છે. તેના સંબંધમાં પણ સદરહુ સફરનામામાં ઇ. સ. ૧૬૬૬ ની મુલાકાતની વારદાતમાં લખ્યું છે કે જો કે મુસલમાન મોગલ બાદશાહોનું રાજ્ય છે પરંતુ જુના રિવાજો સ્વતંત્ર રીતે પાળવા તેઓ બેટલા માટે બંધ નથી કરતા કે તેઓ હિંદુઓના ધર્મ વચ્ચે પડવા નથી માંગતા. તેઓને વચમાં પડવા હિમત થતી નથી

મુસલમાની બાદશાહોના સમયમાં આનાથી વધારે મજબુત સાબેતી કઇ આપી શકાય તેમ છે કે હિંદુઓના ધર્મ પ્રચારકો સંપૂર્ણ સ્વતંત્રતાથી પોતાના ધર્મનો પ્રચાર કરતા હતા; અને કોઈ પણ તેમને આડખિલી નહોતી. અને જ્યાં સુધી તેઓ પોલિટિકલ બાબતોથી અલગ રૈહતા ત્યાં સુધી તેમના ધર્મનું નામ પણ લેવામાં આવતું ન હતું જેમ કે ગુરૂરામાનંદ, બાબા કબીરદાસ, ગુરૂનાનક, મહાપ્રભુ ચૈતનજી, ગોસાંઇ, વલ્લભ આચાર્યજી, બાબા સુરદાસજી, ગોસ્વામી તુલસીદાસજી અને બાબા તુકારામ વગેરેની સ્વતંત્રતા આની સાબેતીમાં મોજુદ છે, અને મુસલમાનોનો કેળવાયલો વર્ગ તેમને માનની નજરથી જુએ છે.

જઝયા વેરો—વિધર્મીઓ ઇસ્લામ ઉપર આપણુ આક્ષેપ મુકે છે કે "તેમણે વિધર્મીઓને કાફર ગણી તેમના ઉપર એક ભારેમાં ભારે જઝયા વેરો નાંખ્યો હતો. અને તે એવો વેરો હતો કે તેનાથી બચવા માટે વિધર્મીઓ મુસલમાન થઇ જતા હતા." આના સંબંધમાં મૌલાના શીબલી સાહેબે એક અલગ પુસ્તક લખ્યું છે, અને એ જુઠા આક્ષેપનો ઉત્તમ જવાબ આપી આ ખોટી માન્યતાનું ખંડન કર્યું છે.

જઝય તે ફારસી શબ્દ ગઝયા ઉપરથી બનેલો છે. અને તેનો અર્થ કર થાય છે. સૌથી પહેલાં નવશેરવાન બાદશાહ જે ઇન્સાફમાં પહેલા નંબરે ગણાય છે. તેમણે આ વેરો ચાલુ કર્યો હતો. અને તે વેરાથી લશ્કરના માણસોને મુક્ત રાખ્યા હતા. મુસલમાનોએ જ્યારે આ વ્યવસ્થા કરી ત્યારે દરેક મુસલમાનને સૈનિક નોકરી માટે મજબુર—લાચાર બનાવવામાં આવતો હતો. જ્યારે બીજી કોમો ઉપર મુસલમાનોનું રાજ્ય થયું. અને તેમના રક્ષણ કરવાનો ભાર તેમના ઉપર આવી પડ્યો ત્યારે તેમને ફોજી સેવા માટે મજબુર કરવાનો ઇસ્લામને કોઇ પણ પ્રકારનો હક્ક ન હતો. તેમજ તેઓ આવી સેવા બજાવવા ખુશી સાથે તૈયાર પણ થઇ શકતા ન હતા. આથીજ આની જરૂર જણાઇ કે તેમના રક્ષણ અર્થે ટેક્સ લગાડવામાં આવે. તેથી તેમના ઉપર કર નાંખવામાં આવ્યો તેજ કરનું નામ જઝયાવેરો છે.

(૪) હિં. મુસ્લમાન સ્ન્તલકાત પૃ. ૧૧૫-૧૧૧. (૫) સફરનામું ડાક્ટર બરનીઅર ભા ૨, પૃ ૧૭૨-૧૭૩.

(૬) સફરનામુ ડા. બ. ભા. ૨-પૃ. ૧૫૭.

સ પ્રસંગે વીસ રૂપીઆ વાર્ષિક ભરવા પડતા ાા. પરંતુ કોઇની પાસે લાખો રૂપીઆની મીલ- ા હોય તો પણ તેની પાસેથી વધારે લેવામાં ાવતું નહિ. વીસ વર્ષની અંદરના અને પચાસ ની ઉપરની વયના, સ્ત્રીઓ, કમાઇ વગરના, ાંધળા, અપંગ, ગાંડા, ગરીબ, અને જેમની સે બસે દીરમથી ઓછું હોય તે સર્વેને આ થી મુક્ત રાખવામાં આવતા હતા. શું કોઇ ગુ માણુસ માની શકે છે કે આવો હલકો રો હિંદુઓને મુસલમાન બનાવતો હતો? જો ંદુઓ પોતાના ધર્મ માટે પ્રાણ આપવા પાછા ાતા નથી તે જ હિંદુઓ આ વેરાથી બચવા સલમાન થઇ જતા હતા, તે કેવી રીતે માની ાય ?

વાચકબંધુથી અજાણ્યું ન રહેવું જોઇએ કે જેમ ંદુઓ પાસેથી આ ફોજી વેરો લેવામાં આવતો ો તેવી જ રીતે મુસલમાનો પાસેથી જકાત ાતી જેના પૂંજી ઉપર સેંકડે અઢી રૂપીઆ ાપવા પડતા તે ઉપરાંત અશરનામે વેરો વધારે માણમાં ભરવો પડતો હતો.

આ બીના ધ્યાનમાં લેવા જેવી છે કે જ્યારે ધર્મીઓ ફોજી સેવા કરવા લાગ્યા ત્યારે તેમને ા વેરાથી મુક્ત રાખવામાં આવ્યા છે. પરંતુ ાથી મુસલમાનો જે વેરો ભરતા હતા તે વેરાઓ મને લાગુ પાડવામાં આવ્યા નથી. 'હિંદુસ્તા- માં કેટલા મુસલમાન બાદશાહ જજીયો લેતા ાને કેટલા બંધ કરી દેતા હતા. અકબરના મયમાં જ્યારે હિંદુઓ ફોજી સેવા બજાવવા ાગ્યા ત્યારે તે વેરો બંધ કરવામાં આવ્યો હતો. ાને ઔરંગઝેબના સમયમાં સતનારાયણ પંથના ાને બીજા હિંદુઓનાં તુફાનોના કારણે પાછો ...

સેવા કરતા હતા તેમને મુક્ત રાખવામાં આવ્યા હતા. માન ઉદેપુરના રાણાસાહેબ જે ફોજી સેવા કરતા ન હોતા તેથી જજીયાના બદલામાં તેમણે પોતાના બે પરગણા માંડલ અને બદરપુર બાદ- શાહને આપ્યા હતા.

હિંદુસ્તાનના મુસલમાન બાદશાહોના ઉપર આ પણ આક્ષેપ મુકવામાં આવે છે કે તેમણે હિંદુઓને જબરાઇથી મુસલમાન બનાવ્યા છે, અને ઇસલામ તેમણે તલવારના જોરે પ્રસાર્યો છે.

ઇ. સ. ૧૮૭૨ મા ઇંગ્લાંડમાં જે સરફેર્ડ લાઇલ એશિટક સિરીઝ નામે બુક પ્રગટ થઇ છે. તેમાં લખ્યું છે કે "ફતેહ પામેલી ઇસલામી કોમે ઉત્તર હિંદમાં અને દક્ષિણ હિંદમાં રાજ્ય સ્થાપ્યું, તેમને ધર્મની કાંઈ પણ પરવા ન હોતી. તેમાના કેટલા તો એવા હતા કે તેમને ઇસ્લામ પ્રસારવાનો સમય જ મળ્યો નથી. કારણ દેશો જીતવામાં તેમનો વખત ઘણો પસાર થતો."

હિંદુસ્તાનના મુસલમાનો જેમણે હિંદ ઉપર ફતેહ મેળવી હતી તેમના દિલોમાં એવો વિચાર —જેને પરલોકની ભલાઇનો વિચાર કહે છે— મોજુદ હતો. કે જે ધર્મના સાચા ભક્તના દિલમાં હોય છે. અને જેમણે ઇસલામને પ્રસારવામાં મોટા મોટા કામો કર્યા હતાં. ખીલજી, તઘલખ, લોદી વંશના રાજાઓ સામસામાં યુદ્ધમાં એના રોકાઇ રહ્યા કે તેમને ઇસલામને ઉત્તેજન આપ- વાનો સમય ન મળ્યો. તેઓ એ લોકોને મુસલમાન બનાવવાની જગ્યાએ મુલકોમાંથી ખંડણી વસુલ કરવાનો વધારે વિચાર રાખ્યો હતો.


---

(૮) સફરહુ બુક પૃ ૬૮૯. (૯) પ્રિચિંગ ઓફ ઇસ્લામ. લેખક ટી. ડબ્લ્યુ આર્નલ્ડ, બી. એ.

# સટ્ટાની હારજીત.

લખનારઃ—શ્રીયુત નરસિંહ મોનજી.

એનાથી અનેક પાયમાલ થઇ જાય છે અને કે ધનવાનો અને કુબેરાનો આગર ગુમાવી દમડી વિનાના ભીખારી થઇ જાય છે. કેટલાક આત્મઘાત જેવાં ભયંકર કામો એ સટ્ટાની ગાળમાં અપરાધ કરે છે. વેપારીઓ એના નામથી પણ



ન્યુયોર્કના જાણીતા ખેલાડી મી. જોન મુડી

એમ માને છે સટોડીયાની આંટ હલકી મનાય છે અમેરીકાના ન્યુયોર્ક નગરના શેઅર બજાર (વૉલસ્ટ્રીટ) ના ત્રીશ વરસના ખેલાડી મી. જોન મુડી લખે છે કે ત્રીશ વરસના મારા શેઅર બજારના અનુભવમાં માત્ર એકજ જુવાન

માણસને મેં પૈસાદાર થયેલો જોયો છે; આવી વસ્તુ સ્થિતિ છતાં મુમ્બાઇ, કલકત્તા મદ્રાસ, લન્ડન કે ન્યુયોર્કમાં હજારો માણસો જીંદગીની એ ભયંકર બાજીપર જીવે છે. ન્યુયોર્કમાં એક દલાલને ત્યાં દોઢ હજાર કારકુનો રહી શકે એટલો ધંધો સટોડીયા તરફથી તે મેળવી શકે છે. કુલવાન મનાતા, આબરૂદારમાં ખપતા શેઠીઆઓ સટ્ટાને એબ માનનારા ડાહ્યા માણસોના યુવાન છોકરાઓ ખુલ્લી રીતે કે ચોરી છૂપીથી પણ સટો કરે છે. સટ્ટો અમૃત હોય કે ઝેર પણ વેપાર રૂપી શરીરમાં તેના પરમાણુંઓ તંતુએ તંતુએ હાલતો મળી ગયલા જણાય છે.

આ લખાણમાં સટ્ટાને પ્રતિપાદન કરવાનો હેતુ નથી. સટ્ટાથી દૂર રહેવું એ સારૂં જ છે. સટ્ટામાં પડેલી વ્યક્તીઓપર વારંવાર મ્હોટી આવતા મુશ્કેલીઓના વાદળો, મ્હોટા સટોડીયાઓની પરમુદ્દશીઓને ફસાવવાની યુક્તિઓની કહાણી, બજારમાં વેગમાં તણાઇ ગજા ઉપરાંત વેપાર કરી નુકશાની વખતે ગભરાયલા અનુભવ વિનાના રમનારાના ગભરાટ વિગેરેનું વર્ણન આનંદદાયક તો ન જ હોઈ શકે. મી. મુડી લખે છે કે સટ્ટાનું પણ વિજ્ઞાન તો હોય છે જ. આપણે ત્યાં મારવાડી ભાઈઓને એ વિજ્ઞાન કંઇક સ્વાભાવિક છે એમ મારૂં માનવું છે. મારૂં માનવું છે કે સટ્ટાની હારજીત કીસ્મતની હારજીત હશે પણ વિશેષતઃ તે સત્વની હારજીત છે. સટ્ટામાં દર પગલે ને ડગલે માણસને કસોટીમાંથી પસાર થવું પડે છે. સટ્ટામાં અગ્નિની તેમજ આંટની કસોટી છે. સિપાહી રણુસંગ્રામમાં ગયા પછી તેને શરીર બુદ્ધિ અને આત્માનું બળિદાન આપે જ છુટકો છે. જો તે બચવાનો પ્રયત્ન કરે–જો તે ભાગી જવાનો પ્રયત્ન કરે, ઘાયલ થતાં જો તે પરવાનો વિચાર કરે તો તેમાં તેનો નાશ અને સિપાહીગીરીને કલંક છે. સટ્ટામાં દાનત એક બહુ મૂલ્ય વસ્તુ છે, આપણી પાસે પાઇ પણ હોય ત્યાં સુધી પાછા હઠવું એ સટ્ટાની સત્યતાપર કાળો ડાઘ છે. આપવાને શકય હોય–તે પોતાની મિલ્કત હોય સ્ત્રીની હોય કે બચ્ચાની હોય તે આપી દેતાં જે નિસાસો નથી નાંખતો તે પોતાની આંટ જાળવી શકે છે, અને કદી પણ પડતો નથી. મનુષ્યમાત્રના આત્મામાં વસતી એક ભાવના જેને સાધારણ રીતે કુદરત કહેવામાં આવે છે તે આવા માણસને જરૂર સહાય કરે એ અબાધિત સિદ્ધાંત છે.

સાચી દાનત અથવા આંટ ઉપર વિચાર કરતાં આટલું લખવાનું પ્રાપ્ત થયું. ખરી રીતે તો આટલા ઉંડા પાણીમાં ડૂબકી ન મારવી એજ ડહાપણ છે. ન્યુયોર્કના વોલસ્ટ્રીટ–શેઅરબજારમાં જે એક યુવાન માણસ ધનવાન થઇ બેસી ગયો ત્હેને માટે લખતાં મી. મૂડી કહે છે કે તેનો એક સિદ્ધાંત હતો. તેણે પાંચસો ડૅાલરની મૂડીથી શરૂઆત કરી અને તેનાથી ખરીદી શકાય તેટલા શેઅર લીધા. તે નફેથી વેચ્યાં અને બેસી રહ્યો. મંદી આવતાં ફરી મૂડીનો વિચાર કરી તેટલા શેઅર લીધા–નફો મળ્યો અને બેસી રહ્યો. મૂડીનો વિચાર અને બેસી રહેવા જેટલો સંયમ આ તેના મ્હોટા ગુણો હતા. અમુક સટોડીઆ લે છે; અમુક વસ્તુમાં કૉરનર થવાનું છે–અમુકમાં સીન્ડીકેટ થાય છે અને અમુકમાં થવાની છે, અમુક કમ્પનીનો માલ દેશાવરમાં મ્હોટા ભાવે વેચાયો અને વેચાવાનો છે આવી જે અફવાઓ નીકળે છે તેનાપર એકાએક વિશ્વાસ મૂકવો અથવા તેનાથી દોરવાવું એ એક ભયંકર ભૂલ છે. એવી વાતો સટોડીઆઓ ઉપજાવે છે અને ઘણા લોકો તેમાં ફસાઇ જાય છે.

નફામાં ધીરજ રાખવી પણ નુકશાનીમાં અધીરા બની જવું એ સટ્ટો કરનારમાં એક બીજો ગુણ હોવો જોઇએ. આપણે નુકશાનીમાં ગભરાઇ જઇએ છીએ જ્યારે નફામાં અધીરા બની જઇએ છીએ.

# ઘેર આવતાં.

લખનારઃ—રા. ગૌરીશંકર ગોવર્ધનરામ જોશી.

ચિત્રકારઃ રા. દત્તાત્રય. એ. એમ.

પંડિત સીતાનાથનો સ્વભાવ આબાદ એની પૌત્રી તારામાં ઉતર્યો હતો. પંડિતને આખું ગામ દાદા કહીને જ બોલાવતું. ગામમાં જેનું કોઇ નહિ તેને પંડિત આશ્વાસન આપ્યા વિના ચૂકે નહિ. પંડિતે પોતાનો પુત્ર ગુમાવ્યા પછી આખા ગામના છોકરાને પુત્રો બનાવ્યા. એના વૃદ્ધ ચ્હેરાપર હજી એના પુત્રના શોકની છાયા વાંચી શકાય. ઘણા માણસો, હજી પણ, ગમગીન બની ચાલ્યા જતા વૃદ્ધ સીતાનાથની દયા ખાતા. પંડિત તરફ કોઇકો માન નહિ હોય, પણ પ્રેમ તો સૌને હતો. પંડિતની આસપાસ સૌને કાંઇક ભવ્ય લાગ્યા વિના રહેતું નહિ. પંડિતનો આ કેવડા જેવો સુગંધી સ્વભાવ તેની પુત્રી 'તારા'માં આગળ પડતો તરી આવ્યો. તારાનો સ્વભાવ એટલો સ્નેહપૂર્ણ હતો કે આખું ગામ તારાને પોતાની જ માનતું શરદ પૂનેમના દિવસોમાં કે કૃષ્ણજયંતિના દિવસોમાં, જૂદાં જૂદાં સ્ત્રીમંડળોમાં રસમય ખેંચાખેંચ થતી. સૌ મંડળને તારાનો ખપ હતો ને તારા તો એક જ હતી. પછી તો સૌ હસીને કહેતાંઃ તારા! ત્હારા દેહના કટકા કરી વ્હેંચી દે તો સૌ સંતોષાય. તારાનો ચંદન જેવો સ્વભાવ તો કટકા થઇને વહેંચાવા પણ તૈયાર હતો!

આખા ગામ પર તારાની એક પ્રકારની છાપ હતી. બધાં સ્ત્રી-કાર્યમાં તારા તો પ્રથમ હોય જ! તારા સૌનું કામ કરી આપતીઃ કોઇને કાંઇ ને કોઇ કામ તો તારાનું હોય જઃ છોકરાની આંખ દૂખવા-આવી હોય, પૂરણપોળી કેમ થાય છે તે પૂછવું હોય, આજે રાત્રે ક્યાં રાસ લેવા છે તેની સલાહ લેવી હોય, કે છેવટ શિવમંદિરમાં આવેલા અપંગને જમવાનું પહોંચાડનારના નામનું 'લીસ્ટ' તારાને તૈયાર કરવાનું હોય! સીતાનાથનો સ્વભાવ જાણે ઉગી નીકળ્યો હોય તેમ તારા તે ન્હાના-ગામની 'ભવાની' હતી. વૃદ્ધ પંડિત વારંવાર પોતાની ઝાંખી દૃષ્ટિને જરાક હાથની મદદથી વધારે ટકાવી, તારાના ચ્હેરામાં જળવાઈ રહેલી પોતાના પુત્ર અને પુત્રવધુની છાયા ઉંડા સંતોષ અને શોકથી જોઇ રહેતો!

પરંતુ આટલું છતાં સીતાનાથને ગામપર સંપૂર્ણ પ્યાર હતો. જાણે સીતાપુરનું નામ લેતાં સીતાનાથ રડી પડશે. કોણ જાણે કેમ એને સીતાપુર પર હદથી જાદે પ્યાર હતો. એ જમીનપર મરવા માટે બીજે રાજા થવાનું એ છોડી દે! સીતાનાથ યુવાવસ્થામાં સ્થાનિક અમલદારોની દૃષ્ટિમાં ચઢ્યો. અમલદારની દૃષ્ટિ-સર્પના જેવી ખૂની હોય છે. સીતાનાથ પુત્ર અને પુત્રવધુના મૃત્યુના વિષમ દુઃખમાં યુવાવસ્થાની બધી વાતો ભૂલી ગયો, તારાની સાથે ન્હાની વાતો કરવામાં એના દિવસ ચાલ્યા ગયા. તારાએ પછી તો પોતાના દાદાની જગ્યા સંભાળી. હવે તો સીતાનાથ શાંત એકાંત તારા સાથે મોડી રાત્રિ સુધી વાતો કરતો સગડી સળગાવી બેસતો. છતાં અમલદારો માનતા કે સીતાનાથની શાંત અવસ્થા એ જ વધારે ભયંકર બીના હતી.

એક અન્યાયી કર સામે થવાને તો જરૂર સીતાનાથનું વૃદ્ધ શરીર પણ બહાર આવ્યા વિના



બેટા તારા ? ના, આ તો સરત્ કાં ?

જુઓ પૃષ્ઠ ૨૪૩

રહ્યું નહિ ! એના કટ્ટા દુશ્મન ચારૂચંદ્રે આ સમય સાધ્યો ને સીતાનાથને સાત વર્ષની સજા થઇ ! સીતાનાથ જેલખાનાએ ચાલ્યો ત્યારે આખું ગામ રોયું. ન્હાનાં અને અજ્ઞાન છોકરા 'દાદાજી ! દાદાજી !' કરતાં સીતાનાથની પાછળ દોડ્યાં ને સીતાનાથે ભીની આંખે પાછાં જવાનું કહ્યું ત્યારે દયામણાં બની એટલું જ બોલ્યાં: દાદાજી ! હવે ત્હમે ક્યારે આવશો ?

સીતાનાથ ગયા પછી તારા એકલી પડી. એની આસપાસ સગાં નહિ જેવાં હતાં. પણ હવે તારાને દાદાની ભવ્ય છાયા નહિ હતી. એ હજી ગામમાં એટલી જ જતી આવતી છતાં ત્હેને વારંવાર લાગતું કે હવેના જવામાં કાંઇક ખામી હતી ! સીતાનાથની પુત્રી હવે દાદાજીની છબી જોતી ને રોતી. સીતાનાથ વિનાનું એકલું ઘર ! વિશાળ ફળીને સેમાં સીતાનાથ જેવડો જ ખોખડધજ પીપળો ! તારા હવે તો વારંવાર એ પીપળા નીચે ઓટલાપર ગમગીન જેવી મનમાં રોતી ને બહારથી શાંતમૂર્તિ જેવી બેસતી.

સાદા સૌંદર્ય પાછળ હમેશાં ઉદારતા ઘસડાય છે. શયતાનને પણ સૌંદર્ય વ્હાલું લાગે છે. પણ એનામાં ઘસડાવાની ઉદારતા નથી. વેડી નાખવાનું બળ છે. તારાની પાછળ એક ઉદાર પુરુષ ઘસડાતો હતો. સરતકુમાર તારાના નિત્યવ્યવહારનો ગુપ્ત અભ્યાસી હતો. તારા પાણી ભરવા જાય ત્યારે પાછળ થોડે દૂર પણ સરત ઉભો હોય ! તારા ક્યા મંડળમાં રાસ લેશે એવી ખબર સરતને જરૂર હોય. ચારૂચંદ્રે બે ચાર વખત પુત્રને ધમકાવ્યો, પણ વ્યર્થ. સરત પિતાથી છાની રીતે પિતાના દુશ્મનની તરફ ઘસડાતો હતો !

ઘણી વખત સ્નેહનો જન્મ બોલતી આંખમાંથી થાય છે. જ્યારે રૂનો સોદો કરવો હોય ત્યારે વેપારીની જીભ બોલે છે. સ્નેહનો વ્યાપાર અકથ્ય આંખની ભાષામાં છે. એક વખત સરત તારાના ઘર પાસેથી નીકળ્યો હતો. તારા પોતાના પીપળાં નીચે હમ્મેશ માફક બેઠીજ હતી. સરત ઉપર સીતાનાથને પણ પ્યાર હતો ને તેથી સરત એક બે વખત તો ત્યાં આવેલ પણ ખરો. આજે આવતાં ત્હેનો પગ જરા ભારે થયો છતાં તે અંદર તો આવ્યો.

"તારા ! કેમ શોકમાં છો ? દાદાજી હવે તો વ્હેલા છુટવા ના હો !"

"કેમ ?"

કાં નહિ. રાજ્યદ્વારી કેદીપર કૃપા થવાની છે. તારાએ નિઃશ્વાસ નાંખ્યો: "પણ ચારુચંદ્રની દુશ્મનાવટ ત્યાં પણ આડે આવશે."

સરતનું મોઢું લેવાઇ ગયું. તારાએ વાત ફેરવી: "સરત્ હવે કેટલું ભણ્યું છે ?"

કેમ ? ભણવાનો વળી અંત આવે !

"હવે તો મ્હારી ભાભી રાહ જોતાં હશે."

"ભાભી જ ક્યાં છે ?"

તારા હસી પડી. અરે ! પણ ત્હમે ભણેલા બોલતાં તો શીખો ! ત્હમારી પણ ભાભી !

સરત્ ધીમેથી બોલ્યો: તે ગંભીર હતો: "તારા ! મ્હારા બાપના કામથી હું ખુશી નથી હો ! સીતાનાથને મ્હેં પિતા તુલ્ય માન્યા છે. ને હજી માનું છું"

તારાની આંખ ગળતી રહી. ચારુચંદ્રનો પુત્ર આટલો ઉદાર હશે ? એને શંકા પડી.

ત્યારપછી તારા સરત્ સાથે વધારે રસથી વાત કરતી. એક દિવસે સરતે કહ્યું: તારા ! એકાંતવાસ ખૂંચતો નથી ? તારા કાંઇ બોલી નહિ. નીચું જોઇ રહી. ચારુચંદ્ર હવે સરત્ ઉપર ગમ્ખતાઇ ઝાઝરી હતી અને સર્વ સપ્નામ સરત્ એક વખત તારાને મળી ભૂલી આવતો.

તારા એક દિવસ સવારે વ્હેલી ઉઠી ત્યારે એનું આખું ફળી સાફ હતું ને ફળીમાં જ ઓટલા પર કોઇક પડ્યું રહ્યું હતું. તારા જરાક આશ્ચર્ય પામી. પણ ઘણી વખત તારાને ત્યાં ફલ્યા વિના ગરીબ પણ રહેતા: એટલે કોઇક દુઃખી હશે એમ

મ્હેણે ધાર્યું. દયાથી મ્હેણે મ્હેના પર ચાદર ઓઢાડી. ઓરડાનાં પાથરી દેવાનાં હેતુથી મ્હેને ઢંઢોળ્યોઃ એ મુસાફર ! ઉઠો કેમ સુતા છો !

સુતેલ કોઇ ઉઠયું નહિ. તારાએ ફરી ફરી એજ સ્વર લંબાવ્યા.

સુનારે પાસું ફેરવ્યું. ફળીમાં ચટાઈ પર સરત્ કુમાર પડ્યો છે ! તારાનું હૃદય સ્નેહને આભારમાં નમ્યું ને શરીરને ઢંઢોળતાં સંકોચ આવ્યો નહિ.

અરે ! સરતકુમાર ! આ શું ? ઉઠો ઉઠો.

સરત્ હવે જાગ્યો. તારાએ હાથ ખેંચી લીધો. પણ તે પહેલાં હાથનું બધું કામ આંખથી થઇ ગયું !

થઇ રહ્યું. ચારુચંદ્ર સાથે હવે વધારે વખત સરત્ રહી શકશે નહિ. એને તારા ફળી સાફ કરવા રાખે તો બસ પણ આટલા નિર્દોષ સરતને તારા કેમ છોડે ? મ્હેણે લોકવાયકા સામે ને સત્તા સામે સરતને રક્ષણ આપ્યું. હવે સરત્ ને તારા મોડી રાત્રી સુધી નાચતાં ને વાતો કરતાં બેસતાં !

આનું એક પરિણામ ચોક્કસ આવ્યું. તારા ચારુચંદ્રને ખટકવા લાગી. થોડા દિવસ સરત્ આરામમાં રહ્યો. એ હવે ચારુચંદ્રના પુત્ર તરીકેનો હક્ક ગુમાવી બેઠો હતો પરંતુ થોડા જ વખતમાં તારાની ભયંકર માંદગીથી, સરતનું જીવન ફરી ગયું.

વૃદ્ધ સીતાનાથના ફળીમાં આજે તારાનો છેલ્લો શ્વાસ હતો. સરત્ રોયો, તારાએ આશ્વાસન આપ્યું. પણ તારાનું નિસ્તેજ થતું મુખ ને વધતો જતો મંદવાડ સરતને ઘેલો બનાવતાં હતા.

વૃદ્ધ સીતાનાથની તારા ચાલી ગઇ.

હવે સરત્ એકલો સીતાનાથના ફળીમાં પીપળાના ઝાડ નીચે આકાશ સામે જોઈ બેસતો ! એના જીવનનો આરામ હવે ગમગીન બેસવું એ જ હતો. તારાની સ્મરણમૂર્તિ સિવાય, તારા અંદી બેસતી એવું કહેવા જેટલું કાંઇપણ સાધન મ્હેની પાસે ન હતું. જગતમાં સૌથી સુંદર સમૃદ્ધિ કદાચ આવી સ્મરણોની જ બનેલી છે ! ચારુચંદ્રે હવે સરતને આવવા બહુ કહ્યું પણ હવે તો સરત્ સીતાનાથના અવશેષ ચિન્હો સાચવતો હતો ! સરત્ વિના તારાની છેલ્લી વાર્તા સીતાનાથને કોણ કહે ? એ છેલ્લી વાર્તા કરવા સરતે પુત્ર તરીકેનો બધો હક્ક જતો કરી, ચારુચંદ્રને છેલ્લા પ્રણામ કરી લીધા !

આજે સરત્ હમેશની માફક નથી બેઠો. ફળીમાં ખાટલો પાથરેલો છે. પાસે તારાની છેલ્લી બેટ–એક તારાની માની ઉભી પડી છે, જે જોતો તદન શૂન્ય નયનથી આકાશમાં ચાલતી એક જ વાદળી જોઇ રહ્યો છે. ધીમેથી, ગામડાની જૂની ઢબની ઘણાં ચીગડાં વાળી ખડકી ઉઘડે છે.

બેટા ! તારા ! એટલું જ ભાંગ્યા તુટ્યા સ્વરમાં કહી, વૃદ્ધ સીતાનાથે, પોતાની જૂની ડાંગ, ઉંબરામાં ખખડાવી પ્રવેશ કર્યો. ડાંગ ખખડાવવાનો રીવાજ પુત્રવધુ હતી ત્યારથી હતો ને હજી સીતાનાથ એમ જ પ્રવેશ કરતો. તેના વૃદ્ધ ચ્હેરા પર બે કરચલી વધારે હતી. ને માણસ જે અગાઉ દયા ખાતુ તે હવે રોવા લાગે એવી એની વૃદ્ધાવસ્થાની કરૂણ છાપ પડતી હતી.

બેટા તારા ! સીતાનાથે ફળીમાં આંખ આડે હાથ દઇ પોકાર કર્યો.

પીપળાં પર એક બે પાંદડા ચાલ્યાં ને ફળીમાંથી પારેવું ઉડયું.

સરત્ સામે ચાલ્યો. સીતાનાથે તેને પગમા પડતો–અટકાવ્યો કોણ બેટા તારા ? ના આ તો સરત્ કાં ?


સરત્ !

સરતની આંખમાંથી આસુ ચાલતાં હતાં.

સીતાનાથનો ગળગળો સ્વર આવતો હતોઃ તારા અંદર છે !

બેટા તારા ! કેમ બોલતી નથી ? હું છૂટીને આવ્યો.



# હૃદયની પ્યાસ.

આ અંકથી શરૂ થતી ચાલુ વાર્તા હૃદયની પ્યાસ હિંદી ભાષામાં હૃદયકી પરખ 'અંતસ્તલ' વિગેરે અનેક પુસ્તકોના કર્ત્તા શ્રીયુત ચતુર સેન શાસ્ત્રી એમની ઓજસ્વીની લેખિનીથી લખાઈ છે ગુજરાતી વાંચનાર વર્ગને એમની પહેલી પીછાન 'વીસમીસદી'ના સદ્‌ગત તંત્રી રા. હાજી મહમદે પોતાના પત્રમાં હૃદયની પરીક્ષા પ્રસિદ્ધ કરી આપી હતી. એ ચાલુ વાર્તા વીસમી સદીના વાંચનારાઓને અતિપ્રિય થઈ પડી હતી.

'હૃદયની પ્યાસ'માં અરેબીયન નાઈટસ જેવા કહાણી કિસ્સા નથી પણ હિન્દુ શુદ્ધ ભાવનાનું એક મનોરમ ચિત્ર છે.

આ વાર્તાના ચિત્રો 'વીસમી સદી'ના જાણીતા ચિત્રકાર મી. સુંદરરાવ ગોરક્ષકરની પીંછીથી આલેખાયાં છે. આશા છે કે ગરવી ગુજરાતના ગ્રાહકો આ વાર્તાનો સત્કાર કરશે.

તંત્રી.






પ્રકરણ ૧ લું.

જેઠ માસના છેલ્લા દિવસ હતા. રાતના નવ વાગી ગયા હતા. સુખદા પોતાના ઘરની મોરી પર બેસી ઉતાવળી ઉતાવળી વાસણ માંજી રહી હતી. તેની સદાની રોગિષ્ઠી સાસુની તબીઅત બેચેન હતી. તે બહાર આંગણામાં ખાટલા પર માથું દાબતી પડી હતી. ગરમી સખ્ત અને હવા બિલકુલ બંધ હતી. મોરી રસોડા પાસેજ હતી. હજી ચૂલો બરાબર ઠંડો નહોતો પડ્યો. તેના અર્ધાં બળેલાં લાકડાંના ધુમાડાથી આખું ઘર ભરાઇ ગયું હતું. પરંતુ સુખદાને આવી ગુંગળામણી હવામાં ઘરનું કામ કરવાનો નિત્યનો અભ્યાસ હતો. તે પોતાના વાસણ માંજી રહી હતી. વાસણો માંજતી હતી, પણ તેના મનમાં ઉચાટ હતો. હવાના ઝોકાનો સહેજ ખટકો થતાં તે ઝટ વાસણને છોડી કાન દઇ અવાજ સાંભળતી. તેને એ ભય હતું કે કદાચ સ્વામી અચાનક આવી બારણું ખટખટાવતા રહે અને મને વાસણોના ખડખડાટમાં ખબર પણ ન પડે.

એકાએક કોઇના આવવાની પગરવ સંભળાઇ. સુખદા પોતાનું કામ છોડી રાખથી ભર્યા હાથેજ બારણું ઉઘાડવા દોડી. દ્વાર ઉઘાડી દિવાના ઝાંખા પ્રકાશમાં તેણે જોયું, સ્વામીજ હતા અને તેમનો ચેહરો આજે પણ અપ્રસન્ન હતો. તેણે હસીને કહ્યું: "આ શું આજે જલદી દુકાન બંધ કરી દીધી ?"

સુખદાના પતિનું નામ પ્રવીણચંદ હતું. તેણે જોયું—ઘર મલિનતાની મૂર્તિ થઇ રહ્યું છે, ચોતરફ ધુમાડાથીજ રંગેલી ભીંતોના ઘેરામાં ઝાંખો દિવો ટમ ટમી રહ્યો છે, ઘરમાં ગરમી અને દુર્ગંધી ભરાઇ રહી છે, અર્ધાં માંજેલાં વાસણ અને એંઠ પથરાયલી હતી અને સામે તેવીજ મલિનતાની મૂર્તિ—તેની સ્ત્રી–મેલી સાડી અને રાખથી ભરેલા હાથે ઉભી હતી. ઘૃણાથી તેના હોઠ સીકળાઇ ગયા. તેણે મનમાં કહ્યું—સુંદરી નથી પણ સઘડાઇથી તો રહેત. સુંદરતા ભલે ઇશ્વરની બક્ષીસ છે તો પણ સઘડાઇ તો પોતાના હાથ અને પરિશ્રમથી મળી શકે છે. તેણે એક ઉંડો નિઃશ્વાસ લઇ કહ્યું: "મારી તબીઅત ઠીક નથી—જરા

લેટીશ, ઉપર બિછાનું બરાબર પાથરેલું છે ને ?" સુખદાનું હાસ્ય વર્ષાના તળકાની માફક ઉડી ગયું તેણે જરા ઉદાસીન સ્વરમાં કહ્યું: " તો ચાલો સુઈ જાઓ, બિછાનું બરાબર પાથરી આપું." એટલું બોલી તે કાંઇ પણ ઉત્તરની પ્રતિક્ષા કર્યા વગર હાથ દીવો ઉપર ચાલી ગઇ. પ્રવીણ બાબુ પણ કપડાં ઉતારી ઉપર આવી પહોંચ્યો.

પ્રવીણબાબૂના શયનાગારમાં વર્ણન કરવા યોગ્ય કંઈ નહોતું. ખુલ્લી અગાસીપર એક સાધારણ ખાટલો પડ્યો હતો. તે પર સુખદાએ બિછાનું બિછાવી દીધું. પ્રવીણ હાથ પગ ધોઈ અગાસીપર આંટા મારવા લાગ્યા. થોડીવાર થોભી સુખદાએ પતિ પાસે આવી તેનો હાથ પકડી નમ્રતાથી કહ્યું " સુઇ જાઓ ને, ઋતુ બરાબર નથી, તબિઅત વધારે ખરાબ ન થઇ જાય." પ્રવીણે તેની તરફ નજર પણ ન કરતાં ગરમ સ્વરમાં કહ્યું " તું જઇ ને તારા કામમાંથી છુટી થા, હું સુઈ જઇશ." સુખદાએ અતિ વિનયી સ્વરમાં કહ્યું:" તમારૂં દીલ કેવું થઇ ગયું છે–આવા કેમ થઇ જાઓ છો ?"

પ્રવીણે તપી જઇ કહ્યું: "કેવો થઇ ગયો છું ? ફોગટની વાત વાતપર હેરાન કર્યા કરે છે. માણસને સો જાતની ફિકર હોય છે–તને શું કહું ? તું તારા શોક અને વાસણમાંથી છુટી થઈ આવ, અમ્યું ઉભી રહી શું કરે છે."

સુખદાનું મ્હોં પડી ગયું. તે અત્યંત ઉદાસ અને દુઃખભરી દૃષ્ટિથી ચુપચાપ પતિની તરફ જોવા લાગી. આ દૃષ્ટિથી પ્રવીણના હૃદય પર ઘા થયો. તેનાથી પોતાની સ્ત્રીની આ ઉદાસી જોઇ ન શકાઇ તે વિચારવા લાગ્યો–હું કેટલો ક્રૂર માણસ છું. વગર અપરાધે એનો હું આટલો તિરસ્કાર કરૂં છું. તેના હૃદયમાં દુઃખનો સાગર ઉભરાઇ આવ્યો. સુખદા હજી સુધી પૂર્વવત્ પતિના મુખ તરફ જોઇ રહી હતી. હમણા પ્રવીણે કંઇક નરમ બની કહ્યું: "તું એમ સમજે છે કે મને શરદી થઇ ગઇ છે ? એ તો અહિં તહિંની ચિંતા અને ગમાંથી છવ ગભરાઇ ગયો છે. પરંતુ તને તે કોણ જાણે કે કેવી બીમારી છે કે નજીવી વાતનું વંતીગડ કરી સવાલોની વર્ષા વર્ષાવી દે છે."

સુખદા આટલું સાંભળીને પણ ચુપચાપ ઉભી હતી. હા, જોકે તેની આંખો સ્વામીના મુખપરથી ખસીને તેના ચરણો પર આવી પડી હતી. પ્રવીણે ફરી કહ્યું: " જા, કામમાંથી છૂટી થઇ આવ. તને મધરાત સુધી માખો ઉડાવવાની ખરાબ આદત પડી ગઇ છે, હજાર કહો પણ જરાએ અસર નથી થતી."

. સુખદા ધીરે ધીરે ચાલવા લાગી. પણ પ્રવીણે જોયું કે તેની આંખોમાંથી આંસુ ટપકી રહ્યાં છે. તેણે દોડી પોતાની સ્ત્રીનો હાથ પકડી કહ્યું: " આ શું ? તારા આંસુ પણ ઉપરજ રહે છે. " તેને કંઇક વિશેષ કહેવું હતું પણ સુખદા ડૂસ્કે ડૂસ્કે રડી પડી. પ્રવીણ બાબૂથી કંઇ પણ સાંતવના દેવાનું ન બન્યું –તે ચુપચાપ ઉભો . તે અપમાનિતાનું રૂદન જોવા લાગ્યો.

આ પ્રસંગથી પ્રવીણબાબૂની સહૃદયતા જાગી. તે એક વ્યથા ધીરેધીરે તેના મનને વ્યાકુલ કરવા લાગી. તે વિચારવા લાગ્યો. અંતરમાં પોતાની આ ક્રૂરતાને ધિક્કારવા લાગ્યો. " એ વાત સત્ય છે કે સુખદા સુંદરી–લાવણ્યમયી નથી; પણ શું એજ કારણે એનો આવો નિર્દય તિરસ્કાર કરવો ઉચિત છે ? વળી એના જેવું સુંદર હૃદય કેટલી સ્ત્રીઓનું હશે ? એનો આદર્શ વિનય, પરિશ્રમ, સહનશીલતા અને પ્રેમ–ભક્તિ એ સર્વેને એકત્ર કરતાં શું તેમનું મૂલ્ય એટલું નથી થતું કે તે પતિનો પ્યાર નહિં તો નહિ, પણ આદર તો મેળવી શકે." એ વિચારતો તે મનમાંને મનમાં ખિન્ન થઇ સ્ત્રીની તરફ અપરાધીની માફક જોવા લાગ્યો.

એ દરમ્યાન સુખદા ખૂબ રડી ચૂકી હતી. પણ જ્યારે તેણે જોયું કે પતિની તેનાપર સ્નેહ



ચિત્રકાર ] હૃદયની પ્યાસ [ રા. મુકરગમ ગોળકર

તેમનો ચહેરો આજે પણ અપ્રસન્ન હતો

જુઓ પૃષ્ઠ ૨૪૫ ( [illegible] )



ચિત્રકાર ]    હૃદયની પ્યાસ.    [ રા. સુન્દરમ ગોવિંદ

મોની ગોપીઓ મન વ્યાકુળ કરતો

જુઓ પૃષ્ઠ ૨૫૦    ( મગનલાલ ...

પણ મળતા નથી, એક મીઠી વાત કરી પ્યાર કરવાની વાત તો દુર રહી સાધારણ સાંત્વનાના બે શબ્દથી પણ તેને ન સમજાવી. ઉલટા આંખો ધૂરકાવી તાકી રહ્યા ઉન્ત્યારે તે કાંપતી કાંપતી એક લાંબો નિસાસો નાંખી નીચે જવા લાગી. તે નિસાસામાં હૃદયના જે અપમાનની જે ઘોર અનાદરની વિષમ વેદના ભરાઇ રહી હતી તે પ્રવીણના હૃદયપર ગોળીની માફક જખમ કરી ગઈ. તેણે દાદરપર પગ મૂકતી સુખદાનો પાલવ પકડી કહ્યું: "જરા થોભ, જાય છે ક્યાં?"

સુખદા પતિની વાત સાંભળવા અટકી ગઈ. પણ તેણે ન પાછળ ફરીને સ્વામી તરફ જોયું કે ન મ્હોંમાંથી એક શબ્દ સુદ્ધાં કાઢ્યો. જ્યારે તે ચુપ રહ્યા ત્યારે ફરી જવા લાગી. પ્રવીણે અટકાવતાં કહ્યું: "ફરી તેજ, જરા થોભ તો ખરી?" સુખદાએ ધીમા સ્વરે કહ્યું: "જવા દો કામકાજ પડ્યું છે. દુધ એમજ પડ્યું છે, મીંદડી ક્યાંક મ્હોં ન નાખી જાય."

પરંતુ પ્રવીણે એ વાત ન સાંભળી. કારણ કે આ વખતે તે એ વિચારતો હતો કે "હું તેની સાથે હંમેશા તપી જઈ વાત કરું છું, પણ તે જવાબ સુદ્ધાં નથી આપતી. મારા સર્વે અત્યાચારોને સહે છે અને ચાકરડીની માફક બધું કામકાજ કરે છે-હલકાથી હલકા કામ અર્થે પણ તે ધૃણા નથી કરતી. હું રઝળક કરતો સુઈ જાઉં છું અને એ ન જાણે કેટલી રાત સુધી પગ ચાંપતી ઉંઘમાં ઝોકાં લેતી બેઠી હોય છે. હું જ્યારે બહારથી આવું છું ત્યારે પોતાના સર્વ દુઃખોને ભૂલી જઈ હસીને સ્વાગત કરે છે. પણ હું તે હાસ્યને અમરી પેંખી દઉં છું. આ મારું હૃદય કેવું છે! આડોશી પાડોશી કીટ-પતંગ પશુપક્ષીના દુઃખ હું નથી જોઇ શકતો-પણ ઘરની સાધ્વી ઓપર આ અત્યાચાર કરતી વખતે હૃદયમાં કોણ જાણે ક્યાંથી પશુના ઉભરાઇ આવે છે"

પ્રવીણ એજ વિચારતો હતો. સુખદાએ કહ્યું. "કહોને શું કામ છે હું જાઉં છું." હમણાં તેની આંખો સૂજી હતી. પ્રવીણે તેનો હાથ પકડી કહ્યું: "મારી તરફ તારો જીવ કેમ નથી લાગતો! નીચે જવાની બહુ ઉતાવળ છે."

સુખદા ચુપચાપ ઉભી રહી.

પ્રવીણ ફરી બોલ્યો: "બસ હવે બોલવાના સોગંદ છે!"

સુખદા તો પણ ચૂપ રહી.

પ્રવીણે કહ્યું: "નહિ બોલે?"

સુખદાએ કહ્યું "બોલું તો છું."

પ્રવીણ: "શું!"

સુખદા ફરી ચુપ થઇ ગઈ.

પ્રવીણે કહ્યું: "લ્યો ફરી એવી જ મુંગી."

સુખદા: "તો કંઈ કહો તો ખરા."

પ્રવીણ "કહું છું તો ખરો કે તારો જીવ શું મારી તરફ બિલકુલ નથી લાગતો કે જાન છોડાવી ભાગે છે."

સુખદા ફરી ચુપ રહી.

પ્રવીણ બોલ્યો: "ફરી મૌન."

સુખદાએ જરા કઠોર સ્વરમાં કહ્યું: "નીચે કામ કરવાનું પડ્યું છે. માજીની તબીઅત ઠીક નથી." એટલું કહી સુખદા ફરી નીચે જવા લાગી. પ્રવીણ બાબુએ તેનો પાલવ પકડ્યો. એટલી વારમા ભગવતી પ્રસાદે સામે આવી હસતાં-હસતાં કહ્યું: "પ્રવીણ ભાઈ! તમે અહિં અંધારામાં આવી સાથે કેવી ગડબડ ગોથ કરી રહ્યા છો-ચાલો માજીએ તમને બોલાવ્યા છે."

સુખદા ધીરે ધીરે નીચે ચાલી ગઇ.

પ્રવીણે જરા શરમાઇ કહ્યું "હમણાં!"

ભગવતીએ કહ્યું. "હમણાં નહિ તો વળી પછી ક્યારે? તમે તો સંધ્યા થતાંજ રોગીની માફક ખાટલાપર આવી પડો છો. ચાલો હો."

પ્રવીણે તેના ઉત્સાહ અને પ્રસન્નતાને ફરી દૃષ્ટિથી જોતાં કહ્યું: "ભગવતી! બધુના આગ-

મનનો ઉત્સાહ તારી રગરગમાં ઉભરાતો દેખાય છે."

ભગવતીએ જલકતા હર્ષથી કહ્યું: "કાં તમારાથી તે નથી સહેવાતું ? શું તમે ક્યારે એવા નહોતા થયા ?"

પ્રવીણ વાતને ગળી ગયો-તેણે જરા ગંભીરતાથી કહ્યું: "પણ હમણાં શી ઉતાવળ છે હજી તો પંદર દિવસ પડયા છે."

"અરે આજે જ પત્ર આવ્યો છે. અને પરમ દહાડે તો ચાલવું પડશે."

પ્રવીણે કહ્યું "શું, પરમ દહાડેજ ?"

"ત્યારેજ તો, ચાલો ઉઠો. ઘણું કામ હમણા કરવાનું છે. ઉઠો ઉઠો, એદીની માફક શું પડ્યા છો ?" એટલું કહી તેણે પ્રવીણનો હાથ પકડી ઉપાડયો. પ્રવીણે એક અનુપમ દ્રષ્ટિ મિત્રના પ્રફુલ્લ ચહેરાપર નાખી અને ધીરે ધીરે દાદર ઉતરી, કપડાં પહેરી ભગવતી સાથે તેના ઘર તરફ ચાલ્યો.

---

### પ્રકરણ ૨ જું.

પ્રવીણની વય લગભગ છવીસ વર્ષની હતી. તે શાણોજો તો હતો જ અને તેમાં કેટલાક સારા ગુણ પણ હતા. તે અતિ ઉદાર સહૃદય-સાત્વિક અને પ્રતિભાસંપન્ન યુવક હતો. છતાં તેનામાં કેટલાક દુર્ગુણ પણ હતા. તે સ્વભાવે બીકણ-ક્રોધી-ઘમંડી અને આળસુ હતો. તેનો પિતા પૈસાદાર નહોતો માતા પિતાના અપૂર્વ પ્યાર સિવાય તેને વિશેષ કંઇપણ મળ્યું નહોતું. તેના પિતાનો તે એક જ પુત્ર હતો. પણ સંસારનો ઢંગ એવો થઈ ગયો છે કે પ્યારને વેચે પૈસો નથી મળતો. તેના અવગુણ જ્યાં તેના પરિજનોને દુઃખ દેતા હતા ત્યાં તેના ગુણ તેના જ માટે ઝેરી તીર થઇ ગયા હતા. તેના વર્તમાન જીવનનો તેના તે જીવનથી જેની ખાસ તેના હૃદયમાં શિક્ષા અને ગુણોના કારણે ઉત્પન્ન થઇ હતી,-મેળ નહતો. પણ એક વાત અવશ્ય હતી કે જો તે ઇચ્છતે તો પોતાની જ શક્તિથી તે પોતાની મહત્વાકાંક્ષાઓને પૂર્ણ કરી શકતે. પણ તે ઇંદ્રિય વિજયી નહોતો. તેના આ અવગુણ શત્રુની માફક શરીરમાં ભરાઇ બેઠા હતા. અને તે તેને કંઇ પણ કરવા દેતા નહોતા. તેની પ્રતિભા જ્યારે જ્યારે તેને અતિ પરિશ્રમ અને અથાગ ઉત્સાહથી દુર્ભાગ્યના પુલને ઓળંગવા ઉત્તેજીત કરતી ત્યારે તે આલસ્યની જાળમાં ફસી જઇ ચુપચાપ પડયો પડયો ગુસ્સે થયા કરતો. સહૃદયતા જ્યારે તેની ઉદારતાની પરીક્ષા લેતી ત્યારે ક્રોધ પ્રતિહિંસાની કાલિમા તેના હૃદયપર પાથરી દેતો. અને જ્યારે ભાવિકતા તેના હૃદયમાં સંતોષ અને તૃપ્તિની ભીની ભીની વર્ષા કરતી ત્યારે ઘમંડ પોતાના લોહદંડને લઇ તેને ગધેડાપર સવાર કરાવી દેતો. તે પોતાના ગુણ અને અવગુણ બંન્નેને આધીન રહેતો હતો. ભીરુતાના કારણે તે બેમાંથી કોઇનાપર પણ શાસન તો કરી શકતો નહોતો ઉલટો બન્નેના ચકાવામાં ધક્કા ખાતો હતો.

તે અસાધારણ સૌંદર્યનો ઉપાસક હતો તેમ જ સુંદરતાને ઓળખતો પણ હતો. અને પોતે પણ બહુ સુંદર હતો. વિવાહ પૂર્વે તે પોતાની સ્રીના સૌંદર્યની કેટલીએક મૂર્તિ મનમાં ને મનમાં ઘડી લેતો હતો પણ ઠીક એક નહોતી લાગતી. કોણ જાણે તેની પસંદગી કેવી હતી. સ્રીઓના ટોળાંમાંથી એક સુંદર ચ્હેરાને શોધવા તે સદા વ્યાકુળ રહેતો. પણ કોઇ સુંદર નિર્દોષ ચ્હેરો દેખાતું નહોતું. ઘણા વખત તે કોઇના હાથ, કોઇના પગ, કોઇનું નાક અને કોઇની આંખ પસંદ કરી તે સર્વને એકઠાં કરી, એક ધ્યાનમયી મૂર્તી બનાવી લેતો ત્યારે તેને સંતોષથી પસંદ કરીને જરા મન મનાવતો. સૌંદર્યના ઉત્કર્ષમાં તેણે અનેક કવિતાઓ અને લેખ લખ્યા હતા. પણ પોતાની સમજણ પ્રમાણે તે પોતાના

હૃદયગત ભાવોને બરાબર પ્રકટ કરી શકશે ન હોતો. તેની એવી ધારણા થઇ ગઇ હતી. સૌંદર્ય તો માનો જોવાની કે કહેવાની વસ્તુજ નથી. માત્ર સમજવાની અને વિચારવાની વસ્તુ છે. તે કદિ જલાશયના કિનારે બેસી, કદિ બાગના કોઇ કુંજમાં લેટી અને કદિ અર્ધી રાતના સમયે સુમસામ અંધકારમાં બિછાનાપર પડી સુંદરતાના રૂપને નિહાળ્યા કરતો. તેજ પ્રવીણને આજે એવી સ્ત્રી મળી છે!

નવયુવક પ્રવીણ હજી સ્ત્રીના જીવન કાર્યભારોને સારી રીતે નથી સમજતો. તે સર્વથા અનુભવ શૂન્ય છે. એજ કારણે તેના હૃદયમાં પ્રેમ છે—માત્ર પ્રેમ અથવા એટલો આદર છે જેટલો પ્રેમ કરવા દઇ શકે છે. તે પ્રેમ પણ વાસ્તવિક પ્રેમ નથી. સૂક્ષ્મ દ્રષ્ટિથી જોતાં તે સ્પષ્ટ મોહ દેખાય છે. તે મોહ માત્ર રૂપને ચાહે છે. પ્રવીણ માત્ર પ્રેયસીનાં રૂપમાં સ્ત્રીને ચાહતો, જાણતો અને સમજતો હતો. હજી સુધી તે આ સંબંધમાં એટલાજ પાઠ ભણ્યો હતો. પણ દુર્ભાગ્યથી તેની પત્નિ પ્રેયસી નહોતી. હિંદુ કુલવધૂ પ્રાયઃ પ્રેયસી નથી હોતી. હિંદુ જાતિમાં વિવાહ માત્ર પ્રેમને માટે કરવામાં નથી આવતો. પ્રેમનો ધ્રુવ દેખાય છે તે તરફ અભિરૂચી ઉત્પન્ન કરવા માટે. જેમ ભોજનમાં સ્વાદ હોય; સ્વાદમાટે ભોજન નથી કરાતું; તેનો ઉદ્દેશ પેટ ભરવાનો છે પણ સ્વાદ ભોજન પ્રતિ અભિરૂચી કરાવે છે—એજ પ્રમાણે હિંદુસમાજમાં વિવાહનો ગંભીર હેતુ બીજો છે. પણ જે પ્રમાણે સ્વાદીઆ લોકો સ્વાદ માટે નિરર્થક ભોજન ખાઇ રોગી થાય છે તે પ્રમાણે પ્રવીણ પણ માત્ર પ્રેમ માટે વિવાહ અને સ્ત્રી છે એ સમજ ફેરથી ખોગનો હતો.

એ વાત નહોતી કે સુખદા સ્વામીને ચાહતી નહોતી. ચાહવું તો દૂર રહ્યું તે તેનાપર ન્યોછાવર થતી હતી. આ શિક્ષા તે કોઇ સ્કુલમાં શીખી નહોતી. ભારતની હવામાં શ્વાસ લેવાથી હિંદુ-લલના પતિવ્રતા ગુપ્ત ઉત્તર કાર્યભારનેજ માત્ર ન સમજતાં તેજ અલ્પ વયમાં, તેજ અબોધ, મૂર્ખ અને તિરસ્કૃત સ્થિતિમાં તેને પાલન કરવા યોગ્ય અપૂર્વ દઢતા અસાધારણ આત્મબળ અને વ્યાવહારિક સહન શક્તિ પણ મેળવી લે છે.

એ સ્પષ્ટ છે કે સુખદા સુંદરી નહોતી. પણ તેમા તેનો શો અપરાધ હતો? તે પોતાની કાચી અવસ્થામાં પોતાના માતા, પિતાના સ્નેહને તોડી પતિગૃહમાં આવી હતી. અહિં આવતાં તેને ન મળ્યો પ્યાર કે ન પામી આદર. અહિં જો તેના પર કોઇનો પ્યાર હતો તો તે માત્ર તેની સાસુનો. પણ તે પ્યારની કંઇ કિંમત નહોતી. તે સદાની રોગિણી હતી. મહિનાના ત્રીસે દિવસ તે ખાટલાપર પડી રહેતી હતી. સુખદાને એક બાજુ આખા ઘરનું કામકાજ અને બીજી બાજુ સાસુની માવજત હતી. તેને ઘર વાળવું પડતું, વાસણ માંજવા પડતા, ચોકો કરવો પડતો, સાસુના મળમૂત્ર ઉપાડવા પડતા અને સ્વામીને ગરમ ભોજન પણ જમાડવું પડતું. સાસુ માટે કાંજી દૂધ સત્વર તૈયાર કરવા, ફુરસદમાં સર્વ કપડાંને સાબુ લગાડી ધોઇ અને બિછાના બિછાવવા પડતા. ગંદાથી ગંદા કામમાં તેને ઘૃણા નહોતી. અર્ધી રાત સુધી પણ તેને આળસ ન થતું. એ સર્વના બદલામાં તેને પતિનો પ્યાર નહિ પણ આદર મળતે તો પણ બસ થાત. પણ સુખદાને તેની ચિંતા ન હોતી. તે સમજતી હતી કે પતિનો આદર અને પ્રેમ શું પ્રાર્થનીય છે કે તેના માટે વ્યાકુળ થવું! તે તો ઘરમાંજ છે અને સુરક્ષિત છે. તે હંમેશા પતિની ચિંતામાં રહેતી. હસીને સ્વાગત કરતી. પણ હાય! તે હાસ્યનો આદર કર્યા હતો! તે હાસ્ય ભલે એટલું મીઠું અને સુવાસિત ન હોય પણ તે કોઇ સુંદર મ્હો પર સજાત તો કદાચ તેનો અનન્ય આદર થાત. પરંતુ સૌંદર્ય તો ભાડે મળી શકે એવી વસ્તુ નથી.

પ્રવીણ ઘણું કરી સુખદાને સ્વચ્છ ન રહેવા માટે તિરસ્કારતો. આ તિરસ્કાર દિન પ્રતિદિન તીક્ષ્ણ થતો જતો હતો. તે વિચારતો કે ભલે કોઇએ તેવી કુરૂપ વસ્તુ હોય પણ જો તે ઢંગથી રાખવામાં આવે તો સુશોભિત થઇ જાય છે, મનમાં આ સુધારાની તે કેટલીએક કલ્પનાઓ કરતો. તે વિચારતો કે હું સુવર્ણની ચાહતામાં હતો, તેનો મને હાર બનાવવો હતો, પરંતુ દુર્ભાગ્યથી સોનું ન મળતાં લોહું જ મળ્યું. હવે તિરસ્કારથી શો લાભ? એ તો મૂર્ખતાજ છે કે હું લોઢાનો હાર બનાવું. પરંતુ લોઢામાં પણ કંઇક બનવાની શક્તિ છે. લોઢાની પણ કંઇક એવી વસ્તુ બની શકે છે જે પોતાની શક્તિથી સોનાના હારથી પણ કિંમતી થઇ જાય છે. તેણે નિશ્ચય કર્યો કે સુંદરી ભલે ન થાય, પણ એને ગુણવંતી તો બનાવું. ભણાવું, સંગીત શીખવું, કાવ્યરચના તથા લેખ લખવાનું બતાવું.

તેણે તેને શીખવવાનું શરૂ કર્યું. પણ ક્રમેક્રમે શીખવવાનું ધૈર્ય તેનામાં નહોતું. તેમ જ ઉંચા પ્રકારના કાવ્ય અને અલંકારોને સમજવા જેવી સુખદામાં બુદ્ધિ નહોતી. જ્યારે પ્રવીણ પૂર્ણ ઉલ્લાસમાં કવિની કોઇ અપૂર્વ કલ્પનાની પોતાની ચાતુરી ભાષામાં વ્યાખ્યા કરતો ત્યારે સુખદા બેઠી બેઠી આંખો ફાડી તેના તરફ જોયા કરતી. પ્રવીણ જોતો કે જેમ માટીનું ઢેફું દીવાલથી અફડાઇ ચૂરેચૂરા થઇ વીખેરાઇ જાય છે તેજ રીતે તેનું સૂક્ષ્મ વિવેચન, પાંડિત્ય પૂર્ણ ભાષણ અને ઉત્તમ કાવ્ય આલોચન સુખદાના મસ્તક સાથે અફડાઇ વાયુમંડલમાં પ્રસરી જાય છે. કવિની પ્રતિભાને જોઇ જ્યાં તેનું મન આનંદ પામતું ત્યાં સુખદાની મંદ બુદ્ધિને જોઇ તેનું મ્હોં ક્રોધથી લાલ થઇ જતું. તેના ક્રોધને ઉત્તેજવાને બીજી પણ બે વાત હતી. તે જોતો કે કાવ્યમાં સુરમ્ય ઝરણાં અને પુષ્પોથી સજ્જિત ઉપવનોનું વર્ણન છે, તેવું મારું ઘર નથી. મેલા પુમાડાથી રંગેલાં અને દુર્ગંધિત ઘરમાં કાવ્યામૃત આપતાં જ તેનું કાળજું બળી જતું હતું. બીજું કાવ્યમાં જેવી નાયિકાનું વર્ણન છે તેવી સુખદા નથી. પણ જેવો નાયક છે તેવો હું છું, એમ તેને લાગતું અહિં તેની સહૃદયતાનો લોપ થઇ ઘમંડનો ઉદય થતો. તે વિચારતો તેવુંજ મારું સૌંદર્ય છે; તેવાજ મારા ગુણ છે. પણ મને આ ઘર અને આ સ્ત્રી? ઘમંડની સાથેજ ક્રોધનો પ્રવેશ થતો. તે તેનાજ રંગમાં આખો રંગી સુખદાની સાડીને તિરસ્કારથી જોતો. સાડીની એક બાજુએ મેંશ લાગેલી છે. બે એક બાજુ ચીકાશના દાગ છે. વિશેષ જુવે છે તો તેનાં કપડામાંથી રસોઇના મસાલાની અને લોટની ગંધ આવી રહી છે. હવે તે પાગલની માફક બૂમ પાડી કહે છેઃ "મૂર્ખ બદનસીબ તારાથી એટલું પણ નથી થતું કે શરીર અને વસ્ત્રને સ્વચ્છ રાખે." સુખદા પુસ્તકમાંથી મ્હોં કાઢી જોતી કે આ વળી શું થયું? શીખવતાં શીખવતાં સફાઇની ચીડકાર કેવી? પણ તે જોતી કે વાસ્તવમાં તેના પતિની વાત ખોટી નથી. કારણ કે તેના વસ્ત્ર મેલાં અને દુર્ગંધિત છે. તે લજ્જિત થઇ નીચે જોવા લાગતી પણ જો ખરું પૂછીએ તો એ તેનું શીલ હતું. આખા ઘરના બધાં મેલાં કામ કરી સ્વચ્છ રહેવું એ સંભવિત નહોતું. જ્યારે પ્રવીણ આડોસ પાડોસની સ્ત્રીઓના ઉદાહરણ આપી સમજાવતો ત્યારે પણ તે ચુપચાપ સાંભળી અને સહન કરી લેતી, આ ચુપકીદી પ્રવીણને વધારે ગરમ કરી દેતી હતી. પણ સુખદા શું બોલે? તે એ ઉત્તર આપતાં લજ્જાતી હતી કે તેની પાસે તે એકજ સાડી છે. તેનાથીજ તે ચોકો વાસણ અને જાળ ભુગી કરે છે. રોજ સાબુ લગાડતાં એ તે મેલી થઇજ જાય છે. પાડોસણો પાંચે તો દરજ્જાના હિસાબે કપડાં છે. નોકર ચાકર તેમનો કામ કરી આપે છે પણ તે વિચારતી કે ઉત્તર આપતાં પતિનો તિરસ્કાર થશે—તેની દરિદ્રતા પર તાણો લાગશે.

ક્રોધ અને ઘમંડનો ભૂત ક્ષણભરમાં જ પ્રવીણના શિરમાંથી નિકળી જતો હતો. ફરી તેની સદ્‌ભાવના જાગતી. તે સુખદાની ઘણી ખરી કઠિનાઇઓ અને સ્થિતિને સમજતો પોતાની ક્રૂરતા પર દુઃખી થતો. પણ કોણ જાણે તેનો સ્વભાવ કેવો થઈ ગયો હતો કે હૃદયમાં તે જેટલો પ્રેમ અને દયા સુખદા માટે રાખતો તે તેની સામે તે પ્રકટ કરી શકતો નહોતો. તેની સામે જ્યારે પણ વાત કરે ત્યારે ક્રોધમાંજ કરતો. હવે તેને ભય થવા લાગ્યું કે: "ક્યાંક એવું ન થઇ જાય કે હું ક્રોધના આવેશમાં આવી તેના પર હાથ ન ઉપાડી લઉં. બસ તેણે ધીરે ધીરે શીખવવાનું અપ્રિય કામ બંધ કરી દીધું. એજ દશા સંગીત અને અક્ષર સુધારની પણ થઇ. સુખદાના હાથમાં તો તેજ ઘરનું કામકાજ રહ્યું. અને દિવસરાત ચોવીસ કલાક માટે તેને પુરું પડે એટલું કામ તો હતુંજ.

પ્રવીણ જો પ્રયત્ન કરી પોતાની આર્થિક સ્થિતિ સુધારી શકતે તો તેને ઘણી શાંતિ મળતે. તે જેવો ગુણી, યોગ્ય અને પ્રતિભાસંપન્ન હતો તેવોજ અથાગ ઉત્સાહી અને અપૂર્વ પરિશ્રમી હોતે તો તે ઘણું કમાઇ લેત અને તેથીજ તેને સંપૂર્ણ ગૃહસુખ પ્રાપ્ત થઇ શકત. એકાદ નોકર પણ રાખી શકત એટલે સુખદાને દાસિઓની માફક પીસાવું ન પડત. પણ આલસ્યનો અસુર તેનો હંમેશનો સાથી હતો તે અવસરપર ઝટ તેને નીચે ખેંચી લેતો હતો. ચીડતા પણ તેની સહાયક થતી, અને ઉપરથી ઘમંડ અર્પિત થઇ કહેતું: "એ તો કોઇ બીજાજ હશે જે કરકસર કરી પૈસા બચાવે. એ નિયમ મારા માટે નથી. એ માત્ર સમાજનો અત્યાચાર છે કે મારું જીવન મારા અનુરૂપ નથી બન્યું. સમાજને ઉચિત છે કે તે મારો આદર કરે. હું તેને યોગ્ય છું" આ વિચારમાં તે કદિ પોતાના મિત્રો અને શુભચિંતકોનું અપમાન પણ કરી લેતો હતો.

---

## પ્રકરણ ૩ જું.

સૌભાગ્યની વાત તો એ હતી કે સુખદા ગરીબ ઘરની છોકરી હતી. તે ભલે પ્રવીણ માટે યોગ્ય ન હોય પણ તે ઘર માટે તો સર્વથા યોગ્ય હતી. દરિદ્રતાના કારણે તેને ન કોઇ પાઠશાળાની શિક્ષા મળી હતી કે ન તે ભરતગુંથણના કામમાં હુશીઆર હતી. તેની આ અપૂર્ણતા પણ પ્રવીણ માટે લાભદાયક હતી. કારણ કે જો તે સુશિક્ષિતા સ્ત્રીની માફક ઠાઠમાઠથી રહેતે તો તેના માટે કિંમતી સાડીઓ, બુટ, મોજા અને ફુલ અત્તરાદિ ક્યાંથી આવત ? તેમજ કાર્પેટ વણવાનો ટાઇમ પણ ક્યાંથી મળત ? જો તે આર્થિક દૃષ્ટિથી વણવાને અર્ધો રૂપીઆ રોજની મજુરીનું કામ કરત તો આખા ઘરમાં મંખો ઉડત. પ્રવીણને જેવી સ્ત્રીની ચાહના હતી અને ગર્વના કારણે તે પોતાને જેવો યોગ્ય સમજતો હતો વાસ્તવમાં તે તેવો હતો પણ નહિ. પોતાની તુચ્છ સુંદરતા અને વિદ્યાના બળપર તે ધરતીપર પગ મૂકતો નહિ અને આલસ્યના કારણે કોઇ ઉદ્યમ પણ ખંતથી કરતો નહિ. તેનું જુનું ઘર વગર નાવિકની નૌકા બની રહ્યું હતું. તેનો પિતા સંસાર છોડી ગયો હતો. માતા હિસ્ટીરિયાથી પીડાતી હતી તે કંઇ પણ કામ કરવા અશક્ત હતી. આવા ઘરમાં સુખદા જેવી કર્તવ્યનિષ્ઠ સ્ત્રીનું આગમન એ સૌભાગ્યની વાત હતી. એક બીજી પણ સારી વાત હતી કે તે બિચારીએ વાર્તાઓ વાંચી નહોતી એટલે પ્રેમના અભિનય તે જાણતી નહોતી. અંતરમાં તેના પ્રાણ સ્વામીમાં લાગી રહેતા હતા, પણ બહાર તે એકાગ્ર મનથી ઘરના કામકાજમાં નિમગ્ન રહેતી. પ્રવીણ બાબુ

લાવણ્યમયી સ્ત્રીને ચાહતો હતો પણ તેને એ સૂઝતું નહોતું કે તેને લાવી રાખવાની જગા પોતાની પાસે છે કે નહિ. તે એ વિષે વિચાર પણ કરતો નહોતો કે સુંદર વસ્તુને બીજા સાધનોની જરૂર પડે છે જેનાથી તે સુંદર દેખાય છે. તેણે ચાંદીના ગુલદસ્તામાં ફુલ જોયાં હતાં. ફલકના ગલાસમાં નિર્મલ જલ જોયું હતું: તે એ પણ સમજતો હતો કે ઉકરડાપર ફુલ શોભતા નથી. તે કોઇ વસ્તુને અયોગ્ય સ્થાને જોતો તો તે વસ્તુને ત્યાં રાખનારની હૃદયહીનતાપર બહુજ ખીજાતો હતો. ત્યારે તેની સહૃદયતા જાગી ઉઠતી હતી. તે સ્વયં પોતાને તે ઘરમાં તેજ સ્થિતિમાં જોઈ વ્યાકુળ થતો. તેને વિશ્વાસ હતો કે, હું આ ઘરમાં રહેવા યોગ્ય નથી. છતાં પણ તે તેજ સ્થિતિમાં, તેજ ઘરમાં, તેને સર્વથા અયોગ્ય એક પરી જેવી સુંદરી સર્વ સગાઇ પૂર્ણ રસિક શ્રેષ્ઠ નાયિકા સ્ત્રી ચાહતો હતો. જેના ઘરમાં વાસણ માંજવાને ચાકર પણ નથી જ્યાં નિત્ય સ્ત્રીને ઘરમાં જ ધોબી ઘાટ બનાવવો પડે છે, જ્યાં એકજ ઘરમાં રસોઈ, રહેઠાણ અને સુવાનું કરવું પડે છે, તે ઘરનો અકર્મણ્ય-ક્રોધી અને ભીરૂ સ્વામી-પદ્મિની સ્ત્રીના દાસી પણાની સૌરભ ઇચ્છતો હતો. તે અદ્ભૂત વાત હતી. અને અમને વિશ્વાસ છે કે જો પ્રેમ થાત. તો અવીણ વધારે દુઃખી તેમજ અશાંત થાત તે પોતે ત્યાંજ ઉત્પન્ન થયો હતો. છતાં ત્યાં રહેવામાં તેને આટલું દુઃખ થતું હતું. જો તે કોઈ મોટા ઘરની કન્યાને તે દુઃખમાં લાવી નાંખતે તો તેની શું સ્થીતિ થાત ? ન સુખદા પતિના આચરણથી દુઃખી તો હતી પણ તેની એવી ધારણા હતી કે આવી રીતે ચીડાઇને બોલવું એ તેનો સ્વભાવજ થઇ ગયો છે. તે તેમાં શું કરી શકે ? તેને જો કોઇ પણ રીતે આ વાત જાણવામાં આવતે કે પતિ આમ કરવાથી પ્રસન્ન થશે તો તે પોતાથી બનતું સઘળું કરી છૂટતે. પણ તેના પતિની પ્યાસ તો એટલી ઉંચી હતી કે સુખદા કોઇ પણ રીતે તેને પુરી કરી શકવાને અસમર્થજ હતી. તે કદિકદિ વિચારતી, કે મારા સ્વામી કેવા દિવ્ય રૂપ છે ? એવા બીજા કોના છે ? જ્યારે તે હસે છે ત્યારે જાણે હૃદય તો બહાર નિકળી ભેટવા ચહાતું હોય. ફરી તેના વિચારની દિશા બદલાઇ જતી. તે વિચારતી મારી સાથે એ કેટલી વાર હસ્યા છે ? છી, એમાં એમનો દોષ નથી. તેમના હૃદયમાં કેટલો પ્રેમ, દયા અને મોટાઈ છે? પણ હું શું તેમના માટે યોગ્ય હતી ? રૂપમાં કે ગુણમાં હું એમના ચરણોની ધૂલી બરાબર છું તો પણ તેમણે મને પોતાના ચરણોનો આશ્રય આપ્યો છે. એ શું ઓછું છે ? એમની રસભરી આંખો સમાન કોની આંખો છે ? પણ હાય તે મારી તરફ કેવી રીતે જુએ છે ! ક્રોધમાં અથવા દુઃખમાં. મેં એમના વચ્ચે આવી મહાન અનર્થ કર્યો છે કે મોહન ભોગના થાળમાં જાણે જુવારની રોટલી આવી પડી હોય. પણ હું મારા આ કુરૂપ મ્હોંને શું કરૂં ! શું એ બદલાઇ શકે એવી વસ્તુ છે, એ ચીજ બજારમાં મળી શકે તેવી નથી ! મારી બુદ્ધિ પણ કેવી જડ છે. એમણે શીખવવાનું ઘણું કર્યું પણ હું શીખી ન શકી. હારી જઈ તે આશાને છોડી બેઠા. હું પણ શું કરી શકું ? ઘરના કામમાંથી ફુરસદ પણ ક્યાં મળે છે. કામમાં પરોવાયલીજ રહું છું. ન કરૂં તો, તે કરે પણ કોણ ? જો સાસુજીની સેવા ન થાય તો બે દિવસ માંજ તેના પ્રાણ નિકળી જાય.

અબોધ અસહાય બાલિકા આવી રીતે વિચાર કરી કરી વિહ્વલ થઈ જતી હતી. પણ તેને કોઈ માર્ગ સૂઝતો ન હોતો. છેવટે તેણે વિચાર્યું સ્વામી બણાવવા ચાહતા હતા. હવે હું ભણીશ. વાત સમજમાં આવે યા ન આવે. હું મન લગાડી સાંભળીશ. આ બાદ્દાને બે ઘડી એમની પાસે

આ વાતનો વિશેષ આકર્ષક ભાગ તેનાજ સુંદર ચિત્રો સાથે આવતા અંકમાં આપવામાં આવશે.

**આ** સુંદર માસીક વાંચનાર મહિલાઓને અમો અરજ કરીએ છીયેકે મુંબઇના રામબાગ વાળા ખાદી પ્રદર્શન તથા બીજી ઘણી રીતે " દીલાવર સાડી " નું નામ આપની જાણમાં તો હશે. પણ તે નામાંકિત નામના ઓઠા નીચે ઘણા ગ્રાહકોને ઠગાવું પડ્યું છે કારણ ઘણા વેપારીઓ તેના જેવાજ બુટ્ટા વાળી બીજીજ તરાહની સાડીઓ આપે છે અને ખરા માલથી અંધારામાં રાખવામાં આવે છે. અમારા માલમાં નફો થોડો મળે છે બીજા લંબાઈમાં પણ કહેલા કરતાં વાર ઓછા નીકળે છે માટે બરોબર ખાત્રી શીવાયે માલ ખરીદ કરતાં વીચાર કરવો.

કસબના પાલવ વાળી ખાદીની સાડીઓ પનો ૪૫ ઈંચ




કસબના પાલવ વાળી ખાદીની સાડીઓ પનો ૪૫ ઈંચ

" દીલાવર સાડી " અમારી પેન્ટંટ છે એટલે બીજે કયાંઇ બનતી નથી વળી ગ્રાહક ઠગાય નહીં તેના માટે તૈયાર સાડીઓ માટે નવી નીચેની શાખા ખોલવામાં આવી છે કે જ્યાં અમારી, ખાદીની, માલની ગલમલની તથા વોયલ, મસરાઇશ, રીફ્ક વીગેરે ઉપર જારીની ભરેલી તથા " દીલાવર સાડી " ઓ, ઓઢણીઓ, જમ્પા, તૈયાર મળશે.

માલેક—પારી. નાનાલાલ ગોવરધનદાસ,
કેથેડ્રલ સ્ટ્રીટ, ભુલેશ્વર મુંબઈ નં. ૨.

**" દીલાવર સાડી "**
ડીપો
ઠે. ભુલેશ્વર રોડ લાલ બાવાના
મંદીરની બાજુમાં મુંબઈ નં. ૨.

Printed by D. R. Mitra at Manoranjan Press 2 Sandhurst Rd., Bombay 4
and Published by Uddavji Tulsidas Thakure at No. 5,
Daria Street Mandavi Bombay No. 3.

# ગરવી ગુજરાત




આ અંક
કિંમત
રૂ. ૧

[illegible] નૂતન વર્ષાભિનંદન. [illegible]

આ અંકમાં [illegible] ફોટો અને ચિત્રો [illegible].

# શાણા શેઠીઆઓ !!



સટ્ટા અને બેહદ વધારી દીધેલા મ્હોં માગ્યા દામોની બરકતે ગઈ કાલના રાંકડા પણ આજે મહેલોમાં મ્હાલે છે !!!

ત્હેમને હાથે પઈસો પાણી મીસાલ વહે છે !!

તો જરા ફુલ પાંખડીરૂપે આ તમારાં અનાથ ભાંડુઓ પ્રત્યે દાન મોકલી પરભવનું ભાથું બાંધી લ્યો !!

## કેમ કે લક્ષ્મી આજ છે ! કાલે નથી !!

## દેહ આજ છે ! કાલે નથી !!

જરૂર આ નિરાધારો તરફ નજર કરો, અને વધુ વિગત માટે લખશો:—

મંત્રી—હિંદુ અનાથ આશ્રમ,

નડીઆદ.

# ગરવી ગુજરાત.

માસિક પત્ર.

પુસ્તક ૧ લું,] તંત્રીઃ ઉદ્ધવજી તુલસીદાસ ઠક્કુર. [અંક ૬ ઠો.

## ઑક્ટોબર ૧૯૨૧ ના અંકની અનુક્રમણિકા.



લવાજમ—હિન્દમાં રૂ. ૬, હિન્દ બહાર રૂ. ૭-૮, છુટક નકલ બાર આના.
ઠેકાણું—ગરવી ગુજરાત ઑફીસ કેશવજી દામજી
ન્યુ બીલ્ડીંગ, વાગાદી, મુંબાઈ નં. ૩.

# અમારો આવતો અંક.

## નવેમ્બર ૧૯૨૧.

કવર ડીઝાઈનઃ મૌલાના મહુમદઅલી. ફોટો. મેસર્સ પી. ગોમસ કુ.

મુખપૃષ્ઠઃ હૃદયની પ્યાસ. ચિત્રકાર મી. ગોરક્ષકર.

રસ્તામાંઃ રા. શયદાની હમેશની લાલિત્યપૂર્ણ ભાષામાં લખાયલી ગઝલ.

વિમાનઃ રા. દેશળજી પરમાર. એમનું કલ્પનાના તરંગોમાં રમતું ભાવપૂર્ણ કાવ્ય.

જોગીડાનેઃ રા. કેશવ હ. શેઠનું રસમય કાવ્ય.

પ્રેમનું અદ્વૈતઃ શ્રી. રવિન્દ્રનાથ ટાગોરના એક કાવ્યનો અનુવાદ.

અકસ્માતઃ રા. ગૌરીશંકર ગોવર્ધનરામ જોશી. એમની એક ભાવનામય સામાજીક વાર્તા રા. પંડિતના સુંદર ચિત્ર સાથે;

હંગેરીમાં અસહકાર હંગેરીમાં અસહકારનો ઇતિહાસ રા. રત્નસિંહ દિપસિંહ પરમાર.

મૃતાત્માઓ સાથે વાર્તાલાપ. મરાઠી લખનાર શ્રીયુત. રૂપિ-એમણે પોતાના સ્વર્ગવાસી પત્ની સાથે કરેલા વાર્તાલાપનો જાણવા જોગ હેવાલ. અનુવાદક રા. મયંક મૃતાત્માઓના ચિત્રો સાથે.

ચીનમાં બૌદ્ધ ધર્મ. ( સચિત્ર ) રા. માવજી દામજી શાહ. ગુજરાતના પ્રસિદ્ધ માસીકોના એક લેખક. રા. શાહનો આ એક સુંદર લેખ છે.

અકકલની મરામતઃ શ્રીયુત જી. પી. શ્રીવાસ્તવ બી. એ. એલએલ. બી. અનુવાદક રા. ગુલામ-હુસેન હાજીમહમદ. ( લેખકની ખાસ પરવાનગીથી ) રા. દત્તાત્રેયના સુંદર ચિત્રોસાથે હાસ્યપૂર્ણ લેખ.

ઇતિહાસ મરાઠુર શેરશાહનો ઉદય અને અસ્ત. આ ઇતિહાસિક લેખનો રસિક ભાગ. ( સચિત્ર ) ઉદ્ધવજી તુલસીદાસ ઠક્કુર.

પ્રેમની શિક્ષા. રા. પ્રભુદાસ પ્રાણજીવન ઠક્કર વીસમી સદી તેમજ આ માસીકમાં સુંદર ભાવનાઓના લખનાર રા. પ્રભુદાસની આ એક ભાવપૂર્ણ વાર્તા છે. રા. એન. જોશીના બે સુંદર ચિત્રોસાથે.

હૃદયની પ્યાસ. શ્રીયુત ચતુરસેન શાસ્ત્રી. આ સામાજીક વાર્તાનો આકર્ષક ભાગ. મી. ગોરક્ષકરના સુંદર ચિત્રો સાથે.

Bombay Art Printing Works, Fort, Bombay




ચિત્રકાર ]    ઉસ્તાદ ઐક.    [ શ્રી. સુંદરરાવ ગોરક્ષકર.

હમ ઉનકી ચાલસે પહચાન લેંગે ઉનકો ઘૂંઘટમેં
હજાર અપનેકો વહ હમસે છીપાએંગે સરસે પાંવ તક.

અર્થ:—ભલે તે મારાથી છુપવાને માથેથી પગ સુધી બુરખો ઓઢી લે
પણ હું તો તેની ચાલથીજ ઓળખી કાઢીશ.



પુસ્તક ૧ લું. ઑકટોબર ૧૯૨૨. અંક ૧ લો

# દિવાળીને !

લખનાર: શ્રીયુત ચતુરસેન શાસ્ત્રી.

અમાવાસ્યાના ગાઢ અંધકારમાં અસંખ્ય દિપાવલીના પ્રકાશ સાથે શું જોવા અમારે ઘેર ત્હારી પધરામણી થઇ છે! જરા ઉભી રહે, જો ત્હારી સાથે ભારતની ભાગ્ય લક્ષ્મીને લાવી હો, જો ત્હારા દીપકોમાં અગ્નિવિનાનો પ્રકાશ હોય, જો ત્હારા દીપકો અમારા ગૃહસ્નેહરૂપી તેલને ચુસી અમારા ઘરમાં કાજળની કાળાશ ન મૂકી જાય, ક્ષુદ્ર પણ ઉત્સાહી, પ્રેમી પતંગોને બાળી નાંખવાની વિનાશક શક્તિ એ દીપકોમાં ન હોય તો તું ભલે આવ, અમે લજ્જા અને ગ્લાનીને ભૂલી જઇશું. મલીન અંધકારમાં પણ ત્હારો સત્કાર કરીશું.

જો એમ ન હોય તો તું જા! અમારા ઘરોમાં એ જ્વલન્ત પ્રકાશથી જોવા જેવું કંઇ નથી. અમારો એ અંધકાર ખોટો નથી. તેણે અમને અમારી મલીનતાને–અમારી હીનતા–અમારી નગ્નતાને છુપાવી રાખી છે. અમારા નેત્રોની નિસ્તેજ જ્યોતને તે સહી ગયો છે.

દિપોત્સવી! અમારાપર પ્રકાશ ના નાંખની, અમે નગ્ન છીએ, અમે ભૂખ્યા છીએ, અમે રોગી અને નિરાશ્રય છીએ, ધક્કેલા, મરેલા તિરસ્કારેલા છીએ. લજ્જિત છીએ–સ્વાર્થી–પાપી–ભીરૂ છીએ. પૂર્વજોની અતૂલ સંપત્તિનો નાશ કરનાર સંતાન છીએ. પોતાનાં બાળકોને ભિખારી કરનાર માતા પિતા છીએ. રૂઢીની વેદીપર સ્ત્રીઓને બલીદાનના પશુ બનાવનાર પૂજારીઓ છીએ. અમે ખાનદાન પિતાના અકરમી પુત્રો છીએ.

નહિં, નહિં, અમને અંધકારમાંજ રહેવા દે. અમને અંધકારમાંજ મુખ છુપાવવા દે અમને લજ્જા ઉત્પન્ન થાય છે. અમે કોઇને નથી જોઇ શકતા! પરસ્પર પણ નથી જોઇ શકતા. અરે, પોતાને પણ નથી જોઇ શકતા. અમે અનન્તકાલ સુધી–આશાથી વિહીન, ચૈતન્ય વિહીન, ઘોર અન્ધકારમાં અમારા-સ્વાની રાતીને પ્રતિક્ષીએ છીએ. હાય!



# આમંત્રણ.

લખનારઃ ગ. દેશળજી પરમાર.

( રાગ. )

રસિયાંની માયાને માટ
આવો બાળાઓ.
દીપે છે કુમકુમ,
આપે છે ચન્દન;
રંગો આ ઉન્હાં લલાટઃ
આવો બાળાઓ.
મેવા ને જૂના,
ચકા ને મના;
રેલાવો જીવન ઘાટઃ
આવો બાળાઓ.
અંતરની આશા,
દેવી ગુમાંશાઃ
જગાવો પ્રીતિને પાટઃ
આવો બાળાઓ.
જગજનના દેવીઓ !
રંગો રસ દેવિઓ;
ઝગાવો આતમના પાટઃ
આવો બાળાઓ.
રસિયાંની માયાને માટ
આવો બાળાઓ.

# ખેતોજી મકવાણા

અને

# સરવૈયાણી.



લેખક.—રા. તારાચંદ પોપટલાલ અડાલજા. એલ. ટી. એમ.

રહ્યો અનુપમ સૌંદર્યની વાત નિકળતાં તેને અગ્રસ્થાન આપતા. કલાપીના શબ્દોમાં કહીએ તો–'તેના મ્હોં પરને નસેનસ મહીં' ઉચ્ચારને ચાલમાં ક્ષત્રીઓ તણું દિવ્ય ઓજસ ભર્યું લોહી વહેતું હતું ઉંચે અઢ્ઢીનો હતો જ્યમ શશી ટીકા કરી તારકા તેવું ભવ્ય લલાટ ભૂષણ બધાં ફીક્કા કરી નાંખતું.

આ ઉજ્વળ મુખચંદ્ર આજ ચિંતારૂપી રાહુથી ઘેરાયો હતો. પતિનું સ્વરૂપ જોવાની–તેનો સ્વભાવ જાણવાની આશા ન્હોતી. હાલ તો પતિના પ્રતિનિધિ ગણાતા ખાંડા સાથે જવાનું હતું. ત્યાં ગયા પછી–લગ્ન ક્રિયા થયા પછી પતિનું મુખ જોઇ શકાય–તેનો પરિચય થાય. ત્યાં જતાંજ માતપિતાના લાડમાં ઉછરેલ બાળપંખી હમેશને માટે જનાનખાનાના પડદારૂપી પરતંત્રતાના પીંજરમાં પુરાય. ન મળે તે સ્વતંત્રતા–ન મળે તે નિર્દોષ આનંદ. ખાસ કારણ વિના–સારો કરીઆવર કરવાનો પિતાનો વિચાર હોય તોજ–તે પ્રસંગ સિવાય–કોઇ વખત પિયરીયાનું–વતનનું–માતૃભૂમિનુ મ્હોં જોવાનું નહિં–એ કેવો દુઃખદ વિચાર !

તેની સખીઓ કુંવરીની આ સ્થિતિ જોઇ ખેદ પામી. તેના મનનું શાંત્વન કરવામાં–છેવટછેવટમાં બને તેટલો તેનો સ્નેહરસ લુંટવામાં–એક બીજાના હૃદય હલવવામાં–તે દિવસ પૂર્ણ થયો. વિદાયગીરીનો વખત આવી લાગ્યો.

માતાપિતાએ કુંવરીને શુભાશિષ આપ્યા. પુત્રીને કરીઆવર કરવામાં–જમાઇને પહેરામણી આપવામાં સર્વેશ રાવે કંઇ કચાશ રાખી નહિં. માતાનું હૃદય વાત્સલ્યથી ઉભરાયું, આંખોમાંથી પ્રેમાશ્રુની ધારા છુટી. કુંવરી માતાની છાતી ઉપર મસ્તક મુકી ખૂબ રડી, સખીઓને સ્નેહપૂર્વક ભેટી અને માતૃભૂમિને પુજ્યભાવથી પ્રણામ કર્યાં. તેની સ્થિતિ ગાયથી છુટી પડતી વાછડી સમાન હતી. અહા, કેવી તે વસમી વિદાય.

૨. છાવણી નાંખી.

રજપૂત રાજાઓમાં એવો સામાન્ય નિયમ છે કે વર પરણવા માટે કન્યાના બાપને ત્યાં જાતે આવતા નથી, પરંતુ પોતાનું ખાંડુ મોકલે છે. આ ખાંડા સાથે કન્યા પોતાના પિયરથી નિકળી સાસરે આવવા નિકળે એ સંધને 'ડોળો' કહે છે. સાસરે આવ્યા પછી વર સાથે હસ્ત મેળાપ કરાવાય છે. વર પોતે—હાથેવાળે પરણવા આવે એ પ્રસંગ અતી મહત્વનો ગણાય છે. અને તેવા પ્રસંગમાં કન્યાનો પિતા પોતાને અત્યંત ભાગ્યશાળી માને છે. આવા પ્રસંગ વીરલ હોય છે કારણકે કન્યાના પિતાનું કુળ કે રાજ્ય કોઇ ચડતા દરજ્જાનું હોય કે કોઇ જમાઇની ઇચ્છા પ્રમાણે ખુબ ખર્ચ કરી રાજશાહી ઠાઠ કરવાની તેની શક્તિ હોય તોજ જમાઇ રાજ હાથેવાળે પરણવા પધારે છે !

કુંવરીનું સગપણ—રેવિશાળ સરધારના વાઘેલા રાજા ગોધાજી સાથે થયું હતું. લગ્નનું નક્કી કરતાં ગોધાજીએ રત્નખચીત મુઠવાળી પાણીદાર મૂલ્યવાન તરવાર ઉપર સુંદડી વિંટાળી તે ખાંડા તરીકે–પોતાના પ્રતિનિધી તરીકે પોતાના વિશ્વાસુ સરદાર અને રાજવંશી ઠાઠને શોભે તેવા ભવ્ય રસાલા સાથે ભડલી ગામે મોકલી. સરદારને તેણે ખાસ સૂચના આપી હતી કે 'માર્ગમાં ખૂબ સાવધાન રહેજો. આપણી કીર્તિને કલંક લાગે એવું કંઇ પણ થયું તો હું તમારૂં મ્હોં પણ નહિં જોઉં.

પંદરમી સદીની વાત. તે સમયે 'મારે તેની તલવાર' અને 'જમીયાના જો' જેવો વખત હતો. રાજાઓ લાગ આવે તો ગામગરાસ પચાવી પાડતા. જોરાવરની સામે કોઈ હુંકારો કરી શકતું નહિં જરા પણ વાંધો પડ્યો કે લોહી રેડવાથીજ સમાધાન થતું. કાયદાની વાત ન્હોતી. વીરતા, પ્રબળતા અને સત્તા એજ કાયદો. કાયરતા ખૂણે ભોગવતી હતી, વીરતા જયવંત હતી, વાતવાતમાં

ચકમક ઝરતી, અને શસ્ત્રો ખણખણી ઉઠતાં અને રણસંગ્રામમાં વીર પુરૂષોની પરિક્ષા થતી.

આવા સમયમાં ખાંડુ જાય એટલે તેને કંઇ કંઇ વિઘ્ન નડવાનો ભય-સંભવ રહેતો. દુશ્મનો આગળ પાછળ વેર સંભાળી આવે વખતે પણ તે વેરની વસુલાત કરતા. આમ હોવાથીજ સરદાર ચેનીને ચાલતો હતો.

ખાંડુ નીર્વિઘ્ન ભડલી પહોંચ્યુ, કન્યા પણ પ્રાપ્ત થઇ, કોઇ વાતનો વાંધો પડયો નહિં. સરદાર હવે ધાર્યો, તેના જીવને કરાર થયો, મગજમાં જોર આવ્યું, 'હવે સરધાર પહોંચતા શી વાર?'

ભડલીના રાજા તરફથી સારો સત્કાર પામી કન્યારત્ન મેળવીને સરદાર પોતાના રસાલા સાથે ઉપડયો.

કુંવરી રથમાં બેઠી હતી. સરદારની એક વડારણ *રથની બહાર આગળના ભાગમાં બેઠી* બેઠી તેની આજ્ઞાનો અમલ કરતી હતી. જનાનખાનાના પડદાથી રથને ઢાંકી દેવામાં આવ્યો હતો. ભાગ્યશાળી બળદોને કીનખાબની ઝુલ, રૂપાની ઘંટમાળ, અને સોનાના શીંગડાથી શણગારવામાં આવ્યા હતા. એ ઘંટમાળનો રણકાર અને રથના પૈડામાં નાંખેલી પીતળની કડીઓનો ઝણકાર રસાલાના માણસોને મુસાફરીમાં ઉત્સાહ પ્રેરતો હતો. બળદોને ઘી પાવામાં આવ્યું હતું એટલે એ મસ્તાન બળદો અશ્વવેગે આગળ વધતા હતા. રથ એ સર્વનું લક્ષ્યબિંદુ હતું, અને તેની રક્ષા માટે ઉઘાડી તરવાર સાથે ઘોડેસ્વારો રથને ઘેરીને ચારેબાજુ ચાલતા હતા.

સાંજ પડવા આવી. કુંદણી ગામના ઝાડો દેખાવા લાગ્યા. બળદ અને અશ્વના પગ ઢીલા થયા હતા. રસાલાના માણસો પણ થાકીને લોથપોથ થઇ ગયા હતા. સવારથી સાંજ સુધી પગ રસ્તાની મુસાફરીથી તન અને મન બન્ને કંટાળ્યા હતા. વિશ્રાંતી લેવા માટે કુંદણી ગામની સીમમાંજ પડાવ નાખવાનો સરદારે હુકમ કર્યો.

૩ વીરદર્શન.

કુંદણીની સીમમાં એક વિશાળ જળાશય તળાવ હતું. કિનારે આવેલાં અનેક વૃક્ષોમાં એક વિસ્તૃત વડલો પોતાની ડાળીઓ દુર સુધી ફેલાવી પ્રચંડ સૂર્યકિરણોથી પોતાના આશ્રય તળે આવેલી ધરતીને બચાવી છાયા આપી રહ્યો હતો. આ વડ નીચે એક સાથે પાંચસો માણસોનો સમુહ હોય તો પણ નિરાંતે આરામ લઇ શકે એવું હતું. વડલાની છાયા અને પાસે જ જળાશય જોઇને આ સ્થળે જ છાવણી નાખવાનું સરદારે નકી કર્યું.

મુકામની તૈયારી ચાલી રહી. ઘોડેસ્વારો અશ્વને બાંધવામાં, સરસામાન ઉતારી નાંખવામાં રોકાયા હતા, કુંભાર પાણી ભરી આપવા ગયો, હજામે જમીન સાફસુફ કરવા માંડી, સરદાર એક સ્થળે ગાદી બીછાવરાવી થાક ઉતારતો-જેને તેને હુકમ કરતો પડયો હતો. જરૂરી સામગ્રી લાવવા કેટલાક સેવકોને ગામમાં મોકલવામાં આવ્યા. રથનો સારથી માર્ગમાં સવારેર ધુળ ખાધેલી તેથી મ્હોં ધોવા-પાણી પીવા ગયો. અને બળદ હજી જોડેલા જ હતા. વડારણ રથની પાછળ લીલોતરીમાં બેસી શો સાથે રમત કર્યા કરતી હતી.

રથમાં-પડદામાં બેઠેલી કુંવરી કંટાળી. તેણે પડદો સ્હેજ ઉંચો કર્યો અને સૃષ્ટિસૌંદર્ય નિહાળવા લાગી. તેની દૃષ્ટિ સરોવર તીર ઉપર સ્થંભી ગઇ. એવું તે તેણે શું જોયું?

એક વીર પુરૂષ અશ્વ ઉપર બેઠોબેઠો પોતાની નીચે પડી ગયેલી પાઘડી તરફ કુતુહલ ભરી દૃષ્ટિથી જોઇ અશ્વને ખેલાવી રહ્યો હતો. તેના માથાના કાળા ચકચકતા સુંવાળા લાંબા કેશ અશ્વની પીઠ સુધી પહોંચી તેના મનમોહક મુખની કાંતિમાં વૃદ્ધિ કરતા હતા. અંગઅંગમાંથી અંગરેલું હતું, વીરતાનું તેજ ઝગારા મારતું હતું, આંખોમાં ગૌરવ અને પ્રતિભા ઓતપ્રોત ભર્યાં હતા. તેની અશ્વ નચાવવાની નિપુણતા અદ્વિતિય હતી.

કુંવરી વિચારમાં પડી. આ તે કામદેવનો અવતાર કે સાક્ષાત કામદેવ જ વનવિહાર કરવા ઉતરી પડ્યા છે? ચિત્તમાં ચટપટી થઇ. જીજ્ઞાસા તૃપ્ત કરવા તેણે દાસીને બોલાવી અને કહ્યું, "ફુલી, પેલા અશ્વ ઉપર ઉઘાડા માથે બેઠેલો વીરનર કોણ છે?"

"હું એ નથી જાણતી બાઇ."

"કેમ એ તમારા માણસોમાંનો નથી?"

"નાજી"

"વારુ ત્યારે એ કોણ હશે?"

"તેની મને શી ખબર?"

"જા, તેની પાસે જઇ ખબર લઇ આવ."

"તે કોણ છે તે પુછીને આપણે શું કરવું છે? ને તેનું શું કામ છે?"

"પરંતુ મારે તે ખાસ જાણવું જ છે."

વડારણ ખીજાઇ "પારકાની તે વળી શી પંચાત? શું તમારે તેની સાથે નિકળી જવું છે?"

કુંવરીના મુખ ઉપર ક્રોધની લાલાશ છવાઇ. તેની આંખમાંથી તેજની તરવારો ખરવા લાગી, "ફુલી, તું જાણે છે કે હું અત્યારે તારી રાણી છું? મારી સામે બોલવાનો તને અધિકાર નથી. જા એક વખત બરાબર તપાસ કરી ખબર લઇ આવ.'

રાણીની આજ્ઞાને આધિન થવું પડ્યું. ફુલી તે સ્વાર પાસે ગઇ. જમીન ઉપર પડેલી પાઘડી ઉપાડી તેને આપી. સ્વારે તેનો ઉપકાર સહિત સ્વીકાર કર્યો. પાઘડી આપતાં આપતાં ફુલીએ પુછ્યું, "ઠાકોર, આપ કોણ છો તે કૃપા કરી જણાવશો?"

"કેમ તું મને નથી ઓળખતી! કુંદણીના રાજા ખેંતાજીને ન ઓળખે એવું આટલામાં તો કોઇ નજ હોય. મને લાગે છે કે તું પરદેશી છે."

"હાજી, અમે અનુપારથી ખાંડું લઇ ભડલી ગયા હતા ત્યાંથી અમારા રાણીજીને લઇ પાછા આવતાં અહીં પડાવ નાંખ્યો છે"

'ઠીક' એટલો જ ઉત્તર આપી તે સ્વાર-રાજા ખેંતાજી પોતાના અશ્વને ખેલાવવા લાગ્યા.

વડારણે આવી કુંવરીને ખબર આપ્યા. કુંવરી ચમકી. "આ વીર પુરૂષ તેજ ખેંતાજી? આ ગામ તેજ કુંદણી? ભાટ ચારણો ખેંતાજીની વીરતાના કેવા યશોગાન ગાય છે? જેવો વીર તેવોજ તે સુંદર છે. આવા વીર નરનાં પત્ની બનવું એમાં પણ જીવનનું સાર્થક છે."

પોતાને થતી અસર છુપાવી વડારણને બીજા કામે વળગાડી તરતજ રથમાં પોતાની પાસે ઝવેરાતની પેટી હતી તે ઉઘાડી, તેમાંથી કાગળ કાઢ્યો અને ઉતાવળમાંજ લખી કાઢ્યુંઃ—

( સોરઠા )

ખેંતા ચતુર સુજાણ, મોહબાણ માર્યાં મને
ઝાલા કુળના ભાણ, અર્પ્યું તનમન મેં તને।
લેજે મુજ સંભાળ, રખે લાગ ત્યા ચુકતો
સ્ત્રી હત્યાનું પાપ, શીરે ના કદી વ્હોરતો
તારા માટે પ્રાણ, તારા વીણ તજું પલકમાં
એ છે મુજ નીરધાર, વધુ કહું મકવાણ શું?
રાખી કેરી ટેક, ( જો ) તજીને હિમ્મત હારશે
ઇશ્વરને દરબાર, જવાબ પુછીશ ખેતજી।

કાગળની ઘડી કરી, કસબનો તાર તેના ઉપર વીંટ્યો. વડારણને બોલાવી તેના હાથમાં એ ચીઠી મુકીને તે ખેંતાજીને પહોંચાડવા આજ્ઞા કરી.

ગરીબ બિચારી વડારણ! એ તો ચીઠીની ચાકર. એક વખત વિચાર થયો કે આવી રીતે સંદેશો તે લઇ જવાય? પરંતુ સ્વાર્થ—ભવિષ્યમાં રાણીની જ દયા ઉપર રહેવાની કલ્પનાએ તેની વિચારશક્તિ બ્હેર મારી ગઇ. સંદેશો પહોંચ્યો. ખેંતાજી કંઇ બન્યું જ ન હોય તેમ—સંદેશાની દરકાર જ ન હોય તેમ ઘોડાને ખેલાવતો ખેલાવતો ત્યાંથી ચાલ્યો ગયો. વડારણ કંઇક સંતોષ પામી. તેને એમ જ લાગ્યું કે ખેંતાજીના મનમાં એ સંદેશાથી કંઇ પણ અસર થઇ નથી. આ પ્રસંગનું વર્ણન કરતાં આસ્ત્રકારો કહે છે કે—

' આઇએ વડારણ મોકલી, સુન એતા મકવાણુ, વરૂ ન હન ઝાવાવર, નીક પગમેં ઊંડું પ્રાણુ.

## ૪. એતોજી.

પાટડીમાં ઝાલાઓનું રાજ્ય સ્થાપનાર–બાબરા ભુતને વશ કરનાર–રાણા હરપાળ દેવને શક્તિ * કિંવા સોલંકી દેવીથી ત્રણ-પુત્રો ઉત્પન્ન થયા હતા–સેઢોજી, માંગુજી અને શેખડોજી. તેમાં માંગુજીને જાંબુ તથા કુંદણી સાથે ૮૪ ગામોનો ગરાસ મળ્યો હતો. તેના વંશજો હાલ લીંબડી ( કાઠીયાવાડ )ના ઠાકોર છે. માંગુજી પછી તેના વંશજો અરતોદથને આધિન થતાં–થડીમાં અમુક પ્રદેશ ગુમાવતાં અને થડીમાં તે પુનઃ પ્રાપ્ત કરતાં જાંબુમાં અને કુંદણીમાં યથેચ્છાનુસાર રાજ્યધાની સ્થાપી સત્તા ટકાવી રહ્યા હતા. માંગુજી પછી અગ્યારમી પેઢીએ એતોજી કુંદણીની ગાદીએ બેઠા. ઝાલા રજપૂતો મકવાણા જાતના છે અને તેઓ માર્કંડ ઋષીના વંશના છે એવી માન્યતા છે. એતોજી મકવાણા સ્વરૂપવાન, શરીરે ભરેલો, શક્તિવાન અને બહાદુર લડવૈયા તરિકે તે સમયે પંકાતો હતો.

આજે તે અશ્વને ફેરવવા માટે–સૃષ્ટિ સૌંદર્યથી એઘડી મનરંજન કરવા માટે ગામની સીમમાં પાકની સ્થિતિ નજરે જોવા માટે–બહાર નિકળી પડ્યો હતો. પાછા ફરતાં સરોવર તીરે અશ્વને ફેરવતો હતો તેવામાં મદ ભર્યાં અશ્વે ઉછાંછ મારતાં તેની પાઘડી નીચે પડી ગઈ. તેના નાગ જેવા કાળા ચળકતા વાળ છુટા થઇ જઈ પીઠ ઉપર લટકવા લાગ્યા. રથમાં બેઠેલી સરૈયાણીએ આ જોયું. આ ' કામદેવના અવતાર'ને જોઇ તે મોહમુગ્ધ બની. મનથી તેનેજ વરી ચુકી અને પોતાનો સ્વીકાર કરવા–બહારે ધાવા સંદેશો મોકલ્યો. એતોજી વિચારમાં પડ્યો. " હવે શું કરવું ? સરૈયાણી ખાંટ સાથે સરધાર જાય છે. સરધાર તે જશે તો જરૂર આપઘાત કરશે અને સ્ત્રી હત્યાનું પાપ મારા માથે આવશે. ગમે તેમ થાય પરંતુ એક વચન તેને સમજાવવી જોઇએ. પછી શું થાય છે તે જોઇ લેવાશે. "

મનમાં તેણે કંઇ નિશ્ચય કર્યો. અશ્વને એડી મારી ! પવનવેગે દોડાવી, તે શહેરમાં આવ્યો અને દિવાનને સત્વર બોલાવવાની સેવકને આજ્ઞા કરી.

દિવાન આવ્યો. બંન્ને જણાએ ખાનગી મસલત કરી. રાજાના મુખ ઉપર સંતોષના–આનંદના ચિન્હો જણાયા. દિવાન નમન કરી ત્યાંથી ગયો. પ્રસન્નવદને એતોજી તેના તરફ જોઈ રહ્યો, હર્ષાવેશમાં તેનાથી બોલી જવાયું, " શાબાશ ! ' ડાહી માના દીકરા તે આનું નામ. ' રાજાના મનની મુંઝવણ મટાડે–મુંઝવાયલું કોકડું ઉકેલી જાણે તેનું નામ દિવાન, કહે છે કે 'વાણીઆ દિવાન હોત તો રાજા રાવણનું રાજ્ય ન જાત,' એ અક્ષરશઃ સત્ય છે. "

## ૫ મ્હેમાન.

દિવાને સરધારના માણુનો પાસેથી યુક્તિ-પ્રયુક્તિથી ડોળા સાથે આવેલા સરદારનું નામ, માણસોની સંખ્યા, વિગેરે કેટલીક જરૂરી માહિતિ મેળવી લીધી. સરોવરતીરે ડોળાનો પડાવ નાખવાની તૈયારી થતી હતી ત્યાં તે આવ્યો. માણસો આગ અવળા દોડધામ કરતા હતા. હજી મુકામનો જોઇએ તેવો બંદોબસ્ત થયો ન્હોતો.

સરદાર પાસે આવી તેણે ' રામ રામ ' કર્યા, સરદારે તેનો જવાબ વાળ્યો અને સહુ બેઠા, ક્ષેમ કુશળની વાતો થઇ, અને લાગ જોઇ દિવાન બોલ્યો, " જોરાવર સિંહ ! અહિં ગામને પાદર મુકામ કર્યો એ બહુ સારૂં કર્યું છે ! તમને એમ લાગ્યું હશે કે કુંદણીના રાજાને શા ધાનનો વિસાત હશે ! આપતા તો તમે એક દિવસ આવો

* શક્તિ—' સાધ્ય રાણાની રાણી ' ગુજરાતીનો ૧૯૬૮ નો દીવાળી અંક.

તો તેનો ખજાનો ખુટી જાય. કેમ એમજને ? ભલા માણસ અમારી આબરૂનો તો વિચાર કરવો હતો. સરધારના વાઘેલા રાજાનું ખાંડુ ડોળા સાથે જાય અને વિસામા માટે આમ ગામની ભાગોળે પડી રહે એમાં તમને તો કંઇ નહિં પણ અમને કલંક લાગે. ”

મીઠા મધ જેવા શબ્દો કોને પ્રિય ન લાગે ? શું, ઉત્તર આપવો તે સરદારને સુઝયું નહિં, અંતે તે બોલ્યો “ દિવાનજી, આપે તેમાં માઠું લગાડવાનું નથી. અમારે જેમ બને તેમ જલદી સરધાર પહોંચવાનું છે એટલે માર્ગમાં ખોટી થવું પાલવે નહિં. આતો માત્ર વિશ્રાંતી લેવા માટે પડાવ કરવો પડ્યો છે.”

“ એ તો હું પણ સમજું છું. સરધાર પહોંચવાની ઉતાવળ હોયજ, પરંતુ અહીં બહાર પડાવ નાંખ્યો તે ખોટું દેખાય. અહીં જેટલો વખત ગાળશો તેટલો સમય અમારા મ્હેમાન બની અમને આભારી કરો. આપને વધારે રાખવાનો આગ્રહ કરશું નહિં. અમારા અન્નદાતા રાણીશ્રીએ આપને ખાસ આમંત્રણ કર્યું છે, અને એ સ્વીકારવાની મારી આપને નમ્ર વિનંતિ છે.”

સરદાર સપડાયો. હવે બીજું મ્હાનું કાઢી શકાય એમ ન્હોતું. બહાર વગડામાં પડ્યા રહેવાની અગવડના વિચારોએ, રાણીની મ્હેમાનગતની મધુર કલ્પનાએ, દિવાનજીની વાક્ય પટુતાએ સરદારના નિશ્ચય ઉપર વિજય મેળવ્યો, અને ‘કાઢી માના દિકરા’ની કળા ફાવી.

ખેતોજીના આમંત્રણનો સ્વીકાર થયો, અને સરવૈયાણી અને સરદાર સઘળા માણસો સહિત તેના મ્હેમાન બન્યા.

૬. એનો આશ્ચર્ય !

સરદારને અને તેના માણસોને જુદો ઉતારો આપવામાં આવ્યો. ‘રાણીને ગોઠ્ય મજાની અગવાય એમ સગવડ તે ઉતારામાં નથી, તેથી તેમજ જનાનખાનામાં, રાણીઓના સહવાસમાં તેને વધારે આનંદ આવશે એ કારણથી સર વૈશાણીને રાજમહેલના રણવાસમાં રહેવાનું ઠર્યું. સરદારને શંકા લાવવાનું કારણ ન્હોતું. ખેતોજી અને સરવૈયાણી વચ્ચે ચાલેલા સંદેશાની તેને ખબર ન્હોતી.

સરવૈયાણીના સંદેશા ઉપર ખેતોજીએ લક્ષ નથી આપ્યું એમ માની વડારણ નિશ્ચિંત બની હતી, એટલુંજ નહિં, પરંતુ એ વાત સરદારને જણાવવા જતાં તે રાણી તેમજ સરદાર બંનેના કોપનું કારણ બને એ ડરથી તે મૌનજ રહી હતી. જ્યારે તેણે જાણ્યું કે સરદાર તો ખેતોજીનું આમંત્રણ સ્વીકારી તેના ગામમાં જાય છે ત્યારે તેને પોતાની ભૂલ સમજાઇ, સરદારને વાત જણાવવાનું મન થયું, પરંતુ હવે બહુ મોડું થયું હતું, કહેવા જતાં ‘ પડ પાછા પગ ઉપર’ જેવું થાય તેમ હતું, કહેવું કે નહિં તેનો નિશ્ચય તે કરી શકી નહિં. પોતાના હિતને ખાતર પોતે રાણીનો સંદેશો ખેતોજીને કહ્યો એ વાત પોતાના પેટમાંજ સદાને માટે છુપાવવામાંજ શ્રેય માની લીધું. ‘ ન બોલ્યામાં નવ ગુણ ’ એ સિદ્ધાંતનો તેણે સ્વીકાર કરી લીધો.

રાજવંશી મ્હેમાનોને છાજે તેવી તમામ પ્રકારની ગોઠવણ ડોળાના માણસો માટે કરવામાં આવી. મીઠી મ્હેમાનગતના અનુભવથી સૌ સંતોષ પામ્યા અને ખેતોજીના ઔદાર્યની પ્રશંસા કરવા લાગ્યા.

સરદારના આનંદનો પાર રહ્યો નહિં. ખુદ સરધારના રાજાને માટે જે કરવામાં આવે તે તેને માટે થયું. ખેતોજીએ પોતાની મુલાકાતનું માન તેને આપ્યું, સારી રીતે આદર સત્કાર કર્યો, અને તેની મ્હેમાનગત કરવાની પોતાને મળેલી તક માટે હૃદયનો આનંદ દર્શાવ્યો. આવા આગ-




ચીત્રકાર ] ખેતાજી મકવાણા. [ મી. સુંદરરાવ ગોરક્ષકર

રથમા પડદામા બેઠેલી કુવરી ફરાણી, તેણે પડદો સ્હેજ ઉંચો કર્યો ( પૃષ્ઠ ૨૬૧. )



B A P. Works



ચીત્રકાર ] ... એતાજી

એતાજીએ વાત બદલી, "વાહ, એ તો બહુ' અને સુધાથી પીડીત

અહૈયાજી : "જ્યાં સધી મારી વીનંતીનો



મકવાણા

[ શ્રી સુંદરનાથ ગોરડકર

પણ તેણે પ્રથમ આ ભોજન આરોગો, શ્રમ
દેહને આરામ આપો '
સ્વીકાર થયા નહીં ત્યાં સુધી આનો સ્વીકાર પણ
[illegible]



[ શ્રી કોર ] ખેતાછે મફવાણા. [ શ્રી. સુંદરરાવ ગોરક્ષકર.

પરંતુ સરવૈયાથી કે અન્ય શાખાઓને બદલે એક મોટી ચીતા ધડ ધડ બળતી નજરે પડી.



B. A. P. Work.

પાણી માનથી સરદાર ફૂલાયો, હોંની ધૂનમાં પોતાની ખરી સ્થિતિનું પણ તે ભાન ભૂલ્યો.

વધામણુંને જૂદો ઓરડો આપી રાણીની તહેનાત-માંથી મુક્ત બનાવવામાં આવી હતી. સરવૈયાણીની સેવા માટે એનોજીની દાસીઓ ખડે પગે તૈયાર હતી. પરિશ્રમ નિવારવા માટે સ્નાનાદિથી પર-વારી સુંદર વસ્ત્રાભૂષણો સજી તે તત્પર બની. તરતજ એક દાસી બનારસી તાસના વસ્ત્રથી ઢાંકેલો સુવર્ણ થાળ સજ ત્યાં આવી અને બોલી "બાઇસાહેબ, રણવાસમાંથી આપને માટે આ થાળ મોકલાવ્યો છે. ભોજન કરી ક્ષુધાને શાંત કરવાની કૃપા કરો."

"તે મારાથી બની શકશે નહી."

દાસી આશ્ચર્યચકિત બની. આ વળી કેવો જવાબ! તેણે વિનય કરીને કહ્યું, "બા સાહેબ, એમ શા માટે કહો છો? કૃપા કરી અન્નદેવતાની અવગણના ન કરો."

"રાણા એનોજી અહીં આવ્યા પછી જમવાનું હોતે થશે. તું જા અને તેમને અહીં બોલાવી લાવ."

દાસી દિગ્મૂઢ બની. ભોજનને માટે સરવૈયાણીને કેમ સંકોચ થતો હશે! એનોજીનું બીજું શું કામ હોય? શું સરધારની રાણી લજ્જાનો ત્યાગ કરી બાપુનું રહેવું જોશે! તેની સાથે વાત કરશે? એ તો આશ્ચર્ય! વિચારતરંગમાં તણાતી દાસી આજ્ઞાનો અમલ કરવા ચાલી ગઈ.

૭. પ્રેમભિક્ષા!

એનોજીને ખબર મળ્યા, કારણ તેના લક્ષમાં આવ્યું. હૃદયના ભાવોને વ્યક્ત કરવાની—રૂબરૂ મળી ખુલાસો કરવાની આ એક યુક્તિ હતી!

સરવૈયાણીના આવાસ આગળ તે આવ્યો. દાસીઓને બહાર રહી કોઈને ત્યાં આવવા ન દેવાની આજ્ઞા કરી. દ્વારમાં પ્રવેશ કરતાં જ તે થમક્યો. આ શું!

સુંદર વસ્ત્રાભૂષણોમાં સજ્જ બનેલી, યૌવન બાગની પૂર્ણ વિકસિત કળી સમાન, સૌંદર્યની સાક્ષાત્ મૂર્તિ, સ્વર્ગમાંથી ઉતરી આવેલી રંભા કે રતીના અવતારરૂપ આ સરવૈયાણી! આ સૌંદર્ય દેવીનો ઉપાસક કેવો ભાગ્યશાળી! ક્ષણવાર તે સૌંદર્યદર્શનમાંજ લીન બન્યો.

સરવૈયાણી તો આ વીરપુરુષના દર્શનથી પ્રેમ મુગ્ધ બનીજ હતી. આ પ્રેમવશ મુગ્ધા પ્રેમી જનને જોતાંજ હર્ષપ્રફુલ્લ બની અને બોલી, "પધારો, વીરવર, શા માટે સંકોચ પામો છો?"

"તમે મારા તરફથી આવેલા થાળનો સ્વીકાર કરતાં સંકોચ પામ્યા તો પછી મને અહીં આવતાં સંકોચ થાય એમાં નવાઇ શી?" એનોજીએ મર્મ-સૂચક ઉત્તર આપ્યો.

"આપના થાળની મેં અવગણના કરી નથી, પરંતુ આપના જમ્યા પહેલાં મ્હારાથી જમી શકાય એમ નથી એટલે લાચાર."

"એટલે?"

"હજી પણ એ પ્રશ્ન બાકી રહ્યો છે? આપને મેં જોયા છે ત્યારથી તન અને મન આપને સોંપી ચુકી છું. મારી વધામણી દ્વારા આપને તે વિદિત પણ કર્યું છે, હવે તો તમેજ મારા......"

તેને અટકાવી એનોજી વચમાંજ બોલી ઉઠ્યો, "સાહસ ન કરો ધીરજથી શાંત ચિત્તે પૂર્ણ વિચાર કરો. તમારા પિતાએ તમને સરધારના વાઘેલા રાજા સાથે પરણાવ્યાં છે. તે તમારા પતી"

"નહિ, હું તે સ્વીકારતી નથી. તેની સાથે મારો હસ્તમેળાપ થયો નથી, તેના તરફ પત્ની તરીકેના પ્રેમભાવે મારા હૃદયમાં સ્થાન લીધું નથી. સરોવરતીરે આપના દર્શન થતાં જ આપના પ્રત્યે પત્નીભાવ ઉત્પન્ન થયો છે અને એ નિશ્ચય હવે ટાળી શકાય એમ નથી. આપ સિવાય જગતના સર્વે પુરુષો મારે બાપભાઇ સમાન છે."

તેના વચનોમાં દ્રઢતા હતી. તેને સમજાવવાનો-નિશ્ચયથી ચલિત કરવાનો યત્ન કરવો નિષ્ફળ હતો. ખેતાજીએ વાત બદલી, "વારૂ, એ તો બધું થઇ રહેશે. પ્રથમ આ ભોજન આરોગો, શ્રમ અને ક્ષુધાથી પીડીત દેહને આરામ આપો."

"જ્યાં સુધી મારી વિનંતિનો સ્વીકાર થાય નહીં ત્યાં સુધી આનો સ્વીકાર પણ મારાથી કરી શકાય નહિં"

"આનું પરિણામ કેવું આવશે તેનો વિચાર કર્યો છે?"

"જી હા. પરિણામમાં મારા પીતા અને જેને તે જમાઈ ગણે છે તે સરધારના રાજ્યના કોપનું હું કારણ બનીશ, કદાચ એ કોપનું બળીદાન પણ બનવું પડે, પરંતુ તેથી શું? હું ક્ષત્રીયાણી છું, વીર પીતાનું વીર સંતાન છું. શું એવા ક્ષુલ્લક વિચારથી ડરી જઇ મારો નિશ્ચય ફેરવું? 'સિંહણ ભૂખે મરે પણ તૃણ કદી ન ચરે' તેમ ભલે સંકટનું વાદળ મારા ઉપર તુટી પડે પરંતુ આપને મારા પતી માન્યા છે તે નિશ્ચય હવે ટળવાનો નથી. આપ ક્ષત્રિય પુત્ર છો, ઝાલાકુળદિપક છો, વીરનર હરપાળદેવના વંશજ છો. આપની વીરતાના યશોગાન ભાટચારણોને મોઢે મેં અનેકવાર સાંભળ્યા છે. આપની ક્ષાત્રટેકમાં—આપના શૌર્યમાં મને વિશ્વાસ છે. શું આપને શરણે પડેલી અબળાને આશ્રય નહિં આપો? હું આપની પાસે પ્રેમભીક્ષા યાચું છું. જોઇએ તો ભીક્ષા આપો, નહિં તો આપની આ રણશુરી તરવારથી આ અબળાનું શીર કાપો. આપનો આશ્રય મળતાં મારૂં જીવન સફલ થશે. જો તે નહિં મળે તો છેવટ એક અબળાની આત્મહત્યા થશે" સરવૈયાણી ખેતાજીને પગે પડી, જાણે કોઇ અપ્સરા ઇંદ્રરાજાનું શરણ પામી રહી હોય!

૮. શું કરવું?

ખેતાજીએ જોયું કે સરવૈયાણીનો નિશ્ચય કોઇ રીતે ફેરવી શકાય એમ નથી. તે ધર્મસંકટમાં આવી પડ્યો. તેનો સ્વીકાર કરવામાં સરધારના રાજા સાથે શત્રુતા થાય, તેની સાથે યુદ્ધ કરવાનો પ્રસંગ આવે અને તેમાં પોતાના માણસોનો સંહાર થવાનો સંભવ હતો. તેને તરછોડવામાં સ્ત્રીહત્યાનું પાપ લાગે તેમ હતું. સુડી વચ્ચે સોપારી જેવી તેની સ્થિતિ થઇ. યુદ્ધના ભયથી પ્રેમ કરે તેવો ન્હોતો. રણસંગ્રામ એતો ક્ષાત્રજીવનનો લ્હાવો હતો. અબળાનું રક્ષણ કરવાના ક્ષાત્રધર્મે અંતે વિજય મેળવ્યો. તેણે સરવૈયાણીનો કર ઝાલી તેને ઉભી કરી. કરાંગુલીઓના સ્પર્શથી બંનેના શરીરમાં વિદ્યુત સંચાર થયો.

તેનું શાંત્વન કરતાં તે બોલ્યો, "ધન્ય છે તારી દ્રઢતાને. ખાત્રીપૂર્વક માનજે કે આ ખેતાજીના દેહમાં જીવ છે ત્યાં સુધી કોઇથી તારો વાળ પણ વાંકો થઇ શકે એમ નથી. હવે તું ભોજન કરી લે હું હમણાં જાઉં છું. સરધારના સરદાર અને ડોળીના માણસો પ્રાતઃકાળે વિદાય માંગશે. તેને શું ઉત્તર આપવો-શું વ્યવસ્થા કરવી તેને માટે મારે મંત્રી અને સામંતો સાથે મસલત કરવી પડશે"

ખેતાજી ગયો. સરવૈયાણી તેની પાછળ જોઇ રહી, "કેવી તેની કેસરી સમાન ચાલ! કેવું કદાવર શરીર! કેવી વીરતાથી છલકાતી પ્રભા! અહા પ્રભુ! કૃપા કર, મને પત્ની તરીકે સ્વીકારવાની તેના ઉરમાં પ્રેરણા કર."

ખેતાજીએ વૃદ્ધ સામંતોને, દિવાનને અને દાના દરબારીઓને બોલાવી ખાનગી દરબાર ભર્યો. અત્યારે રાતના સમયે દરબાર ભરવાનું શું કારણ હશે તે તેઓ સમજી શક્યા નહિં મનમાં અનેક તર્કવિતર્ક કરતા તેઓ દરબારમાં બેઠા હતા.

દિવસે દરબાર ભરાતો હતો ત્યાં નહિ, પરંતુ એક ખાનગી ખંડમાં—જ્યાં હજુરીઆઓ પણ ન આવી શકે તેવા સ્થળમાં— કેટલી મારી તારી

માની મોક કરવામાં આવી હતી. એક આસન ખાસ પ્રકારે ઉંચું રાખવામાં આવ્યું હતું. ત્યાં કિનખાબના ગાદીતકીયા બીછાવ્યા હતા. આગળ સોનેરી નકસી વાળો હુક્કો પડ્યો હતો. ખીલેલી કામની હાંડી અને ઝુમ્મરમાં દિપકની જ્યોતની જ્યોત તે ખંડમાં પ્રકાશ પાડી રહી હતી.

દરબાર ભરાયો. એનોજીએ અત્યાર સુધીમાં બનેલી બીના યથાસ્થિત નિવેદન કરી અને કહ્યું, "મારા દાના દિવાન અને શૂરવીર સામંતો! આટલા માટે જ અત્યારે તમને બોલાવવા પડ્યા છે. તમારી સલાહની મને પ્રથમ જરૂર છે. અત્યારે હું ધર્મસંકટમાં આવી પડ્યો છું. સરૈયાણીને ના કહેતાં તે અહિંજ—આપણા રણવાસમાંજ આત્મહત્યા કરશે એ ચોક્કસ છે. તેનો સ્વીકાર કરતાં સરધારના વાઘેલા સાથે વેર થશે અને તેની સાથે યુદ્ધ કરવું પડશે એ નિર્વિવાદ.

એક વૃદ્ધ સામંતનું મોઢું ઉતરી આવ્યું. તથાપિ જ તે બોલી ઉઠ્યો, "યુદ્ધ કરવું પડે તો શું ચીંતા છે? શું અમે હાથ સીધી વાળીએ એવા નથી? આપના સામંતો મરવા ડરતા નથી. તેઓમાં ચેતન છે. રજપૂત લોહી તેમની રગેરગે ઉછળે છે. યુદ્ધમાં ઝુઝવા તેઓ તત્પર છે."

એનોજી હકાર ભર્યો. મુછોપર હાથ ફેરવતાં તે બોલ્યો, "ઠીક! હું તે સારી રીતે જાણું છું. તે આપના ચિન્તામાં છું એમ સમજતા નહિ. યુદ્ધ થાય તેની મને દરકાર નથી, પરંતુ તેમાં માત્ર મારે ખાતર—મારા—નિર્દોષ સૈનીકોનો—પ્રજાનો સંહાર થાય એ ઇચ્છવા યોગ્ય નથી."

"એ વિચાર અત્યારે કરવાનો નથી. જે કાર્ય એ આદર્યું છે તે ઝટ જ કરી. આપ પ્રજા માટે અને પ્રજા આપને માટે." એક યુવાન રજપૂત બોલી ઉઠ્યો.

"ઘાતો એ વાત જવા દો. પરંતુ સરૈયાણીને અહીં રાખવી એ ધર્મવિરૂદ્ધ નહિ ગણાય? એ કાર્ય જગતની નજરે નિંદાપાત્ર નહિં જણાય?"

દિવાન—'ડાહી માના દિકરા' એ વાત ઉપાડી લીધી "મહારાજાધિરાજ, સરૈયાણી પોતાની ઇચ્છાથી અહીં આવી છે. નથી આપણે તેનું હરણ કર્યું કે નથી તેને બળાત્કારથી ઉપાડી લાવ્યા. આમ હોવાથી જગતને નિંદા કરવાપણુંજ ક્યાં રહે છે? તેથી ઉલટું જો આપ તેનો ત્યાગ કરશો તો લોકો આપને નિર્બળ ગણી નિંદા કરશે. આ સેવકનું કહ્યું જો માનો તો સરૈયાણીનો આપ સ્વીકાર કરી તેની ઇચ્છા ફળીભૂત કરો."

"અને આ પ્રશ્ન સાથેના માણસોનું શું?"

"તે કામ મને સોંપો. હું બધી વ્યવસ્થા કરીશ."

સઘળા સામંતો-દરબારીઓને આ વાત ગમી. સર્વાનુમતે દિવાનની દરખાસ્ત પસાર થઇ અને દરબાર વિસર્જન થયો. દિવાન અને એનોજીએ પાછળથી કેટલોક વખત ખાનગી મસલત ચલાવી અને જુદા પડ્યા.

એનોજી સરૈયાણી પાસે આવ્યો અને કહ્યું, "સરૈયાણી! તારી હઠાગ્રહે મારા વિચારો ઉપર વિજય મેળવ્યો છે. તારી માગણીનો હું સ્વીકાર કરૂં છું."

સરૈયાણીનું હૃદય આનંદથી ઉછળ્યું. હર્ષ વેગમાં એનોજીને આલિંગન આપતાં તે બોલી, "પ્રભુ, આ દાસી ઉપર આપનો કેવો ઉપકાર!"

૪૦ યુક્તિ.

પ્રાતઃકાળ થયો. લોકોને જેમ બને તેમ જલદી વિદાય થવાનું હોવાથી માણસો હોંશ ઉત્સાહથી ન્હેમા પરવાર્યા. તંબુઓ પણ વિંટાળ્યા અને ડુંગરાઓની તૈયારી થઇ. સૌ પોતપોતાનો સામાન સંભાળી જોઇતી સગવડ કરાવા લ

તૈયાર થયો. માત્ર તેઓની રાણીને તૈયાર કરવાની જ વાર હતી.

સરદારે પોતાના એક માણસને જનાનખાનામાં મોકલ્યો. ડેલીવાળાએ તેને રોક્યો. કોઇપણ પુરુષથી ત્યાં પ્રવેશ કરી શકાય એમ ન્હોતું, ડેલીવાળાએ સરદારની વડારણને ત્યાં બોલાવી. માણસે તેને સરદારનો સંદેશો કહ્યો, અને રાણીજીને લેવા માટે હમણાંજ રથ આવે છે. એમ જણાવ્યું. વડારણ સંદેશો લઇ અંતઃપુરમાં ચાલી ગઇ.

ઝણઝણાટ અવાજ કરતો રથ ત્યાં આવી લાગ્યો. સારથી રાણીની રાહ જોઇ અન્તઃપુરના પ્રવેશદ્વાર તરફ જોઇ બેસી રહ્યો. વખત પોતાનું કામ કર્યા જતો હતો. ભગવાન સૂર્યનારાયણ ધીરેધીરે પોતાના કર્તવ્ય પાલનની તૈયારી કરતા જણાતા હતા. દિવસ ચડતો જતો હતો.

ધાર્યા કરતાં વધારે વખત વીતવાથી સરદારના ધૈર્યનો અંત આવ્યો. તેણે પુનઃ પોતાના માણસને અન્તઃપુરમાં સંદેશો કહેવા મોકલ્યો, તે માણસ મનમાં બબડતો સરદારને અને રાણીને મનમાંજ ગાળો દેતો ત્યાં આવ્યો. તેનેતો બિચારાને 'સકરમીની છવા અને અકરમીના ટાંટીયા' જેવું હતું, સરદારાણીને તૈયાર થવાનું કહેતાં તેણે તે તરફ બિલકુલ લક્ષ ન આપ્યું, એ જોઇ વડારણ આશ્ચર્ય પામી હતી. પુનઃ તેણે તેને તેજ વિનંતિ કરી, પરંતુ માત્ર 'થાય છે' એટલોજ ઉત્તર મળ્યો. ગઇ કાલના પ્રસંગનું તેને સ્મરણ થયું. 'સરદારાણી દગો તો ન દે?' એવી શંકા થઇ, પરંતુ જે થાવ તે મુંગે મોડે જોયા વિના બીજો ઉપાયજ ન્હોતો.

સરદારના માણસે ત્યાં આવી જોયું તો રથવાળો બગાસાં ખાતો અંતઃપુરના પ્રવેશદ્વાર તરફ તાકી-બેસી રહ્યો છે!

ડેલીવાળા પાસે આવતાં તે બબડ્યો, "ભલા માણસ આટલી બધી ઉતાવળ શાની! એ તો રજવાડાના મામલા. અહીં તે કંઇ, 'બાવો ઉઠ્યો અને બગલમાં હાથ' એના જેવો હિસાબ છે! રાણીજી તો મરજીમાં આવે ત્યારે તૈયારી કરે. એમને તે વારંવાર સંદેશા કહેવરાવાય?",

"હશે, કૃપા કરી ફુલીને બોલાવશો?"

"ફુલી? કોણ તમારી વડારણ? ઠીક છે, તેને બોલાવું છું!"

ફુલીને સંદેશો પહોંચ્યો. તેણે પુનઃ સરદારાણીને વિનંતિ કરી. રાણી નીરાંત કરી બેઠી હતી. તેણે ગુસ્સે થઇ કહ્યું, "હવે થાય છે. એટલી બધી ઉતાવળ શી છે? જા, કહે તારા સરદારને કે તેને બહુ ઉતાવળ હોય તો ચાલવા થાય." ફુલી સમજી ગઇ. પોતાની શંકા સત્ય છે એમ ખાત્રી થઇ.

તે બહાર આવી, ડેલીવાળાને શંકા ન પડે માટે પોતાના સાથીને કહ્યું, "રાણીજીની એક વસ્તુ સરદાર પાસેથી લાવવાની છે, તે આવે ત્યાર પછીજ રવાના થઇ શકાય એમ છે. ચાલ, તે લઇ આવવા માટે મારે પોતાનેજ ત્યાં આવવું પડશે."

ફુલી ઉતારે આવી. સરદારે વાકપ્રહાર શરૂ કર્યો "ફુલી અત્યારમાં શા માટે આવી? હજી તો દિવસ પણ નથી ઉગ્યો.. જા, બાપુ જા, હજી થોડીક ઉંઘ લઇશે."

આ વચનો ફુલીને મર્મભેદક નિવડ્યાં, પરંતુ સત્ય ઘટનાનો સ્ફોટ કરી શકાય એમ ન્હોતું. નમ્ર સ્વરે તેણે ઉત્તર આપ્યો, "બાપુ, હું શું કરું! મારો એમાં જરાયે દોષ નથી. રાણીસાહેબને મારું તો કહીકહીને મ્હોં દુખવા આવ્યું, પરંતુ તેઓ તો નીરાંતે બેઠા છે. બહુ કહ્યું ત્યારે રોકડો જવાબ આપ્યો કે તારા 'સરદારને ઉતાવળ હોય તો ચાલતા થાય."

સરદારનો મિજાજ ગયો. "પછી તેં શું કર્યું"

"હું શું કરું?" સત્તા આગળ શાણપણ શા કામનું! કોઇને શંકા ન પડે માટે ખોટું બ્હાનું કાઢી હકિકત જણાવવા માટે આપની પાસે આવી.

મને તો લાગે છે આટલા વરસની મારી ચાકરી ઉપર આજ પાણી ફરવા બેઠું છે.

પુલીનો સ્વર ગળગળો થયો. તેની આંખમાં આંસુ આવ્યા. અંતઃપુરના ભેદભરમોને પેટમાં છૂપાવી રાખનાર, રણવાસની ખટપટ રૂપી રમકડાની ચાવી બનનાર રાણીઓને પોતાની ઇચ્છાનુસાર ઝુલાવનાર વડારણો અને ખવાસણો 'વખત પ્રમાણે ગીત ગાવામાં'—એટલે તેવો ઢોંગ મચાવવામાં પ્રવીણ હોય છે. પુલી પણ એમાંની એક હતી!

સરદારને શંકા થઈ. રખે ખાનકપટની બાજી રમાતી હોય, રખે કોઇ પ્રપંચના પાસા ફેંકાતા હોય! તેણે દિવાનને બોલાવવા માણસ મોકલ્યું.

૧૦. ઝપાઝપી.

દિવાને આવી પોતાની મોટી જીભથી સરદારને મ્હાત કર્યો. તાકીદે બંદોબસ્ત કરવાનું વચન આપી તે ત્યાંથી ગયો. પુનઃ એકાદ કલાક જેટલો સમય વિત્યો, પરંતુ રાણીની તૈયારીનું ન મળે નામ કે નિશાન!

સરદાર અધીરો બન્યો. તેની ખાત્રી થઈ જરૂર આમાં કંઇ દાવપેચ જેવું છે. તે પોતે અશ્વારૂઢ થયો અને પોતાના તમામ માણસોને લઇ જનાનખાના તરફ ગયો.

કુંદણીની પ્રજા સરદારને પોતાના માણસો સાથે જનાનખાના તરફ જતાં જોઇ આશ્ચર્ય પામી. જોતજોતામાં દરબારમાં વાત પહોંચી. શસ્ત્રોથી સજ્જ બનેલા માણસો જનાનખાના તરફ ધસ્યા.

પ્રવેશદ્વાર આગળ આવતાંજ પહેરાવાળાએ સરદારને અંદર જતાં અટકાવ્યો, અને કહ્યું, "સરદાર, જેવા આવ્યા છો તેવાજ પાછા ચાલ્યા જાઓ. સરવૈયાણીની આશા રાખવી હવે વ્યર્થ છે. એતો ખેતોજી રાણાજીને વરી ચુકી છે."

સરદારની આંખો ફાટી, "કદી બનેજ નહિં, તેને અહીં હાજર કરો, નહિં તો અમારે અંતઃપુરમાં પ્રવેશ કરવો પડશે."

"તે પહેલાં તો તમારા દેહ લોહીમાં રગદોળાશે."

સરદારે પોતાના માણસોને શસ્ત્રો સજ્જ કરવા હુકમ આપ્યો, પરંતુ તેઓ કંઈપણ કરી શકે તે પહેલાં ખેતોજીના માણસોએ તેઓને ઘેરી લીધાં. સરદાર મરણીઓ બન્યો. રાણીને લીધા વિના સરધાર જવામાં પણ નામોશી અને મોતજ હતું તેની સાથેના વાંધેલાઓને પણ એમજ લાગ્યું કે સરદાર જઇ નામર્દ બનીને કલંકિત બનવું તેના કરતાં અહીંજ જીવ આપવો તે ઉત્તમ. ખેતોજીના માણસોએ સરદારને ત્યાંથી ચાલ્યા જવા બહુ સમજાવ્યો, પરંતુ તે ત્યાંથી ડગલું પણ ખસ્યો નહિં. ઝપાઝપી શરૂ થઈ. સરધારના માણસો મરણીઆ થઇ લડ્યા, પરંતુ મુઠીભર માણસો ખેતોજીના સુસજ્જ સૈન્ય પાસે શું હિસાબમાં! વાઘેલાઓનો કચ્ચરઘાણ વળી ગયો. કોઇ જીવતું રહેવા પામ્યું નહિં.

૧૧. યુદ્ધના ભણકારા.

સરધારનો રાજા ગોધાજી પોતાનું ખાંડુ ડોળા સાથે આવ્યાની આતુરતાથી રાહ જોતો હતો. વખત થઇ જવા છતાં આવવાની જે ઢીલ હતી તે તેને અસહ્ય થઇ પડી. રાજમહેલની અગાશીમાં બેસી સરધારની સીમ તરફ તે જોઈ રહેતો, પરંતુ ડોળો નજરે ન પડતાં નિરાશ થતો.

એવામાં ચાર પાંચ ઘોડેસ્વારોનું એક ટોળું કોઇ ઓને ઉઠાવી લઇને આવતું હોય એવું જણાયું એને ઉંચકી શા માટે લઇ આવે તે જાણવાની ઇચ્છા થઈ, પોતાના એક સ્વારને તપાસ કરવા મોકલ્યો.

સ્વાર અલ્પ સમયમાં ખબર લઇ પાછો ફર્યો અને જણાવ્યું " એ તો પુલી વડારણ

છે. ભુખતરસને લીધે તેનું શરીર નંખાઇ ગયું છે."

ગોધાજીને ફાળ પડી. 'જરૂર માર્ગમાં કંઇ નવા જૂની થઇ લાગે છે. તેણે ફુલીને બીજે ક્યાંય ન લઇ જતાં પોતાની સમક્ષ લાવવાનો હુકમ કર્યો.

ફુલીને ત્યાં લાવવામાં આવી. પરિશ્રમ અને ભૂખની વેદનાથી તે તરફડીયા મારતી હતી. શીતોપચાર કરી તેને શાંત કરવામાં આવી. ફાટેલા ડોળે રાજા તરફ જોઇ તે બોલી, મારો જીવ આ ખેડુતોએ બચાવ્યો છે તેની કદર..."

અશક્તિને લીધે તે ધરણીપર ઢળી પડી. રાજાએ તેના સાંભળતાં તે ખેડુતોના ખેતરની વાડોડી માફ કરવાનું વચન આપ્યું અને તેઓને વિદાય કર્યા. ફુલીને સચેત કરી રાજાએ એકંદર હકિકત પુછી.

ફુલી ગભરાવા લાગી. ગોધાજીએ તેને નિર્ભય વચન આપી સત્ય હકિકત કહેવા સમજાવી. "મહારાજ, ડાભા સાથે અમે કુંદણી ગામ પાસે પડાવ નાંખ્યો હતો ત્યારે ત્યાંના મકવાણા રાણા ખેતોજી આમંત્રણ કરી અમને પોતાના શહેરમાં લઇ ગયા. વિદાય થતી વખતે રાણીએ તૈયાર થવાની ના પાડી અને 'હું તો ખેતોજીને વરી ચૂકી છું' એમ જણાવ્યું. સરદાર અને તમામ વાવેલા ઓ ખુબ જોરથી લડ્યા પરંતુ બધા લડાઇમાં ખપી ગયા. મને એ ખબર મળતાં હું ત્યાંના માણસોની નજર ચુકાવી એક શિવાલયમાં ભરાઇ પેઠી અને લપાતી છુપાતી ત્યાંથી નિકળી, ભૂખ અને તરસ વેઠતી આપને એ ખબર કહેવા અહિં આવી. માર્ગમાં હું બેભાન થઇ પડી હતી. પરંતુ પેલા ભલા ખેડુતોએ મારો જીવ બચાવ્યો. મને હવે મરવા દો. હું શું મોં લઇને કહું!"

કોપ, દયા, નિરાશા અને અંતર વેદનાની મિશ્રિત લાગણીઓ સહિત આ સમાચાર ગોધાજી સાંભળી રહ્યો. સરદારની મૂર્ખતા ઉપર તે ખીજવ્યો, સરવૈયાણીના વર્તન માટે તીરસ્કાર ઉપજ્યો, ખેતોજી ઉપર ક્રોધે ભરાયો. વેરનો પ્રબળ અગ્નિ તેના હૃદયમાં ભડભડ બળવા લાગ્યો. પોતાના અપમાનનું વેર વાળવા માટે મોટી તૈયારી સાથે કુંદણી ઉપર ઘેરો ઘાલી, ખેતોજીને મારી, સરવૈયાણીને પકડી લાવવાનો તેણે નિશ્ચય કર્યો.

પોતાના સસરાને—સડલીના સરવૈયા રાવને તેણે કહેવરાવ્યું કે "તમારી કુંવરીએ તમારા અને સાથે મારા કુળને કલંક લગાડ્યું છે. તેનું વેર લેવા હું ખેતોજી સામે યુદ્ધ કરનાર છું, તેમાં તમે સામેલ થજો, નહિં તો તમે તેના મળતીઆ છો એમ માની તમારી સાથે પણ મારે યુદ્ધ કરવું પડશે."

રાવ આ ખબર સાંભળી આભો બન્યો. તેને એવું થયું કે 'કુંવરી નજરે પડે તો પ્રથમ તેનું માથું જ કાપી નાંખું.' ખેતોજી ઉપર તેને પણ દ્વેષ થયો અને ગોધાજી સાથે મળી યુદ્ધ કરવા નિશ્ચય કર્યો.

બંને પક્ષ તરફથી સૈન્ય અને યુદ્ધસામગ્રીની સામટી એકત્ર કરવાની તૈયારી ચાલી. સરધાર અને આસપાસની પ્રજામાં હાહાકાર વર્તાઇ રહ્યો. ખેતોજીને આ વાતના ખબર પહોંચ્યા વિના રહ્યા નહિં. તેણે તો ક્યારની તૈયારી કરવા માંડી હતી. કુંદણીમાં યુદ્ધના ભણકારા વાગવા માંડ્યા.

## ૧૨. ખેતોજીની શૂરવીરતા.

સરદાર અને સડલીના સૈન્યે કુંદણીને ઘેરો ઘાલ્યો. સડલીનો રાવ પણ ગોધાજી સાથે મળી જશે એવું ખેતોજીએ ધાર્યું પણ નહોતું પરંતુ આથી તે હિંમત હાર્યો નહિં. ખુલ્લા મેદાનમાં ગોધાજીના સૈન્ય સાથે મોરો કરવાનો તેણે ઠરાવ કર્યો હતો તે બદલવો પડ્યો. કિલ્લાના દરવાજાઓ બંધ કરાવી મજબુત પ્રતિકાર આદરી તેણે પોતાના સૈન્યનો મોરચો માંડ્યો

શત્રુના સૈન્યે નગરમાં પ્રવેશ કરવાનો યત્ન કર્યો. દ્વારના રક્ષકો પોતાની રક્તપિપાસુ સમશેરોને તૃપ્ત કરવાનો રૂડો અવસર મળ્યો હોય તેમ શત્રુ ઉપર તૂટી પડયા. બન્ને પક્ષ સતેજ હતા. બન્નેના માણસો ઘવાયા, મરણ શરણ થયા, પરંતુ કોઇ નમતું આપે તેવા ન્હોતા.

સંધ્યા સમય થયો. ક્ષત્રીઓના યુદ્ધ ધર્મને અનુસરી યુદ્ધ બંધ રાખવામાં આવ્યું. પ્રવેશદ્વાર બંધ કરવામાં આવ્યું. ગોધાજી અને રાવે પોતાના અસંખ્ય માણસોનો સંહાર થયો જોઈ બળાપો કર્યો. એતોજી ઉપર ક્રોધની વરાળ કાઢી ગયા અને આવતી કાલે શું કરવું તેની મંત્રણાએ ખાનગી મસલત કરી.

સવારે પડી. ગોધાજીના સૈન્યે બંદુકનો છુટથી ઉપયોગ કરવા માંડયો. આ જોઇ પ્રવેશદ્વાર બંધ જ રાખવામાં આવ્યું. ગઢની રાંગ ઉપરથી એતોજીના સૈનિકોએ પણ બંદુક અને તોપનો મારો શરૂ કર્યો. ગોધાજીનું સૈન્ય નીચા પ્રદેશમાં હોવાથી પોતાની પાસે સાધનની છુટ હોવા છતાં ગેર લાભ જ થયો. એ યુક્તિમાં તે ફાવ્યો નહિં.

તેને લાગ્યું કે કોઈપણ ઉપાયે પ્રવેશદ્વાર ઉઘડે અને નગરમાં પોતાનું સૈન્ય પ્રવેશ કરે તો જ જીત મેળવી શકાય, બીજો કોઈ માર્ગ ન સુઝવાથી પોતાના હાથીને ત્યાં લાવી તેના મસ્તક પ્રહારથી દ્વાર તોડી નાંખવાની તેણે આજ્ઞા કરી.

હાથીને ભાલે છંછેડયો, તો મસ્તાન બની ધસ્યો, પરંતુ તીક્ષ્ણ ધારવાળા મોટા ખીલાઓ સાથે મસ્તક અફડાતાં તેણે ચીસ પાડી અને વેદનાથી ચીડાઈ તે પાછો હઠયો. પોશાકના કોથળાઓને અને તંબુ તથા રાવટીના કપડાંઓને ખીલા ન વાગે એવી રીતે ગોઠવી પુનઃ હાથીને દરવાજા ઉપર ધસાવ્યો. મદોન્મત્ત માતંગ ક્રોધાવેશમાં ધસ્યો, પુરજોસથી પ્રવેશદ્વારને ધક્કો દીધો. મોટો કડાકો થયો, કડડ કરતાં કમાડ તુટયા અને 'જયભવાની'નો પોકાર કરતું લશ્કર નગરમાં ધસી આવ્યું.

સરવૈયાણી પોતાના પતિને યુદ્ધમાં સંચરવા શસ્ત્રાસ્ત્ર સજાવતી હતી, તેવામાં દ્વાર તુટવાનો પ્રચંડ ધ્વની સંભળાયો. એતોજી ચમક્યો, "પ્રિયે હું જાઉં છું. શત્રુઓએ નગરમાં પ્રવેશ કર્યો જણાય છે."

"પધારો, મારા મુગટમણી! પ્રભુ આપનો વિજય કરે આ દાસીની માત્ર એટલીજ વિનંતિ છે કે આપ યુદ્ધમાં જરા પણ પાછી પાની કરશો નહિં. કાઠીઆવાડના ઉજ્વળ નામને રણભૂમિમાં *દિપાવજો અને કીર્તિ અમર કરજો, અમારી ચિંતા* કરશો નહિં, અમે અમારો ધર્મ સારી રીતે સમજીએ છીએ. આપ નિશ્ચિંત બની સિધાવો અને રણશૂરા રજપુતો સાથે યુદ્ધમાં ઝઝુમી વિજય માળને વરો."

"એતોજી રાજમહેલના ચોગાનમાં આવ્યો. સેના સામનો તૈયાર બની તેની રાહ જોઇ રહી હતી. ભાટચારણો વીરપુરૂષોના યશોગાન ગાઇ તેઓના હૃદયમાં વીરરસ રેડતા હતા. એતોજીએ તેઓને સંબોધીને કહ્યું, "મારા બહાદુર સામંતો અને શૂરા સૈનિકો આજે આપણી વીરતાની કસોટીનો સમય આવ્યો છે. આપણા પૂર્વજોને પગલે ચાલી યુદ્ધમાં પાછી પાની ન કરતાં શત્રુનો સંહાર કરવામાં શૂરા બનજો. રજપૂતને યુદ્ધમાં મૃત્યુ થાય એ સ્વર્ગપ્રાપ્તિ કરાવનારૂં છે. અપ્સરાઓની વિજયમાળ તેઓ માટે તૈયાર છે. માટે કેસરીયાં કરી શત્રુઓ ઉપર તુટી પડો. બોલો શ્રી શક્તિ માતાનો જય!"

"શક્તિ માતાનો જય" ચોમેર એજ ધ્વનિ ગાજી રહ્યો.

શત્રુઓ કુંભાજીના માણસો સાથે ઝપાઝપી કરતા રાજમહેલ સુધી આવી પહોંચ્યા. બન્ને પક્ષ વચ્ચે તુમુલ યુદ્ધ થયું. કાપાઓ ઘાસની માફક

શત્રુને કાપવા લાગ્યા. ગોધાજીએ પણ પોતાના માણસોને ઉશ્કેરી દુશ્મનનો સંહાર શરૂ કર્યો. ' જય શક્તિ'અને ' જય ભવાની 'ના જયનાદથી, ' ઓ માર્યા–ઓ કાપ્યા'ના આર્તનાદથી વાતાવરણ ભેદાવા લાગ્યું, લોહીની નીકો વહેવા લાગી, શબના ઢગેઢગ ઉભરાવા લાગ્યા ઝાલાઓ ઝનુનથી લડતા હતા. તેઓના સખ્ત પ્રહારથી ગોધાજીનું લશ્કર પાછળ હઠવા લાગ્યું. ખેતાજીનો વિજય થાય એવા ચિન્હો સ્પષ્ટ જણાયા. પરંતુ વિધિએ કંઈ જૂદું જ નિર્માણ કર્યું હતું. નગરમાં દાખલ થયેલા સૈન્યે તમામ દરવાજાઓ ઉઘાડી પોતાના પક્ષને નગરમાં પ્રવેશ કરવાનો માર્ગ મોકળો કરી દીધો. તીડની માફક ઉભરાઈ જતા સૈનિકોએ કુંદણીના નાના સરખા સૈન્યને ચોમેરથી ઘેરી લીધું. ખેતાજીએ જાણ્યું કે હવે વિજયની આશા વ્યર્થ છે.

છતાં તે હિમ્મત હાર્યો નહિ. શક્તિ માતાના જય ધ્વનિથી પોતાના સૈન્યને ઉત્તેજીત બનાવતો પોતાના શૌર્યનો શત્રુને પરિચય કરાવતો તે દુશ્મનોને પાછળ જ હઠાવતો ગયો. એવામાં અચાનક પાછળથી કોઇએ તરવારનો ઘા કર્યો. એ ઘાનો જવાબ વાળે તે પહેલાં તો એ જીવલેણ ઘાથી તેનું મસ્તક ધડથી જૂદું પડ્યું. ગોધાજીના માણસોએ ' જયભવાની ' નો વિજયનાદ કર્યો, પરંતુ જયશક્તિ ' ના નાદમાં તે નાદ દબાઈ ગયો. ખેતાજીનું ધડ ધરતી ઉપર પડ્યું નહિં. પૂર્વવત્ તે શૂરતા થી લડતું રહ્યું, અને દુશ્મનોને હઠાવતું હઠાવતું છેક કુંદણીના દ્વાર સુધી આવ્યું.* શત્રુઓ આશ્ચર્યચકિત–દિગ્મુઢ બન્યા. 'કેવો આ વીરનર કે મસ્તક છેદાઇ જવા છતાં માત્ર ધડ પણ આવી બહાદૂરી બતાવે ?' તેઓ મોહમુગ્ધ બન્યા.

* કહેવાય છે કે જુમાખાન બાદશાહ અને મોખડાજી ગોહેલ વચ્ચે ઘોઘાની નજીક લડાઈ થઈ હતી. ત્યાં આગળ મોખડાજીનું મસ્તક ફૂટું પડવા પછી ધડ હાથમાં તલવાર લઇ લડ્યું હતું.

ખેતાજીનો પુત્ર સાંગોજી ત્યાં હાજર હતો. પીતાના ધડને આટલો પરિશ્રમ પડતો જોઇ તેણે પ્રતિજ્ઞા કરી કે ' મારા પિતાનો સંહાર કરનાર ગોધાજીને મારી પિતાનું વેર ન વાળું ત્યાં સુધી મારે કુંદણીની ગાદીએ ન બેસવું. ' આ પ્રતિજ્ઞાથી ખેતાજીના આત્માને શાંતિ થઇ હોય તેમ તે ધડ શાંત બન્યું–નીર્જીવ થઇ ધરતીપર પડ્યું. સાંગોજી એ પોતાના માણસોની સંભાળમાં તે સુરક્ષીત સ્થળે પહોંચાડ્યું. વીરનર ખેતાજીનો દેહ ઇ. સ. ૧૪૮૬ માં પડ્યો, પરંતુ તેનો કીર્તિ આત્મા અમર રહ્યો!

ખેતાજીના મૃત્યુથી તેના સૈન્યનો ઉત્સાહ મંદ પડ્યો. પોતાનો પરાજય થતો જોઈ કેટલાક વૃદ્ધ સામંતોના આગ્રહથી સાંગોજી થોડા શૂરવીર સામંતો સાથે લાગ જોઇ ત્યાંથી નહાસી છુટ્યો, ગોધાજીનો માર્ગ મોકળો થયો. વિજયનાદથી તેના સૈનિકોએ વાતાવરણ ભેદી નાંખ્યું, અને પોતાના તથા રાવના અસંખ્ય સૈનિકોની સહાયથી નાની સંખ્યા ઉપર મેળવેલા વિજયથી ગર્વાંધ બનેલા ગોધાજીએ નગરમાં પ્રવેશ કર્યો.

## ઉપસંહાર.

નગરમાં પ્રવેશ કરતાં જ ગોધાજીનું પ્રથમ લક્ષ સરવૈયાણીનો કબજો મેળવવા તરફ ગયું. તરત તેણે જનાનખાનાને ફરતી ચોકી મુકી અને બારીક તપાસ કરાવી પરંતુ સરવૈયાણી કે અન્ય રાણીઓને બદલે એક મોટી ચીતા ભડભડ બળતી નજરે પડી.

ખેતાજીનું મસ્તક છેદાયાની વાત જાણતાં જ સરવૈયાણી અન્ય રાણીઓ સાથે તે મસ્તક મંગાવી તેની સાથે સતી થઇ હતી–ચીતા ખડકી બળી મરી હતી. હવે તો માત્ર ધગધગતી રાખ અને અંગારા બાકી રહ્યા હતા!

પુત્રીના મૃત્યુથી રાવે કપાળ કુટ્યું. સરવૈયાણી હાથ ન લાગતાં ગોધાજીએ હાથ ઘસ્યા.

માત્ર ખેતોજીને મારવાનો સંતોષ અને કુંદણીનો કબજો મળ્યાનો લાભ તેને પ્રાપ્ત થયો.

ગોધાજીએ કુંદણી અને જસદણને પોતાને તાબે કર્યું, અને પોતાની સત્તા ત્યાં સ્થાપી સરદાર બન્યો, ખેતોજીના બીજા ભાઈ લંઘુ અને શીવાણી પણ પાછળથી અમદાવાદના પાદશાહ મહમદ બેગડાએ કબજામાં લીધા.

સાંગોજી સામંતો સાથે જ્યાં ત્યાં ભરાઈ ગોધાજી સામે બ્હારવટું કરવા લાગ્યો, અને કેટલોક વખત પછી તેણે રાજભક્ત વીસા ભરવાડની સહાયથી પોતાના પીતાનું વેર વાળી પોતાની પ્રતિજ્ઞા પૂર્ણ કરી પોતાનું રાજ્ય પુનઃ પ્રાપ્ત કર્યું હતું, જેનો ભોગવટો અદ્યાપી તેના વંશજો કરે છે.

સરવૈયાણી પતી પાછળ સતી થઇ, ખેતોજી અતુલ્ય પરાક્રમ કરી ક્ષાત્રધર્મ બજાવતાં મૃત્યુવશ થયો એ વાતને આજે સેંકડો વર્ષો વિત્યા છે પરતું તેનું અમર નામ ઇતિહાસ પૃષ્ટપર અંકિત છે, તેની ઉજ્વળ કીર્તિ જ્વલંત છે, ભાટચારણો અદ્યાપી શુરવીરોના યશોગાન ગાતાં તેને સ્મરે છે. અને તેઓના હૃદયમાંથી તેના પ્રત્યે ધન્યવાદ અને પ્રસંશાના ઉદ્ગારો નિકળી પડે છે. આવા વીરનરની કીર્તિ આત્મા અહોનીશ અમર રહે છે।

---

# આર્થિક સ્વરાજ્ય.

રચનાર રા. જન્મ-લલિત.

( " જય સ્વદેશ જય સ્વરાજ્ય " એ રાષ્ટ્રગીતની ધૂન. )

( ૧ )

સર્વ સ્વજનનું સ્વરાજ્યઃ
વિજયી હો સદૈવ આજ !
તંતુ તંતુ કણુ કણાર્થઃ
આત્મકામ જ પરમાર્થઃ
સ્નેહજન્મ જ સર્વાર્થઃ

( ૨ )

દષ્ટિ વસ્તુટ કરે સ્વરાજ્યઃ
વિજયી હો સદૈવ આજ !
અન્ન વસ્ત્ર અગાર
હસ્તશાળે દૂગદૂઃ
ત્યાં પુકાર્ઇ રૂપર !

( ૩ )

સૂત્ર તંતુ એ સ્વરાજ્યઃ
વિજયી હો સદૈવ આજ !
સૂત્ર સુન્દર ચૈતન્ય.
સૂત્રધાર પ્રભુઅનન્ય !
સૂત્ર એક ત્યાં સ્વાતંત્ર્યઃ

( ૪ )

લોકચક્રધર સ્વરાજ્ય
વિજયી હો સદૈવ આજ !
ઉજ્વલ, નિર્બંધ, અશોક-
લોક જીવતાં અથોક-
લાલન પ્રભુનાં ઝરોક !


( ૫ )

અભરૂન્મધર સ્વરાજ્યઃ
વિજયી હો સદૈવ આજ !
રંગ્રજતિક જીવિતકર્મો
ગૃહદ્ભાર પરમધર્મ
ભય એક લક્ષિત મર્મ !

# રીસાયલી સનમને.

રચનાર રા. રંજુર

ચિત્રકાર રા. રવિશંકર મ. રાવલ.



ધારી શું ફસણું એગી, સનમ! સાટી થઇ કહેને
અગર દીન હો ખફા, જામે છલક જાદી ભરી દેને
મહોબ્બતનો નિશો હમને, જરૂરી જગમાં ફાની,
રચી સૃષ્ટિ અદિઠ ત્હારાથી અતુલો ના કરી દેને.
બનાવ્યું ઘેલું દિલ દિલબર! નયન દ્વારેથી કઇ દર્શન,
સ્મરણ ના લે થતું ઝાણું હવે તુજ રૂપ કરી દેને
ન અહાનું હા! ઘડીપડી ભર, હૃદયને બોળની ભાવે,
માયાવી જગતની નીતિ હવે ગમ બસ તજી દેને
શું રંજુરને રિસાવાનું તું લિખે છે લખ્યું વિધિએ,
ગર દુનિયા હસાવે તે સાજન [illegible] દેને



# આવતી કાલનું જરમની.

---

શું જરમની બેકાર છે ?

મી. ફીલીપ ગીબ્સનો અનુભવ.

---


લખનાર: ડા. નટવરલાલ એફ. શેઠ, એમ. બી. બી. એસ.

હું ગયે મહીને જરમનીની સ્થીતિ જાણવા એ કે જરમની લડાયના થાક તથા હાર પછી દેશમાં ગયો હતો. વર્તમાન પત્રોના લેખકો ગુંચ પોતાની આર્થીક સ્થિતિ કેવી રીતે સુધારી

વાડા બન્યાં હતા. જરમની જામીનગીરી-કરજની રકમ ભરશે કે કેમ એ વગર વિચાર્યા અને ભરોસા પાત્ર નહિ એવી ગણત્રીથી ચર્ચાના સવાલનો જવાબ નવા યંત્રી મંડળે લશ્કરી દબાણને લઇ ગંભીર કબુલાત રૂપે આપ્યો હતો.

જર્મની કેવું કે તેપણ ભરી શકે એમ છે એ સંબંધી નિષ્પક્ષપાત વિચારકને રૂચે એવી કોઇ બીના જાણવામાં હોતી વળી જરમની જે તેનું વચન પાળી શકે તો તેની અસર દુનીઆના વેપાર પર શું થાય ?

શકશે અને તે ઉપરાંત વિજયી રાષ્ટ્રોની ખરચ ભરવાની કુડીઓ શી રીતે ભરી શકશે ? હું જરમનીની રહેણી કરણી જાણે જોવા માગતો હતો. અને તેમનાં ઉપર નાખેલા બોજા સંબંધી તેમનો અભીપ્રાય જાણવા માંગતો હતો. જુદાજુદા અભિપ્રાયો-માંથી અને જુદી જુદી બીનાઓમાંથી હું જુઆની તારવી કહાડવા માગતો હતો જેથી જરમનીની વર્તમાન સ્થિતિ અને યુરપ-ખંડની તેની ભવિષ્યની સ્થિતિ વિષે ચોક્કસ ખ્યાલ બંધાય.



મિ. સ્ટ્રેસીમેન જરમના નવા ચીફમેન.

હું ખાસ કરીને એ જાણવા માગતો હતો, ખરેખર બર્લિનમાંથી બીનાઓ આંકડાઓ અને

અભિપ્રાયોનો એક મોટો જથો મને મળ્યો. હું શરાફો, ધંધાદારી લોકો અને રાજકીય અગ્રેસરો તેમાં મોટા અને હંમેશ વધતા જતા પ્રભાવવાળા જરમન પક્ષના નેતા શીડમેન અને મૅજોરીટી સોશિયાલીસ્ટ પક્ષના અગ્રેસર હતા તેઓને મળ્યો. તે ઉપરાંત મને આપણા મુત્સદ્દીઓ તરફથી ઘણી માહીતી મળી અને એનાજ ઉપયોગથી હું જરમન અહેવાલોની સરખામણી કરી શક્યો અને માની શક્યો.

છતાં આ બધી એકઠી કરેલી માહિતિ મને જે માહિતિ બર્લીન શહેરની ગલીઓમાં ચાલતાં દુકાનોમાં અને બાગોમાં અથવા તો મધ્યમ વર્ગના લોકો સાથે તેમની રહેણી તથા કૌટુંબિક સ્થિતિ વિષે વાત કરતાં મળી, તેની સાથે સરખામણીમાં નિરસ લાગી.

શત્રુઓ કરતાં જાતિઅનુભવ વધારે કીમતી હોય છે. અને મારો બર્લીન વિષેનો પહેલો અને છેવટનો અનુભવ હું તેમને છેલ્લો મળ્યો ત્યાર બાદ તેમનામાં થયલો મોટો ફેરફાર અને તેથી વધુ મોટો ફેરફાર અંગ્રેજ લોકોનાં અને તેમના ધૈર્યમાં સાક્ષાત્ અનુભવ્યો.

સંધી પછી જ્યારે હું જર્મની ગયો ત્યારે ત્યાંના લોકો પોતાના પર આવી પડેલી આફતથી જડજેવા બની ગયલા લાગ્યા-તેમના લશ્કરની હારથી તેમની શ્રદ્ધા ભાગી પડી હતી અને ભવિષ્ય વિષે અત્યંત નિરાશ અને અનિશ્ચિંત તથા બળવાના ડરથી ત્રાસતા હતા. તેઓમાંના ઘણા, બચ્ચાંઓ અને સ્ત્રીઓ લાંબો વખત અનુભવેલા ભુખમરાથી દુઃખી લાગતાં હતાં. ખોરાક કપડાં અને જીવનની બીજી જરૂરીઆતોની કીંમત મજુરવર્ગ માટે ઘણી ભારે હતી. યુદ્ધમાંથી પાછા ફરેલા લશ્કરીઓને નાગરીક જીવેન ગાળતા કર્યા ન હતા-લોકો નિરાશ અને નાઉમેદ દેખાતા હતા,

પણ હાલના અનુભવમાં બર્લીનની પ્રજા ગ બડી નહિ પણ ઉમંગી નાઉમેદ નહિ પણ આ ને નિડર દેખાય છે. સુસ્ત અને નિઉદ્ય લોકોનાં ટોળાં "લેબર એક્ષચેન્જ" ની આ બાજુ વિટલાતાં અથવા તો પથિકોના ફે આગળ પૈસા ઉઘરાવવાની પેટી ખખડા જોવામાં આવતા નથી-લોકો ચપળ અને દેખ રીતે કામમાં ગુંથાયલા, સારાં કપડાં પહેરે ખાવાપીવામાં સંતુષ્ટ ધંધા વિષે આતુર સારા રોજગારવાળા જોવામાં આવે છે. વિશ્ર ગૃહોમાં આખોદિવસ નાનાં ટોળાંઓ વ કરવા એકઠાં થાય છે. તેઓ પોતાની અગ દફતરો રાખે છે અને તેમાંથી કાગળોના-આં માહિતી પત્રો કીંમત અને બજારભાવના કાગ કાઢે છે.

કલાક બેકલાક વખત ગાળવા તેઓ આવતા નથી. પરંતુ ધંધાર્થે આવે છે. ત્યાં ઑર્ડરો મેળવે છે.

બર્લીનનો સાધારણ વર્ગ પોતાની જરૂરીઆ માટે પુરતું જ કમાતા નથી પરંતુ મોજને મ થોડું બચાવી શકે છે. હું એક દિવસ ચર સ્થાન જેરા લાગતા અને મોટા પાયાપર અલં વિભુષિત સફેદ શહેર જેવા દેખાવવાળા લ્યુ બાગમાં ગયો હતો; તેની આજુબાજુ પડ વાગે છે અને અંધારે દારૂખાનું ફુટે છે. પચ્ચીસ હજાર માણસોની સગવડવાળું, આ સીવાળું ખુલ્લું વિશ્રાંતિ ગૃહ છે. એક સાધાર રાત્રે જે કંઇ ખાસ જાણવાજોગ ન હતી, હું ગયો હતો ત્યારે બધી જગા ભરેલી હતી લોકો હલકો જવનો દારૂ પીતા, બરફ ખાર ભાત પીણાનો સ્વાદ લેતા અથવા કોફી પી બેઠેલા જોયા હતા. એમાંના ઘણા કારકુન ટાઇપીસ્ટો, દુકાનમાં નોકરી કરતી છોકરીઓ મધ્યમવર્ગનાં માબાપો પોતાના મોટાં છોકરાં સાથે હતા. મારી બાજુના ટેબલો પરની ટો

ઓનો હિસાબ મળતાં માલમ પડ્યું કે તેઓ આશરે પાંચથી પંદર માર્ક એટલે કે પાંચ પેન્સથી સવાશિલીંગ સુધી આ સાંજની મોજ પાછળ ખરચતા હતા. બીજાઓ વધારે પૈસા તમાશા પાછળ ગુમાવતા હતા. બીજા ઉપલકીઆ ચીજોમાં, હટ્ટાઆટ્ટમાં ચૉકોલેટમાં અને હલકા ઇનામની લૉટરી પાછળ વાપરતા હતા. તે લોકો વિષે કંઇ અંતરીન નહોતું.

મેં એક જર્મન સ્ત્રીને પુછ્યું કે જ્યારે તમારા પગાર આટલા બધા ઓછા કહેવામાં આવે છે ત્યારે તમે આ સંધ્યાકાળની મોજ પાછળ આટલો ખર્ચ કયાંથી કરી શકો છો? આ સ્ત્રી જે ઘણો વખત અમેરીકામાં રહી આવી હતી અને પોતાના દેશીઓ માટે નિરાળો અભિપ્રાય ધરાવતી હતી તેણે ખુલ્લે દિલે જવાબ આપ્યો કે એ ખરેખર આશ્ચર્યજનક છે, ખરે ખર વિચિત્ર છે પરંતુ જ્યાં સુધી તમે તેમના વિષેનો ખોટો અભિપ્રાય કાઢી ન નાખો અને તેમના ગૃહજીવનને વિષે સત્ય માહિતી ન મેળવો ત્યાં સુધી જ. જર્મનીની વસ્તી એટલી મોટી છે કે જુવાનો ને તેમજ ખાસ કરીને યુવતીઓને હવા લેવા અને છુટથી ફરવા માટે બહાર નીકળવુંજ જોઇએ. એટલા માટે જ આ લોકો સાંજનો આનંદ લેવા સારૂ ઘરમાં કરકસર કરે છે. એક મોટો ભાઇ પોતાની નાની બે બહેનો સાથે કામ કરતો હોય અને તેઓ તેમનાં માબાપ સાથે રહેતાં હોય તોને તેઓનું ઠીક નભે-મુશ્કેલી તો એકલા જુવાનને છે જેને પોતાનાજ પગાર પર રહેવાનું હોય. અને ત્યારે તો નભાવવું લગભગ અસંભવિતજ.

સ્થિતિ આવી હોવા છતાં પચાસ હજાર વ્યક્તીઓ ત્યુના બાગમાં અને બીજી હજારો વ્યક્તિઓ કોફીની દુકાનોમાં અને જલસામાં ભેગી થાયછે. છોકરીઓનો મોટો ભાગ સ્વચ્છ અને સુંદર



ધાપાઓના રાજા અને જર્મન પ્રજાપક્ષના નેતા સ્ટ્રેસમેન

દેખાય છે. તેમનો પહેરવેશ સુતરના ફ્રાકનો અથવા તો હાથે બનાવેલાં કપડાંનોજ હોય છે. કેટલાક માણસો આ વખતે પણ જુના રણક્ષેત્રના કામરેડોના, ખભાપરના પટા અને બટનો વગરના લશ્કરી પોશાક પહેરતા હતા પરંતુ ઘણાખરાતો સારૂં-સુપ શહેરી પોશાકમાં હતા. કંઇક એવીજ જાતનું એક ટોળું રીનહાર્ડની મોટી નાટકશાળામાં જેવામાં આવતું હતું-એ જગ્યા ગ્રાંસ શૉપેલ હોસના નામથી પહેલાં ઓળખાતી હતી અને ત્યાં સરકસ ભરાતું હતું. હાલ તે જગ્યા પર છાપરૂ નાખવામાં આવ્યુ છે અને તેમાંનો દેખાવ, પથ્થરની ગુફાના છાપરામાંથી લટકતા શંકુ આકારના પથ્થરના ટુકડાઓ જેવો, લાગે છે. ત્યાં ખરી તોજથી અને જુના જર્મન જુસ્સાથી, અરેબિનાગાની રાત્રીનું સ્વપ્ન નામક નાટક ભજવાતું હતું (સૉબીન ગુંછેલો જર્મન વૈતાલો હતો અને ઑબેરાન ઑર્દેન મીનૂ હતો) પરંતુ



નાથી બાજી

લૉઈડ જ્યોર્જ આપનું મીત્રાવર્તીયો પણ આ બચ્ચાને કેમ સમજાવશે?

પ્રેક્ષકોમાં અને જગ્યાની કીમતમાં મને વિશેષ આનંદ પડ્યો-ઘુના ભાગના લોકોના કરતાં અહીં બેઠેલા લોકો ઉંચા દરજ્જાના હતા તેઓ સંખ્યામાં પાંચ હજાર જેટલા એક ચિત્તે સાંભળનારા હતા તેઓને આ ખેલ પાછળ એક ખર્ચ થતો હતો-મારી જગ્યા જે નાટકશાળામાં ની જગ્યા એમાં સારી હતી તેની કી માત્ર એક શિલીંગ બે પેન્સજ હતી ઘણી ખરી જગ્યાઓ ૮ પેન્સનીજ હતી-લંડન માફક બર્લીનમાં નાટકશાળાની જગ્યા બંધ દુકાનજેવી હોતી નથી અને મારા મત પ્રમાણે સાધારણ વર્ગના લોકોનું સામાજીક આનંદ માટે બર્લીનમાં અને બીજા જર્મન શહેરોમાં સારી સગવડ હોય છે

બીજુ હું એ જાણવાં ઉત્સુક હતો કે જર્મનીમાં કામ કરનારા લોકોને કેટલા પગાર આપવામાં આવે છે અને તેમનો પગાર જીવનની કીમતના પ્રમાણમાં કેવો છે પહેલા વિષય વિષે આંકડા મેળવવા સહેલ છે-કપ અને બીજા કારખાનાઓમાં જર્મન મજુરને આઠ માર્ક આપવામાં આવે છે એટલે માર્કની અસલ કીમત પ્રમાણે ત્રણ પાઉંડ થાય, પરંતુ જર્મનીમાંની વર્તમાન લેવડદેવડ પ્રમાણે ૯ એની કીમત પાંચ શીલીંગ મૂકું છું

દિવસની ચાર કલાકની મજુરીને હિસાબે તેઓને કલાકે ૭½ પેન્સ મળે છે જ્યારે સ્કોટલેંડના મજુરને ૧૬ થી ૨૬ શીલીંગ સુધી મળે છે

ચાનુ ભાવનો ખ્યાલ બર્લીન શહેરની ગલીઓમાંથી પસાર થતા, દુકાનોમાં નજર કરતા અને વર્ટહીમ જેવી મોટી વખારની મુલાકાત લેતા સારો આવે છે એક સારા જોડાની કીમત ૧૮૦ માર્ક એટલે ૧૫ શિલીંગ એક માર્ક એટલે પેની ને હીસાબે ખમીશની કીમત જાત પ્રમાણે ૬૦ થી ૧૨૦ માર્ક એટલે ૫ થી ૧૦ શીલીંગ થાય ખરી રીતે, હંમેશની ઉપયોગી ઘણી ખરી ચીજોને હિસાબે ખરીદીમાં એક માર્કની કીમત એક પેનીજ થાય છે અને આ ઉપરાંત પણ જર્મનીને થોડો ફાયદો છે કારણ કે ઘણી ચીજોની કીમત જર્મનીમાં ઇંગલંડ કરતા ઓછી હોય છે



યુરોપ દાનીમાં બેગ ધારેલ રહના, જે દુનીયાનો વહેવાર છે પૈસાદાર અને બહુ પૈદાશ કરનારને વધારે મળે છે બાકી રહે તે ગરીબોને માટે છે

દાખલા તરીકે પુસ્તકો હેરત પમાડે એટલાં સસ્તાં વેચાય છે. અને ઇંગ્લન્ડમાં પ્રગટ થતાં પુસ્તકો કરતાં ઘણાં જ સરસ બનાવટનાં હોય છે. ઉમદા કાગળ મજબુત તથા સારી યોજનાવાળી બંધણી અને ખુબ સુરત ચિત્રો વાળાં દુનિયાના સર્વોત્કૃષ્ટ ગ્રંથોના જર્મનમાં થયલા અનુવાદો ૮ફે પેંસે વેચાય છે અને નવી નવલકથાઓ ૧ફે શીલીંગે ચીના કાચ,વસ્તુનો સામાન, ભરત કામ ઘરઅણુ વાસણો તથા દરેક જાતની સાની કારીગરીઓ ઘણી સસ્તી કીંમતે મળે છે. જર્મન અને અંગ્રેજી પૈસાના ફેરબદલને લાવે નહિ પરંતુ જર્મનીમાંની માર્કની ખરીદીને કીંમતે જર્મન મજુર સાઠ માર્કને પગારે, સ્ત્રી અને પોતાના નાના કુટુંબના પોષણાર્થે, લગભગ પુરતું અને નોકરી માટે સંતોષ રહે લગભગ એટલું મેળવી શકે છે. ખૂબ કરકસર કરીને થોડા માર્ક રોજ શોખ માટે બચાવી શકાય અને તેનો ઉપયોગ ખાસ કરીને હલકો જવનો દારૂ પીવામાં અને કંઇક ગાંણું સાંભળવામાં પ્રનકીય બાગમાં અથવા તો જવના દારૂના પીઠામાં થાય છે.

કારીગરો અને મજુરો જેટલી સારી સ્થિતિમાં ધંધાદારીઓ અને કારકુનો નથી. જ્યારે રહેવાનો ખર્ચ આઠથી દશ ગણો વધી ગયો છે ત્યારે પ્રોફેસરો, માસ્તરો અને બીજા નોકરોના પગારમાં માત્ર ચારથી ૭ ગણો વધારો કરવામાં આવ્યો છે. આ વર્ગના લોકોને જ દેખાવ ખાતર સાહસિક બનવું પડે છે અને વધારેમાં વધારે દુઃખી થવું પડે છે.

હાલમાં, નાણાવાળાઓ જર્મનીની સોંઘી મજુરીના હિસાબે નવી અને મોટી ધંધાસંબંધી યોજના, જેવી દુનીઆએ નિપુણતામાં અને કાર્યસિદ્ધિમાં પહેલાં અનુભવી ન હતી, એવી તૈયાર કરે છે.

હુગોસ્ટીન્સ અને તેની મોટી થાપણ કોલસા લોઢું અને પોલાદના મોટા જથાપર અંકુશ ધરાવે છે. એ વિષયે ઘણી ચર્ચા ચાલે છે કારણ કે જર્મન શક્તિમાં એક નવી દીશાનો તે આગેવાન છે—એ અમીર, કેટલા એક અમીરો જે ખરૂં જોતાં જર્મનીની ધંધાસંબંધી જીંદગીને રમાડે છે, તેમનો એક છે. આ નવી યોજનાને "વર્ટીકલ ટ્રસ્ટ" નામે વર્ણવવામાં આવે છે—એટલે કે કાચા માલનો ધંધો કરનારી ઘણી કંપનીઓ એકઠી કરી, ધંધાની યોજનાથી તે કાચા માલમાંથી બનાવેલા પાકા માલનો એક મોટો જથો પેદા કરવો.

આવીજ યોજનાથી ક્રપના દારૂગોળાનાં જંગી કારખાનાંઓ જે લડાઇને સમયે બંદુકો અને રક્ષણ સામગ્રીઓ રાક્ષસી પ્રમાણમાં તૈયાર કરતાં હતાં—અને જેણે હારનો સ્વાદ ચાખ્યો છે—તેઓએ સુલેહ થયા બાદ થોડાજ મહિનામાં સુલેહને વખતને અનુકૂલ પડે એવી રીતે પોતાની યોજનાને અજાયબ જેવી શક્તિથી ફેરવી નાખી. હાલમાં તેઓ એનજીનો, બધી જાતની મશીનરીઓ, ખેડુતનાં ઓજારો, રજીસ્ટરો, સેફ્ટી અસ્ત્રાઓ અને જે કોઇ બનાવટ દુનિયાના બજારમાં ખપે તેવી દરેક લોઢા અને પોલાદની ચીજો બનાવે છે. જનરલ ઇલેક્ટ્રીસીટી કંપની પણ અજબ ઝડપથી વધતી જાય છે અને તટસ્થ દેશોની રોજગારી કોલસા, લોખંડ, અને ઇલેક્ટ્રીક બળથી—ઑસ્ટ્રીઆ, હંગેરી અને બીજા દેશોની પેઢીઓને હજમ કરતી જાય છે.

આ મોટી થાપણો દુનીયાની બજારોને કબજે કરી રહી છે અને લડાઇ પહેલાંની જર્મન ધંધાની આબાદી ઘણે અંશે પાછી લાવવાને સફળ નીવડી છે, જે એક ચમત્કાર જ ગણાય. કારણ કે જર્મનીની આર્થિક સ્થિતિ ખુનખાર અને નિષ્ફળ લડાઇથી, સંસ્થાનો, વહાણુનો રોજગાર અને પરદેશી મીલ્કત જવાથી, માણસબળ ઓછું થવાથી અને મશીનરી રેલ્વે અને તેને લગતો સામાન ઉપડી જવાથી લગભગ નષ્ટ જેવી થઇ ગઇ હતી.

આ સઘળું અજાયબ પમાડે એવું છતાં કોઇએ ચોખ્ખા પરિણામને વિષે અતિશયોક્તી કરવી જોઇએ નહિં. કેટલાક અવલોકન કારોના અહેવાલ મુજબ જર્મનીની પૈસાથી રેલાતું તો નથી જ. લડાઇ પહેલાંના ધોરણ સાથે સરખાવતાં દેશોના કરજ ઉપરાંત, ભયંકર મોટી જામીનગીરી ભરવાનો હિસાબ ન ગણીએ તોએ, જર્મનીની કારીગરી અને ધંધો બે તૃતીઆંશ છે. રૂની આયાત ઓગણીસસો તેર કરતા અડધી છે. આ વર્ષના ચાર માહિનાની કોલસાની ઉત્પન્ન માત્ર ૪૪૩ મીલીઅન ટન છે જ્યારે ૧૯૧૩ ના તેટલાજ વખતમાં ૫૭ મીલીઅન ટન હતા.

લડાઇ પહેલાંના ટનેજ કરતાં હેમ્બર્ગ બંદરે હાલ અડધુંજ ટનેજ આવે છે. (અને તે પણ વિદેશી વહાણોમાં.)

દરેક જર્મન ધંધા દ્રઢતાથી લગભગ બધા દેશોમાં વધતો જાય છે. દક્ષિણ અમેરીકા સાથે આ વર્ષના ફેબ્રુઆરી મહિનામાં ગયા વર્ષના એક મહિના કરતાં ધંધાનું પ્રમાણ ૨૦ ટકા વધ્યું. તેનીજ સાથે બધા દેશોનો દક્ષિણ અમેરીકાનો ધંધો ૫૦ ટકા ઘટયો. ૧૯૧૯ માં જર્મનીએ યુનાયટેડ સ્ટેટસને ૧૦ મીલીઅન ડૉલરનો માલ મોકલ્યો, ૧૯૨૦ માં ૮૮ મીલીઅનનો અને આ વર્ષે એના કરતાં પણ વધારે પ્રમાણમાં. ઓટોમોબાઇલના ધંધામાં યુરોપની બજારમાંથી ગ્રેટબ્રિટનને ધકેલી કાઢ્યું છે અને મોટરકારમાં, સાઇકલમાં અને તેને લગતા સામાનમાં એકલા સ્વીટઝરલૅંડ માટે જ જર્મનીની નિકાસ આપણા કરતાં ૬૦ ગણી છે.

આ સર્વે કારીગરી અને ધંધા સંબંધી સ્વાસ્થ્યના ચિન્હો છે અને દેશની હારના ધકકા પછી એમની શકતી કારીગરી અને સફળ યોજના વિષે અજાયબ'સાબિતી આપે છે. પણ જે જર્મનોએ આવી ભગીરથ લડાઇ દુનીયામાં પોતાનું અસલ સ્થાન મેળવવાને' લડી છે તેઓને હવે નુકસાની ભરવાની જરૂરીઆત સામે થવાનું છે, એજ એમની સ્વાસ્થ્ય રાખવાની શક્તિનો ઠેક સુધી અજમુદો કાઢશે, અને નવી અને અગાઉ ન કરેલી મહેનત કરાવશે જ. કામ તેમને ભારપઇ કરતું સહેલ પડવાનું નથી. તે તેઓ ભરી શકે તો દુનીયાની કોઇપણ પ્રજા કરતાં મોટામાં મોટું કારીગરીનું સાહસ કર્યું કહેવાય અને કારીગરી સંબંધે દુનીયાની તવારીખમાં ન સરખાવી શકાય એવું સાફલ્ય મળે. કારણ કે તેમ કરવાને તેઓને ચાર ગણી નિકાશ કરવો પડે. તેઓ શું એમ કરી શકશે અને કરી શકે તો એની અસર દુનીયાની બીજી પ્રજાઓપર શું થશે?

આ સવાલના પહેલા ભાગનો જવાબ મને "શાડમાન" અને બીજાઓ તરફથી મળ્યો હતો અને તેજ જવાબ વૉલ્ટર એથેનોએ, જર્મન પુનરઉદ્ધારના વજીરે દુનીઆને આપ્યો હતો. તેણે હીમતથી કહ્યું હતું કે અમે ભરી શકીએ એમ છીએ. અને કે કમ્યુનીસ્ટ સભાસદોએ રીચસ્ટેગમાં રાષ્ટ્રને ઉદ્દેશીને કહેતા પોકાર કર્યો હતો કે તમે સટ્ટો ખેલ્યા, તમે હાર્યા, તમારે જ પૈસા ભરવા જોઇએ. માનુષિક શક્તીથી સંભવિત હોય તો જર્મન નેતાઓએ અને જર્મન પ્રજાએ લડાઇનું કરજ ભરવાનું નક્કી કર્યું છે. અને મને કહ્યું હતું તે મુજબ અમુક સરતોએ તેઓ શ્રદ્ધા ધરાવે છે કે એ કરજ ભરી શકાશે. હીલ્ફૅરડીંગ ને ડૉ. -હેમ્પલોડ, કોષાધિપતી સોશ્યાલીસ્ટ, જેઓ તેમના સેક્રેટરી અને સમજાવનાર તરીકે કામ કરે છે, તેની હાજરીમા મળ્યો હતો અને તેઓએ તે શરતોની રૂપરેખા દોરી બતાવી હતી. આ મેજોરીટી સોશ્યાલીસ્ટ પક્ષનો નેતા હજુપણ જર્મન રાજકારભારમાં મોટી સત્તા ધરાવે છે. એ ઉંચો, ખુબસુરત રૂપેરી વાળવાળો સફેદ રાજવંશી ફ્રેંચ ચિત્રકારના જેવા દેખાવનો માણસ (જેવો મેં એને બર્લીન બહાર ડૉ. હેલ્વલૅંડના ગામડાના ઘરમાં શણના પોશાકમાં જોયો હતો). જર્મન મજુર પક્ષના રાજ્ય-

પક્ષની ઝનુન ધરાવનાર છે અને જેણે લ્હડાઇની દાર કબુલાઇ ત્યાંસુધી લડાઇના ખરચો મંજુર કીધા, આત્મત્યાગો કબુલ્યા અને લ્હડાઇ ચલાવનાર અમીરોના બાદશાહી હુકુમોને ખરેખરી રાજ્ય શ્રદ્ધાથી માથે ચઢાવ્યા હતા. ત્યાર બાદ શીડમેને બળવાના મતની બીલકુલ વિરૂદ્ધ રાજ્ય ચક્ષની યાદગીરીઓ મુજબ પ્રજા સત્તાક રાજ્યના બંધારણમાં મદદ કીધી હતી; તેનો જર્મનીના ભવિષ્ય વિષે અભિપ્રાય ગુણગ્રાહી હતો અને તે એ વિચારથી જ કે ફ્રાન્સ અને ઈંગ્લંડ પોતાના દેશ સાથે સારી રીતે વર્તી સુલેહ કરશે. એ વિષે એને બહુ શંકા ન હોતી. લશ્કરને કમતી કરવાથી ૧૯૦૦ મીલીઅન સોના મહોરો બચાવી શકાશે અને તેનાથી વાર્ષિક ખંડણી ભરવામાં સારી મદદ થશે, મોજશોખની આયાતપર કાબુ ,કરવાથી અને કાર્યસાધક યોજનાઓથી વધારે કમ બચાવી શકાય. જર્મન પ્રજાને મદદ કરવામાં આવે અને તેમના કાર્યમાં વિઘ્ન ન નાંખવામાં આવે તો તેઓની જંગી નીપજથી અને રશીઆ જેવા મોટા દેશ સાથેના વધતા જતા ધંધાથી ખર્ચની હુંડીઓ પુરેપુરી ભરી શકાય. જો સીલેશીઆનો ઉપલો વિભાગ અથવા રૂહર લઇ લેવામાં આવે તો જર્મનીના હાથપગ ભાગે અને ધંધામાં ખોટ જાય. પરન્તુ જો મિત્ર રાજ્યો અને ખાસ કરીને યુનાઇટેડ સ્ટેટ્સ જર્મનીને સ્વતંત્ર અને પુરેપુરો લાભ આપે તો બધું દેવુ ભરાઇ જાય.

ઘણે ભાગે લ્હડાઇમા હલકી પડી ગયલી મશીનરીઓ અને કુદરતી મુડીના ઘસારાથી મરામત માટે, અને તેમનાથી બની શકે એટલો ધંધો વધારવા માટે, ઇજ્જત અને મુડી જોઇએ—રશીઆ તેઓને માટે શાહુ જોતું હતું. જેવું જર્મની પોતાના ધંધાની અસલ સ્થિતિપર આવી પડે તેવું જ તે રશીઆને મશીનરીઓ, એન્જીનો, ખેડુતી ઓજારો અને સુધરેલા જીવનની દરેક જરૂરીઆતો, પોતાની નાશ પામેલી સ્થિતિ સુધારવાને પુરી પાડી શકશે. શીડમેન કહેતો હતો કે યુરોપના સ્થાનથી રશીઆને પુનરૂદ્ધાર કરવાનો બોજો નિસંદેહ જર્મન પ્રજાપર આવી પડશે. પરંતુ તેઓ આ કાર્ય પુરા પ્રમાણમાં અને દુનીઆને ફાયદો થાય એવી રીત ત્યારેજ કરી શકે જ્યારે અમેરીકા ગ્રેટબ્રીટન અને બીજા દેશોની ઇજ્જતનો ઉપયોગ એઓને મળે. આવી રીતે ઇજ્જત આપવા બદલ જર્મન મજુરી અને યોજકશક્તિ લ્હડાઇનું દેવું વસુલ કરી અને દુનીયાના રોજગારનો પુનરૂદ્ધાર કરી સારો મદદો વાળશે. શીડમેનને જર્મની વિષે આવી આશા છે અને તેઓ માને છે કે યુરોપ, જેનો પણ આ રીતથી સારો અર્થ સરે એમ છે તેને માટે આ સારી તક છે.

જર્મનીના આર્થિક ભવિષ્ય વિષે હ્યુગોસ્ટીનના રાજકીય સભાસદ અને થાપણોના રાજા અને જર્મન પ્રજાપક્ષના નેતા સ્ટ્રેસમેન, શીડમેન કરતાં ઓછી શ્રદ્ધા રાખે છે.

યુરોપની રાજકીય પરિસ્થિતિ વિષે લાંબી વાતો કરતાં, તેઓએ જર્મન સામે અપમાનની પરંપરા ના દાખલા આપી ધીક્કારની બહીને ચેતાવવાની ફ્રેંચ લોકોની આદત સામે વાંધો ઉઠાવ્યો હતો, તેઓ કરજ ભરવાના સવાલમાં લંબાણથી ઉતર્યા હતા. તેમનું ધારવું એવું હતું કે થોડા વર્ષ બાદ, અને એ સમયમાં જર્મનો પોતાના વચનો પાળવા મરણીઆ પ્રયત્નો કરશે. યુરોપીય પ્રજાઓ દુનીયાના રોજગારને આવી વિચિત્ર સ્થિતિમાં નાંખવાની મુર્ખાઇ સમજશે અને સંધીના કરારો બદલવાને નવી કૉન્ફરન્સ મેળવશે. તેઓ દેશે દેશ સંબંધી આર્થીક સંમેલનની યોજના તૈયાર કરશે અને એ સારી યોજનાથી નહિ કે વિનાશક સરોબરીથી અને રાક્ષસી વિચિત્રતાથી બધી પ્રજાઓનો સ્વાર્થ સુધારો થશે સ્ટ્રેસમાનનો અંગત અભિપ્રાય એવો છે કે જો એક નાનો કર કોલસા અને રૂ જેવા કાચાં માલપર નાંખવામાં આવે અને તે કર દરેક

ખરીદનાર ભરે અને તે પૈસો દેશેદેશના સામાન્ય ખજાનામાં આ કામ માટે જ મુકવામાં આવે તો દુનીઆનું લડાઈનું કરજ થોડા વર્ષમાં ભરાઈ જાય.

મારી બર્લીનની મુલાકાતનાં પરિણામો ટુંકમાં દર્શાવતાં આ લખાણ પરથી સમજાશે કે મારા મત પ્રમાણે પોતાના વચનો પાળવા જર્મની ગંભીર કોશીશ કરશે અને જે સાલેસીઆના ઉપલા વિભાગ અને બીજા દેશોના કાચા માલનું સાધન એના હાથમાં રહે તો યુરોપની આર્થિક સ્થિતિનું પ્રમુખપદ મેળવવાને હાલ તે સારે રસ્તે ચઢ્યું છે. વધુ સફળ યોજનાથી અને થોડે પગારે તેઓ બીજી પ્રજા કરતાં મહેનત કરી રહ્યા છે. મારા કહેવા મુજબ હારથી તેઓની શક્તિ વધી છે જ્યારે જીતનારા દેશો અને ખાસ કરીને ગ્રેટબ્રીટન જીતથી ઠંડું પડી ગયું છે.

પરંતુ હજુ એક સવાલ ઉભો રહે છે. અને એ પ્રશ્ન રેજીનૉલ્ડ મૅકકેનાએ પહેલેથી જ કર્યો છે. એ જર્મની પોતાની નીકાશના ભયંકર વધારાથી–અને માત્ર એજ રસ્તો લડાઇની નુકસાની ભરવાને જર્મનીને હાથ રહ્યો છે–નુકશાની ભરી શકે તો બ્રીટીશ રોજગારનું શું થાય? જર્મનીની પ્રતિજ્ઞા પાળવાથી જ પૈસા લેનાર દેશો પોતાના નીકાસ રોજગારનો નાશ કરે. અને તેથી જ જર્મની પાસે નુકશાની બલાત્કારે ભરાવવાની બુમ મારતાં આપણ આપણા પોતાના નાશ માટે જબરદસ્તી કરતા હતા એ વિચિત્રતા આપણને સમજાશે. સ્વતંત્ર અને કુદરતી ધંધાની રૂઢીએ જો આપણે આયાત અને નિકાશ સરખા પ્રમાણમાં રાખીએ તો જ હાલની દુનીઆની રોજગારીની બીમારીને સુધારી શકાય.

---


## મૂક હ્રદય રુદન.

( હરિણી )

નયન જલથી ભીનાં તોયે, ન બિંદુ કદિ ઝરે!
નિરવ ઉરની ઝુપી જ્વાલા નિસાસ રચ્યાં કરે!
અવયવ બધાં ઢીલાં બ્હીકાં જતાં ભૂમિએ ટળી!
જરી ન ગમતી જોવા યે હા ક્રીડા સુખી જગતની!
દદ ધન રહ્યું વેરી, હેની, મુખે, પ્રતિભાપ શી,
અચળ, સઘળે વ્યાપી, ઝાંખી ઉદાસીનતા વસી!
મૂક રુદન હા હૈયે મારે અનંત ઝર્યાં કરે!
દિવસ રજની એની એ સૌ નિંદાભર કથા કરે.
જગત, સહુ આ જુએ તો યે, નહિ સમજી શકે!
ફરી ફરી પુછે ' શું વ્યાધિ કહે દમે તુજ કાયને!
સમજી શકશે ના, ના મારી વ્યથા જગ આ સહુ!
વદ! વદ પ્રભુ! જાણે તું સૌ! જવાબ દઉં શું હું!!

'વિહુંગ.'

---



# ઇતિહાસ મશહૂર મુર પ્રજાનો ઉદય અને અસ્ત.

લખનારઃ—ઉદ્ધવજી તુલસીદાસ ઠક્કુર.

મહાયુદ્ધો સૈન્યો, શસ્ત્રો અને સેનાનીઓ લડે છે. સૈન્યોની ફનાફીદન શસ્ત્રોની શક્તિ અને સેનાનીઓની બુદ્ધિ જય અને પરાજયનો નિર્ણય કરે છે, પરંતુ ઇતિહાસનાં પાનામાં જય અને પરાજયના અમર અક્ષરો સૈન્યો, શસ્ત્રો કે સેનાનીઓથી નથી લખાતા. જો કેવળ પશુબળ પરજ જય અને પરાજયનો આધાર હોય તો કુરુક્ષેત્ર, ધર્મક્ષેત્ર નજ થઇ શકે. દુર્યોધને પોતાને પૂજવા યોગ્ય-માતા સમાન પાંચાળીને નિર્લજ્જ પણે સભામાં બોલાવી, ત્હેને નગ્ન જોવાની ઇચ્છા દર્શાવી, ધૃતરાષ્ટ્ર, ભીષ્મ, વિદુર વિગેરે વડીલો મૌન ધારણ કરી રહ્યા, ત્યારેજ દુર્યોધન કુરુક્ષેત્રનું યુદ્ધ હારી ચૂક્યો હતો. ધર્માવનાર બુદ્ધના ધર્મ આશ્રમોમાં અનાચાર પ્રવેશ્યો, શ્રમણો આશ્રમોની જાગીરો માટે લડવા લાગ્યા એજ સમર્થ નહોતા. ગ્રીસ અને રોમની મહા પ્રજાઓના વિજયધ્વજ પણ પૂર્વમાં હિન્દુસ્તાન અને પશ્ચિમમાં આફ્રીકાના ઉત્તર ભાગથી તે સ્કોટલેંડના કીનારા સુધી ઉડતા થયા હતા. પણ સત્તા પ્રબળ થતાં ભોગ અને વિલાસ હદ ઉપરાંત વધી ગયા અને એ બન્ને મહાપ્રજાઓનો વિનાશ અટકાવી ન શકાયો. ઇજીપ્ટના ઉદય અને અસ્તની કથા પણ એવીજ કરૂણ છે.

ઇતિહાસ જો નિષ્પક્ષપાત લખાય તો તે મનુષ્યોના જય પરાજયના ઇતિહાસ કરતાં, નીતિના જયનો ઇશ્વરની શક્તિની પ્રતીતિનો વિશેષ હોઇ શકે. દુર્યોધનનું રાજ્યતન્ત્ર તપાસવા મોકલેલા ગુપ્તચરોને યુધિષ્ઠીર મહારાજે દુર્યોધનના સૈન્યોની બુદ્ધિ અને શસ્ત્રોની શક્તિનું ન પૂછતાં રાજ્યકર્તા અમલદારોની નીતિ અને પ્રજાના

અથાગ ઉદ્યોગ અને ઉદાર ભાવના આળસ ગુલામી અને અજ્ઞાન પર વિજય મેળવે છે. પણ વિજય મળતાં સંપત્તિ, અને સુખ મળતાં મનુષ્ય ક્ષુદ્ર-સ્વચ્છંદી વિલાસી થઈ જાય છે; બીજી રીતે કહીએ તો પોતે ગુલામ થઇ જાય છે. આવા ગુલામોપર ફરી ઉદ્યોગી અને ઉદાર જનોની સત્તા એ ઇતિહાસની અનિવાર્ય પુનર્ઘટના છે. મુરેનો ઉદય અને અસ્ત એવીજ એક પુનર્ઘટનાનું ચિત્ર છે.

મુર—એ અરબ્બ જાતિ આફ્રીકાના મુરલેન્ડ નામના પ્રદેશમાં વસવાથી તેમને પ્રાપ્ત થયેલું નામ છે. યુરોપના પ્રાચીન ઇતિહાસમાં આ અરબ્બોને પૂર્વના એટલે સારકેન્સ (*Sarcens*) પણ કહેવામાં આવ્યા છે. મીસરની મહા પ્રજાની શક્તિ ક્ષીણ થતાં ક્રાઇસ્ટની પહેલાં પાંચમાંથી તે બીજા સૈકા સુધી પહેલાં ગ્રીક અને પછી રોમનોએ આખા યુરોપમાં અને પૂર્વમાં હિન્દુસ્તાન સુધી પોતાનાં સૈન્યો મોકલ્યાં હતાં. મહાન્ સિકંદર હિન્દુસ્તાનમાં અટક્યો, ત્યાર પછી ઇરાનીઓની સત્તા વધતાં ગ્રીકો પડી ભાગ્યા ક્રાઇસ્ટના જન્મથી તે ચારસો વરસ પુરા રોમનોની જાહોજલાલી સમસ્ત યુરોપ અને આફ્રીકાના ઉત્તર ભાગમાં અચલ રહી હતી. પાંચમાં સૈકાની શરૂઆતમાં રોમનોની સત્તા તૂટી. અનેક દેશોપર સ્વામીત્વ મળવાથી રોમનો અતિ વિલાસપ્રિય થઈ પડ્યા હતા. ઇતિહાસકારો કહે છે કે ફક્ત ખાન પાન પરત્વે રોમનોનો વૈભવ એટલી હદ સુધી વધ્યો હતો કે વારંવાર ખવાય તેટલા માટે ખાધેલું ઓકી કઢાવવાના ઔષધો શોધાયા હતા. લંપટતા અને જુગાર મ્હોટાઇ મનાઇ હતી. જાનવરોના અખાડા, દિવસના વધારે વખતની મોજના સ્થાન થયા હતા. અમલદારો અને જમીનદારો રાજકાજમાં ભાગ લેવા કરતાં તમાશા જોવા બેસી રહેવાનું અને મોજમાં ફરવાનું વધારે પસંદ કરતા અને પ્રતિનીધીઓ મોકલી રાજકાર્ય પતાવતા. આ સર્વ કારણોથી રોમનોની લક્ષ્મી તેમને તજી ગઇ. દરેક પ્રાન્તમાં ત્યાંના અમલદારો કે આસપાસની પ્રજાઓએ સત્તા જમાવી લીધી. રોમનો ઇટાલીનો થોડો ભાગ માત્ર નામ તરીકે બચાવી શક્યા.

ગ્રીકો અને રોમનોની સત્તા જ્યારે શિખરે પહોંચી હતી ત્યારે અરબ્બોના વિખરાયલાં ટોળાં સુરક્ષીત રહ્યાં હતાં. પ્રજા જંગલી, નિર્ધન અને ટોળાંઓમાં વ્હેંચાયલી હોઈ દેશ વેરાન અને મ્હોટો ભાગ રણનો બનેલો હોઇ વિજેતાઓએ તેમાં ઝંપલાવવાનું સાહસ કર્યું નહોતું. જો કે કેટલાક ઇતિહાસકારોનું એમ માનવું છે કે દરિયા કિનારાના અરબ્બ નગરોમાં ગ્રીક ગયેલા અને એ નગરોના મુખીઓ ખંડણી ભરતા હતા.


ઇસ્વી સનના સાતમાં સૈકામાં હઝરત મહમદ સાહેબે, બળવાન, ઉદ્યોગી, પ્રમાણીક અરબ્બ જાતિને ઇસ્લામનો સંદેશો આપ્યો. હઝરત સાહેબ ધર્મોપદેશક હતા તેમજ એક રાજનીતિજ્ઞ પણ હતા. ધર્મના વાવટા નીચે એમણે બળવાન અરબ્બ પ્રજાને એકત્ર અને સંગઠીત કરી. ધર્મમાં-એકતાનો ઉપદેશ આપ્યો. મહત્વાકંક્ષાની પ્રેરણા પાઇ. મુસ્લામ જગતના ઉદ્ધારને માટે નિર્માણ થયો છે એમ સ્હમજાવ્યું. આસપાસની પ્રજાઓ વિલાસમાં પડી નિર્બળ થઈ ગઈ હોવાથી અરબ્બોએ બળવાન સૈન્યોની રચના કરી અને પોતાના વતનની સરહદ ઓળંગી.

અરબ્બોએ પ્રથમ મધ્ય એશીઆમાં સમરકંદ બોખારા અને ઇરાન પર હુમલો કર્યો અને સર કર્યાં. હઝરત મહમદ સાહેબના અવસાન પછી થોડો વખત અરબ્બ પ્રજામાં કલહ અને અશાંતિ રહ્યા. પણ તે એ પ્રજાના વિનાશને બદલે સંગઠનમાંજ કારણભૂત થયા. સત્તાની મારામારી શમી ગઈ. ખલીફાની ગાદી કાયમ થઇ. વીર અરબ્બો એકજ નાયકના આશ્રયમાં એકજ ધર્મ, એકજ ભાષા—એકજ ભાવનાના ઝુંડાસાથે ભમણા ઉત્સાહથી આગળ વધ્યા. સાતમાં સૈકાના છેલ્લા ભાગમાં, મધ્ય એશીયા, ઇરાન, એશીયાઈ તુર્ક

સ્તાન, મીસર સાથે આફ્રીકાનો સમસ્ત ઉત્તર પ્રદેશ અરબોના તાબામાં આવ્યો. એ સર્વ પ્રદેશો પર ઈસ્લામનો વાવટો ઉડતો થયો. કોન્સ્ટાન્ટીનોપલ અને ગ્રીસની ખાડી માત્ર મીશ્ર બચાવી શક્યા !

પ્રસ્તુત લેખમાં સ્પેનમાં મુર અથવા અરબ જાતિનો પ્રવેશ—એ પ્રદેશમાં એ વીર જાતિના ઉદય અને અસ્તના ઇતિહાસની રૂપરેખા છે. સ્પેનને એ વખતના ઇતિહાસકારો આન્ડેલેગીવાના નામે ઓળખાવે છે. યુરોપમાં અત્યાધિક ... સ્પેન

રોમનોની અપેક્ષામાં વીસીગોથ પ્રજા વીર અને ધાર્મિક હતી પણ સ્પેનની અસલ પ્રજાનું જંગલીપણું ! કે દુઃખ તે ન ટાળી શકી. રોમનોએ સ્થાપેલી ગુલામગીરી જેવી મજુર સંસ્થા તે ન ઉખેડી શકી. સુધારાને નામે તેમના પાદરીઓએ કહેવાતા જંગલી લોકોને ઉપદેશ આપવા માંડ્યો પણ આત્મા—પ્રેમ અને લાગણીમાંથી જન્મપામતી સમાન ભાવના—વિના માત્ર ઉપદેશ કામ ન લાગ્યો વિજયી-પ્રજા ઉદ્યોગી એ ગુલામોને છાતીથી ચાંપી લેત, તેમને મનુષ્ય બંધુઓ તરીકે થોડા પણ



સ્પેનના પ્રાચીન રાજધાની ટોલેડો


રસાળ-ફળદ્રુપ અને રમણીય પ્રદેશ છે. આફ્રીકાના ઉત્તર કિનારા સુધી આવેલ વિજયી અરબોને સ્પેન કબજે કરવાની ઇચ્છા થાય એ કેવળ સ્વાભાવિક જ હતું. રોમન મહારાજ્યના ઉન્નતિ કાળમાં સ્પેન એ મહાસામ્રાજ્યનું એક અંગ હતું. પણ પાંચમી સદીની શરૂઆતમાં વીરોના અંકમાં રમનારી લક્ષ્મી વિલાસી રોમનોને ઠોકર મારી ચાલી ગઇ અને સ્પેન અથવા આઇબેરીયામાં વીસીગોથ નામે એક જર્મન જાતિનું રાજ્ય સ્થપાયું.

ઉંચે લાવત તો કદાચ સ્પેનના હવીવારો કદાત નહિ પણ જાતિનું એ નિર્માણ નહોતું. અસલ સ્પેનીશ પ્રજા દુષ્કાળ અને રોગથી પીડાઇ અર્ધી નાશ પામી ગઇ. વીસીગોથ અમીરો હકોવટ માટે આવ્યા નહોતા, તેમને ગુલામો જોઇતા હતા. એટલે ગુલામગીરી વધારે સખત બની. માલીકની ઇચ્છા પ્રમાણે પરણવું, તેમની ઇચ્છા પ્રમાણે પોતાના જન્મસ્થાનથી કુટુમ્બથી છુટા પડવું, માલીક બતાવે ત્યાં કામ કરવું એ મજુરો માટે ફરજીઆત થયું. માલીકો અર્થાત અમીરો અને અમલદારોમાં

રોમન વિલાસનું ઝેર રેડાયું. પાદરીઓને રાજ્ય તરફથી મ્હોટી જાગીરો મળતી એટલે તેઓ રાજ્યના સેવકો જેવા થઈ રહ્યા. ગરીબ અને અમીર વર્ગની વચ્ચે એક મધ્યમ વર્ગ હતો, તેમને હદ ઉપરાંત કર આપવા પડતા અને સરકારની નોકરી કરવી પડતી. આ વર્ગની સ્થિતી ગુલામો કરતાં સારી ન હોતી.

કુદરત માતા છે, તે પોતાનાં બાળકોને માટે અન્ન વસ્ત્ર ઉત્પન્ન કરે છે પણ જ્યારે સત્તાધીશો પોતે બળવાન થાય અને પશુબળ પામે ન્યાય અને નીતિ ઝાંખા પડે ત્યારે હજારો માણસોને ગુલામ થવું પડે છે. થોડાક બહુ ધનવાન અને બાકીના બધા ગુલામ એવી યુરોપની હાલની સમાજ વ્યવસ્થા સ્પેનમાં હતી પરિણામ બીજું શું આવે? રાજ્યકર્તા પ્રજા રાજ્યનીતિથી હાથ ધોઈ બેઠી. રાજ્ય લોભ વધી ગયો. ગાદી વારસ રાજાનું જીવન હમેશાં એશઆરામમાં જતું અમીરોને પણ મોજ શોખ શિવાય બીજી દરકાર નહોતી. સ્નેહ-મમતા બંધુપ્રેમ-જાતિપ્રેમ-સ્વદેશપ્રેમ આવા નર્ક સ્થાનમાં શી રીતે ટકી શકે? સ્પેનના એ વખતના દુર્બુદ્ધિ રાજા રોડરીકે એક કલંકિત કાર્ય કર્યું. અને સ્પેન અરબોના તાબામાં જવામાં તે નિમીત્ત થયું.

સ્પેનની રાજ્યધાની ટોલેડો નગરમાં હતી. એ વખતે અમલદારો પોતાનાં પુત્રો કે પુત્રીઓને રાજાને ત્યાં સેવક તરીકે મોકલે એ શિષ્ટાચાર હતો. કાઉન્ટ જુલીયન કયુટાનો સેનાધિપતિ હતો અને તેણે પોતાના પરાક્રમથી અરબોના દળને સ્પેનમાં દાખલ થતા અટકાવ્યા હતા. કાઉન્ટ જુલીયનની પુત્રી ફ્લોરીન્ડાને શિષ્ટાચાર પ્રમાણે રાજા રોડરીકને ત્યાં સેવિકા તરીકે મોકલવામાં આવી. ફ્લોરીન્ડા યુવતી અને રૂપસુંદરી હતી. ધર્મ પ્રમાણે રાજા ત્હેને પોતાની પુત્રીપ્રમાણે ગણવા બંધાયલો હતો પણ રોડરીક કન્યાના રૂપને જોઈ પોતાનો ધર્મ ભૂલી ગયો તેણે ફ્લોરીન્ડાપર બળાત્કાર કર્યો. આ જાતિ શરમાઈ જશે, ગભરાઈ જશે, ભૂલી જશે એમ તેની માન્યતા હતી પણ ફ્લોરીન્ડા અધર્મ સહી શકી નહિ. તેણે પોતાના માતાપિતાને હકીકત કહી મોકલ્યું અને કાઉન્ટ રાજાનો દુશ્મન થઈ બેઠો.



ટોલેડોનો કિલ્લો.

મુસલમાન ઇતિહાસકારો ફ્લોરીન્ડાને કાવા ના નામે ઓળખાવે છે. અને તેની માતા રોડરીકના પહેલાના રાજા વીટીઝાની કન્યા હોઇ ફ્લોરીન્ડાનું શીયળ ભંગ એ સ્પેનીશ રાજ ઘરાણાને કલંક હોવાથી કાઉન્ટની પત્નિએ તેને રાજ્ય વિરૂદ્ધ ઉશ્કેર્યો હતો એમ કહે છે.


કાઉન્ટ પોતાની પ્રિય પુત્રીના ઉપમર્દથી બળી રહ્યો, તે ટોલેડો ગયો રાજાને અલબત્ત પોતાના પાપ માટે લાગી આવ્યું હતું. જુલીયનને તેણે સારાં ઇનામો આપ્યાં, અને પોતાનો કરવા તેને માનથી રાખવા લાગ્યો. થોડો વખત રહી ફ્લોરીન્ડા સાથે તેણે કયુટા જવાની રજા માગી રાજાએ ત્હેને શીકાર માટે થોડા કુતરા મોકલવાની આજ્ઞા કરી, અભિમાની સેનાપતિએ કહ્યું કે હું એવા કુતરા મોકલીશ જે આપે કદિ નહિ જોયા હોય.

કાઉન્ટ કયુટા ગયો અને આફ્રિકાના ઉત્તર કિનારે પડેલા અરબ્બોના સુબા નોશીરના પુત્ર મુસાને મળ્યો. દ્રાક્ષના વેલાઓથી સુશોભિત, દુધ, ઘાસ અને મધથી ઉભરાતા, ગેથ, અને રોમનોના સૌન્દર્ય ઉદ્યાન સમા સ્પેનની ખુબ પ્રશંસા કરી. મુસલમાનોને આવવા આમંત્રણ કર્યું અને પોતે સહાયતા આપવા વચન આપ્યું. મુસા એક બાહોશ સેનાપતિ હતો. દુશ્મનના મીઠાં વચનોપર તે એકાએક ન લોભાયો. તેણે દમાસકસના ખલીફાને સંદેશો મોકલ્યો અને પોતાના એક મદદનીશ ટારીફને ઇ. સ. ૭૧૦ માં ૫૦૦ માણસો સાથે સ્પેનીશ કિનારો ચાર વહાણ સુદ્ધાં મોકલ્યો. ટારીફ સ્પેન પહોંચ્યો અને પાછા ફરી પોતાના સરદારને કાઉન્ટ જુલીયનના કથનની સચ્ચાઇની ખાતરી આપી. ટારીફે જે ઠેકાણે ઉતર્યો ત્યાં એક શહેર વસ્યું અને આજે પણ તેની પાછળ તે ટારીફાને નામે ઓળખાય છે.

ખલીફે સરદારને સ્પેનપર ચઢાઈ કરવાની પરવાનગી આપી પરંતુ મોટું સૈન્ય ન મોકલવાની તાકીદ પણ આપી. ઇ. સ. ૭૧૧ માં રોડરીક ઉત્તર તરફના શત્રુઓને મારી હઠાવવા ગયો હતો તે વખતનો લાભ લઈ મુસાએ સાત હજાર અરબ્બોનું એક સૈન્ય સ્પેનમાં ઉતાર્યું. આ સૈન્યની સરદારી તારીક નામે અરબ્બ સેનાપતિને આપવામાં આવી. તારીકનું સૈન્ય ચોમાસાના નદી પ્રવાહની પેઠે સ્પેનના ફળદ્રુપ પ્રદેશમાં આગળ વધ્યું. રાજા રોડરીક અરબ્બ ચ્હડાઇના સમાચાર સાંભળી પોતાના બધાં સૈનિકોને એકત્ર કરી તારીકની સ્હામે થયો. અરબ્બ ઇતિહાસકારોએ વાડી બેકાને નામે ઓળખાવેલ નદીની પાસે બન્ને સૈન્યોનો ભેટો થયો.

સ્પેનના ઇતિહાસમાં આ પ્રસંગના વર્ણનમાં એક સુંદર માર્મિક કથા છે. કહેવાય છે કે અરબ્બ હુમલા પહેલા રાજા રોડરીક પોતાની સભામા અમીરો અને ઉમરાવો વચ્ચે બેઠો હતો ત્યારે પ્રાચીન પોશાકમાં સજ્જ થયેલા રાજજેવા બે વૃદ્ધ પુરૂષો તેની સભામા આવ્યા અને રાજા પાસે ચાવીઓ કેંકી. આ ચાવીઓ એક પુરાણા કિલ્લાની હતી જેમાં અનેક ભેદ ભરમો હોવાનું મનાતું. આ કિલ્લો કોઈ ખોલતા નહિં પણ દરેક રાજા એક આચાર તરીકે અસલ તાળું કાઢી પોતાનું તાળું લગાડતો. વૃદ્ધ પુરૂષોએ કિલ્લાની ભયંકરતા તેમજ અદ્ભુતતાનું વર્ણન કર્યું. રોડરીક તે કિલ્લો ઉઘાડી તેમાં જવા તૈયાર થયો. સલાહકારોએ રાજ્યના વૃદ્ધ અમાત્યોએ તેને રોક્યો પણ તે ન રોકાયો થોડાક માણસો સાથે તે કિલ્લામા દાખલ થયો. કિલ્લાનો દરવાજો એક પહાડના સાંકડા રસ્તાપરથી હતો અને તેના લોખંડના દરવાજાને હજારો વરસોના જુદા જુદા તાળા દીધેલાં હતા. અંદર દાખલ થતાં રાજાને વૈભવની નવી સૃષ્ટિ જણાઇ. તેની પાછળ દરવાજા બંધ થઈ ગયા. રાજા અને તેના સાથીઓ બહુ દૂર ગયા ત્યારે એક ભયંકર કાંસાની મૂર્તિ દેખાઇ આ મૂર્તિ પોતાના મ્હોટા હાથ અવિરતપણ

જમીનપર પછાડતી હતી. રોડરીક જરા ગભરાયો પણ મૂર્તિની છાતીપર હું "મારૂં કર્ત્તવ્ય પાલન કરૂં છું." એવા શબ્દો વાંચી તે સાન્તવન પામ્યો. તેણે મૂર્તિને નમન કર્યું અને આગળ જવા દેવા પ્રાર્થના કરી. મૂર્તિના હાથ પછાડા બંધ થયા. વચ્ચેથી માર્ગ થયો. અને સ્પેનનો રાજા પોતાના સાથીઓ સાથે તેમાંથી પસાર થઇ પહાડના કિલ્લાના બીજા ઓરડામાં દાખલ થયો. આ ઓરડામાં રત્નો અને હીરાનો ભંડાર હતો. રાજા આશ્ચર્યથી સૌ જોઇ રહ્યો. વચ્ચે એક ન્હાના મેજ પર એક પ્રાચીન પેટી પડી હતી. વીર હરક્યુલીસના વચનની હતી અને આ કિલ્લાનો ભેદ છે તે રાજાઓ જ ઉઘાડશે અને પોતાનું ભાગ્ય ભોગવવા તૈયાર રહેશે. એમ તે પેટીપર લખ્યું હતું. રાજાએ પેટી ઉઘાડી. ચીપરાં જેવાં વસ્ત્રોમાં બે પીતળના કટકા ઉપર તેણે મૂર્તિઓ જોઈ. જોઈ તે સ્થંભીત થયો. અરબ્બોને



નાશી ગયા. એમ કહેવાય છે કે રાજા રોડરીક કિલ્લામાંથી નીકળ્યા પછી તે કાંસાની મૂર્તિ અદ્રશ્ય થઇ ગઇ. કિલ્લાના રક્ષકો રાખ જેવા પડી ગયા અને આખો કિલ્લો ઉડી ગયો. જ્યા એ કિલ્લાનાં પથ્થરો પડ્યા ત્યાં લોહીના ડાઘ થઇ ગયા.

પૃથ્વિરાજને પણ અપશકુનો થયા છતાં ક્ષત્રિય તરીકે શહાબુદ્દીન સ્હામે ચડાઈ કરી તેના માટે બીજો ધર્મ ન હોતો તેમ રોડરીક પણ પોતાના સમગ્ર બળને એકત્ર કરી મુસલમાનોની સ્હામે થયો. તેની પાસે સાઠ હજાર માણસોનું સૈન્ય હતું. તારીક પાસે માત્ર સાત હજાર યોદ્ધા હતા. તેના સૈનિકો ગભરાયા. પણ વીર અરબ્બ સેનાપતિ ગભરાયો નહિ. પોતાના સૈન્યને ઉદ્દેશી તેણે કહ્યું ખુદાના બંદાઓ, તમારી સ્હામે દુશ્મન છે અને પાછળ દરિયો છે બન્ને તરફ મોત છે. અલ્લાહના નામથી તમને કહું છું કે જયવાનો

એ મોકલેલ દસ હજાર યોદ્ધાઓનું સૈન્ય આવી મળ્યું વિજયશ્રી અરબ્બોને વરી. મુસાએ ખલીફા વલીદને આ પ્રમાણે લખ્યું, 'ઇમાનદારોના શાહ, આ સાધારણ ફતેહ નહોતી. કયામતના દિવસ જેવો પ્રજાઓનો મેળો હતો.

મુસાને તારીકના અપૂર્વ વિજય માટે ઇર્ષા થઇ અને તેને સ્પેનના પ્રદેશમાં આગળ ન વધવાની ફરમાયશ કરી, પણ તારીક ખરો સેનાધિપતિ હતો. જીતાયલો મુલક નિષ્કંટક થાય ત્યારેજ વિજયસંપૂર્ણ મનાય છે. તેણે પોતાના સૈન્યને ત્રણ ભાગમાં વ્હેંચી નાંખ્યું. એક ભાગના સરદાર મગીથે કોરડોવા સર કર્યું. કોરડોવા તેણે યહુદીઓના રક્ષણમાં મૂકયુ. બીજા ભાગે આરમીડોના સર કર્યું. મલાગા શરણે આવ્યું અને એલ્વીરા નામે કિલ્લો જ્યાં હમણાં ગ્રેનેડા છે તે ઉડાડી મૂકવામાં આવ્યો. થીઓડમીર નામના વીસીગોથ ઉમરાવે મરશીયાના કિલ્લાનો બહાદુરીથી બચાવ કર્યો, પણ તે વધારે રક્ષણ કરી ન શક્યો. અને છેવટે અરબ્બોને શરણે આવ્યો. આ યુદ્ધમાં બહાદુર અરબ્બોએ શરણે આવેલા નગરવાસીઓની હજારો સ્ત્રીઓને માનપૂર્વક જતી કરી હતી.

થીઓડમીર પાસે એક પણ સિપાહી ન હોવાથી તેણે સ્ત્રીઓને પુરૂષોનો પોશાક પહેરાવી હથીયાર આપી કિલ્લાપર ઉભી રાખી જ્યારે અરબ્બ સૈન્યે કિલ્લો ઘેરી લીધો ત્યારે થીઓડમીરે સુલેહની માગણી કરી. અરબ્બોએ સુલેહ કરી અને લશ્કરીઓને સુરક્ષીત નાકળી જવાનું વચન આપ્યું. આ વચન મળ્યું ત્યારે થીઓડમીરે લશ્કરમાં એક પણ પુરૂષ નથી એમ કહ્યું. અરબ્બ સેનાપતિએ પોતે આપેલ વચન પાળ્યું અને થીઓડમીરની હુશીયારી પર પ્રસન્ન થઇ તેને એ પ્રાન્તનો સુબો બનાવ્યો.

મુસલમાનોએ કાઉન્ટ જુલીયનને આપેલું વચન પણ યથાર્થ પાળ્યુ. જુલીયન અને તેના સાથીઓને સારી જાગીરો અને રાજ્યમાં મ્હોટી પદ્દિઓ આપી.

ઇ. સ. ૭૧૩ ના ઉનાળામાં સરદાર મુસાએ સ્પેનમાં દમામથી પ્રવેશ કર્યો. તારીકે તેનો યોગ્ય સત્કાર કર્યો. પણ સ્પેનના વિજયનું માન તારીકને મળવાથી સરદારને ઇર્ષા થઇ–તારીકે આખા સ્પેનપર ફરી વળવામાં સાહસ કર્યું હતું. એમ કહી સરદારે તેને બદિવાન કર્યો પરંતુ ડમાસકસના ખલીફાને આ વાતની ખબર મળતાં તેણે મુસાને બોલાવી લઇ સેનાપતિને આખા મેરીયાનો સુબો બનાવ્યો. મુસાએ ખલીફાના સીરીયા જવાના ફરમાનનો અમલ કર્યા પહેલાં પીરીનીસના પહાડ ઉપરથી સ્પેનનો રમણીય પ્રદેશ મનભરી જોયો હતો.

ઇ. સ. ૭૧૯ થી તે ૭૩૦ સુધી અરબ્બ સરદારોએ લ્હડી બાહુ બળથી વિજય નિશ્ચિત કર્યો. એસ્ટ્યુરીઆ નામના એક ન્હાના પહાડી પ્રદેશપર માત્ર સ્પેનના વીસીગોથ રાજ્ય કુટુંબની સત્તા રહી.

ઈ. સ. ૭૨૧ માં અરબ્બોએ એક્વીટાનીયા પર પણ સખ્ત હુમલો કર્યો પરંતુ ટુલુઝ આગળ તેમની હાર થઇ. પહાડો પર લ્હડવા તેઓ સમર્થ ન થયા. યુડીસે અરબ્બોને હરાવવા મેદાનમાં ધમેરો કર્યો પણ અરબ્બોએ ગારોન નદીના કિનારાપર તેને ભારે શિકસ્ત આપી અને યુડીસને ફરી તેના પહાડી કિલ્લામાં ભરાઇ રહેવું પડ્યું. અરબ્બોનો વિજયી સેનાપતિ અબ્દુર રહેમાન હવે પશ્ચિમ તરફ નિશ્ચિંત આગળ વધ્યો, હવે તેણે ફ્રાન્સના પ્રદેશ પર દૃષ્ટિ દોડાવી. સ્પેન અને ફ્રાન્સની સરહદ ઉપર ફ્રેન્ચ સેનાપતિ ચાર્લ્સ પેપીન્સે અરબ્બોને જવાબ વાળ્યો. અરબ્બો શી સાતથી, વીરતાથી લ્હડયા. યુરોપીયન ઇતિહાસકારો આ યુદ્ધને દુનિયાના પંદર મહાયુદ્ધોનું એક ગણે છે. યુરોપના ભાવિ ધર્મનો—સંસ્કૃતિનો આ સ્થળેજ નિર્ણય થયો. યુદ્ધ

૭ દિવસ ચાલ્યું ને ચાર્લ્સના અતુલ ઉત્સાહ અને તેના સૈનિકોની વીરતાથી અરબ્બ સૈન્યમાં ભંગાણ પડ્યું અને ઇસ્લામનો યુરોપનો વેગ ગૉલ–ફ્રાન્સની સરહદ સુધી અટક્યો. અબ્દુલ રહીમાનને અસ્તવ્યસ્ત સૈન્ય સાથે પાછા ફરવું પડ્યું.

અરબ્બોએ હવે સ્પેનને પોતાનું કરવા મહા પ્રયત્ન આરંભ્યો. ફ્રાન્સ સાથે સંધી કરી.અસલની પ્રજાને વ્યવસ્થિત કરી. ડમાસકસના ખલીફાની આણ આ વખતે પૂર્વમાં હિન્દુસ્તાનથી તે પશ્ચિમમાં સ્પેનના કિનારા સુધી વર્તતી હતી. સ્પેનની મુસલમાન સત્તા ખલીફાથી સ્વતંત્ર નહોતી.

મુરોના સ્પેનના પ્રારંભનાં ઇતિહાસમાં એક બીજી વાત ખાસ દેખાઇ આવે છે તે એ છે કે સ્પેનના યહુદીઓ અરબ્બોના ખરા મિત્રો થઈ રહ્યા હતા. અરબ્બોએ કેટલાક મુખ્ય પ્રાન્તોની સરદારી યહુદી અમલદારોને આપી હતી. સુલેહના વખતમાં કળા અને ઉદ્યોગ ખીલવવા “યહુદીઓ અરબ્બોના સગાભાઇઓ પેઠે રહેતા.

આ લેખમાં મૂરોના પૂર્ણ ઉદય અને યુરોપમાંથી તેમના અસ્તનું આવું જ રસિક વર્ણન અલહમ્બ્રા વિગેરે સ્પેનમાં તેમણે બંધાવેલ કારીગીરીના નમૂનારૂપ મકાનોનાં ચિત્રો સાથે, આવતા અંકમાં આપવામાં આવશે.

---

## ચેતન.

નિરાશાનાં ઘાટાં વાદળો ને ભેદી, ભીષણ અન્ધકારમયી રજનીમાં આશા દેવી વિજળીનો ચમકાર ચમકી રહ્યો છે. રાજાનો રાજા–સૃષ્ટિનો પિતા–કરૂણાની ધારા વરસાવી રહ્યો છે. શુષ્ક થએલ નદી, નાળાં ચેતનના પ્રવાહથી ઉભરાઇ રહ્યાં છે. હે ! ભારતપુત્ર ! તારા આંગણામાં જો ! ચેતનમાં ચેતન કેવું વિકસી રહ્યું છે ? વેલીઓ સ્વાશ્રયથી તારા ઘરના છાપરા ઉપર કેવી ચડવા મંડી છે ? જડમાં પણ કેવું ચેતન પ્રકટી રહ્યું છે ? ગઇ કાલે જે સૃષ્ટિના પડમાં હતું અને નિરાશાના અનેક થરો જેને દાબી રહ્યા હતા, તે આજે આપણી સામે પ્રભાતના સુમધુર, સુશિતળ વાયુની સાથે હસી–ખેલી–રહ્યું છે. માટે બધા સંશયોનો ત્યાગ કર ! પરમ આશાવાદી થા ! વિચાર કરનારો પિતા મહાન્ છે. તારું કર્તવ્ય રાસમા સંગિણીત થવાનું છે. માટે જા ! મોહનની મધુરી બંસી બજે છે ત્યાં. રાસ રમ. વિલંબ ન કર.

# શીરાઝના કિલ્લામાં
## યાને ૩૦ વર્ષ પછી.

લખનારઃ—રા. ચંદ્રકાન્ત ગૌરીશંકર ભટ્ટ.

તેનો નાચ—શું કહું—જાણે આતશની જ્વાલાઓ. મારી જીંદગી ભર મેં એવી તનાવટ જોઈ નથી. જાણે ઈનસાનોની રગોમાં તુફાન લોહીની ઝણઝણાટી તે લાવે છે. અબદુલ સલામે પોતાના માલીકને કહ્યું. હું ખરું જ કહું છું નામવર.

માલીકે મહોંડામાંથી હુક્કાની નળી દૂર કરી, અબદુલ તરફ એક તીક્ષ્ણ નજર ફેંકી. આનંદ વિનાના સ્મીતે ભ્રકુટિ ઢાળી અને મુછ નીચેના હોઠ સહેજ મરડાયા.

"તેની ખુબસુરતી પાસે મધ્યરાત્રે આસમાનમાં ચમકતો ચાંદ કે મહાસાગરપર પડી રહેલી તારાની રોશની ઝાંખી છે. જો હું જુવાન હોત તો.

"જોતાં આ જવાહીર"—માલીકે પોતાની જડીમાંથી એક હીરો ખેંચી કહાડયો જેના પર પ્રકાશ પડતાં તે શુક્રના તારા માફક ચમકી રહયો, "હાલમાં સુધી હું કહીશ કે મેં તેથી એ વધુ ખુબસુરતી જોઇ છે. ત્રીસ વર્ષ પહેલાં જ્યારે તું અહીં ન હોતો. તે ગાની સાથે દીલરૂબાના તારનો સૂર હોર લાગતો. અબદુલ, મારૂં ઇજર તો બસ એ જ કતી થઈ હતી."

"અને—?" કેફ માલીકની આંખો ખુલ્લી બારી તરફ વળી.

શીરાઝની નજીક આવી રહેલી એક ટેકરીની ઉપર બાંધવામાં આવેલા ભવ્ય કીલ્લાની ઉત્તર તરફની દીવાલમાં એ બારી આવી રહી હતી. નીચે—હજારો ફીટ નીચે અણીવાળા કાળા પત્થરોની ભેખડો હતી. ટેકરીથી સહેજ છેટે શીરાઝ ગામ વસી રહ્યું હતું. દિવસના કામથી થાકેલા ખેડુતો ભોજનમજામાં મશગુલ હતા. અને લોકોના આનંદી કોલાહલના આછા અણકારા કીલ્લાની બારીમાં થઈ સરદાર અસરફીદને સંતોષ આપતા.

"અને ?" અબદુલે યાદ આપી. સરદાર વિચારનિદ્રામાંથી જાગૃત થયો. તેના મગજમાં કંઇ કંઈ જૂની વાતો ઉભરાઇ આવી.

"મેં તેને મેળવવાનો નિશ્ચય કર્યો. તેની ખુબસુરતીએ મને શરાબનો નીશો ચડાવ્યો હતો. હું તે વખતે જુવાન હતો. તેના નાચમાં સારી આલમનું માધુર્ય મને દેખાયું. પણ તે મારે માટે ન હોતી."

"પણ નામવર એ દીવસોમાં તમારી ખ્વાહેશ વિરૂદ્ધ કોઇ પણ ઓરત જઇ જ કેમ શકે !" અબદુલે પુછ્યું.

"હા, પણ એ મારી ખ્વાહેશ વિરૂદ્ધ ગઇ. કારણ તે વિવાહિત હતી. તેઓને એક બાળક પણ હતું. પરન્તુ સરદારનું વચન એ કાયદો હતો. મેં તેને એ ધણીથી છુટાછેડા કરી પોતાના બાળક સાથે મારી પાસે આવવા કહ્યું. એ ધણી તો એક સાધારણ જાદુગર હતો. મેં બહુ સમજાવી પણ તે માની નહીં. તે એવાને પણ ચાહવાની મૂર્ખ વાતો કરતી હતી. મેં મારો ખજાનો ધરાવ્યો સત્તાનો ખ્યાલ આપ્યો પણ તેણે એની રજ પણ પરવા કરી નહીં પરન્તુ મારૂં દીલ.

જેના પર લાગ્યું હોય તે શું હું છોડી દઉં ? એ જાદુગર છેવટ મરણ પામ્યો."

"તેનું ખુન થયું?"

"હા. પણ મારા હાથે નહીં. મારા દરજ્જાનો આદમી નીચી પંક્તીના માણસના લોહીમાં પોતાના હાથ ખરડતો નથી. ગમે તેમ પણ તે મ્હોતને શરણ થયો. દૂરની એક ઝાડીમાં ખંજરના બસ એકજ ઘાએ એ જહાન છોડી ગયો અને તેની નાજનીન પોતાનાં બાલક સાથે મારી પાસ આવવા સ્વતન્ત્ર થઇ. એક ઓરતના હૃદયની કોણ પીછાન કરી શકે ? મેં ધીરજથી તેને ઉમંગથી મ્હારાં ખુબ રાહ જોઇ. થોડા દીવસો પછી મેં ફરી વાર મારો પ્રેમ જાહેર કર્યો આજ કીલ્લામાં આજ જગ્યાએ પણ તેણે શું જવાબ આપ્યો ?"

પોતાનો કિંમતી વિંટીઓથી મઢાયલો હાથ સરદારે ખૂલ્લી બારી તરફ લંબાવ્યો.

"એક પળ માટે તે ત્યાં ઉભી. મ્હોડું સફેત થઇ ગયાં છતાં તે ખૂબસુરત લાગતી હતી. એ પછી પોતાનાં કપડાંમાંથી એક ઝીણી કટારી ઓચીંતાની ખેંચી કહાડી મારી તરફ ફેંકી. એ આ રહ્યો જખ્મ," કહી સરદારે અબ્દુલને પોતાની દાઢી નીચેનો સફેત ડાઘ બતાવ્યો. હું મરતાં રહેજમાં બચી ગયો છતાં તેના મોહમાં આંધળો થઇ હું હાથ લંબાવી આગળ વધ્યો. મારા આવવા માટે તે ઓટી ન થઇ. બારી નીચે એક ઉત્કટનું મધુર હાસ્ય કરી કુદી. બસ એ નોજુવાન ઓરતના જીવન પર પડદો પડ્યો."

"અને બાલકનું શું"?

"હું જાણતો નથી," સરદારે બેપરવાઇથી જવાબ આપ્યો; "એ જાણું પણ શા કામનું ! એ તો ઘણાં વર્ષોની વાત થઇ. મેં બહુ તપાસ કરી પણ બાલકનો કંઇ પત્તો લાગ્યો નહીં. હવે હું એ સર્વ ભૂલવા માગું છું. ગમે તેમ પણ એ નાજનીન શૂર વીર હતી." ઉંચે ધૂમાડાનાં ગૂંચળાં કેટલોક વખત સુધી ફુંકી સરદારે ઉમેર્યું, "આ ફનાખને નીરખ્યા પછી લેમ્પ લેવા કોઈ પણ ઈંતેજાર રહેતું નથી."

"ગમે તેમ પણ નવી તવાયફની ખુબસુરતી કંઇ નથી." અબ્દુલે તારીફના ઉદ્‌ગાર કરતાં ઉમેર્યું "નામવર સરદાર, તમારી પાછળ ફરજંદ ના હોય એ ઠીક નહીં. તમે એને જુઓ તો ખરા. આજ રાત્રે અમાનુલ્લાએ બંધાવેલ મકાનમાં એ નાચ કરવાની છે."

"ઠીક ઠીક, તું બહુ કહે છે તો હું આવીશ. પણ છુપી રીતે. સાથે એ પણ યાદ રાખજે કે મારે માટે પ્રેમ કરવાનો વખત ગયો છે."

"નહીં, તમે એમ ના બોલો. આ કદાવર શરીરને ઝૈફ કોણ કહે ? ભવિષ્ય પર પણ નજર રાખવી જરૂરી છે. તેઓ કહે છે કે ચારે તરફથી આ ગામ લુંટી લેવાની વાતો થાય છે. ફક્ત તમારા નામની ધાકથી જ કોઇ શીરાઝની નજીક આવવા હીંમત કરતું નથી. તમારા પછી રાજ્યની લગામ ઉપાડી શકે તેવા એ...

એ એમજ થશે." બોલી અબ્દુલ ગયો.

સરદારે ધીમે ધીમે પોતાની દાઢી પસવારતાં ભૂતકાળના ચિત્રો પર નજર ફેંકી. ખ્યાલમાંથી બેમાલૂમ થઇ ગયેલો જુનો જુસ્સો ફરીવાર તેના શરીરમાં ધમવા લાગ્યો. એ તવાયફની શું ખુબસુરતી ! પણ વખતના જવા સાથે એ ભૂલી જવાઇ. તેણે પાછળથી બીજી ઓરત સાથે શાદી કરી. પરંતુ હજી સુધી તેને ફરજંદ થયું ન હોતું. હજી પણ તે કદાવર હતો. મ્હોતનો કાળો પડછાયો તેને કોઇ પણ પળે ઘેરી લે તેમ હતું. તેને લાગ્યું કે તેની મીલકત—તેની જાહેરજલાલી પરદેશીઓને હાથે લૂંટાવી ના જોઇએ.

ઉંચે વાતાવરણમાં અદ્રશ્ય થતાં ધુમ્રનાં ગુંચળાંમાં તેને મરી ગએલ તવાયફ દેખાઇ. તેનાં આલિંગન કરતાં મ્હોત વ્હાલી લેનાર એ શૂરવીર તો ખરી.

તે બોખરે અવાજે ખડખડાટ હસ્યો. અવાજે ચારે તરફ પડઘો કર્યો એવામાં તલાવડના ખાવી. ઘનુ લોહીથી ખરડાએલ શબ સરદારને દેખાયું.

"નહીં નહીં, મેં એ નથી કર્યું" બોલતાં પણ તે જાણતો હતો કે એ અસત્ય છે. તેણે ખુન કરનારને • પુષ્કળ અશર-ફીઓ આપી હતી. અને તેને પકડવામાં ના આવે તેની પણ તજવીજ કરી રાખી હતી.

"પણ હવે એ ભૂતકાળની વાતો ગઈ ગુજરી" બ-રાડી સરદારે બે વખત તાળી પાડી. બે નોકરો દોડી આવ્યાં. એક-ના હાથમાં શરાબથી ભરેલું બીલોરી કાચનું પ્યાલું હતું. બીજો હુક્કો લઇ રવાના થયો.



"આજ તારી સર્વ કળાની કસોટી છે શીરાઝમાં વાત ફેલાઈ છે કે સરદાર અલરશીદ હાજર થવાનો છે."

અમીના.

અમાનુલ્લાએ બધાવેલાં થીએટરમાં અમીના નાચ કરતી. દીલરૂબા તાઉસ અને બીનની મીઠા-વટ સાથે નૂપુરથી ત્રિભુવીન નાજુક પગથી નૃત્ય કરતાં તેને ચારે તરફ સુપરીટી લાગતી. થોડી જ વારે તાળીઓનો ગડગડાટ એ સાંભળતી. એમ ન ધારશો કે તે હિંમતદ આરબ યુવાનોનું ઓડી-યન્સ નીહાળતી. હમેશ માત્ર છેકનાં અંતરી-ક્ષમાંથી ધીમો—નીણો સ્વર તેના કાને અથડાયા કરતો-

અમીનાનું સારું જીવન એ સૂરથી ભરેલું હતું. એજ સૂરે તેને વેર વાળવાનો સંદેશ પહોંચાડ્યો હતો. તેના ખ્વાબમાં વારંવાર એક ઓરત આવતી. પોતાને થએલા અન્યા-યની—સીતમની વાત કહેતાં એનું મ્હોટું વધુ સોત થતું. નાચ કરતાં કોઇ કોઇ વખત લોહીથી ખરડાયલું શબ તેને દેખાતું..

નાચ પુરો થતાં તાળીઓના પ્રચંડ ગડગડાટમાં આરબો ઉભા-થઇ જતા. કેટલાક ફૂલોનો વરસાદ સ્ટેજપર વરસાવતા, કોઇ કોઈ અમીરો વિંટીઓ, હારો, પ્હોંચીઓ, બક્ષેસ આપતા, અને શોકીન નોજુવાનો અમીનાના પગ ચુમવા ગાંડાતુર થઇ વીંગમાંથી દોડી આવતા.

અમાનુલ્લા લોકોને આટલી હદ સુધી ખુશ થતા જોઇ મગરૂરી લેતો. દૂર અરેબીઆના હિજાઝ પ્રદેશની મુસાફરીને અંગે મળી આવેલી તવાયફ તેની વાહવાહ કહેવરાવી હતી.

## સર્પ નાચ.

અમાનુલ્લાએ અમીનાને ખબર આપી "આજ તારી સર્વ કળાની કસોટી છે. શીરાઝમાં વાત ફેલાઈ છે કે સરદાર અક્ષરસીંહ હાજર થવાનો છે."

તરત જ આંખના પલકારામાં અમીના ખાસ પહેરવેશ સજવા પોતાના ઓરડામાં ગઇ. તમાશબીનોને જાહેર કરવામાં આવ્યું કે અગાઉ કહીં ન જોવામાં આવેલ સર્પ નાચ થનાર હતો. અરેબીઆ, અફઘાનીસ્તાન, ઇરાન, તુર્કસ્તાન બલુચીસ્તાન વિગેરે ઇસલામી દેશો અમીનાના એ નાચ માટે તેની પર મરી ફીટતા. સેંકડો નવ્વાબો અને અમીરોએ રાજવંશી પગારો આપી પોતાની સાથેજ અમીનાને રાખવાની કોશેશ કરી હતી. પણ નહીં એ તવાયફનું ગુમાનજ ફક્ત એ કોશેશો ફલીભૂત કરવા દે તેમ ન હોતું.

વખ્ત થતાં પડદો ઉપડ્યો. અમીના સ્ટેજપર આવી. ઝીણાં રેશમી ચારપાંચ વસ્રો શરીર પર બહુ ખુબીથી આંટા લઇ વિંટાળી દેવામાં આવ્યાં હતાં. નિર્જીવ વાજીંત્રોમાંથી સૂર નીકળતાં સર્પ નાચ શરૂ થયો.

"આવો નાચએ કદી નથી જોયો—ફક્ત એક વખત," ધીમેથી તમાશબીનોમાંના એક ઘૈડ આરબે કહ્યું, "ઘણા વખત પર લગભગ વીસ વર્ષ પહેલાં અહીં એક તવાયફ આવી હતી જે નાચ કરતાં લોકોને બેફામ બનાવી દેતી. તેનું નામ યાદ નથી આવતું પણ બીજાઓની માફક હું પણ તેને ચાહતો હતો. તેના જાદુગર ખાવીંદને કોઈ ઇર્ષ્યાખોર આદમીએ ખંજર ભોંકી મારી નાંખ્યો હતો. છેવટ એ આપણા સરદારના કીલ્લાની નજીકના પત્થરો પર પડી મરી ગઇ હતી. એ બરોબર આની માફક નાચ કરી શક્તિ—પણ સબૂર આ કોણ ?"

તેણે પોતાની આંખો ઓડીયન્સમાં દાખલ થયેલી એક નવીન વ્યક્તિ તરફ ફેરવી. તેણે લાંબો કાળો ઝબ્બો પહેર્યો હતો. ઉંચી આસ્ટ્રાકાન ટોપી એવી રીતે પહેરી હતી કે તેનું મહોડું બરોબર ના દેખી શકાય. "એ જ સરદાર જેની હું વાત કરી ગયો તે. તવાયફને જોવા ઘણી વખત ટેકરી પરથી ઉતરી શીરાઝ આવતો."

"તેની મરજી જાહેર થવાની નથી, તો શા માટે આ દીલખૂશ પરી તરફ થી નજર ખેંચી લ્યો છો ?"

સરદાર આવ્યો કે તરત પડદો પડ્યો અને થોડીવારે ઉંચકાયો. અમીનાએ પોતાના પેહરવેશમાં અજાયબ ફેરફાર કરી લીધો હતો. લાંબા કાળા, ચળકતા કેશકલાપની છુટી છુટી લટો હીરાની પીનોથી સંકેરી લેવામાં આવી હતી. નાકની ચુંકનું નિલમ હાથની વિંટીઓનાં માણેક વિગેરે પર વિજળીક બતીની રોશની પડતાં અમીનાને અલકાપુરીની એક પરી સમજી તારાઓ પોતાનું સ્થાન તજી તેને કેમ જાણે વધાવવા આવ્યા ના હોય તેમ લાગતું હતું. તેના હાથ અને ગળાં પર સર્પો હતા. કેડની આસપાસ એક મોટો સરપ વિંટાળાયો હતો, જેનું મહોડું હોઠ નજીક પહોંચતું હતું. ઓડીયન્સમાં અંધાર રાખી સ્ટેજ પર પુષ્કળ રોશની ફેંકવામાં આવી.

"જાણે એજ. ખૂબખૂબ." અસ્વસ્થતાથી ગોખપર હસતાં સરદારે કહયું "અબદુલ વર્ષો પાછળ તો નહીં હસતાં હોય !!"

"નામવર મેં પહેલાંજ ના કહયું કે તે ખૂબ સુરત છે ?"

"એકલી ખૂબ સુરતજ નહીં પણ એ આસ માનના ચાંદ કરતાં પણ વધુ આકર્ષક છે. પણ જો"

તરતજ નવીન ઉત્સાહથી અમીનાએ પોતાનો મશહુર નાચ શરૂ કર્યો વાજીંત્રોએ સર્પડંસથી થતી વેદનાનો ખ્યાલ આપ્યો. વંટોળીઆની માફક આમ તેમ ફેંકાઈ એકેલાતાં—તમાશગીનોના જીગરો પકડી લેતાં વસ્ત્રો નીચે નાજુક પગ નુપૂરના ઝમકાર સાથે ચોકકસ ઢબે પડવા લાગ્યા. નગારાંએ તાલ આપવા માંડ્યો.

ધીમે ધીમે વાજીંત્રોએ ઝડપ કરવા માંડી. અમીનાની હીલચાલોની ગતી પણ વધવા માંડી. એટલે સુધીકે તમાશગીનોને અનગની જ્વાલા ફરની દેખાઇ. કેક પરનો સર્પ વારંવાર તેને ડંસવાની કોશિશ કરવા લાગ્યો અને તેની નેમ ચુકાવી અમીના વચ્ચે વચ્ચે મીઠું સમગ્રમાણે હસવા લાગી. હાથ પરના અગ પરના અગોને રમાડતા, લાગી–તેને ફેંકી દેવા લાગી.

એકદમ વાજીંત્રો બંધ થયાં. તે ચતીપાટ થઇ રહેજ પર પડી. એક પળ ગંભીર ચુપકીદી અને પછી શ્રોઓતર ધમધમાતી નાંખનાર તાળીઓનો ગડગડાટ થયો.

"અાણે એજ અજાયબ પયદા કર્યું છે. આબેહુબ એજ. અબદુલ હું હવે જોઈ નથી. આ છે કોણ ?"

"નામવર હું એ જાણતો નથી, તે અહીં આવી છે અને અજાયબ રીતે દીલ બહેલાવનાર છે. વધુ હું કહી શકતો નથી."

"તેણે ફરી વાર એ નાચ કરવો જોઇએ. મારા કીલ્લામાં તેની ગોઠવણ કરજે." અબદુલ અદ્રશ્ય થયો.

પોતાના ઓરડામાં યાકીને અમીના જમીન પરના ગાલીચાપર પડી અને પોતાનાં અંગપરથી સરપોને લઇ તેઓની મુકરર કરેલી ટોપલીઓમાં મુકવા માંડયા અને તેમ કરતાં એક બાલકનાં વ્હાલથી તેની સાથે વાતો કરવા માંડી. તે થયા બાદ એક બહુજ નાની ટોપલી અમીનાએ સંભાળથી ઉઘાડી તરત પીળા રંગનું નાનકડું મસ્તક એક સર્પે બહાર કહાડ્યું. અને પોતાની જેરીફેણ તેના તરફ ફેંકી.

હસતાં હસતાં રહેજ પાછળ હઠી અમીનાએ તેનું મ્હોડું પાછળથી પકડી લીધું.

"કીરાત—" તેણે કહ્યું " તું ઉતાવળો ના થા, થોડો વખત ધીરજ રાખ."

બારણાની સાંકળ ખખડી અને તેણે ઝડપથી ટોપલી બંધ કરી. બારણું ઉઘડતાં અમાનુલ્લા અંદર આવ્યો. તે બહુ ખુશમીજાજમાં હતો.

"અલ્લાહ અને તેના પયગમ્બરનો શુક્ર ગુજાર. સરદારે એ નાચની ખાસ તારીફ કરી છે."

અમીનાની આંખમાં નવો ચમકારો થયો અને તેણે પોતાની નજર બારીમાંથી દૂર દેખાતા શાંત કીલ્લાપર ફેરવી.

"અને," અમાનુલ્લાએ કહ્યું "એમ કહેવરાવ્યું છે કે હવેથી તેના કીલ્લામાં જ તારે નાચ કરવો. તે માટે તે બહુ સારો બદલો આપશે."

આ હુકમ તદન શાંતપણે અમીનાએ સાંભળ્યો. બદલો.

"મને કહેવામાં આવ્યું કે આપ નામદારને મારો નાચ ગમ્યો છે."

"એ ખોટું નથી. મારી ખ્વાએશ છે કે તારે મારે માટેજ નાચ કરવો. આ પડદા પાછળ વાજીંત્રો વગાડનારા છે. ત્યાં ચેયો ઓરડો તું ફાવે તે રીતે વાપરી શકશે."

સરદારે અમીનાની ખુબસુરતી પર નજર નાખી. અને ખૂબના એક પછી એક ગુંચળાં ઉપર ફેંકવાં માંડવાં. ફરી એક વાર જુવાનીનું તેજ તેની રગોમાં

આવ્યું. દહાડી પર હાથ પસવારતાં જ પ્ય-મપર તેની આંગળી અડી. તેને વહેમ પડ્યો અને પહાડી મુલકનો ઠંડો પવન ગોચીતો વાયો હોય તેમ એ ધ્રુજી ઉઠયો.

“એક નાની બાબતનો પહેલાં જ ખુલાસો કરવો જોઇએ. દાસ્ક્સ (૧૬ ..ક્ષ

ત્રણ વખત તાળી પાડી તરત જ ચાર પાંચ બાંદીઓ આવી ઉભી, તેણે એ બાંદીઓને અમીનાનાં કપડાં તપાસવાનો હુકમ આપ્યો. (“ફીતાન”-તેણે કહ્યું, “હું ઉતાવળો નથા થાતો વખત પીરજ રાખ”) ચમકવા લાગી

ફરના ઓરડામાં જઇ સૌ પાછાં આવ્યાં. અને બાંદીઓએ કહ્યું કે કોઇ પણ જાતનું હથીઆર છુપાવવામાં આવ્યું નથી.

અમીના પોતાના ઓરડામાં ગઈ. આ એક કલાક પછી બારણું ખુલું મૂકી હોલમાં આવી. ના-પાણીના વહેણની માફક સરી આવી. આ વખતે તેના પોશાકમાં અગત્યનો ફેરફાર થયો હતો. નવા જ રંગો પસંદ કરવામાં આવ્યા હતા. જવાહીરોમાં પણ વધારો થયો હતો. કેડ આસપાસ રક્ત વર્ણી પટો વિંટી લીધો હતો. તે આવી કે તરત હૉલમાં જાણે કે અનુપમ શ્રુ છવાઇ ગઇ અને સરદારના નોકરો સ્વપ્ન જોતા હોય-કોઇ દીલખુશ ખ્વાબ જોતા હોય તેમ દિગ મૂઢ થયા. વાજીં-ત્રોના દીલ બહેલાવનાર સૂર સાથેજ નાચ શરૂ થયો. નુપૂરના ઝીણા ઝમકાર સાથે મેંદીથી રંગાયેલ નાજુક પગ પદ્ધતીસર પડવા લાગ્યા.

સરદાર આતુર નયનોએ જોઇ રહ્યો. મ્હોતમગણ થએલી તવાય,

કરતા પણ આ વધુ ખૂબસુરત લાગવા માંડી. શોહીજ્વારમાં નાચ પુરો થયો. અમીના આગળ આવી નમી. છુટા થએલા કેશકલાપ માંથી મુગ્ધ બનાવી દેનાર ખુશબો સરદારની નાસિકાને અથડાઇ. તેની આંખો વધુ અને વધુ

એક પળ અમીનાને બાથમાં ચાંપી નાખવાનો ખ્વાએશ થઇ આવી પણ દૃઢ ચિત્તે તેણે એ રોકી.

" અમીના હવે સર્પ નાચ થવા દે. પણ સબુર પહેલાં થોડો શરાબ " સરદાર બોલી ઉઠ્યો.

" નહીં નહીં નામવર સરદાર, મને તેની જરૂર નથી. આપ મને જે માન આપો છો તેથી જ બસ મારૂં મન ઉલ્લાસમાં છે." કહી નમન કરી અમીના પોતાના ઓરડામાં ગઇ. સરદારે અબ્દુલને પાસે બોલાવ્યો.

" હાજી આવ્યા કે ? આજ હું નીકાહ કરનાર છું. માણસો દોડાવી શીરાઝને એ ખુશ ખબર કહાવો. ચાંદ ફીરોજાપર આસમાનમાં આવે તે પહેલાં ચારે તરફ રોશની થવી જોઇએ—મીજબાની થવી જોઇએ અને ગરીબગુરબાંને ભીક્ષા મળવી જોઇએ."

અબ્દુલ ગયો અમીના આવી. આ વખતે તેના અંગપર બન્નુ સર્પો ન હોતા. માત્ર તેનો માનીતો ફીરોઝ સર્પ તેણે કેડ આસપાસ વિંટાળ્યો હતો અને તેનું મહોડું પોતાના નાજુક હાથમાં પકડી રાખ્યું હતું.

"નામવર સરદાર આજ હું મારી કળાનો એવો નમુનો રજુ કરૂં છું જે કોઇ પણ ઇન્સાન જોવા પામ્યો નથી. અને—"એટલીંતાની અર્ધ પરી અમીનાએ નુપુરનો ઝંકાર કર્યો તરત તબલ ઢીમરૂબા, તાઉસ બીન પોકારી ઉઠયાં. ગોળ અને ગોળ ગુમબજ ફરવા લાગ્યું. વચ્ચે, કેશ સર્પ આમતેમ ઉછળવા લાગ્યા. ધીમે ધીમે ગતી વધવા માંડી. જોનારાઓનાં ચક્ષુઓ ઘેનથી ઘેરાવા લાગ્યાં. સરદારને પ્રેમજ્વર ચડ્યો. આખરે કદમે અમીના હસતી, નાચતી; દૂર અને દૂર પોતાના ઓરડા તરફ ખસવા લાગી. ને રોમે રોમ વ્યાપે તેવાં અંદરથી એમ લુપ જાગે ખેંચાઇ સરદાર ઉભો થયો. તવા-ઇફની પાછળ જવા લાગ્યો. અમીના દોસ્તની આસપાસ ચકરાવો લેવા લાગી. સૌ સાગરીઓનાં જીગર આંધાતુર થવા લાગ્યાં. એક તીણું હાસ્ય કરી અમીના ઓરડામાં પવનવેગે દોડી પણ તે પહેલાં તેણે બારણાં બહાર દોડમાં અચાનક ફેરી ફીરત દેખ્યો. "આજ મારા દીલની મુરાદ—આટલાં વર્ષો પછી બર આવી" કહી સરદાર પાછળ દોડ્યો. એક ધડાકો—અમીનાએ બારણાં બંધ કરી દીધાં. સરદાર નિષ્ઠુર બારણાં પર હાથ પછાડવા લાગ્યો. ઓરડામાંથી તીણો અવાજ આવ્યો.

" યાદ કર મારી અમ્મા. "

ચારે તરફ એ શબ્દોનો ગભાર પડઘો થયો. સાજીંત્રોનો સૂર ચાલુજ રહ્યો. નોકરો પોતપોતાને સ્થાને ચોંટી ગયા. સરદારે સુસવાટ સાંભળ્યો. તેના જમણા હાથપર ડંખ કરડ્યું. નીચે જોતાં તેને ફીરોઝ દેખાયો. " નવાબનું રમકું ?" બોલી એ ખડખડાટ હસ્યો.

પણ તેના હાથ પર અચાનક ચળ આવી, ભમ્મર ફરવા લાગ્યું......શ્વાસ મુંઝાવા લાગ્યો. ફરી હાથ પકડી બેસવા તે ખુરશી બાજુ તરફ લથડ્યો.

" યાદ કર મારી અમ્મા—સાબાશ...વ્હાલનો બદલો...ત્રીસ વર્ષે પછી " બરાડી સરદાર ખડખડાટ હસ્યો. પણ એ અવાજ બોખરો હતો. એક પળ પછી ભારી ખાઇ મળ દઇ એ ભોંય પર પડ્યો. બહાર જોરથી ફુંકાતા પવને-વાજીંત્રોએ એક સામટી ગર્જના કરી "યાદ કર મારી અમ્મા."

# એવકાને.

રચનાર—શા. શયદા.

કરી છે દોસ્તી પણ ક્યાં તમે દરકાર રાખો છો
અમે મસ્તક નમાવ્યું તો તમે તલવાર રાખો છો.
અમારૂં બંધ મોઢું હાથમાં બેડી ગળે ફાંસો
તમે એવો અમારાપર સદા ઉપકાર રાખો છો.
તમારા શબ્દ જુદા અર્થ જુદો ભાવના જુદી,
છતાં એ ન્યાયનો દંભી ભરી દરબાર રાખો છો.
કહો છો કાંઇ ને કાંઇ કરો છો આપ હિકમતથી
છુપાવ્યો ના છુપે તેનો છુપાવી સાર રાખો છો.
તમારો સ્વાર્થ હોય તો કહો છો શબ્દ સોનાના
અને સ્વારથ સર્યે કે શર્મ ક્યાં પળવાર રાખો છો.
હૃદયમાંનિ તમારા દેહમાં કેવો તફાવત છે
વદન ગોરૂં હૃદય કાળું તમે હૃદયહાર રાખો છો.
મુબારક આપના પગલે ગયું ઉદ્યાન ઉજડી આ
હવે શું બાકી છે કે તે મહીં અંગાર રાખો છો.
અમે ભોળા નહિ સમજ્યા તમારી એ અપ્રાક કે
બતાવો પુષ્પ ને દેવા છુપાવી ખાર રાખો છો.
ભડકશે આંખના આંસુ થશે જ્વાળા બળી જાશો
અમારી આહ જેવા ક્યાં તમે હથીઆર રાખો છો?
અમારા શબ્દપર શયદા જગત આખું થઇ જાશે
નકામી આ ગરીબી શું સનમ સરકાર રાખો છો.

# તાજ અને યમૂના.

લેખકઃ—રા. નરેન્દ્ર.
ચિત્રકારઃ રા. એન. જોશી.



હૃદયમાં પૂર આવે છે ને જાય છે. ટેશા માટે એ રજની નિસ નિત્ય આવતી હશે ભલા ! એ આવે તો ભલે આવે પણ સંગે ચંદ્રને લાવી કેવા અવનવાં તોફાનો મચાવે છે. યમુનાનાં કાળાં પાણી આજ સમયની રાહ જોતાં હશે શું ! એ પૂરના નીરનો કિલકિલાટ કોઇ એક દૂર દૂર નવપરણીત કુમારિકાના હૃદય ગર્ભમાં, પ્રથમ રાત્રિએ પતિના પ્રથમ મિલનના ઝણુકારો અને ઉલ્કાપાત સમ થનમનાટનું સ્મૃતિચિત્ર પુનઃ પુનઃ અજાવવા પથિકના હૃદય સમક્ષ ઉભું કરે છે. ઉન્મત્ત સરિતાના ઉછળતાં પાણીમાં ભૂસ કરતો હિમશૃંગી શ્વેતાંગ મુમતાજના હૃદય સરોવરમાં ક્રિડિત થયેલાં શાહજહાનની પ્રેમપ્રતિમાનાં પ્રતિ બિમ્બરૂપ સાક્ષી ભૂત છે. ધીમે ધીમે કૌમુદિ સંકોચાશે અને નિરવ રજનીનાં પેરાં પડલ ઉપડી જશે. કલકલનાદિની એ યમુનાના ઘેરાં તરંગો સમાઇ જશે, પ્રભાત થશે અને કૈંક મૃદુ જીવન પુષ્પ કલિકાઓ કરમાઇ જશે, અનેક નાજનીઓના પ્રભાત ઝળકાનાં નૂર લૂટી જશે. પુનઃ એની એ રજની !—હૃદયમાં પૂર આવશે અને જશે. મુમતાજનાં પ્રતિબિમ્બરૂપ શશાંક ગગનઘુમ્મટમાં રૂપેરી કિરણો સર્વત્ર સુધા રેલાવતાં, કાલિન્દીના રેતાળ તટપર શાન્ત ચન્દ્રિકા છાઇ દેશે. શાહજહાનની આખી દેહલના તાજને આલિંગશે. ધીરે ધીરે રૂપાની ઘટડીના નાદ જેવી રજનીના પાદે નુપુરની રણકાર અનેક પ્રેમીયુગલોના હૃદય ઝંઝેરી જગાડશે. એ યમૂનાના તટે–એ કાલિન્દીના પારે–દૂર–ઘણે દૂર–કૃષ્ણની બંસરીના સૂરે અને મુમતાજમહાલની કબર ઉપરની લાલ માણિક્ય જેવી દિપિકાવડે રંગ પૂરતા પૂરતાં પ્રણયી હૃદયો રૂપેરી ચાંદનીમાં નૂતન રાસ ગૂંથશે. લયલા અને મજનું ફરહાદ અને શીરીં જેવાં અનેક પ્રણયી આત્માઓની પુણ્યતિથિ ઉજવવા કૈં દમ્પતિઓ ભેગાં મળશે. દુષ્ટ જગતમાં કલુષિત જીવન ગાળતાં પાપ ને સ્વાર્થવૃત્તિથી લોભી મનુષ્યો પ્રેમને હૃદયમાં સ્થાન આપી પ્રભુનું હૃદય દુભાવે છે. એ પ્રેમાત્માઓનો પન્થ નિરાળો છે. પવિત્રતાનો વાસ અને પ્રભુનો અંશ હૃદયની અદલાબદલી થયેલી જીવન સૃષ્ટિમાં જ હોઇ શકે. હૃદ્યપાપીઓની વાતોથી વેગળે પણે દૂર જાઓ અને તમે પણ તેઓની પેઠે યન્દમાંથી નીતરતું

# ઉસ્તાદ જૌક.

લખનારઃ રા. રતનસિંહ તુલસીદાસ ઠક્કુર.
ચિત્રકાર મી. સુંદરરાવ ગોરક્ષકર.

નૈસર્ગિક કવિ વિશ્વની એક મહાન્ વિભૂતિ અને જ્ઞાનની અદ્ભુત શક્તિ છે. જંગલીમાં જંગલીથી તે સુધારાની ટોચે પહોંચેલા સમાજ સુધી દરેક સમાજમાં કવિનું સ્થાન અમર છે. કવિ પોતાની શબ્દ સૃષ્ટિદ્વારા અદ્રશ્યને દ્રશ્ય કરે છે, સંગીત ગાઇ દુઃખી જનને સુખી કરે છે અને સંસારને સૌંદર્ય સમર્પે છે. તે જો ચાહે તો નિદ્રિત સમાજને જાગૃત કરી શકે છે, ભૂલાઇ ગયેલા ધર્મને સજીવન કરી શકે છે. દેશના ભાવિનું ચિત્ર ખડું કરી પ્રજાને કર્યદક્ષ કરી શકે છે.

હિંદુસ્તાનમાં હિંદુ અને મુસલમાન ઉભય રાજ્યકાળમાં જ્યાં સુધી રાજા અને પ્રજાનો સંબંધ મીઠો અને પણ સામાજિક હતો ત્યાં સુધી કવિઓનો સત્કાર થયો છે. અકબરે હિંદુ કવિ બીરબલને પોતાની સભામાં ઉચ્ચ સ્થાન આપ્યું, અને કબીરને હિંદુઓએ એક મહાન્ આચાર્ય તરીકે પૂજ્યો, એ ઉપરોક્ત કથનની સાબીતી છે. અનેક મુસલમાન બાદશાહો કાવ્યમાં રસ લેતા અને કવિઓને એક શેરને બદલે મોટી જાગીરો અજર સરખો અસરકી આપી દેતા. એવા અનેક દાખલા મોજુદ છે. ઉસ્તાદ જૌકના શિષ્ય મહા-કવિ દાગને દાસના નામદાર નિઝામના પિતા-મહે એક શેરના બદલે એક ગામ આપ્યું હતું. નિઝામના ઘરમાં લગ્ન પ્રસંગ હતો. વર વધુને સગાઇની પ્રથમ રાત્રી હતી. ખુશાલીમાં ઝગમ-ગાટ કરતાં દીપકો જોઈ કવિને ઉક્તિ સુઝી.

हाथे चिराग हय बुझादो शब बरातोंको
दुलीकी बज़मसें क्या काम जलनेवालोंका.

પ્રથમ મિલનની રાત્રી છે બધા દિપકોને બુઝાવી દો. ખુશીની મહેફીલમાં બળી જનારાનું શું કામ છે?

ઉર્દુ શાયરોમાં જૌકને નામે પ્રસિદ્ધિ પામેલા મોગલ તાજો તખ્તના છેલ્લા વારસ અન્ધ બાદશાહ અબુ જફર બહાદુરશાહ અને એમના પિતા અકબરશાહના વખતમાં દિલ્હીના મોગલ દરબારમાં કવિઓની ઘણી ઇજ્જત થતી. દરબારમાં તેમજ બહાર અમીરોને ઘેર કવિઓની મહેફીલો—મુશાયરા થતા. દરેક ન્હાના મ્હોટા કવિઓ અને અનેક કાવ્યરસિકો ત્યાં એકત્ર થતા. ગઝલો ગવાતી, ભીંસરા છેડાતા, સવાલ અને જવાબ થતા, કવિઓની કસોટી થતી. બીજે દિવસે સવારમાં પાનવાળાની દુકાનોપર અને દિવસે તથા રાતે ગાનારીઓના ઘરોમાં મહેફીલમાં રસિકોએ માન્ય કરેલી ગઝલો ગવાતી અને આ રીતે કવિઓની પ્રજામાં કદર થતી હતી. સારી વસ્તુઓ પ્રજા એકદમ ઓળખી જતી. રાજા અને પ્રજા ઉભય કવિને પોતાના એટલા કીંમતવાન લેખતા એ જમાને દિલ્હીમાં અનેક સારા કવિઓ એવા થયા હતા. ઉસ્તાદ જૌક એ કવિઓમાંના એક ઉત્તમ પંક્તિના



દાંત મું ચમકે હસીમેં રાત ઉસ મહપારા કે
મેને અના માહતાબ પારા પારા હો ગયા

શાહને ખુશ કરતા. પોતે ધર્મના આશીમ હતા અને પાસે બેસનારાઓને એક રંગી કવિ કરતાં–મસ્ત કવિ કરતાં એક સાધુ પુરૂષ તરીકે વધારે ભાસતા. તેમની ગરિમાઈ હરી નહોતી. બાદશાહે થોડા વખતમાંજ એમને ખાન બહાદુરનો ખેતાબ આપ્યો અને તનખા સો રૂપીઆ કરી આપી. તેમજ પાછળથી બાદશાહ બીમારીમાંથી ઉઠતાં મીજલસ થઈ તેમાં ઉસ્તાદે ગાયેલી ગઝલોથી ખુશી થઈ બાદશાહે એમને એક ગામ પણ આપી દીધું.

પરંતુ ઉસ્તાદનું ધ્યેય જરા પણ વધ્યું નહિ, તે જે ઘરમાં રહેતા તેમાં માત્ર એક ખાટલો રહી શકતો. એમનાં હાર્ગો સાચવવાનું સ્થાન તકીયા અને ગાદલાં બનાં. ધર્મના અભ્યાસની એમનાપર એટલી અસર થઇ હતી કે એમણે માંસાહાર મુકી દીધો હતો.

ઉસ્તાદ જૌકની ઘણી ગઝલો ઇ. સ. ૧૮૫૭ ના બળવામાં નાશ પામી ગઇ છે.

બાદશાહ જફરને નામે ઉરદુમાં જે ગઝલો પ્રસિદ્ધ છે તે બધી અથવા ઘણી જૌકની સુધારેલી છે. ઉસ્તાદનું સારૂં શિષ્યમંડળ હતું–તેમાં સુપ્રસિદ્ધ મહાકવિ દાગ, પ્રોફેસર આઝાદ એ મુખ્ય છે. ઉસ્તાદની કવિતામાં પ્રેમ, તત્વજ્ઞાન અને નીતિનાં કાવ્યો છે. એમની ભાષા સરળ, સ્પષ્ટ અને યોજના ઉપયોગી છે.

પોતાના અવસાનથી ત્રણ કલાક પહેલાં ઉસ્તાદ જૌકે એક શેર બનાવી છે,

कहते है हंय आज जौक जहांसे गुजर गया,
क्या खूब आदमी था खुदा मगफरत करे

સ્થૂલ શરીર નાશ પામ્યા છતાં એમનો આત્મા અમર કાવ્ય રૂપે આજે પણ પ્રકાશે છે. અત્રે એમનાં કાવ્યોના માત્ર થોડા નમુના આપીશું.

કાવ્ય.

दांत मुं चमके हंसीमें रात उस महपाराके •]
मैने आरा माहताबा पारा पारा हो गया !

અર્થઃ—રાતના જ્યારે તે ચંદ્રમુખી હસી પડી ત્યારે મને તેના દંતપંક્તિની ચમકથી એમ જણાયું કે ચંદ્રમા ટુકડા ટુકડા થઇ ગયો.

पंजे महरको भने साकीमें हर रोज
गोशे क्या क्या है तेरा दस्ते हिनाई देना.

અર્થ —તારા મેંદીએ રંગેલા લાલ હાથ માત્ર આમારાજ ખુન કરે છે, એ વાત નથી. તેમની લાલીને જોઇ સૂર્ય પણ સવાર સાંજ લાલ સમુદ્રમાં ડુબકી મારી નિકળે છે. પણ તેમાં તે મનોહર લાલી ક્યાં છે !

देखना अब जोश होंगे आज फिर लाखोंके खून
फिर जमाया उसने लाले लबपे लाखा पानका.

અર્થ:—આજે એમણે પોતાના લાલની માફક લાલ હોઠપર પાનનો રંગ જમાવ્યો છે. આજે આ રંગથી લાખોના ખૂન થઇ જશે.

किसी बेदस्तको अे बेदाद गर मारा तो क्या मारा !
जो आपही मर रहा हो उसको गर मारा तो क्या मारा !

અર્થઃ—રે અત્યાચારી નર કોઇ બળહીન પુરૂષને મારવામાં તું તારૂં શું ગૌરવ સમજે છે જે પોતેજ મરી રહ્યો હોય તેને મારવામાં તારી શું બડાઇ છે !

नशा दौलतका बद अतवारको जिस आन चढ़ा.
सरपे शैतानके अेक औरभी शयतान चढ़ा.

અર્થઃ—અનુભવ વગરના અને હલકા મનુષ્ય ! જ્યારે દોલતનો નશો ચડે છે ત્યારે જાણે શેતાનના માથા પર એક બીજો શેતાન ચડે છે.

अगर लिया बख्त ही होना था नतीजे मेरे
कुफ्र होता मेरे हमसाइये था जिक्र होता.


અર્થ—મારા ભાગ્યમાં જ્યારે બુરાઈ લખેલી [ત]ી અને તેથી મારૂં ભાગ્ય ફાટું પડી ગયું [ત્યા]રે મને તેના કેશ દાન અથવા તેના મુખ પર [ત]લ કેમ ન બનાવી દીધો ? એ બે પણ ખૂબ [કાળ]ા છે.

आंखमें आन हय सकती मुझे डर हय दिलका.
कहीं वह जाय न हम अंगे जुल्फमें मरा.

અર્થ:—તેની આંખથી જ્યારે મારી આંખ [લ]ડે છે ત્યારે મને દિલ માટે ડર લાગે છે કે [ર]ખે આ ગરીબ આ પ્રેમી આંખોની લડાઇમાં [મ]ર મેરો ન માર્યું જાય !

आखिर शराब पीनेमें काफिर बनायें क्यों
क्यों शेख जुल्फ पानीमें इमान बह गया ?

અર્થ:—કેમ કોઇ એ તો બતાવ કે તું શરાબ [પ]ીવાથી કાફર કેમ બની ગયો—શું શેખ બોબા [પ]ાણીમાંજ ઇમાન વહી ગયો ?



શકલ તો દેખો મુસવ્વીર ખીંચેગા તસ્વીરે યાર
આપહી તસ્વીર ઉસકો દેખકર હો જાયગા.

आंखे मेरी तसुरोंसे बह मत जाय तो अच्छा
वह हसरते पाबोस निकल जाय तो अच्छा.

અર્થ—મારી આંખોને જો તે (ઇશ્વર) પોતાના તળીયાથી ચગદી જાય તો બહુ જ ઠીક થાય કારણ કે તેના ચરણ ચુંબવાની બહુ દિવસથી મારી ઇચ્છા છે પુરી થઇ જાય

शकल तो देखो मुसव्वीर खींचेगा तस्वीरे यार
आपही तस्वीर उसको देखकर हो जायगा.

અર્થ:—ચિત્રકારની જરા સુરત તો જુઓ કે એ મારા મિત્રની તસ્વીર ઉતારવા તૈયાર થયો છે પણ તેને જોતાંજ આશ્ચર્યમાં ડુબી પોતે તસ્વીર બની જશે.

रेहे सपेद शैखने हय जुल्फमें फरेब
रंग मत बालमीने न करना मुस्न है उधर.

दाना खिरमन हैं हमें कतरा है दरिया हमको
आये हैं जुजमें नजर कुलका तमाशा हमको–१
आन पहुंची सरे गर्दाबे फना किश्तिये उम्र
हर नफस यादे मुखालिफका है झोका हमको–२

અર્થઃ—અનાજના કણુમાં ઢગલા અને બૂંદમાં અમે સમુદ્ર જોઇએ છિયે. અમે વ્યષ્ટિમાં સમષ્ટિનો તમાશો જોનાર છિયે અર્થાત ટુંકી નજરના નથી.

અમારી ઉમ્રની નૌકા હવે મૃત્યુરૂપ ચક્કરના નિકટમાં પહોંચી ગઇ છે આ સમયે અમારો શ્વાસ જે આવ જાવ કરે છે તે તૂફાનનો ઝોકો છે. ૨

मौत हीसे कुछ इलाजे दर्दे फुर्कत हो तो हो
गुस्ल मैयत ही हमारा गुस्ले सेहत हो तो हो.

અર્થઃ—વિયોગના વ્યાધિની ચિકિત્સા માત્ર મોતથી જ કંઇક થઇ શકે છે. મોતનું સ્નાન જ અમારી આરોગ્યતાનું સ્નાન કદાચ થઇ શકે છે.

बजा कहे जिसे आलम उसे बजा समजो
जुबाने खल्क़को नक्कार खुदा समजो–४

અર્થઃ—જેને દુનિયાં ઠીક કહે તેજ ઠીક છે કારણ કે સંસારનો અવાજ એ ઇશ્વરના ડંકાનો અવાજ છે.

यह चाहता है शौक कि कासिद बजाय मुहर
आंख अपनी हो लिफाफये खतपर लगी हुइ.

અર્થઃ—હે પત્રવાહક ઉત્કંઠા એમજ ઇચ્છે છે કે પત્રપર મહોર લગાડવાના બદલે મારી આંખ લગાડી હોત.

मजे जो मौतके आशिक बयां कभू करते
मसी हो खिज्र भी मरनेकी आरजू करते. १
अगर यह जानते चुन चुनके हमको तोडेंगे
तो गुलकभी न तमन्नाये रंगो बू करते.

અર્થઃ—જો આશક લોકો મોતની મઝાનું વર્ણન કરે તો ક્રાઇસ્ટ અને ખિજ્ર (મુસલમાનોના અમર પેગંબર) પણ મરવાની ઇચ્છા કરે.

ફૂલોને જો એ વાતની પહેલેથી ખબર હોત કે અમને ચુંટી ચુંટી તોડી જશે તો તે કદિ પણ રંગ અને ગંધની ઇચ્છા ન કરત.

तुम भूल करभी याद नहीं करते हो कभी
हम तो तुम्हारी यादमें सब कुछ भूल चूके.

અર્થઃ—તમે મને ભુલે ચુકે પણ યાદ નથી કરતા અને એક હું છું કે તમારા માટે સર્વ કંઇ ભૂલી બેઠો છું.

क्या हुआ औ जौफ है जूं मरदुमक हम रुसियाह
लेकिन आंखोमें समाना कोइ हमसे सीख जाय.

અર્થઃ—હે જૈફ આંખોના તારા જેવો કાળો છે તો તેમાં શું થયું? પણ બીજાની આંખોમાં સમાવવાનું તો ખુબ જાણે છે. અને તે વિશેની તો બીજાઓને શિક્ષા પણ આપી શકે છે.

फूला नाहिं समाता जो गुल पैरहनमें है
आता है किस भरोसे पै हसता चमनमें है.–१
दमको नहीं है सीनेमें आराम अेकदम
यह पर गरीब है कि मुसाफिर वतनमें है–२

અર્થઃ—બાગમાં ફુલ ખુશીનું માર્યું ફુલ્યું નથી સમાતું. એ કયા ભરોંસાપર હસી રહ્યું છે! અર્થાત થોડા સમય પછી કરમાઇ જશે.

શ્વાસને છાતીમાં એક દમ પણ આરામ નથી. એ બિચારો ઘરમાં હોવા છતાંએ વિદેશી બનેલો છે.

जौक जो मदरसे के बिगड हुवे हैं मुल्ला
उनको मय खानेमें ले आओ संवर जायंगे.

અર્થઃ—જૈક મુલ્લાઓ જો પાઠશાળામાં ગુસ્સે થઇ ગયલા હોય તો કંઇ વાંધો નથી. કારણકે નિશાળમાં શીખવતાં શીખવતાં તેમનામાં જે ગુસ્સો આવી ગયો છે તે મદ્યાલયમાં આવતાં ધીરે ધીરે નીકળી જશે.

लाइ हयात आये कजा ले चली चले.
अपनी खुशी न आये न अपनी खुशी चले.

અર્થઃ—જીંદગી લાવી એટલે આવ્યા, મોત લઇ ચાલ્યો એટલે ચાલ્યા. અમે તો આ સંસારમાં ન પોતાની ખુશીથી આવ્યા છિયે કે ન પોતાની ખુશીએ જઇએ છિયે.

मतलब न कुफ्रसे है न इस्लामसे है काम
दिल देके ही सनम तुझे काफ़र बने हुअे.

અર્થ:—અમને હવે ધર્મ અધર્મની સાથે કઇ સંબંધ નથી રહ્યો. તારી સાથે સંબંધ જોડતા હે સનમ અમારા સર્વ સંબંધ તૂટી ગયા.

है आंख आज सामने उस चश्मे मस्त के
बातिल सब अपने दाद ये दावि थवरी हुये.

અર્થ:—હે જોક તેની મદોન્મત્ત મનોહર આંખની સામે આજે મારી યોગ્યતા અને બુદ્ધિમત્તાનો અંત આવી ગયો.

गर उसका बोसा देवे नहीं लबका दीजीये
है मसल यह कि फूल नहीं पंखडी सही.

અર્થ:—કોમળ કપોલનું ચુંબન ન આપો તો રહેવા દો આ પાંખડીને શરમાવનારા હોઠોનુંજ આપો, જુવો અમે સમજશું કે ફૂલ નહીંને ફૂલની પાંખડી.

---

## સ્વયં પ્રકાશી ભાનુ.

રચનાર. તકિલ.

કોઇ વિરલા ભાનુ–આપ પ્રકાશી રહે પુરા.
આપ પ્રકાશી રહે પુરા જાણોને સાચા શુરા–કોઇ
ઝીણી ઝીણી ઉષા ઝળકે–રવિની પ્રભાતે વ્હાલા!
ભેદને ભેદે છે ચતુરા.—કોઇ
અન્ધકાર ભેદી જ્યોતિ પ્રસારે રૂડેરી વ્હાલા!
તિમિરના થાય ચુરેચુરા.—કોઇ
હૃદય કમળ જ્યારે ઉઘડી ખીલે છે વ્હાલા!
અભેદમાં શું રહે અધૂરા.—કોઇ
ચંદ્ર બને છે જ્યારે પાંડુર વર્ણો વ્હાલા!
ન્હાસે છે તારલાના ટુરા.—કોઇ
અલખ ગવાયે મેઓ લખ છુટી જાયે વ્હાલા!
અભેદના તાનમાં તંબૂરા.—કોઇ
અંજાઇ મૂર્છા પામે અજાણ્યા બિચારા વ્હાલા!
સોમવલ્લીની પીવા સુરા.—કોઇ
કૃષ્ણ એ સ્વયંપ્રકાશી ભાનુ પ્રકાશ વ્હાલા.
અજવાળે ઓરડા આધુરા.—કોઇ

---





# સનમ દરબાર.

રચનારઃ-રા. ટી. બી. કંથારીયા.

ચિત્રકાર.-રા. એન. જોશી.

સનમ દરબાર પર દિન એક અલૌકિક બહાર આવી' તી
ઝુબાર પર રંગ જામ્યો'તો ઉલટ કંઇ ઔર આવી'તી—
કરી'તી ગોરીએ ખાતર હમારી પુર દમામે હો
મગજ પર મોહ માશાની ભભકતી મ્હેંક આવી'તી—
કરી'તી ગુફતગુ છાની, સીને મીના મીલાવ્યા'તા
અનોખી વસ્લની લહજ્જત સનમ સેજે ઉડાવી'તી—
ઉમંગે માશુકે ભોળી પઢાવ્યા ઇશ્કના કાનુન
દીધી તાલીમ ગઝલ તર્જે, મગજ મસ્તી ચઢાવી'તી—
ઝપાં જે ચશ્મથી આસુ પુસ્યાં તે પાક દામનથી
પુરી'તી સૌ અભિલાષા અમે જે દીલ ધરાવી'તી—
ધરાની ખાસ મદિરાનાં ભરી પ્યાલા પીતા પાતાં
પકડતાં ઝુલ્ફ ગોરીનાં અજબ કંઇ લહેર આવી'તી—
કરૂં યાદી પળેપળની, ઝુરૂં ઝંખી મરૂં મસ્તાન
ગુમાની ઝીન્દગાનીમાં ઘડી જે હાથ આવી'તી—

# નરગીસનું ફુલ.

લખનારઃ રા. અબ્બાસ એ. હજુરી.

પ્રભાતનો રમણીય સમય છે. દુનિયા, પૂર્વ દિશાના પ્રિય પથિકના સ્વાગતની સૌ સામગ્રિ અતિ ઉત્સાહથી તૈયાર કરી રહી છે. વાયુ, એટલો શીતળ તથા મૃદુ છે કે લલિત રહવારની મધુર ઝાકળના આબદાર મોતીઓ, ગુલલાલા તથા સેવતીના પુષ્પોની સૌમ્ય પાંદડીઓ પર હજી જામેલા છે. એના ચળકાટ તથા તેજમાં કાંઈ ફરક પડયો નથી. તથાપિ એનું કાંપવું કોઈ આવવા વાળા સંકટની અગમચેતી આપી રહ્યું છે.

સામે એક સરિતા વહે છે, જેનું નિર્મળ પાણી શાંતિનું ગીત આલાપતું, નજદીકની વનકુંજોમાં, એક પંથ ભુલેલા પ્રવાસીની માફક શીર પટકતું ફરે છે, પરન્તુ આ બેચેનીની હાલતમાં પણ તે પોતાની સ્વાભાવિક ચેષ્ટાઓથી વેગળું નથી. સામે એક નરગીસની ડાળી સાથે તે છેડછાડ કરી રહ્યું છે. તે બીચારી શરમના લીધે કંઇ બોલી શકતી નથી. તેનું મસ્તક નીચું તથા નયનો ઢળેલા છે. તથાપિ તે જાણે એમ કહી રહી છે કે, "દુર રહો, દુર રહો," પરન્તુ અફળ. ક્યો! ઉભયે એકમેકને આલિંગન આપ્યું.

હવે જરા કુદરતની કુરતા જુઓ. કેટલીક મુશ્કેલીઓ તથા પ્રભુ જાણે કેટલાક પ્રયત્નો પછી મિલનની આ શુભ ઘડી પ્રાપ્ત થઇ હતી, પણ તેણે પોતાનો જાસુસ મોકલ્યો. પૂર્વના ખુણામાંથી રવિએ ડોકયું કર્યું. નરગીસ ત્વરિત પોતાનો પલ્લવ છોડાવી અલગ થઈ ગઇ. પાણી વેગ ભરતી ભાગ્યું અને નરગીસને ફંદમાંથી બચાવી લેવાની તીવ્ર ઈચ્છાથી, ભુરા આકાશમાં વાદળાં બની ઉડી ગયું.! સૂર્યે લાખ પ્રયત્નો આદર્યા કે આ ઘટનાપર પ્રકાશ પાડે પણ તે નિષ્કામ રહ્યો. નરગીસે આ તાકનો લાભ લઇ અનિમિષ નેત્રોએ આકાશગમન જોયું. વાદળાંથી સહન ન થઇ શકયું રડી દીધું. તેના અશ્રુબિંદુઓ નરગીસનો પલ્લવ પકડી રહ્યા. નરગીસ પણ મસ્ત થઈ ઝુલવા લાગી. આસપાસના છોડવાઓ શાંત ખડા છે, તેઓ પણ મોટા વૃક્ષોના પાંદડાઓ પોતપોતામાં ગણગણાટ કરે છે.

આ સુખ દુઃખની ઘટના નિરખતાં મને ઝાઝી વાર થઇ ન હોતી કે દુરથી એક વ્યક્તિ આવતી દેખાઈ. હું એક ઝાડીની ઓથમાં સંતાયો. નજદીક આવતા જણાયું કે તે માળી છે. તેના એક હાથમાં કાતર હોવાથી લાગ્યું કે તે કોઇ ખાસ ફુલોની શોધમાં છે. તે નરગીસના છોડની નજદીક જતાં તે થોભી ગયો અને તેજ પુષ્પ જે પોતાની મોજમાં મસ્ત તથા આવનારથી અજ્ઞાન હતું, તોડી લીધું. આ નિરખતા જ વાદળાંઓએ ભીષણ ગર્જના કીધી અને ધોધમાર વર્ષી પડયાં. વાયુ જે અત્યાર સુધી મંદ હતો તે જોસથી ફુંકાવા લાગ્યો. યુદ્ધના સમય જેવો દેખાવ થઇ રહ્યો, પરન્તુ તે માળીને મુદલ એટલો પણ વિચાર ન આવ્યો કે આ સર્વેનું કારણ તે પોતે જ છે.

તેણે ઘર તરફનો રસ્તો લીધો. હું પણ મારી છુપવાની જગ્યામાંથી બહાર નીકળી તેની પછવાડે જવા લાગ્યો. રસ્તામાં પવન તથા વરસાદે તેની ખુબ ખબર લીધી. સાથે સાથે મારી પણ તેવી જ દશા થઇ. થોડે દુર જતાં હમારા રસ્તા જુદા થઈ ગયા. હું ખિન્ન વદને ઘેર આવ્યો. ભિંજેલા વસ્ત્રો કાઢી હું બેઠો હતો કે થોડી વારમાં તે જ માળી એક ફુલનો તોરો, જેમાં તેજ નરગીસનું ફુલ હતું, મારા ફુલદાન માટે લાવ્યો. મેં તેને એમ કહી પાછો આપી દીધો કે, "આ ફુલોમાંથી મ્હને રક્તની વાસ આવે છે."

---




ચિત્રકાર મી. સુંદરરાવ ગોરક્ષકર.

( ગતાંકના પૃષ્ઠ ૨૫૪, પ્રકરણ ૩ જાનું સાધણુ રહ્યાગેના પૃષ્ઠ પરથી. )

### આગલા પ્રકરણોનો ટુંક સાર.

પ્રવીણ એક સંસ્કારી કેળવાયલો પણ નિર્ધન અને પોતાની નિર્ધનતા ટાળવામા આળસુ યુવક છે. તે પોતાની પત્નિ સુખદા જે એક ગાય જેવી ગરીબ હિન્દુ બાળા છે તેને ચાહી શકતો નથી. સાહિત્ય અને કળાની મધુર સ્વપ્નસૃષ્ટિમાં રમનારો આ યુવાન વ્યવહારને નથી સમજી શકતો. પોતાની સ્ત્રી ગરીબ માબાપની અને સ્વભાવે ગરીબ હોવાથીજ તેની ગરીબ ગૃહસ્થી ઠીક નભે છે. પોતાની રોગી માતાની ઠીક સારવાર થાય છે એ તેનાથી નથી સમજાતુ તે એક સાહિત્યસૃષ્ટિની પ્રેયસીની શોધમા રાગી બની ઘરથી વિરાગી બને છે

તેના બાલમિત્ર ભગવતીનું લગ્ન થયુ છે, પણ તેની પત્નિ થોડા વખતમાજ તેને ઘેર આવવાની છે. સુખદા પોતે પોતાના સુદર કેળવાયલા સ્વામી માટે અનધિકારી હોય એમ માને છે અને જો હું ભણીશ તો સ્વામી સતોષ પામશે એમ ધારી ભણવાનો નિશ્ચય કરે છે

---



સર્ગ ૬૬ રસાયીન. હીરાજના કિલ્લામાં. | જુઓ પૃષ્ઠ ૨૦૧



ચીત્રકાર ] હ્રુદયની પ્યાસ [ શ્રી સુંદરરાવ ગોરક્ષકર

" આકાશનો ચાંદનો પીલી નિકળ્યો છે નીચેનો શું વાદળમાંજ છુપ્યો રહેશે ? "

( સર્વ હક્ક સ્વાધીન. )

બેસવાનો અવસર તો મળશે. હું જોઉં છું કે તેમને રાતના જલદી ઉંઘ નથી આવતી, પણ જ્યારે હું પગ દબાવવા જાઉં છું ત્યારે ચુપચાપ સુઈ જાય છે. મ્હોં ઢાંકીલે છે એ કારણે કે કદાચ હું તેમની નજરે ન ચડું. કદાચ મારી સાથે વાત ન કરવી પડે. પણ હું સર્વ કંઇ સમજું છું. શું કરી શકું? દોષ મારોજ છે. હું તેમને માટે આપશાલિન નહોતી, એમણે બનાવવા ધારી પણ હું ન બની શકી. જે ચીજ બનીજ નથી શકતી તેના માટે શોચ કરવો વૃથા છે. પણ જેટલું શકય છે તેટલું મારે કરવુંજ જોઇએ. ગમે તેમ પણ હું અવશ્ય ભણીશ. ભણવાથી એઓ પ્રસન્ન થશે. હું કામકાજમાંથી કોઇપણ રીતે ફુરસદ મેળવી લઇશ.

એટલું વિચારતાં સુખદાના મ્હોંપર કંઇક સંતોષની છાયા દેખાઇ. જાણે તેને વિશ્વાસ આવી ગયો કે ઉપાય ઠીક સૂઝ્યો છે અને એથી હું પતિને અવશ્ય સંતુષ્ટ કરી શકીશ.

## પ્રકરણ ૪ થું.

ચાંદની પથરાઇ રહી હતી અને સુખસ્પર્શ પવન વહાતો હતો. ભગવતી અગાસી ઉપર પલંગપર લેટતો હતો. અગાસીપર પાણી છંટાવ્યું હતું અને વહુ હાથે બનાવેલા તિલના પંખાને લઇ ઉભી હતી. આ એકાંતમાં પણ ઘુંઘટ તેના મ્હોંપર પડ્યો હતો. ભગવતીએ પ્રેમ ભરી ચિતવનથી પોતાની નવોઢાને જોતાં કહ્યું: "આકાશનો ચાંદ તો ખીલી નિકળ્યો છે, નીચેનો શું વાદળામાંજ છુપ્યો રહેશે?"

વહુએ કંઇ પણ જવાબ ન વાળ્યો. તે જરા સંકોચ પૂર્વક પંખો ચલાવતી ઉભી રહી. ભગવતીએ જોયું કે તે મુલાયમ ઘુંઘટમાં એક મંદ હાસ્ય છાઇ ગયું છે. તેણે પંખાની જાલરને પકડી પોતાની તરફ ખેંચી એટલે સાથે વહુનો હાથ અને પછી તેનું શરીર પણ ભગવતી ઉપર ઝુકી ગયું. ભગવતીએ પંખાની જાલર છોડી એક હાથથી તેનો હાથ પકડ્યો અને બીજાથી તેનો ઘુંઘટ ખોલવા લાગ્યો. વહૂએ શરમાતાં કહ્યું: "નહિં, નહિં," તે પછી તે બળપૂર્વક છુટી જઇ દૂર ઉભી રહી.

ભગવતી તેથી નારાજ ન થયો. તેણે હસતાં હસતાં ઉઠીને કહ્યું: "જ્યારે એટલી બધી ગુસ્સે શા માટે થાય છે? મને તો આ ગરમીમાં તારા પર દયા આવતી, આજે હજી પણ વધારે ઓઢીલે". એટલું કહી તેણે ચાદર ઉપાડી તેનાપર નાંખી. નવવધૂ કંઇક તેના ભારથી અને કંઇક લજ્જાથી જરા નીચે ઝુકી ગઇ. પછી ધીરે ધીરે મોઢે ઉતારી બોલી: "જો સતાવશો તો જતી રહીશ." ભગવતીએ જરા ખસી ગયલા ઘૂંઘટમાં જોયું કે હોઠોમાં મુસ્કેરાટ અને નેત્રોમાં લજ્જા છે. તેણે સ્નેહથી તેની તરફ જોતાં કહ્યું. "ક્યાં જશો?"

"નીચે."

"બીક નહિં લાગે?"

"બીક વળી શાની?"

"એજ ઉજાળા અંધારાની."

"તેનો શો ડર?"

"અને મને પંખો કોણ નાંખશે?"

"પોતેજ; વળી બીજું કોણ."

ભગવતીએ હસતા કહ્યું: "બહુજ સારૂં, જા, પંખો મને આપી દે." એટલું કહી તેણે બીના હાથમાંથી પંખો છીનવી લીધો અને બીજી તરફ મ્હોં ફેરવી જોરથી હવા કરવા લાગ્યો.

વહુ એકાદ ક્ષણ ચુપચાપ ઉભી રહી. પછી ધીરે ધીરે આગળ જઇ તેણે પંખો પકડી લીધો. ભગવતીએ ચોંકી કહ્યું: "અરે! આ શું! તું અહિંજ છે!"

વહુએ જરા રીસાળ સ્વરમાં કહ્યું: "લો તો બહૂ અધમ. પંખો આપો. હમણા તેનો, અધો ઘુંઘટ ખુલી ગયો હતો—લજ્જાપીડાણ અને વાતચીત પણ વધી ગઇ હતી. પણ ભગવતીને એટલેથી સંતોષ ન થયો. તેણે પંખાને જોરથી પકડી

કહ્યું:"આપેલી વસ્તુને છીનવે છે ? છો તો બહુ ભલી"

વહુએ કંઇ પણ ન કહેતાં પંખો છીનવવાનું ચાલુ જ રાખ્યું. ભગવતીએ હાથ દૂર કરીને કહ્યું "પંખો હવે નહિ મળે." વહુએ જરા પતિના ઉપર ઝુકીને, ગુંદણુ પલંગની ટેકરી ને પંખો લેવા ઇચ્છા કરી. ભગવતીએ મતલબ સાધી લીધી, તેણે આ અવસરપર તેની કમરમાં હાથ નાંખી પોતાના અંકપાશમાં દાબી છાતીસરસી ચાંપી લીધી. આ પૃથ્વીનું જે સુખ સર્વથી ચઢતું છે જેના મોહથી મનુષ્ય સંસારના સર્વ દુઃખોને સહેવા જીવિત રહે છે–તે જ, આસ્વાદ, તેજ રસ ભગવતીએ આજ પ્રાપ્ત કર્યો. તેણે મુગ્ધ થઇ પોતાની પ્યારી નવી વધુનું, સ્નેહ, કોડ અને આનંદથી ચુંબન લીધું. તે જાણે તેમની સુલેહ હતી, તેની સાથે સર્વ ઝગડા પલાયન થઇ ગયા હતા. ફરી કોઇએ પંખા મારે આપેલો ઝગડો કરતાં અન્તેને ન જોયા.

---

## પ્રકરણ ૫ મું.

પ્રાતઃકાળનો સમય હતો. ઝીની ઝીની હવા વહાતી હતી. પ્રવીણ અત્યંત અસ્થિરતાથી અગાશીપર આંટા મારતો હતો. તે એક સુરતનું ચિન્તન કરી રહ્યો હતો.' તેથીજ તેનું માથું ભમી ગયું હતું તે સુરત તેના બાલમિત્ર ભગવતીની નવોઢા સ્ત્રીની હતી.

ચિન્તનીય વિષય અતિશય ખરાબ અને પાપપૂર્ણ હતો. ઘૃણા અને આત્મગ્લાનિથી તેના હોઠ સીકડાઇ રહ્યા હતા અને ઉદ્વેગથી ગળાની નસો ફુલી રહી હતી. પણ જેટલો આ વિષયને ભૂલવા ચ્હાતો તેટલો જ તે વધારે સ્મરણમાં આવતો હતો. તે પોતાની દુર્બલતાપર ખુબ ચિડાતો હતો, પણ તે સુરત તેની આંખોમાં વસી ગઇ હતી.

તે વિચાર કરતો હતો કે આજથી ત્રણ વર્ષ પહેલાં વિવાહના સમયે જ્યારે મેં તેને જોઇ હતી ત્યારમાં અને આજમાં આટલો અંતર પડી ગયો છે ! તે વખતે તે અનખિલી, કલીની સમાન હતી અને હમણાં પૂર્ણ વિકસિત ફુલ છે. તે દુર્બલ પીળું મ્હોં આરોગ્યથી ભરાઇ ગયું, છે અને પાકું રંગાઇ ગયું છે. તે વખતે નેત્ર સ્થિર હતા–તેમને કંઇ જોવા ન જોવાનું ધ્યાન ન હોતું. પણ આજે તો જાણે આખા સંસારને એક સાથે જોઇ લેવા ચાહે છે. ત્રણ વર્ષ પહેલાં જે પાણીદાર હતી તે કંઇક મેલી હતી, હમણા તે ધોવાઇ મોતીની સમાન ઉજ્જવલ અને પાણીદાર થઇ ગઇ છે.

ચોમેરથી ધ્યાન હઠાવી તે એ વિચારવા લાગ્યો કે તે આખા સંસારની લજ્જા અને સંકોચ એકત્ર કરી અને તેના ઢગલાને પોતાની ઉપર લઇ પોતાના છલકતા યૌવનને ઢાંકવા કેટલો સાહસપૂર્ણ અને વ્યર્થ પ્રયત્ન કરી રહી હતી ? એટલું વિચારતાં વિચારતાં પ્રવીણ વિહ્વલ થઇ ગયો તેની આંખોમાં મદ ઉન્મતતા છવાઇ ગઇ, તે બન્ને હાથોની મુઠી બાંધી ઉતાવળા પગલે અગાસીપર આંટા મારવા લાગ્યો. ધીરે ધીરે તેના નેત્રોમાં ભગવતીની છબી આવી ઉભી રહી. તે સરલ વિશ્વાસ પૂર્ણ સ્વચ્છ દૃષ્ટિ, પ્રફુલ ચેહેરે આંખોમાં વસી રહ્યો.

તેણે ભયભીત થઇ પોતાની ચોમેર જેયું અનુતાપની લહેરી આવવા લાગી તે પોતાના મનોવિકારને તિરસ્કારતો હોઠ કાપતો બોલ્યો ",આવા સરલ પ્રેમનો–આ શ્રદ્ધા–પૂર્ણ ભ્રાતૃભાવનો કેવો ,સારો બદલો આપી રહ્યો છું ! પણ તેના શરીરના અંકુરોએ દમ લેવા ન દીધો. ધીરે ધીરે તેની પ્રતિહિંસાની પ્યાસ ભડકી–તે વિચારવા લાગ્યો–હું કોઇ બીજાની વસ્તુને નથી માંગતો, હું માત્ર ઇશ્વરના આ અન્યાય અને વિષમ નિયમપર વિચાર કરૂં છું. ભગવતી શું આ ઘર અને વધૂ માટે યોગ્ય છે ? જે મૂર્ખ સર્વદા મારી બુદ્ધિની છાયામાં પોતાની યોગ્યતા સમજી રહ્યો છે.

જેનું રૂપ પણ તેની બુદ્ધિના જેવું જ છે તે આની ગૃહલક્ષ્મી અને ઘરનો માલિક બન્યો! અને મને આ આપવામાં આવ્યું છે. જરા ભગવતીની સાથે તેની સ્ત્રીને અને મારી સાથે મારી સ્ત્રીને ઉભી રાખી જુવો તો ખરા! આ વાતનું ધ્યાન આવતાં તેના તન બદનમાં આગ સળગી ગઇ. તેણે નિશ્ચય કર્યો કે જેવી રીતે મારી સ્ત્રી મારા માટે યોગ્ય નથી તેવી રીતે ભગવતીની સ્ત્રી પણ તેના માટે યોગ્ય નથી. મારી સ્ત્રી જેવી કુરૂપ અને મૂર્ખ છે ભગવતી પણ તેવો જ છે. અને ભગવતીની સ્ત્રીને માટે રૂપ અને ગુણમાં લાયક હું જ છુ.

આટલું વિચારી તેણે શ્વાસ લીધો. જાણે તેનો પરિશ્રમ સફળ થઇ ચુકયો હતો. મુંઝવણ મટી ગઈ હતી. પણ મિત્ર જોઇએ તેટલા ગાઢા હોય, એક બીજાપર સર્વસ્વ વારી દેતા હોય, છતા સ્ત્રીને બદલી નથી શકતા. ભગવતીની સ્ત્રી તો તેના માટે ભગવાનની દુર્લભ ભેટ હતી. પણ પ્રવીણ જાણુ પણ જો પોતાની સ્ત્રીપર આટલો વિરકત હતો તો કોઇ સુંદર સ્ત્રીના બદલામાં કોઇ પુરૂષને પોતાની સ્ત્રીને આપી શકતો ન હોતો. તેણે મોહાંધ થઈ એટલું તો વિચારી લીધુ કે બન્ને પાત્ર બન્નેને માટે સર્વથા અયોગ્ય છે. પણ એટલું ન વિચાર્યું કે બન્ને સ્ત્રીઓ તે બન્ને ઘરમાટે બરાબર ઉપયોગી હતી.

એટલું વિચારી લેવા પછી તે બિલકુલ એકાગ્ર થઈ તેજ સરલનું ચિંતન કરવા લાગ્યો. માનો કે હમણાં તે અધિકારસંપન્ન હોવાથી નિસ્સંકોચ ભાવથી તે મુખના સૌંદર્યનું નિરીક્ષણ કરવા લાગ્યો. આ અવલોકનમાં તે તલ્લીન થઇ ગયો. જેમ જેમ તેમાં લીન થતો ગયો, તેમ તેમ મુખડું મધુરતા અને સુંદરતાની ખાણ દેખાવા લાગ્યું. તેને એવો ભાસ થયો કે સામે

રહ્યું છે. હોઠપર બીની બીની મુસ્કેરાત છે. તે વધારે નિકટથી જોવા લાગ્યો. તે વખતે મ્હોંમાંથી નિકળતા શ્વાસની સુગંધથી તેનું મસ્તિક તર થઇ ગયું. તે બેશુદ્ધ જેવો થઇ આંખો બંધ કરીને ભીંતના આસરે ઉભો રહી ગયો. તેજ વિચાર સાગરમાં તેણે જોયું કે તેજ મુખડું તેના નિકટમાં આવી ગયું છે. અને તેના એક સુવર્ણ ચુંબનને માટે પ્રાર્થના કરી રહ્યું છે. પ્રવીણની હૃદય તંત્રીના બધા તારો ઝણઝણી ઉઠયા. તે ઉન્મત્તની માફક બન્ને હાથ ફેલાવી તેને પકડવા માટે દોડયો. પણ એકાએક તે મુખડાની પાછળ નિકટમાં જ એક બીજું મુખડું અગ્રેસર થયું તેણે જોયું કે પેહલું મુખ જેટલું ઉજ્જ્વલ, પ્રફુલ્લ અને માદક છે બીજું તેટલુંજ મલિન, મ્લાન અને નિરાશ છે. આ મુખની આંખોમાં ઉલ્લાસનો મદ છે અને તેના ચેહરાની આંખોમાં કરૂણ-ક્રંદન છે. વિશેષ જોયું કે તે મુખની મલિનતા કંઇક તો સ્વાભાવિક છે કંઇક બેપરવાઇથી લાગી ગઇ છે. પ્રવીણે જેવો ઉન્મત્તની માફક તે ઉન્માદપૂર્ણ મુખને પ્રસાદ આપવા માટે પ્રયત્ન કર્યો કે તરતજ સુખડાએ પોતાના રાખથી ભરેલા હાથોથી મલિન પાલવનો છેડો પકડી લજ્જાથી પોતાનું મ્લાન મ્હોં છુપાવી લીધું. પ્રવીણ સિરથી પગ સુધી કંપી ઉઠયો. તેના હાથોની મુઠ્ઠીઓ બંધાઇ ગઇ. તે આંખો ફાડી ફાડીને તે કરૂણ મુખને જોવા લાગ્યો તેના પ્રસાદ માટે આગળ વધેલા હાથ આગળજ રહ્યા. તે મુખ ગુમ થઈ ગયું અને સાથે તે ઉન્મત્ત કરનાર મુખને પણ લઈ ગયું. પ્રવીણે અગાસીપર ચોમેર આંખો ફાડી ફાડીને જોયું. પછી તે બાલકની માફક ડુસકે ડુસકે રડવા લાગ્યો. અને માછલીની માફક તડફી તડફી આખી અગાસીપર આંટા મારવા લાગ્યો.

## પ્રકરણ ૬ ઠું.

સારી રીતે રોઈ રહ્યા પછી પ્રવીણ બાબુનો હૃદય કંઈક હલકો થયો. આંસુઓની વૃષ્ટિથી વર્ષોનું અંધારૂં તુફાન વિગેરે સૌ નષ્ટ થઈ ગયાં. તે ઉઠ્યો. તેને લાગ્યું કે ચારે તરફ તડકો છે–પ્રકાશ છે. એકવાર શૂન્ય દૃષ્ટિથી ચારે તરફ જોયું. ફરી જરાવાર જમીન તરફ જોઈ રહ્યો. પછી એક દીર્ઘ નિસાસો નાંખી કાંપતા સ્વરમાં મનથીજ તે બોલ્યો;

રુખ પરાઈ ચૂપરી મત લલચાનેજી
રૂખી સૂખી ખાયકે ઠંડા પાની પી

ફરી એક નિસાસ નંખાઈ ગયો. તે એકદમ ઉઠ્યો અને કપડા પહેરી દુકાને જવાની તૈયારી કરવા લાગ્યો.

સુખદા એક હાથમાં પાણીનો લોટો અને એક હાથમાં રકાબી લઈ ધીમેથી ઉપર આવી. ચટાઇ બીછાની હતી તે હટાવી ઠીક કરી. હાથમાનું જળપાત્ર અને રકાબી નીચે મૂક્યા અને પછી ધીમા અવાજમાં કહ્યું:

"કંઈક નાસ્તો કરી લ્યો. ગરમીમાં તરસ લાગશે. જગો છો તો હમેશ મોડા."

આજે પ્રવીણ પોતાની આંખ જોઈ કંઈક ઝાંખો પડી ગયો હતો. જાણે તેનાથી પોતાની દૃષ્ટિ ખેંચી લેવા–છૂપાવવા પ્રયત્ન કરતો હોય! તેણે કહ્યું:



તે ઉન્મત્તની માફક બન્ને હાથ ફેલાવી તેને પકડવા માટે દોડ્યો.

"મને ભૂખ તો નથી લાગી." પણ સુખદાને વિશેષ આગ્રહ કરવાની જરૂર ન પડી. પોતાના મનની મૂંઝવણ છૂપાવવા તે આસનપર બેસી ગયો.

સુખદાએ જોયું, આજે પતિ કંઇક પ્રસન્ન છે. તેણે ભય પામતાં પણ પ્રસન્નતાના પ્રકટ ભાવથી કહ્યું "બપોરે જરા જલ્દી આવતા રહો તો ! ગરમીના દિવસ છે, જરા લેટવાનું પણ બની શકે."

પ્રવીણે નીચી દૃષ્ટિથી જમતાં જમતાં કહ્યું "સારૂં."

સુખદાએ જોયું, સ્વામિ આજે સંતુષ્ટ છે. તે ફરી તેની નિકટ આવી બેઠી અને પંખો કરવા લાગી.

પ્રવીણે કહ્યું "રહેવા દે. પંખાનું શું કામ છે ! આમ પણ હવા આવ્યા કરે છે."

પતિ આજે પ્રસન્ન છે એટલું જ નહિં, આજે પોતાને માનથી બોલાવે છે. પતિત્વનો અધિકાર પામી હોય તેમ પ્રસન્ન વદને પણ નમ્રતાથી કહ્યું, "હું એક વાત કહું જો માનો તો !"

અપેક્ષાભાવથી પ્રવીણે કહ્યું "શું ?"

"પહેલાં તમે એ કહો કે માનશો."

પ્રવીણે સૂકા અવાજમાં કહ્યું "કંઇ માલુમ તો પડે કે વાત શું છે !"

રુક્ષતાઈ જોતાં સુખદાના ઉત્સાહપર પાણી પડ્યું. ઉદાસ થઇ તે ચુપ રહી ગઈ.

પ્રવીણ નાસ્તો કરી મ્હોં સાફ કરતો હતો. તેણે પત્નિની ઉદાસીનતા જોઇ લીધી. તેણે જોયું કે હાસ્યભરનો રાંક પત્નિનો ઉત્સાહ પોતાની સખ્તી રૂપી ગોળીથી વીંધાઇ ગયો હતો. તે હાથ ધોઇ તેની પાસે આવ્યો અને કહ્યું; કહે તો ખરી શું વાત હતી ?

સુખદાએ ઉદાસીનતાથી કહ્યું "જવા દો કંઇ નહિં."

પ્રવીણે જરા ખીજાઇ કહ્યું "એજ તો તારી આદત છે. જે વાત હોય તે કહી દેતી હોય તો !"

સુખદા ચુપચાપ જમીન તરફ જોઇ રહી.

પ્રવીણે ફરી નરમાશથી કહ્યું "મને દુકાને જવામાં મોડું થાય છે જે વાત હોય તે કહે. કંઇ જોઇએ છે ?"

"નહિં."

"તો !"

સુખદા ચૂપ રહી. પ્રવીણે કહ્યું, "ત્યારે જાઉં ! નથી કહેવી ?"

સુખદાએ એકવાર પતિની તરફ જોઇ કહ્યું, "વારુ, બેસી જાઓ તો કહું"

આ શબ્દપર ફરી પ્રવીણના મગજમાં ગરમી આવી ગઇ પણ તેને ગળી જઇ તે આસનપર બેસી ગયો. સુખદા પણ સ્હામે બેઠી. પ્રવીણ બોલ્યો, "કહે."

સુખદાએ ધીમેથી બગલમાંથી રઘુવંશની પોથી કાઢી કહ્યું, "આ વખતે મ્હને થોડું થોડું ભણાવ્યા કરો."

પ્રવીણ તાકી તાકી સુખદાને જોઇ રહ્યો. આ તો બીલકુલ નવી વાત હતી. આશ્ચર્યથી તેણે કહ્યું, "એકાએક આજે આ શું ધ્યાનમાં આવ્યું ?"

સુખદાએ અતિ નમ્રતાથી કહ્યું, "નારાજ ન થાઓ ! તમે જુઓ છો કે ઘરનાં કામમાંથી ફુરસદ બીલકુલ નથી મળતી. કામમાંથી પરવારતાં થાકથી શરીર કંટાળી જાય છે. પણ હવે હું થોડું થોડું શીખવા કરીશ. આ વખતે તમે થોડું થોડું ભણાવ્યા કરો."

પ્રવીણે જોયું કે સુખદાના કથનમાં અક્ષરે અક્ષર સત્ય છે. સહાનુભુતિ-દયાની દૃષ્ટિથી તેના તરફ જોઇ તે બોલ્યો, "ત્યારે જવાદે. ભણવું છોડી દે. એ તો ફુરસદનું કામ છે."

સુખદાએ આગ્રહથી કહ્યું "નહિં હું શીખીશ તો જરુર."

તીક્ષ્ણ પણ મીઠી દૃષ્ટિથી પ્રવીણ સુખદાના મુખ તરફ જોઇ રહ્યો. પછી ઉઠતાં ઉઠતાં કહ્યું, "જવા દે. શા માટે વળી આ ખટપટમાં પડે છે ?"

સુખદાએ સ્વામીના પગ પકડી લીધા અને આજીજી કરતી હોય એવા ગળગળા સ્વરમાં કહ્યું, "સ્વામીજી નારાજ ના થાઓ. બહુ નહિં તો એક જ શ્લોક રોજ શીખવ્યા કરો!"

પ્રવીણે કહ્યું, " પણ તારા ઉચ્ચાર જ બહુ અશુદ્ધ છે. ત્હારી જબાન જ નથી બેસતી "

"સુખદાને જરા લાગી આવ્યું તથાપિ કહ્યું, થૈ કું શીખીશ. અને ફરી ફરી તેને યાદ કર્યા કરીશ પછી તો આવડશે ને?

' સુખદાની આ મન્દ બુદ્ધિથી પ્રવીણ કંઇક ચીડાયો. નાક મરડી તેણે કહ્યું, " જો એવી જ ઇચ્છા છે તો હિન્દીનાં પુસ્તકો લાવી આપીશ તે વાંચ્યા કરજે."

સુખદાને પોતાની ઇચ્છા જેવું તો કંઇ નહોતું. તે પતિની ઇચ્છાને જ પોતાની ઇચ્છા સમજતી હતી. એજ પુસ્તક પતિ પહેલાં વંચાવતા તેથી તે આજે લાવી હતી. તેણે કહ્યુ, "હિન્દી પુસ્તકોમાં મારો જીવ નથી લાગતો. મને એમાંથી જ શીખવો."

ધર્મઉમાં ધમકી તે યુવાન પોતાને ઇન્દ્રિય વિજયી માની ધન્યવાદ આપવા લાગ્યો.

સુખદાએ શ્લોક વાંચ્યો. પ્રકરણ અને વિષય જોઈ પ્રવીણને રસનો જાણે નિશો ચઢ્યો. તેના નેત્રો ચમકી ઉઠયા. છાતી પહોળી કરી. મૃદુ મધુર સ્વરમાં તે એ શ્લોક આલાપવા લાગ્યો. સ્વામીનાં મુખપર ઉલ્લાસનું હાસ્ય, આંખમાં મસ્તી-જોસ્સામાં પ્રસન્નતા જોઇ સુખદાના નેત્રોમાં પણ ઉન્માદ આવવા લાગ્યો. તે એ શ્લોકનો અર્થ જાણવા અધીરી થઇ રહી.

પ્રવીણે પદચ્છેદ-અન્વયથી વ્યાખ્યા કરવાની શરૂઆત કરી. વ્યાકરણના નિયમ બતાવ્યા. સુખદા શ્લોકના ભાવને શોધતી એ જાણે વ્યાકરણ અને કોષના ભેદોથી અથડાતી હોય! પરંતુ વિદ્વાન પતિના હૃદયનો જ્ઞાનસાગર ઉભરાઇ જતો હતો તે એક એક અક્ષરમાં સન્ધીની છાપ ઉતારતો ગયો જ્યારે સુખદા તેના મુખમાંથી નીકળતા કોઇવાર એક તો કોઇવાર બીજા 'શબ્દને પકડી ભાવાર્થ કંઠસ્થ કરવાનો પ્રયત્ન કરવા લાગી.

રાતા લાલી. ઉડતા માખી. રોષભરી દ્રષ્ટિથી તાની અને જોઈ તેણે કહ્યું, "ચુપ ન બેસ, વાત આપ, જો સમજમાં ન આવ્યું હોય તો ફી રે."

સુખદા એમ કહેવાનું સાહસ ન કરી શકી કે વાત તેના પતિએ આપેલા પરિશ્રમથી સ્વમ-ણી હતી તે તે સમજી જ શકી ન હોતી. ધીમે ધરાની દ્રષ્ટિ ઉંચે કરી તેણે પતિ સામે જોયું. ખાયું કે બે જ્વાલામય નેત્રો તેના તરફ તાકીને જોઈ રહ્યાં હતાં. ભાગ્યા તૂટ્યા શબ્દોમાં તેણે કહ્યું. 'અલંકાર !'' અલંકાર તો ક્યાં નથી દેખાતો. ત્રીજુ પોકારી ઉઠ્યો–કાવ્ય રસની સરિતા મુકામ ઈ–પુસ્તકને પટકતાં તેણે કહ્યું "ત્હારા જેવી અભાગણીને અલંકાર પ્રાપ્ત થશે !"

એટલું કહી આસનપરથી ઉઠી તે અગાશીપર આંટા મારવા લાગ્યો. તિરસ્કાર ભર્યાં હાસ્યથી મોહ્યો. જેની પાસે બીન વગાડવામાં આવે અને ભેંસ આરોગ્યા કરે. થોડા વખત પહેલાં તે મનોરાજ્યની સુંદર સૃષ્ટિ તે જોઈ રહ્યો હતો તેમાં પ્રવીણને લાગ્યું કે આગ સળગી રહી છે. અને પ્રથમ આંસુઓની દ્રષ્ટિ સાથે મનોવિકારરૂપી ભયંકર પવન ત્હેના હૃદયમાં ફૂંકો હતો તે બહુ જોરથી ચાલવા માંડ્યો. એ તોફાનમાં ઘેરાયલો ઉતાવળો સીડી ઉતરી તે પોતાના ઘરથી બહાર નીકળ્યો અને ચાલવા માંડ્યો. તે ક્યાં જતો હતો !

---

પ્રકરણ ૭ મું

પ્રવીણ બાજુ ગોમાસાના અંધકાર જેવી હૃદયની મુંઝવણમાં ઉતાવળો ચાલ્યો જતો હતો. ક્યાં ? તે જાણે પોતે પણ ન જાણતો હોય તેવી દુકાન પર જતો રસ્તો પાછળ રહી ગયો. તે આગળ વધી ગયો. ભગવતીના ઘર પાસે આવતાં તેના પગ પોતાની મેળે અટક્યા. ઉભા રહી ઘરના ઉપરના ભાગથી નીચે સુધી નજર ફેરવી લીધી પછી એક આશ્ચર્યચકિત માણસની પેઠે આમ તેમ જોયું. આવ્યો ! અહીં આવવાનો ઇરાદો તો નહીં હતો. ત્યારે ? દુકાને જવું હતું. તેના આત્મામાં ધ્વની થયો. 'ખોટી વાત છે, તારે દુકાને જવું નહોતું' ? તેણે વિચાર્યું, ખરી વાત છે, હું દુકાને જતો નહોતો વળી વિચાર થયો, તેમ અહીં પણ મારે આવવું નહોતું. પોતાના અંતરમાં ઉભી થયેલી તે આસુરી પ્રવૃત્તિથી અદ્યાપિ પર્યંત પ્રવીણ અજાણ હતો. પણ ધીરે ધીરે તેને લાગ્યું; અહીં આવવું એ કંઈ નવી વાત છે ? શું હું અહીં કોઈવાર નથી આવ્યો ? અને આટલી મુંઝવણ શા માટે ? આ ઘર પણ શું મારૂ પોતાનું ઘર નથી ? મનમાં વિરાજતી આસુરી પ્રકૃતિએ તેના કાનમાં કહ્યું, 'અંદર જા, કદાચ આ વખતે એ સૌન્દર્યની મૂર્તિપર પણ એક દ્રષ્ટિ પાત થાય. આ વાત તેના અંતરના ઉંડા ભાગમાંથી જાણે બહુજ ધીમેથી કહેવાઈ હોય. પણ તે ચોંક્યો. તેનો આત્મા જાગી ઉઠ્યો. હૃદયમાં આગ લગાડની ભાવનાની એક ચિનગારી તેના, રોમ રોમમાં રમી રહી. હૃદયપર જાણે લખાયું હોય કે, પાપી ' શું આ વાત ત્હારે વિચારવા યોગ્ય છે ? લજ્જાયલા–કલંકિત થયેલા માણસની પેઠે તે પાછો વળ્યો પણ બે ત્રણ કદમથી વધારે તેનાથી ન ચલાયું. એકાન્તમય ગલીમાં ઉભા રહી ફરી તેણે તે મકાન તરફ જોયું, અને જરા વારમાંજ તે તે મકાનમાં ઉતાવળો પેસી ગયો.

ઘરની અંદર ભગવતીની વૃદ્ધ માતા તુલસીના કુંડાને લીંપી રહી હતી. પ્રવીણે અંદર જઇ નમી તેને પ્રણામ કર્યા. વૃદ્ધાએ લીંપણનું કામ મૂકી દઇ નજર ફેરવી કહ્યું, "કોણ પ્રવીણ છે ? આટલા દિવસ તું ક્યાં હતો ? મોઢું પણ નથી દેખાડ્યું. ભગવતીને શું બિલકુલ ભૂલી ગયો ?"

સાવધાનીથી પ્રવીણે એકવાર ઘરની ચારે બાજુ નજર ફેરવી પછી કહ્યું, "અને જાણે ભગવતીએ મારા વિના માતાપિતાનું પણ છોડી દીધું હશે. તે છે ક્યાં ? આટલું કહી આ વખતે તેણે જીજ્ઞાસાથી

વૃદ્ધાએ કહ્યું, રહેવા દે, એવા માણસ, ભગવતીના સંસારના ઘરની મીઠાઇ ખાવાની પણ તને ફુરસદ ન મળી? વહુએ તો ઘણીવાર પૂછા કરી હતી. ના અંદર પેસ હું હાથ ધોઇને આવું છું.

આવેગથી પ્રવીણનું મન ભરાઇ ગયું હતું. વિકારોને સંભાળી લેવા તે અસમર્થ હતો. તે તરત અંદર ચાલ્યો ગયો. અંદર જઇ જોયું કે વહુ રસોડાના એક ખુણામાં દુધ ગળી રહી છે, ત્યાંથી મુખ ફેરવી પ્રવીણ અંદર જવા લાગ્યો પણ તેનાથી જવાયું નહિં. આરતેથી પાછા ફરી રસોડાની બારીમાંથી તે જોવા લાગ્યો. તેજ મુખ હતું. તેજ મોતી જેવો શ્વેત ઉજ્જવલ રંગ હતો. તેજ રસભરી આંખો હતી. કાળા તેના કેશકલાપ વિખરાયલા હતા. નીચી દૃષ્ટિ રાખી તે દુધ ગાળી રહી હતી. પ્રવીણ મન ભરી તેને ન જોઇ શક્યો. તેનો આત્મા તેનાપર તિરસ્કાર વરસાવી કહેવા લાગ્યો, નીચ દુરાત્મા શું કરી રહ્યો છે? હૃદય છેક દીન થઇ ગયું. એક ચોરની માફક આમ તેમ જોઇ તે અન્દરના ઓરડામાં ચાલ્યો ગયો અને મ્હોં છુપાવી રોવા લાગ્યો. પોતાના એ નિંન્દનીય કાર્ય માટે વારંવાર પોતાને ધિક્કારવા લાગ્યો. તેણે મનથી પ્રતિજ્ઞા કરી કે ગમે તેમ થાય, હવે તેને નહિં જોઉં. એટલામાં તેને લાગ્યું કે તે જે ઓરડામાં બેઠો હતો તેના તરફ કોઇ આવે છે. પોતાના હાથોમાંથી માથું ઉંચકી પોતાના ઉદ્વેગને છુપાવવા બહાર પ્રસન્નતા દર્શાવી કહ્યું મા? આવનારના મુખમાંથી પણ અસ્પષ્ટ શબ્દો નીકળ્યા: મા! પરંતુ તરત બન્નેના અવાક થઇ ગયા. પ્રવીણે જોયું કે આવનાર મા નહિં પણ વહુ છે. વહુએ જોયું કે ઘરની અંદર મા નહિ પણ પ્રવીણ છે.

પ્રવીણ પોતે હમણાંજ કરેલી પ્રતિજ્ઞા ભુલી ગયો. વહુ પોતાનું મ્હોં ઢાંકવાનું ભુલી ગઇ. બન્ને અવાક્ એક બીજાને જોઇ રહ્યા. પ્રવીણે મૃદુ અવાજમાં–કવિતાપૂર્વક કહ્યું, "આ રૂપ છે હું એમની જ વાટ જોઇ બેઠો છું." વહુને હવે કંઇક શુદ્ધિ આવી. તે ધીમેથી પોતાનાં વસ્ત્રો સમેટી લજ્જાશીલ નેત્રોથી નીચું જોઇ પવનના વેગથી રસોડા તરફ ચાલી ગઇ. પ્રવીણની વૃત્તિઓમાં વહુના સાક્ષાત્કારથી આગ ભડકી ઉઠી. તે વિચારી ન શક્યો–સહમજી જ શક્યો; તેનાથી બોલી જવાયું, પ્રવીણના ભાગ્યમાં ધન હતું, આ પણ હતી; ત્યારે વિદ્યા અને રૂપ કેમ તેનાથી અલગ રહ્યાં? હું મારા રૂપ અને ગુણ તેને આપી દઉં? પણ તેમ કરવાનો શો ઉપાય છે?

એટલામાં વૃદ્ધાએ ઘરમાં પ્રવેશ કરતાં કહ્યું: "કંઇ ચોરીને તો નથી ખાઇ લીધું?" પ્રવીણે સાવધાન થઇ કહ્યું, "ચોરવા લાયક કંઇ મળતુંજ નથી. શોધી તો રહ્યો છું.

વૃદ્ધાનો માતૃભાવ જાગી ઉઠ્યો. તેણે વિચાર્યું પ્રવીણ ભગવતીની શોધમાં હશે. ભગવતી સિવાય તેને શું શોધવાનું હોય? કોને શોધવાનું હોય? કોને શોધી રહ્યો છે? તે તો ઉપર સુતો છે!"

પ્રવીણ કંઇક અવ્યક્તાર્થ બોલ્યો; શું સુતો છે? સૂર્ય માથે ચઢ્યો, હજી સુઇ રહ્યો છે? એટલું કહી તે ઉપર ચાલ્યો. રહેવા દે!–વહુ જઇને તેને જગાડી આવશે. વહુ, જા તારા ધણીને જગાડી આવ! પ્રવીણે જરા મજાકમાં કહ્યું. વહુ એ શું કર્યો લીધો છે; તે તો તેને શીખવી સુવાડી આવી છે. પ્રભુ આંખ્યા પહેલાં-ભગવતી કે દહાડે આટલે મોડે સુધી સુતો નહિ. વૃદ્ધાના હૃદયમાં એક પ્રાચીન સ્મૃતિ તરી આવી. તે મનમાં હસવા લાગી–પ્રસન્ન થવા લાગી. વહુ બે પગમાં આગળ વધી હતી તે પગનો ઠમકો કરી અટકી ગઇ. પ્રવીણે જોયું કે રસભરી-યુવતી વહુ તેના તરફ પ્રેમળ ભાવે જોઇ રહી છે. તે ઉપર ચઢી ગયો. જોયું તો ઉંચા ગાલ્લા નરમ પલંગપર ભગવતી સુખે સુઇ રહ્યો હતો.

આ વાર્તાનો વિશેષ આકર્ષક ભાગ તેવાજ સુંદર ચિત્રો સાથે આવતા અંકમાં આપવામાં આવશે.

ઘરેઘરમાં પુષ્પમાળા હેર ઓઈલ નાં જ વખાણ થાય છે.

દરેક લોકો લવનાઈટ સેન્ટની જ તારીફ કરે છે.

કેટલાક મીત્રો, મીત્રોમાં કહે છે કે.

પુષ્પમાળા ઓઈલમાં એવી તો કરામત છે. કરે છે તર

મગજ માત્રો ખરી તો આમ બાબત છે.

પુષ્પમાળા હેર ઓઈલ. એક વખત તો મગાવી જુવો. કીં૦ ફકત
બાટલીના રૂપીઆ. ૧ જ છે.

## લવનાઈટની કીમત કાંઇ
## ઝાઝી નથી. બાટલીના
## ફકત રૂપીયા. ૪ છે.

# લખો. મોહનલાલની
# કુંપની. ભાજીપાલા
# લેન. મુંબઇ નં. ૩

કસબના

પાલવ

વાળી

ખાદીની

સાડીઓ

પનો

૪૫ ઈંચ


Printed by D. R. Mitra at Manoranjan Press 3 Sandhurst Rd., Bombay 4
and Published by Uddavji Tulsidas Thakore at No. 2,
Daria Street Mandavi Bombay No. 3.